# કળીમાંથી ફુલ

( પ્રેરક પ્રસંગો )




## -શ્રી યોગેશ્વરજી

## NOTICE

**સર્વ હક્ક લેખકને સ્વાધીન**

**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.


*




e-book

| | |
|---|---|
| Title | : Kali ma thi Phool |
| Language | : Gujarati |
| Version | : 2.0 |
| Pages | : 125 |
| Created | : April 12, 2008. |


*

## NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version. However, if you find any error or omissions, please let us know. We welcome your comments.

☼ ☼ ☼ ☼ ☼

## શ્રી યોગેશ્વરજી

(૧૫ ઓગષ્ટ, ૧૯૨૧ - ૧૮ માર્ચ, ૧૯૮૪)



"મનુષ્ય જીવનનું એકમાત્ર ધ્યેય પરમાત્માની પ્રાપ્તિનું છે."



## શ્રી યોગેશ્વરજીના હસ્તાક્ષર



જીવન એક ફૂલ.
એને સૌરભવંતુ કરીએ. આપણે સૌરભ ફેલાવીએ.
જીવન એક સરિતા.
એને સલિલવંતુ કરીએ આપણે સલિલ ફેલાવીએ.
જીવન જ્યોતિ.
એને જ્યોતિર્મય કરીએ આપણે જ્યોતિ ફેલાવીએ.
જીવન એક સત્ય, વિચાર સત્ય,
એના સત્ય બનીને આપણે સત્ય કરીએ

યોગેશ્વરના આશિષ

## અનુક્રમણિકા

૧. ઘરની મોટરમાં
૨. દેવદુર્લભ લાભ
૩. ગોદાવરી માતાનો મેળાપ
૪. ઈલોરા-અજંટા, પંઢરપુરનો પ્રસાદ
૫. અવનવો અનુભવ
૬. મલ્લિકાર્જુન અને બાલાજી
૭. તિરુપતિથી તિરુવન્નામલૈ
૮. કન્યાકુમારીનો અદભુત અનુભવ
૯. કાલડી
૧૦. ઉટી, મૈસુર, શ્રીરંગપટ્ટનમ્
૧૧. યોગિની યોગદત્તા
૧૨. ગોવા
૧૩. મહાબળેશ્વર
૧૪. ગણેશપુરી
૧૫. પરગજુ પુરુષ
૧૬. સેવામૂર્તિ શાંતિભાઈ
૧૭. દિવ્યતાનું દર્શન
૧૮. દેવપુરુષ
૧૯. જશભાઈની અલિપ્તતા
૨૦. રોટલી ભાવી
૨૧. કાંકરોલીના પંડિત
૨૨. દેવપ્રયાગ અને અકસ્માત
૨૩. દેહરાદૂન અને મસૂરી
૨૪. ચિત્રકૂટની ભૂમિમાં
૨૫. કાશીમાં
૨૬. પ્રાર્થનાનો પ્રત્યુત્તર
૨૭. પરમશક્તિની પ્રેરણા
૨૮. દક્ષિણેશ્વરનો અદભુત અનુભવ
૨૯. એકાંતિક ભક્ત
૩૦. લોહીના સંસ્કાર
૩૧. સ્વામી પ્રેમરૂપાનંદનું પુનર્મિલન
૩૨. ઓમકારેશ્વરની સુખદ સ્મૃતિ
૩૩. યોગિનીબેનનો પરિચય
૩૪. કળીમાંથી ફૂલ
૩૫. માનવતાના માળી
૩૬. મસૂરીના માનવરત્ન
૩૭. આગમનાં એંધાણ
૩૮. સદુપદેશ સફળ થયો
૩૯. સ્વામી કૃષ્ણાનંદ
૪૦. વરસો પહેલાંનું ભવિષ્યકથન

☼ ☼ ☼ ☼ ☼

# ૧. ઘરની મોટરમાં

કેટલીક યાત્રાઓ એમની અસાધારણતા તથા વિશિષ્ટતાને લીધે ચિરસ્મરણીય, પ્રેરણાત્મક, પ્રશાંતિપ્રદાયક તથા શકવર્તી બની જાય છે. એમની અસરો અંતરમાંથી ભૂંસાતી નથી. એ અસરો અહર્નિશ તાજી રહેવા અને આત્માને અનુપ્રાણિત કરવા માટે સરજાયલી હોય છે. એમની સ્મૃતિ સદા સુખદ ઠરે છે અને એને વારંવાર વાગોળવાનું ગમે છે. એની દ્વારા અવનવી પ્રેરણાની પ્રાપ્તિ થાય છે. ૧૨મી જાન્યુઆરી ૧૯૭૮થી આરંભાઈને લગભગ સવા માસ સુધી ચાલેલી અમારી દક્ષિણ ભારતની યાત્રા પણ એવી જ અનોખી થઈ પડી.

એ યાત્રા કાંઈ એકાએક અથવા આકસ્મિક રીતે નહોતી થઈ. એનો વિચાર છેલ્લા પાંચેક વરસથી ચાલ્યા કરતો. દક્ષિણ ભારતમાં ગયે ને રહ્યે સુદીર્ઘ સમય પસાર થઈ ગયેલો એટલે ત્યાં જવાની ઈચ્છા સ્વાભાવિક રીતે જ થયા કરતી. નેપાલના પશુપતિનાથના પવિત્ર ધામમાં જવાનું થયું ત્યારે મેં અમારી સાથે મુંબઈથી આવેલા કાંતિભાઈને કહ્યું પણ ખરું :

ભારતના મોટા ભાગનાં પ્રમુખ તીર્થો જોવાઈ ગયાં છે. કોઈ પ્રખ્યાત તીર્થ બાકી રહેતું નથી. હવે એકવાર ફરીથી દક્ષિણ ભારતના પવિત્ર પ્રદેશમાં જવું છે. એ પ્રદેશનાં તીર્થોનું આછુંપાતળું સ્મરણ જ બાકી રહ્યું છે.

કાંતિભાઈએ કહ્યું : તમે જ્યારે પણ સૂચવશો ત્યારે આપણે ઘરની મોટરમાં દક્ષિણ ભારતની યાત્રા કરીશું. તમારી સાથે યાત્રા કરવાનો મને લહાવો મળશે એ આનંદ મારા જીવનનો અસાધારણ આનંદ હશે.

વખત વેગથી વીતવા લાગ્યો. દિવસ પછી દિવસ અને મહિના પછી મહિના, વરસ પછી વરસ.

એકવાર કાંતિભાઈએ દક્ષિણના પ્રવાસ વિશે પુછાવી જોયું પરંતુ મને અનુકૂળતા નહોતી. એ વરસે ભયંકર વરસાદ પડ્યો. પ્રવાસ એવા સંજોગોમાં સરળ નહોતો.

એ પછી તો એમનો એકાએક સ્વર્ગવાસ થયો. મનની મનમાં જ રહી ગઈ.

કાંતિભાઈના સુપુત્રોએ એમની સદ્દભાવનાને સફળ કરવાનો સંકલ્પ કર્યો.

એમણે મારી અનુકૂળતાનુસાર ઘરની મોટરમાં યાત્રા કરવા-કરાવવાની આકાંક્ષા પ્રદર્શાવી.

પરંતુ જે થાય છે તે બધું મરજી મુજબ ક્યાં થાય છે ? પરમાત્માની પરમશક્તિની ઈચ્છા કે યોજના પ્રમાણે જ જીવનનું ચક્ર ચાલતું હોય છે. એટલે બે-ત્રણ વરસ સુધી દક્ષિણની યાત્રાનો સદ્દવિચાર સાકાર કે સિદ્ધ ના બની શક્યો.

૧૯૭૭ના ઉત્તરાર્ધમાં સૌથી પ્રથમ ઇંગ્લાંડના પુણ્યપ્રવાસે જવાનું થયું ત્યારે ત્યાં પરમાત્માની એ પરમશક્તિએ સુસ્પષ્ટ સૂચના આપી કે આવતા શિયાળામાં આપણે દક્ષિણ ભારતની યાત્રા કરી લેવાની છે. એ કાર્યક્રમ નક્કી છે.

'યાત્રા કેવી રીતે કરીશું ? ટ્રેનમાં ?' મેં પૂછયું.

'ના.'

'તો પછી ?'

'ઘરની મોટરમાં કરીશું.'

'ઘરની મોટરમાં ?'

'હા. ઘરની મોટરમાં. હું સમયસર સઘળી વ્યવસ્થા કરી દઈશ.'

લંડનમાં મેં માતાજીને એ સૂચના વિશે વાત કરી અને જણાવ્યું કે શિયાળામાં દક્ષિણ ભારતની યાત્રા માટે તૈયાર રહેવાનું છે.

ઑકટોબર મહિનાની આખરે મુંબઈ જઈને મેં કાંતિભાઈના સુપુત્રને યાત્રા વિશે વાત કરી તો તેમણે જણાવ્યું કે જ્યારે પણ કહેશો ત્યારે અમે યાત્રા માટે તૈયાર જ છીએ.

એકાદ મહિના પછી મેં એમને ફરીવાર જણાવ્યું તો એમણે પત્રમાં લખ્યું કે ધંધાકીય કારણોને લીધે આ શિયાળામાં યાત્રાએ નીકળી શકાય તેમ નથી. તમારી ઈચ્છા હોય તો આવતા ડિસેમ્બરમાં જઈએ. આ શિયાળામાં જ જવું હોય તો મુંબઈથી મદ્રાસ ટ્રેન કે વિમાનમાં જઈ શકો. તમે જણાવો તો તેને માટે વ્યવસ્થા કરી દઈએ.

મારે તો પરમાત્માની પરમશક્તિની ઈચ્છાનુસાર જ વર્તવાનું હતું એટલે મેં એમને લખ્યું કે તમે કોઈ પ્રકારની ચિંતા ના કરશો. જે વખતે જે યાગ્ય લાગે એ કરીશું.

યાત્રાની એ ભૂમિકાથી રાજકોટના રામકૃષ્ણ પરમહંસદેવના પરમ ભક્ત શાંતિભાઈ માહિતગાર થયા એટલે એમણે કહેવડાવ્યું કે હું યાત્રામાં મોટર લઈને આવવા તૈયાર છું. મને સૂચના આપશો એટલે તમે જ્યાં કહેશો ત્યાં જ્યારે કહેશો ત્યારે આવી પહોંચીશ.

મેં એમને તારીખ નક્કી કરીને યાત્રાનો આરંભ કરવા માટે ૧૧મી જાન્યુઆરીને દિવસે સુરત આવવાનું કહ્યું, તે પ્રમાણે તે પહોંચી ગયા. અમે ૧૨મી જાન્યુઆરીએ સવારે સુરતથી દક્ષિણ ભારતની યાત્રા માટે પ્રસ્થાન કર્યું ત્યારે એમની મોટરનું અવલોકન કર્યું તો આશ્ચર્ય સાથે જણાયું કે ત્યાં સામે જ રામકૃષ્ણદેવ, વિવેકાનંદ અને શારદામાતાના ફોટાઓ હતા. એ ફોટાઓ જોઈને મને અતિશય આનંદ થયો. પરમાત્માની પરમશક્તિ મા જગદંબા પોતાના કથનાનુસાર મને દક્ષિણ ભારતની યાત્રા કરવા ઘરની મોટરમાં જ લઈ જઈ રહેલાં.

રામકૃષ્ણદેવના ભક્તની મોટર એ ઘરની જ મોટર કહેવાય ને ?

એ મોટરમાં અમારો પુણ્યપ્રવાસ ખૂબ જ સુખમય, સફળ, સાર્થક નીવડ્યો. પરમાત્માની પરમશક્તિએ જે આદેશ આપેલો કે સુસ્પષ્ટ સૂચના પૂરી પાડેલી તે પ્રમાણે જ બધું થતું રહ્યું.

યાત્રાની પરિસમાપ્તિ સમયે શાંતિભાઈએ મને યાત્રામાં વપરાયેલી પોતાની મોટર ભેટ આપવાની ઈચ્છા દર્શાવી ત્યારે મેં એમની ઈચ્છાને માટે અભિનંદન આપતાં જણાવ્યું કે મારે મોટરને લઈને શું કરવું છે ? તમારી પવિત્ર ભાવનાની હું કદર કરું છું, પરંતુ તમારી પાસેની મોટર આપણી જ છે ને ? હું એને સાચવું એનાં કરતાં તમે જ સાચવો તેમાં શું ખોટું છે ? જ્યારે આવશ્યકતા પડશે ત્યારે એ આપણને કામ લાગશે.

શાંતિભાઈના મનનું સમાધાન થયું.

☼ ☼ ☼ ☼ ☼

## ૨. દેવદુર્લભ લાભ

દક્ષિણ ભારતના પરમપ્રસન્નતાપ્રદાયક પુણ્યપ્રવાસ દરમિયાન અમે સૌથી પ્રથમ સુરતથી નીકળીને સાપુતારા, નાસિક તથા ત્ર્યંબક ગયાં, અને બીજે દિવસે સાંજે સુપ્રસિદ્ધ તીર્થસ્થાન શીરડીમાં પ્રવેશ્યાં.

સાંઈબાબાના મહિમાને લીધે શિરડી અસંખ્ય દર્શનાર્થીઓનું પ્રેરણાધામ બની ગયું છે. એણે આંતરજાતીય અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કરી છે.

એ સુંદર પ્રેરણાપ્રદાયક તીર્થસ્થાન ઉત્તરોત્તર વિકાસ પામતું જાય છે. એમાં નવાંનવાં મકાનો ને વિશ્રામસ્થાનો બંધાતા જાય છે તો પણ દર્શનાર્થીઓની ભીડ એટલી બધી અસાધારણ હોય છે કે વાત નહિ. સૌને પૂરતા પ્રમાણમાં સાનુકૂળ જગ્યા પણ નથી મળતી.

અમારા સંબંધમાં એવું જ બન્યું. અમારી સાથેના ભાઈઓએ સાંજે ત્યાં પહોચ્યાં પછી ઉતારા માટેનું સાનુકૂળ સ્થળ મેળવવા માટે પોતાની રીતે બનતો બધો જ પ્રયાસ કરી જોયો પરંતુ એ પ્રયાસ ધાર્યા પ્રમાણે સફળ ના થયો. અમારે ઓછામાં ઓછા ત્રણ ઓરડાની આવશ્યકતા હતી એને બદલે માંડમાંડ એક જ ઓરડો મળી શક્યો.

એ સઘળા સમય દરમિયાન હું બહારના દરવાજા પાસે ઊભો રહીને પ્રેમીજનો સાથે વાર્તાલાપ કરી રહેલો.

સુયોગ્ય સ્થાનની શોધ કરનારા ભાઈઓએ આવીને મને જણાવ્યું કે આજે જગ્યા મળવાની ખૂબ જ મુશ્કેલી છે. ભીડ ઘણી છે. કેટલાય પ્રયત્નો કરી જોયા ત્યારે મહામુસીબતે એક જ રૂમ મળી શક્યો છે. હવે તો સાંઈબાબાની ચમત્કારિક કૃપા થાય તો જ કશુંક બની શકે.

મેં શ્રદ્ધાભક્તિથી પ્રેરાઈને પરમપ્રેમપૂર્વક સાંઈબાબાનું સ્મરણ કર્યું તો એમણે મને જણાવ્યું કે તમારે માટે દરવાજાની બહાર બે રૂમ તૈયાર રાખ્યા છે.

અમે તે પ્રમાણે તપાસ કરી તો એક ખાનગી સ્વતંત્ર માલિકીના મકાનમાં બીજે માળે બે રૂમ ખાલી પડેલા.

એ રૂમ અમારે અને અમારી સાથેની બહેનોને માટે અનુકૂળ હોવાથી અમે તરત જ રાખી લીધા.

રૂમ એકાએક એવી આશ્ચર્યકારક રીતે મળ્યા તે જોઈને સૌને આશ્ચર્ય થયું. એની સાથે સાથે સાંઈબાબાની અહેતુકી કૃપાનો અનુભવ મળવાથી એમની અચિંત્ય અસીમ શક્તિમાં સૌનો વિશ્વાસ વધી પડ્યો.

યાત્રાનો આરંભ એવી રીતે અતિશય પ્રેરક તથા સુખદ થઈ પડ્યો.

યાત્રાના આરંભ પહેલાં જ સુરતમાં મને જ્યોતિષના રસિયા કોઈક ભાઈએ કહેલું : તમે બારમી તારીખને બદલે તેરમીએ યાત્રાએ નીકળો તો સારું.

કેમ ?

બારમી કરતાં તેરમીનો યોગ વધારે સારો છે. બારમીએ ગ્રહયોગ પ્રતિકૂળ છે.

મેં કહ્યું : ગ્રહયોગ ભલેને પ્રતિકૂળ હોય, જગદંબા અનુકૂળ છે એટલે થયું. એની કૃપાથી સઘળું સારું થશે. ગ્રહયોગ એમની ઈચ્છા પ્રમાણે ચાલ્યા કરે છે.

અમે સુરતથી યાત્રાની શુભ શરૂઆત બારમી તારીખે જ કરી અને બીજે જ દિવસે સાંઈબાબાની દૈવી શક્તિનો લાભ મળ્યો.

દેવદુર્લભ લાભ.

☼ ☼ ☼ ☼ ☼

## 3. ગોદાવરી માતાનો મેળાપ

શિરડી જનારા યાત્રી સાકોરીની મુલાકાત પણ લે જ છે એવું નથી હોતું. તો પણ અધિકાંશ યાત્રીઓ સાકોરીના દર્શનનો લાભ લેતા હોય છે. શિરડી તથા સાકોરી વચ્ચે ભૌગોલિક અથવા ભૌતિક અંતર અતિશય અલ્પ છે તેવી રીતે અધ્યાત્મિક અંતર પણ અધિક નથી. સાકોરીનું પુણ્યક્ષેત્ર શિરડીના જ અલૌકિક બીજમાંથી અંકુરિત થયેલું છે. સાકોરી આશ્રમના મૂળ સ્થાપક સંતશિરોમણિ ઉપાસની મહારાજ સાંઈબાબાની પ્રેરણાશક્તિથી જ આધ્યાત્મિક અભ્યુત્થાનના ક્ષેત્રે આગળ વધી શકેલા એ નિર્વિવાદ છે. એમની દ્વારા સાંઈબાબાની કૃપા જ કામ કરી રહેલી.

કહે છે કે ઉપાસની મહારાજને એમના સાધનાકાળ દરમિયાન એકવાર પ્રાણાયામના અભ્યાસમાં કોઈક ભૂલ થવાથી માનસિક અસ્થિરતા થઈ. એને મટાડવા માટે એમણે કેટલાય પ્રયત્નો કર્યા, ઉપચારોનો આધાર લીધો, પરંતુ સફળતા ના મળી. મગજની અસ્થિરતા ના મટી. સંતોના સમાગમનું પણ ધારેલું પરિણામ ના આવ્યું. એવી પરિસ્થિતિમાં એ પૂર્વસંસ્કારોને વશ થઈને એકવાર અચાનક શિરડી આવી પહોંચ્યા.

સાંઈબાબાએ એમને થોડેક દૂરથી જોયા એટલે એમની અકળ લીલાપદ્ધતિને અનુસરીને તરત જ એક પથ્થરનો ટુકડો લીધો અને એમના માથા પર નાખ્યો. એ ટુકડો એમના માથા પર વાગ્યો કે તરત જ એમનો દીર્ઘકાળનો મગજનો દુઃખાવો અને માનસિક અસ્થિરતા બંનેનો અંત આવ્યો.

એ અભૂતપૂર્વ અલૌકિક ચમત્કારથી ઉપાસની મહારાજ અત્યંત આશ્ચર્યચકિત બની ગયા, સાંઈબાબાનાં ચરણોમાં પડ્યા, અને એમના શિષ્ય થયા.

સાંઈબાબાની સૂચના પ્રમાણે થોડાક સમય સુધી શિરડીમાં રહીને એકાંતિક સાધના કર્યા પછી એ અસાધારણ અનુગ્રહપ્રાપ્ત મહાપુરુષે સાકોરીમાં વાસ કર્યો.

સાકોરીના આધુનિક આશ્રમનું બીજારોપણ ત્યારથી થયું એવું કહીએ તો એમાં કશી અતિશયોક્તિ નહિ થાય.

ઉપાસની મહારાજના લોહચુંબકીય અસાધારણ વ્યક્તિત્વને લીધે વખતના વીતવાની સાથે એમની આજુબાજુ પ્રશંસકો, જિજ્ઞાસુઓ અને ભક્તોનાં ટોળાં એકઠાં થવા લાગ્યાં. એમની સુવાસ સર્વત્ર ફેલાવા લાગી. આશ્રમનો વિસ્તાર દિનપ્રતિદિન મંદ છતાં પણ મક્કમ ગતિએ વધવા લાગ્યો.

ઉપાસની મહારાજની સેવામાં ગોદાવરીમાતા છેક જ નાની ઉંમરથી જોડાયાં અને એમની અસાધારણ યોગ્યતાને લીધે એમનાં પટ્ટશિષ્યા બની રહ્યાં. એમના પૂર્વસંસ્કારો એટલા બધા પ્રબળ હતા કે એ ઉપાસની મહારાજનાં પરમપ્રેમાસ્પદ અને કૃપાપાત્ર બની ગયાં.

ઉપાસની મહારાજના લીલાસંવરણ પછી એ આશ્રમનાં મુખ્ય સંચાલિકા અથવા અધ્યક્ષ બન્યાં. એમના અનેક ભક્તો તથા શિષ્યો થયા. ઉપાસની મહારાજના નામને ને કામને એમણે યોગ્ય રીતે જ રોશન કર્યું. ભારતની મહાન સાધ્વીઓમાં એમની ગણના થવા લાગી. નારીએ જીવનને ઉજ્જવળ કરી, નારીત્વને

દીપાવીને, નારાયણી રૂપ ધારણ કર્યું એવું કહીએ તો ચાલે. એવી સન્નારીઓ ઘણી ઓછી, અત્યંત વિરલ હોય છે.

અમે સાકોરી પહોચ્યાં ત્યારે ગોદાવરી માતા ત્યાં જ હતાં. એમના કોઈક ભક્ત દ્વારા અમારા આગમનના સમાચાર સાંભળીને એમણે પ્રસન્નતા પ્રદર્શિત કરી.

થોડીવારમાં એ એમના આવાસમાંથી બહાર આવ્યાં. એમનું સ્વરૂપ શાંત, નિર્વિકાર અને પ્રસન્ન દેખાયું. એમનું શરીર ભરાવદાર હતું. એની આરપારથી આત્માની આભા પ્રગટતી. એમણે પીળા રંગની સાડી પહેરેલી. એમનું વ્યક્તિત્વ ખૂબ જ પ્રભાવશાળી હતું.

એમણે એમના શિષ્યા મારફત જણાવ્યું કે તમને મળીને મને આનંદ થયો.

મેં પણ એમને એ જ પ્રમાણે જણાવ્યું : તમારા દર્શનથી અમને પણ અતિશય સંતોષ અને આનંદ થયો છે. આ સ્થાન ખૂબ જ સાત્વિક, શાંત, સુખમય છે. તમારું વ્યક્તિત્વ પણ એટલું જ આકર્ષક અને આહ્લાદક છે.

એ સહેજ પણ વિચલિત થયા સિવાય સંપૂર્ણ સ્વસ્થતાપૂર્વક ઊભા રહ્યાં.

એમની આજુબાજુ દર્શનાર્થીઓ એકઠા થઈ ગયાં. એ અદ્દભુત પ્રેરણાત્મક દૃશ્યને જોઈને એ સૌ સ્વાભાવિક રીતે જ પ્રભાવિત તથા ભાવવિભોર બની ગયા. એવું દૃશ્ય કોઈક ધન્ય ક્ષણે ધન્ય સ્થળે જ જોવા મળે છે.

ગોદાવરી માતાએ એમની શિષ્યાને કહીને મને પોતાના સ્નેહ ને સદભાવના પ્રતીકરૂપે પુષ્પહાર પહેરાવ્યો.

એમની નમ્રતા, નિખાલસતા, નિર્દોષતા અસાધારણ હતી.

એમણે અમને પ્રસાદ લઈને જવાનું કહ્યું. એને માટે મેં એમને સપ્રેમ સાદર આભાર માનીને જણાવ્યું કે પ્રસાદ તો શિરડીમાં જ પાછા જઈને લેવાનો છે. એને માટેની તૈયારી કરીને જ અહીં આવ્યાં છીએ.

એમણે અકારણ અનાવશ્યક આગ્રહ ના કર્યો.

હું ઊભો રહ્યો ત્યાં સુધી એ પણ ઊભા રહ્યા અને દર્શનાર્થીઓની ભીડ વધતી જ ગઈ એટલે આખરે અમે એમની અનુમતિ લઈને ચાલવા માંડ્યું.

એમની આજ્ઞાનુસાર એમના એક શિષ્યે અમને આશ્રમ બતાવ્યો.

ગોદાવરી માતાની નિરભિમાનિતા તથા સરળતા અમારા સ્મૃતિપટ પર કાયમને માટે અંકાઈ ગઈ.

એમના વિશદ વ્યવહારની સામે અમને શિરડીના સાંઈબાબાના સ્થાનના રિસીવરના વ્યવહારને સરખાવવાનું મન થયું.

શિરડીમાં અમારી સાથેના ભાઈઓને જગ્યા શોધવાની મુશ્કેલી પડી ત્યારે એમણે ઑફિસમાં જઈને રિસીવરને માટે માગણી કરતાં જણાવ્યું કે અમારી સાથે હિમાલયના મહાત્મા આવ્યા છે. તે મહાન તપસ્વી છે.

એમણે ઉત્તર આપ્યો કે સાંઈબાબાથી ઉત્તમ બીજો કોઈ મહાત્મા જ નથી.

એમના એ શબ્દો અહંતા અને અવિદ્યાના સૂચક તેમ જ એકદમ અસ્થાને હતા. એમનામાં સેવાભાવના, ભલમનસાઈ, માનવસહજ વિચારશક્તિ તથા વિવેકનો અભાવ વરતાયો.

શિરડી અને સાકોરીમાં એ દૃષ્ટિએ આકાશપાતાળનું અંતર દેખાયું.

શિરડીમાં અમને જે ઉતારાનું સ્થાન મળેલું તે સાંઈબાબાના અનુગ્રહથી જ મળેલું.

સાંઈબાબા સર્વ પ્રકારના ભેદભાવોથી મુક્ત હતા.

એમના સ્થાનના પ્રબંધકો એ મહામાનવના આદર્શોને અનુસરે એ આવશ્યક છે. એથી સ્થાનની શોભા વધશે.

ઈશ્વરની કૃપાથી અમારી યાત્રાનો આરંભ આહ્લાદક રહ્યો. ઈશ્વરની કૃપાથી શું નથી થતું ? એ આપણને પળેપળે મદદ કરે છે અને આપણા જીવનપથને સરળ તથા કંટકરહિત બનાવે છે. પરંતુ આપણામાં એટલી શ્રદ્ધાભક્તિ છે ખરી ? આપણે એમના અનુગ્રહને માટે મનોરથ કરીએ કે પ્રાર્થીએ છીએ ? એમના પ્રત્યે અભિમુખ બનતાં શીખીએ તો કેટલો બધો લાભ થાય, કેટલી બધી કલ્પનાતીત સરળતા ને સફળતા થઈ જાય ? આપણામાં એવી સદ્દબુદ્ધિ પ્રગટે ને પ્રગટેલી સદ્દબુદ્ધિ સદ્ધર બને એ આવશ્યક છે.

ઉપાસની બાબાની અભિનવ આવૃત્તિ જેવાં ગોદાવરી માતાને નિહાળીને અસાધારણ આનંદ થયો. એમના ગુરુદેવ શ્રી ઉપાસની બાબાના અલૌકિક અમોઘ અનુગ્રહથી એમનું જીવન જ્યોતિર્મય ને ધન્ય બન્યું છે. ભારતમાં છેલ્લાં કેટલાંક વરસોમાં થયેલી દિવ્ય સર્વોત્તમ સાધ્વીઓમાં એમનું સ્થાન અગ્રગણ્ય છે.

એમનો મંગલ મધુમય મેળાપ ૧૪ જાન્યુઆરી ૧૯૭૮ના દિવસે થયેલો. એ દિવસ સાચે જ ચિરસ્મરણીય બની રહ્યો.

☼ ☼ ☼ ☼ ☼

## ૪. ઈલોરા, અજંટા, પંઢરપુરનો પ્રવાસ

જે સમર્થ મહાપુરુષે શિરડી જેવા નાના ગામને પોતાની સાધનાભૂમિ કે લીલાભૂમિ તરીકે પસંદ કર્યું તે લોકોત્તર પ્રાતઃસ્મરણીય મહાપુરુષને લીધે એ ગામ અસાધારણ મહિમા ધારણ કરીને વિશ્વવિખ્યાત બની ગયું છે.

જે સ્થાનમાં પરમાત્મનિષ્ઠ મહાપુરુષોની પવિત્ર પદરજ પડે છે તે સ્થાન ધન્ય બને છે.

એ તીર્થસ્થાનને પ્રેમપૂર્વક પ્રણામ કરીને અમે આગળ વધ્યાં.

શિરડીથી ઈલોરા.

ઈલોરા-અજંટાની સુપ્રસિદ્ધ ગુફાઓને અવલોકવાનો આનંદ અનેરો છે. દેશવિદેશના પ્રવાસીઓ એમને અવલોકવા માટે આવે છે. અમે પ્રથમ ઈલોરાની મુલાકાત લીધી.

પર્વતોમાંથી કોરી કાઢેલી, વજ્રકાય પર્વતોને ભેદીને તૈયાર કરાયેલી ગુફાઓ અતિશય આકર્ષક, આહ્લાદક, સુંદર છે. વરસોના એકધારા પ્રખરતમ પરિશ્રમ પછી એમનું નિર્માણ કરાયેલું છે. સ્થાપત્યકળાના સર્વોત્કૃષ્ટ પ્રતીક સરખી એ સુંદર ચિત્તાકર્ષક ગુફાઓને અવલોકીને દર્શકોનાં મન મુગ્ધ બને છે અને આપોઆપ અનાયાસે ઉદ્દગાર કાઢે છે કે કેટલી બધી પ્રશાંત પ્રસન્નતાપ્રદાયક સુવિશાળ ગુફાઓ ! એમનો સંક્ષિપ્ત પરિચય પ્રદાન કરતાં એમના પ્રવેશદ્વાર પાસે જે આલેખવામાં આવ્યું છે તે ખાસ વાંચવા જેવું છે.

એ ગુફાઓની બહાર કોઈ વિદેશી સન્નારી બેઠેલી. એ પણ ગુફાઓની મહિમાકથાઓને સાંભળીને એમના અવલોકન માટે આવેલી. એવા કેટલાય કળાપ્રિય આત્માઓ એ સુંદર સ્થળમાં આવતા હશે. ભારતનાં સંસ્કૃતિધામ જેવાં-સંસ્કૃતિના સંદેશાવાહક સમાં એ સ્થળો પોતાની આગવી રીતે રાષ્ટ્રીય ગૌરવને જગાવવામાં એમનો ઉપયોગી ફાળો આપી રહ્યાં છે. એમનું યોગદાન અનોખું છે.

મોટર ઈલોરાથી અજંટાને માર્ગે આગળ વધી.

અજંટા ઈલોરાથી ટૂંકે માર્ગે લગભગ ૬૪ કિલોમીટર છે. ત્યાં પહોંચતાં પહેલાં પર્વતમાળાનો પ્રારંભ થાય છે. પર્વતમાળાનું એ દૃશ્ય ખૂબ જ સુંદર લાગે છે. એની સોડમાંથી સરનારી નાનકડી નદી એની આકર્ષકતામાં અભિવૃદ્ધિ કરે છે.

એને અવલોકીને અમને આનંદ થયો.

પર્વતની ઉપર ગુફાઓને જોવા જતી વખતે માતાજીને માટે પચીસ રૂપિયા ભાડાથી દંડી કરી. એમનાથી પગે ચાલીને ઉપર જઈ શકાય તેમ ન હતું.

ગુફાઓ સુંદર ચિત્તાકર્ષક ચિત્રકળાથી સુશોભિત લાગી.

એમનું નિર્માણ ચારસો જેટલાં વરસોની સતત સખત સાધના પછી થયેલું.

એની પાછળ એકનિષ્ઠ અનુરાગપૂર્ણ અનવરત આરાધના હતી. સર્વોત્તમ સમર્પણવૃત્તિ દેખાતી.

એક ખાસ નોંધપાત્ર હકીકત એ છે કે ગુફાઓમાં મોટા ભાગનાં ચિત્રો રાજા, રાણીઓ, રાજકુમારો તથા રાજકુટુંબો સાથે સંકળાયેલાં છે. સામાન્ય માનવોનાં ચિત્રો ત્યાં ભાગ્યે જ જોવા મળ્યાં.

ચિત્રકળાની દૃષ્ટિએ એ ચિત્રોને અદ્દભુત કહી શકાય.

રાતે બીડ પહોંચીને અમે જિલ્લા પંચાયતના ગેસ્ટ હાઉસમાં મુકામ કર્યો. હવે અમારે મહારાષ્ટ્રના સુપ્રસિદ્ધ તીર્થસ્થાન પંઢરપુરના દર્શને જવાનું હતું.

બીડથી કુરુદવાડી થઈને અમે પંઢરપુર પહોંચ્યાં. પંઢરપુરમાં પહોંચીને અમે માહેશ્વરી ભવનની સરસ ધર્મશાળામાં ઉતારો કર્યો. ધર્મશાળા શાંત, સ્વચ્છ, સુંદર હતી. એની પાછળના વિશાળ પ્રદેશમાં ચંદ્રભાગા નદી વહેતી.

એનું દૃશ્ય ખૂબ જ હૃદયંગમ અને આકર્ષક હતું.

સાંજે ત્યાંના વિઠોબાના મંગલ મંદિરમાં દર્શન માટે ગયાં. સાંજનો અને એમાં પણ આરતી પહેલાંનો સમય હોવાથી ભાવિક ભક્તોની લાઈન લાગેલી.

જનતાની ધર્મભાવના અસાધારણ હતી.

બહારથી ગરીબ જેવી દેખાતી મોટા ભાગની જનતા અંદરથી ઈશ્વરના અનુરાગની દૃષ્ટિએ અમીર હતી.

ઈશ્વર તો અંતરના એકનિષ્ઠ અસાધારણ અનુરાગને જ જુએ છે, એને જ અગત્ય આપે છે.

મંદિરના ગર્ભદ્વારમાં પ્રવેશીને મેં દર્શન કરવાનો આરંભ કર્યો કે તરત જ પુજારીએ ભગવાનનો પુષ્પહાર લઈને મને પહેરાવ્યો.

ભગવાને એવી રીતે જાણે કે મારું અપરોક્ષ રીતે સ્વાગત કર્યું.

ભગવાનની લીલા અપાર છે. એ કયે વખતે કયી રીતે શું કરશે તેની પૂરી માહિતી કોઈને નથી મળી શકતી. સામાન્ય માનવે તો પોતાની સીમિત શક્તિ પ્રમાણે એની રહીસહી કલ્પના જ કરવાની રહે છે.

મંદિરમાં દૂર સુદૂરથી ને સમીપથી આવેલા દર્શનાર્થીઓ શ્રદ્ધાભક્તિથી સંપન્ન બનીને અનુકૂળતા કે પ્રતિકૂળતાને લક્ષમાં લીધા સિવાય દર્શન કરવા માટે એકઠા થતા. એમનાં ચક્ષુ અવનવા ઉત્સાહથી ચમકતાં દેખાતાં, પરંતુ પુજારીઓનું અથવા મંદિરના કર્મચારીઓનું ધ્યાન વધારે ભાગે ધન તરફ જ રહેતું. એ યાત્રીઓને અવારનવાર ધન પ્રદાન કરવાનો આગ્રહ કરતાં. એ આગ્રહ આગળ વધીને દુરાગ્રહમાં પણ પરિણમતો. એ દૃશ્ય ખૂબ જ કરુણ દેખાતું. શ્રદ્ધાભક્તિવાળા યાત્રીઓ ધનની ઈચ્છાનુસાર ભેટ ચઢાવતા પણ ખરા. એ સમગ્ર પ્રવૃત્તિ અર્થપ્રધાન, વ્યાપાર જેવી છતાં પણ સ્વાભાવિક લાગતી. પુજારીઓને માટે એ પ્રવૃત્તિ પરંપરાગત બનેલી.

બીજે દિવસે સવારે અમે ચંદ્રભાગામાં સ્નાન કર્યું. સૂર્યના તાજા તાપમાં સ્નાન કરવાનો લહાવો અનોખો હતો. સરિતાના પવિત્ર તટ પર પુંડરીકનું મંદિર હતું. સામે કાંઠે વલ્લભાચાર્યની બેઠક હતી.

પુંડરીક માતાપિતાનો પરમ ભક્ત હતો અને માતાપિતાને પરમાત્મા સ્વરૂપ સમજતો. માતાપિતાની સેવામાં એને સ્વર્ગસુખ લાગતું. ભગવાન એની સેવાથી પ્રસન્ન થઈને એને દર્શન આપવા માટે આવેલા.

રાતે વિઠોબાના મંદિરમાં જેવી ભીડ હતી તેવી ભીડ સવારે જરાય ન હતી. સવારે ખૂબ જ સારી રીતે દર્શન થયું. તે પછી ગાડગે મહારાજ અને તનપુરે મહારાજની ધર્મશાળાના દર્શને પહોંચ્યાં. ગાડગે મહારાજનું સ્થાન સુંદર હતું. મંદિરમાં મૂર્તિઓની શોભા અજબ હતી. મંદિરની ઉપરના ભાગમાં એક સેવક ઊભેલા.

એમને અમારી સાથેના દર્શનાર્થીએ એક રૂપિયો આપવા માંડ્યો તે તેમણે ના લીધો ને કહ્યું કે જે કાંઈ આપવું હોય તે ફંડમાં-પેટીમાં નાખો, જેથી ગરીબોને આપવામાં આવતા ભોજન માટે વાપરી શકાય.

કેટલી બધી સેવાભાવના કે નિર્લોભવૃત્તિ ? એવા સેવાભાવી સેવકો જ સંસ્થાના સન્માનને વધારી શકે. એવા સેવકોવાળી સંસ્થાને સાચે જ સૌભાગ્યશાળી કહેવાય.

કૈકડે મહારાજના સ્થાનમાં જે સેંકડો સુંદર પ્રતિમાઓ છે તે ખાસ જોવા જેવી છે. એની શિલ્પકળા, સરસતા અદ્દભુત છે. કળાકારે વરસોની મહેનત પછી એ કળાકૃતિનું નિર્માણ કર્યું છે. ભારતના ઋષિમુનિઓ અને દેવીદેવતાઓની પ્રતિમાઓ એટલી બધી અદ્દભુત અને અલૌકિક છે કે વાત નહિ. સામાન્ય માનવ એની કલ્પના પણ ના કરી શકે. પંઢરપુરથી અમે હૈદરાબાદ પહોંચ્યાં. હૈદરાબાદ શહેર ખૂબ જ મોટું છે. ચાર મિનાર, સરોવર વગેરે દર્શનીય છે. તે જોઈને શ્રીશૈલ પરના જ્યોતિર્લિંગ મલ્લિકાર્જુન પહોંચ્યાં ત્યારે રાત પડી ચૂકેલી.

હૈદરાબાદ પહોંચતાં પહેલાં માર્ગમાં થયેલો અનુભવ ઉલ્લેખનીય હોવાથી એનું વર્ણન પૂરું કરીને મલ્લિકાર્જુનનું રેખાચિત્ર રજૂ કરીએ તો એ અસ્થાને નહિ ગણાય.

☼ ☼ ☼ ☼ ☼



## ૫. અવનવો અનુભવ

પંઢરપુરથી હૈદરાબાદ જતાં એક બીજું દર્શનીય તીર્થસ્થાન આવતું હતું. એનું નામ તુલજાભવાની.

કહે છે કે એ પ્રસિદ્ધ સ્થાનમાં માતા તુલજાભવાનીએ પ્રસન્ન થઈને શિવાજીને તલવાર આપેલી. એવી રીતે એ તીર્થસ્થાન ઐતિહાસિક કહેવાય. એની મુલાકાત લેવાની અમારી ઈચ્છા હતી પરંતુ મોટર-ડ્રાઈવરની શરતચૂકને લીધે એ ઈચ્છા સફળ ના થઈ.

હૈદરાબાદના માર્ગમાં વધારે પડતા પ્રવાસ પછી રાતે મોડું થઈ જવાથી અમે વિશ્રામ માટે રોકાઈ જવાનો નિર્ણય કર્યો. અમારી સાથેના બીજા યાત્રીઓ રાતે પ્રવાસ કરીને હૈદરાબાદ પહોંચવા માટે તૈયાર થયા તો પણ અમને એવી તૈયારી કરવાનું મન ના થયું. મેં માતાજી તથા શાંતિભાઈ સાથે વચ્ચે જ રોકાવાનું પસંદ કર્યું.

માર્ગમાં જ પી. ડબલ્યુ. ડી.નું રેસ્ટ હાઉસ આવ્યું. એ એકદમ ખાલી હોવા છતાં એના ચોકીદારે કેવળ એકાદ નાનો સામાન્ય રૂમ આપવાની જ ઈચ્છા બતાવી. એણે જણાવ્યું કે બીજા મોટા રૂમ મારે ખાલી રાખવા જ જોઈએ. કોઈવાર મોડીરાતે પણ કોઈ ઑફિસર આવી પહોંચે છે. તે વખતે રૂમ ખાલી ના હોય તે મને દંડ થાય ને મારી નોકરી જાય.

મેં કહ્યું સવાર સુધી કોઈ જ ઑફિસર નહિ આવે. તું મારામાં ને ઈશ્વરમાં વિશ્વાસ રાખીને રૂમ આપી દે. તારો વાળ પણ વાંકો નહિ થાય.

પરંતુ એવી રીતે વિશ્વાસ રાખવાનું એને માટે અશક્ય લાગ્યું.

છેવટે અમે એક તરફના બે નાનકડા જૂના જેવા રૂમથી ચલાવવાનું નક્કી કર્યું. રાતે એકાંતમાં આવેલા એ રેસ્ટ હાઉસમાં જ મુકામ કર્યો.

એ રાત ખૂબ જ વિચિત્ર, જુદી જાતની, અને અવિસ્મરણીય હતી. થોડા વખતમાં જ એની પ્રતીતિ થઈ. એને લીધે એ સ્થાન યાદગાર બની ગયું. ત્યાં જે અલૌકિક અસાધારણ આકસ્મિક અનુભવ થયો એ સવિશેષ ઉલ્લેખનીય છે.

આપણા સ્થૂળ ભૌતિક ઈન્દ્રિયગમ્ય જગતમાં બહારની સપાટી પર દેખાતા આત્માઓ કરતાં જુદી જ જાતના આત્માઓ અંદરના ઈન્દ્રિયોને અગોચર એવા સૂક્ષ્મ જગતમાં વાસ કરે છે એ વાત લગભગ સર્વવિદિત જેવી છે. એવા આત્માઓની ઓળખાણ કોઈક ધન્ય ક્ષણે ને પાવન પળે અસાધારણ સંજોગોમાં થતી હોય છે, ત્યારે જ એમના અસ્તિત્વનો અનુભવ થઈ શકે છે. એ આત્માઓ શુભ અને અશુભ, દૈવી અને આસુરી, બંને પ્રકારના હોય છે અને કર્મના ઋણાનુંબંધને અનુસરીને એમની યોનિમાં વિહરે છે. કર્મોના ઋણાનુંબંધો પૂરા થતાં એમાંથી પુનઃ મુક્તિ મેળવે છે.

એ રાતે એવા જ એક સૂક્ષ્મ શરીરમાં વસતા અસામાન્ય આત્માની મને ઓળખાણ થઈ.

એ સ્થાનમાં માનસિક શાંતિનો અનુભવ સ્વાભાવિક રીતે અને આપોઆપ થતો. ધ્યાન અથવા આત્મચિંતન માટે એ સ્થાન ખૂબ જ અનુકૂળ હતું. અમારી સાથેના શાંતિભાઈને પણ એવો જ અનુભવ થયો.

રાતે બારેક વાગ્યા પછી એ સ્થાનમાં મારી સમક્ષ એક સૂક્ષ્મ શરીરધારી આત્માનો આવિર્ભાવ થયો.

એ આત્મા સાથે મારે આ પ્રમાણે વાર્તાલાપ થયો :

તમે કોણ છો ને ક્યાં રહો છો ?

હું એક સૂક્ષ્મ જગતમાં વસતો જીવ છું અને આ સ્થળમાં જ વાસ કરું છું.

આ સ્થળમાં શા માટે ?

કારણ કે આ સ્થળ મને પ્રિય છે. હું પૂર્વજીવનમાં સાધુ હતો ને બનતું પવિત્ર જીવન જીવતો. અહીં મારી મઢૂલી હતી. આ જ સ્થળમાં. સંજોગોવસાત્ આ સ્થાનની જમીન મારી પાસેથી મારી મરજી વિરુદ્ધ લઈ લેવામાં આવી. મારી મમતાને લીધે મારો આત્મા અહીં રહી ગયો ને દુર્ગતિ પામ્યો. ત્યારથી હું આ સ્થાનમાં વાસ કરું છું.

અહીં રહીને શું કરો છો ?

ઈશ્વરનું સ્મરણ કરું છું અને જે અહીં આવે એમને મારી સહાયતા પહોંચાડું છું. કોઈને દુઃખી નથી કરતો.

આ યોનિ તમને સારી લાગે છે ?

ના. તો પછી ?

મને એનું મિથ્યાત્વ સારી પેઠે સમજાયું છે. આજે મારા જીવનનો ધન્ય દિવસ ઊગ્યો. ઈશ્વરની કૃપાથી તમારું દૈવી દર્શન થયું એટલે મને શાંતિ મળી. મારી રહીસહી સઘળી વાસના શાંત થઈ. આજે મારી આ યોનિમાંથી મુક્તિનો દિવસ છે. તમને પૂજ્યભાવે પ્રણામ કરીને હવે વિદાય થાઉં છું.

એ સાધુપુરુષે મને પ્રણામ કરીને વિદાય લીધી.

એમની મુક્તિ થયેલી જોઈને મને આનંદ થયો.

બીજે દિવસે વહેલી સવારે એ ચિરસ્મરણીય સ્થળની વિદાય લઈને અમે હૈદરાબાદ તરફ આગળ વધ્યાં.

☼ ☼ ☼ ☼ ☼

## ૬. મલ્લિકાર્જુન અને બાલાજી

દ્વાદશ જ્યોતિર્લિંગોમાં શ્રીશૈલ પર્વત પરના પવિત્ર પ્રદેશ પર આવેલા મલ્લિકાર્જુનનો પણ સમાવેશ થાય છે. **श्रीशैले मल्लिकार्जुनम् ।** એ ઉક્તિ પ્રસિદ્ધ જ છે.

જ્યોતિર્લિંગોનો મહિમા બીજાં સ્થાનો કરતાં સવિશેષ મનાતો હોવાથી મોટા ભાગના ધર્મપ્રેમી માનવો એમના દર્શનની ઈચ્છા રાખે છે. દેશના જુદા જુદા પ્રદેશોમાં ઉત્તરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમના વિસ્તારમાં એ ફેલાયેલા છે.

શ્રીશૈલ પર્વત પરના એ પવિત્ર સુંદર તીર્થસ્થાનમાં પહોંચ્યાં ત્યારે રાત પડી ગયેલી. માર્ગમાં આવતા શહેરમાં મોટરમાં બગાડ થવાથી પેટ્રોલ ટપકવા લાગ્યું. ત્યાં સમીપના શહેરમાં કોઈ સાધન ના મળવાથી અમે સૌ અમારી સાથેની મેટાડોરમાં ગોઠવાઈને રાતે એકાદ વાગ્યે શ્રીશૈલ પર પહોંચ્યા. માર્ગમાં અરણ્યના એકાંત રસ્તા પરથી મોટર આગળ વધતી'તી ત્યારે દૂર ક્ષિતિજની આજુબાજુ લાઈટોની પ્રકાશમય પંક્તિઓ દેખાતી. એ દર્શન અતિશય આનંદદાયક હતું. દિવસે રસ્તામાં આવતા સુપ્રસિદ્ધ નાગાર્જુનસાગર બંધને અવલોકવાનો અવસર તો આપોઆપ આવેલો.

રાતની અસીમ શાંતિમાં શ્રીશૈલ પર્વત પરના પ્રાકૃતિક દૃશ્યને દેખીને અમને અભૂતપૂર્વ શાંતિનો અનુભવ થયો. અમારું અંતર એથી પ્રસન્ન ને પુલકિત બની ગયું.

શ્રીશૈલ પર્વત પરના એ આકર્ષક અતિશય આહ્લાદક તીર્થસ્થાનના શાંત સુંદર આરામગૃહમાં રાતે વિશ્રામ કરીને સવારે અમે ત્યાંના સુપ્રસિદ્ધ પરમદર્શનીય મંદિરમાં પહોંચ્યાં.

મંદિરમાં દર્શન માટે ત્યાંની પરિપાટી પ્રમાણે પાસ કઢાવ્યો. મંદિર ખૂબ જ સરસ સુંદર આકર્ષક હતું. સ્વચ્છ પણ એટલું જ. એમાં ભગવાન શંકરનું જે લિંગ હતું તે પ્રમાણમાં ખૂબ જ નાનું હતું. અમને એના અવલોકનથી આનંદ થયો.

પર્વતમાળાની વચ્ચે વસેલું મલ્લિકાર્જુન સ્થળ ખૂબ જ સ્વચ્છ સુંદર દેખાયું. ત્યાંના માર્ગો, મકાનો, બધું જ આકર્ષક લાગ્યું. પર્વતો જ્યાં પણ હોય છે ત્યાં અત્યંત આકર્ષક અને આહ્લાદક લાગે છે. એમને અવલોકીને અંતર ધરાતું નથી.

એ સ્થળમાં મોટરની અગવડને લીધે અમારે એક દિવસ વધારે રહેવું પડ્યું.

બીજે દિવસે પ્રભાતે પ્રભાકર પ્રકટ્યા પછી પર્વત પરથી નીચે ઉતરીને લગભગ ૪૮૦ કિલોમીટર જેટલું અંતર કાપીને અમે સુપ્રસિદ્ધ તીર્થસ્થાન તિરૂપતિમાં પ્રવેશ્યાં. રાતે ત્યાં જ કૃષ્ણ લૉજમાં રહીને સવારે બાલાજી ગયાં.

પર્વત પર વસેલું બાલાજીનું ધામ પ્રથમ દર્શને જ અંતરને આકર્ષે છે અને આહ્લાદથી ભરી દે છે. એ સ્થળ હિમાલયના પવિત્ર ઉત્તરાખંડના પાવન પુણ્યપ્રદેશની સ્મૃતિ કરાવે છે. દક્ષિણ ભારતમાં જ નહિ પરંતુ સમસ્ત ભારતમાં એનો મહિમા ફેલાયેલો છે.

બાલાજીના દર્શન માટે ખૂબ જ ભીડ હતી. ભાવિક જનતા ભગવાનના દર્શનની ઈચ્છાથી પ્રેરાઈને કોઈ પણ પ્રકારના કષ્ટ કે પરિશ્રમની પરવા કર્યા વિના લાઈનમાં ઊભી રહેલી. એની ધીરજ, હિંમત, શ્રદ્ધા

અને આશા અસાધારણ હતી. જનતાની ભારે ભીડમાં અંદર જવાનું મન ના થાય એ સ્વાભાવિક હતું. પચીસ રૂપિયા ભરીને દર્શન કરવા માટે ઊભા રહેનારા ભાવિક ભક્તોની લાઈન પણ લાંબી હતી. એવી રીતે દર્શન કરવાની ઈચ્છાનો ઉદય મારામાં ના થઈ શક્યો. એટલે મારી સાથેનાં દર્શનાર્થીઓને પરિસ્થિતિથી પરિચિત કરીને હું એ કોલાહલપૂર્ણ વાતાવરણમાંથી બહાર નીકળી ગયો અને મંદિરની પાસેના વિશાળ કુંડ પર બેઠો. કુંડ પરથી બાલાજીના સુંદર પર્વતીય સ્થળની આસપાસનું કુદરતી સૌન્દર્ય અદ્દભુત દેખાયું. એનું અવલોકન કરીને અંતર આનંદમગ્ન બની ગયું ને ભાવવિભોર થઈ રહ્યું.

કુંડ પર સૂર્યનાં સોનેરી કિરણો ફરી વળેલાં. એમની ઉષ્માને અનુભવતાં મેં કલાક દોઢ કલાક સુધી ધ્યાન કર્યું. મારી અંદર અને બહાર સર્વત્ર ભગવાનના દિવ્ય સ્વરૂપનો અનુભવ થયો. ભગવાનનું સ્વરૂપ કાંઈ મંદિરની અંદર જ છે એવું થોડું છે ? એ તો સર્વત્ર વિદ્યમાન છે. પરંતુ એના સાક્ષાત્કારને માટે દૈવી દૃષ્ટિ જોઈએ. એવી દૃષ્ટિ વિના બીજું બધું જ દેખાય પરંતુ સર્વવ્યાપક પરમાત્મા ના દેખાય.

બાલાજીથી નીકળતી વખતે મારા મનમાં એક અનોખો વિચાર ઊઠ્યો. એ વિચારને વ્યક્ત કરતાં મેં બાલાજીને મનોમન જણાવ્યું કે જો તમારી ઈચ્છા મને તમારા દર્શન માટે લાવવાની હોય તો એવી રીતે લાવજો કે મારે લાઈનમાં ઊભા રહેવું ના પડે. એ સિવાય મને મંદિરની અંદરના તમારા શ્રીવિગ્રહની પાસે આવવાનું નહિ ગમે. તમારી અનુગ્રહશક્તિ અસીમ હોવાથી તમે એ પ્રમાણે કરી શકો છો. તમે જો એ પ્રમાણે નહિ કરો તો ત્યાં સુધી હું મંદિરની બહારથી જ દર્શન કરીને વિદાય થઈશ. એટલાથી જ સંતોષ મેળવીશ.

મારા એ વિચાર પાછળ બાલાજી પ્રત્યેનો પવિત્ર પ્રેમ જ હતો. પ્રેમ સિવાય એને સમજવાનું કામ કઠિન થઈ પડશે.

કેટલીકવાર કેટલાક વિશિષ્ટ પ્રકારના સરકારી પદાધિકારી પોતાના પદના પ્રભાવથી મંદિરમાં કોઈ પ્રકારની રોકટોક વિના પહોંચી જાય છે. વર્તમાનપત્રો કે રેડિયો દ્વારા એવા સમાચાર પ્રસારિત થાય છે પણ ખરા. તો પછી ભગવાન પોતાના પ્રેમીને એવી રીતે સરળતાથી અંદર શા માટે ના પહોંચાડે ? અને ધારો કે ના પહોંચાડે તો પ્રેમી ભક્તે પોતાની ભાવનાને શા માટે ના વળગી રહેવું ?

બપોર પછી અમે તિરૂપતિ પાછા ફર્યા.

☼ ☼ ☼ ☼ ☼

# ૭. તિરૂપતિથી તિરૂવન્નામલૈ

તિરૂપતિથી આગળ વધીને અમે મદ્રાસ પહોંચ્યાં.

ત્યાં ગુજરાતી સમાજના નવા મકાનમાં થોડાક કલાકને માટે આરામ કર્યો.

ત્યાંથી મહાબલીપુરમ્, પક્ષીતીર્થ, શિવકાંચી, વિષ્ણુકાંચી થઈને તિરૂવન્નામલૈ પહોંચ્યાં.

મહાબલીપુરમ્ માં પ્રાચીન મંદિર તથા વિશાળ સુવિશાળ સમુદ્રમાં નિર્માણ કરાયેલાં મંદિરો ખાસ દર્શનીય છે. એમની રચના અદ્દભુત અને અતિશય આહ્લાદક છે.

સમુદ્રના ઉત્તુંગ તરંગો એ મંદિરોને પ્રત્યેક પળે અનુરાગભરેલી અંજલિ આપે છે અને એમની અક્ષય આરતી ઉતારે છે.

એ દૃશ્ય ચિરકાળને માટે યાદ રહી જાય તેવું છે.

પક્ષીતીર્થ પર્વત પર મધ્યાહ્ન સમયે ભોજન માટે આવતાં પક્ષીઓને લીધે પ્રખ્યાત છે. એ પક્ષીઓના દર્શન માટે યાત્રીઓ સારી સંખ્યામાં એકઠાં થાય છે.

પર્વતની તળેટીમાં વસેલું ને વિસ્તરેલું નાનુંસરખું ગામ એને લીધે દેશભરમાં જાણીતું થયું છે.

પક્ષીતીર્થ ભારતનાં મહત્વનાં તીર્થોમાંનું એક મનાય છે.

શિવકાંચી તથા વિષ્ણુકાંચીનાં વિશાળ મંદિરોમાં ભગવાન શંકર અને વિષ્ણુની વિશાળ પ્રતિમાઓ છે. દક્ષિણના દરેક મંદિરમાં સુંદર કુંડ તો હોવાનો જ. કુંડને લીધે મંદિર વધારે સુશોભિત લાગે છે.

તિરૂવન્નામલૈમાં મુખ્ય દર્શનીય સ્થળો ત્રણ : અરૂણાચલનું મંદિર, રમણાશ્રમ અને અરૂણાચલ પર્વત.

અરૂણાચલ મંદિરનો વિસ્તાર ખૂબ જ મોટો છે. મંદિરમાં એક તરફ સહસ્ત્ર સ્થંભોવાળો સુંદર મંડપ છે. એની બાજુમાં પાતાળલિંગેશ્વરની નાનકડી ગુફા છે. એ ગુફામાં રમણ મહર્ષિએ એમની સાધકાવસ્થામાં થોડાક સમયપર્યંત રહીને તીવ્ર તપ કરેલું. એ સ્થાનને જોઈને અમને આનંદ થયો.

અરૂણાચલના મંદિરમાં વિહાર કરતી વખતે અમને એક વયોવૃદ્ધ સાધુપુરુષ મળ્યા. મંદિરમાં ફરતી વખતે એ મને ખૂબ જ રસપૂર્વક જોઈ રહેલા. મારી ગતિવિધિને એ મારી પાછળ આવીને ભારે રસપૂર્વક નિહાળી રહેલા.

એમનો પહેરવેશ પરંપરાગત સાધુઓ કરતાં જરાક જુદો હોવાથી અલગ તરી આવતો.

એમણે મારી પાસે પહોંચીને મને પૂછયું : તમે ક્યાં રહો છો ? તમારો કોઈ આશ્રમ છે ?

એમનો સ્વર ખૂબ જ સ્નેહાર્દ્ર, શાંત, સુધાસભર હતો. એમનું મુખમંડળ માયાળુ લાગ્યું.

મેં એમના પ્રશ્નના પ્રત્યુત્તરમાં કહ્યું : આશ્રમ તો સર્વત્ર છે.

સર્વત્ર ?

હા, સર્વત્ર. પંચમહાભૂતના શરીરનો આ આશ્રમ જ આપણો નથી, પછી બીજા બહારના આશ્રમ ક્યાં સુધી રહેવાના ?

સાધુપુરુષ ખડખડાટ હસવા લાગ્યા ને બોલ્યા : બરાબર છે, બરાબર છે. મેં પણ કોઈ આશ્રમ નથી બનાવ્યો. વરસો પહેલાં રમણાશ્રમમાં રમણ મહર્ષિનાં દર્શન માટે આવેલો. રમણ મહર્ષિએ સમાધિ લીધી ત્યારથી હું અહીં જ રહી ગયો છું. હવે આ સ્થાનને છોડવાનું મન નથી થતું.

એમની મુખાકૃતિ તેજસ્વી અને નિર્દોષ હતી. એમના શબ્દો પરથી એ રમણ મહર્ષિના એકનિષ્ઠ ભક્ત હોવાની પ્રતીતિ થતી.

રમણાશ્રમનું સ્થાન ખૂબ જ શાંત, સુંદર, આકર્ષક છે. વરસો પહેલાં જોયેલા આશ્રમના સ્થાનમાં અને અત્યારના સ્થાનમાં ઘણો ફેર પડી ગયો છે. ત્યાં વરસો સુધી વસીને આત્મનિષ્ઠાને અક્ષય રાખીને જે મહાપ્રતાપી મહાપુરુષે પોતાની આત્મશક્તિને રેલાવી, તે મહાપુરુષ એ વાતાવરણમાં આજે પણ જીવંત લાગે છે અને કાર્ય કરતા દેખાય છે. એમના અસાધારણ આધ્યાત્મિક પરમાણુઓનો અનુભવ આજે પણ થઈ શકે છે. આશ્રમને અડીને ઊભેલો અરૂણાચલ પર્વત એમની તીવ્ર તપશ્ચર્યાની સાક્ષી પૂરે છે.

પર્વત પર એક વિદેશી સાધિકા જઈ રહેલી. આશ્રમના હૉલમાં ચારેક પરદેશી સાધકો ધ્યાન કરવા બેઠેલા. રમણ મહર્ષિની અસાધારણ અદૃશ્ય શક્તિ એવાં કેટલાય પ્રવાસીઓને પ્રેરણાનાં પીયૂષપાન કરાવે છે. એ અલૌકિક શક્તિ આજે પણ કાર્યરત દેખાય છે.

પ્રાચીન ઋષિઓનાં એકાંત આહલાદક આશ્રમની યાદ આપતો એ આશ્રમ ખરેખર દર્શનીય છે. અનુકૂળતા કાઢીને એના વિશુદ્ધ વાતાવરણમાં થોડોક વખત રહેવા જેવું છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૮. કન્યાકુમારીનો અદ્દભુત અનુભવ

ભારતનાં ચાર મુખ્ય મહાધામોમાં રામેશ્વરની ગણના થાય છે.

સુવિશાળ સમુદ્રતટ પર વસેલું ને વિસ્તરેલું રામેશ્વરનું ધામ પ્રમાણમાં ખૂબ જ નાનું હોવા છતાં ગુણવત્તાની દૃષ્ટિએ ઘણું મોટું છે.

રામેશ્વરના સુપ્રસિદ્ધ મંગલમય મંદિરનો મહિમા મોટો મનાય છે. એના દર્શન-અવલોકન માટે અસંખ્ય પ્રવાસીઓ એકઠાં થાય છે.

ભગવાન શંકરના ભાવભક્તિમય જયજયકાર ધ્વનિથી એ સમસ્ત મંદિરને ગજાવી મૂકે છે.

એ દિવ્ય ધામના દર્શનનો દેવદુર્લભ લાભ લઈને અમે દેશની દક્ષિણ સીમા પર આવેલા સુંદર યાત્રાધામ કન્યાકુમારીની મુલાકાત લીધી.

કન્યાકુમારી એટલે દક્ષિણ ભારતનો છેડો. એ તરફનો પ્રદેશ ખૂબ જ રળિયામણો છે. કુદરતનું સૌન્દર્ય ત્યાં સંપૂર્ણપણે છૂટા હાથે વેરાયેલું છે. આખોય પ્રદેશ નાનીનાની ચિત્તાકર્ષક સુંદર પર્વતમાળાઓ, સરસ સુવિશાળ ખેતરો અને જળાશયોથી ભરેલો છે. એમાંથી પસાર થતી વખતે એક પ્રકારનો અવર્ણનીય આનંદ અનુભવાય છે. એ પ્રદેશની એક બીજી લાક્ષણિકતા એના ઠેરઠેર, લગભગ પ્રત્યેક શહેર તથા ગામમાં જોવા મળતાં ગિરજાઘરો કે ખ્રિસ્તી મંદિરો છે. એમના પરથી ત્યાંના ખ્રિસ્તી ધર્મના અતિવ્યાપક વરસોના પ્રચારનો ખ્યાલ આવે છે. હિંદુ ધર્મના વ્યવસ્થિત પ્રસાર માટે એ પ્રદેશમાં જોઈએ તેટલો પ્રચાર નથી થયો ને આજે પણ નથી થતો એવું લાગ્યા વિના રહ્યું નહીં. એ લાગણી ખૂબ જ દુઃખદ હતી. આપણા સમાજસેવકો, પ્રચારકો તથા ધર્મગુરુઓએ  એ પ્રદેશ તરફ સવિશેષ ધ્યાન આપવાની આવશ્યકતા છે. મંદિરો તથા મઠો અથવા આશ્રમોના અધિષ્ઠાતાઓ અને સંચાલકો એ દિશામાં વિચારીને સક્રિય કાર્ય કરતા થઈ જાય એ આવશ્યક છે.

કન્યાકુમારી પહોંચ્યાં ત્યારે રાત પડી ગઈ.

રાતે અમે સ્વામી વિવેકાનંદની સ્મૃતિમાં બંધાયેલા ગેસ્ટ હાઉસમાં મુકામ કર્યો. એ સ્થળ સર્વપ્રકારે સાનુકૂળ લાગ્યું.

સવારે કન્યાકુમારીના મંગલ મંદિરની મુલાકાત લીધી. મંદિર પ્રમાણમાં નાનું હોવા છતાં આકર્ષક અને સુંદર હતું.

કહે છે કે એ એકાંત, શાંત, સુંદર સ્થાનમાં પાર્વતીએ શંકરને પ્રસન્ન કરવા માટે તપ કરેલું. એની પ્રેરક પુણ્યસ્મૃતિમાં ત્યાં મંદિરની રચના કરવામાં આવી. દર્શનાર્થીઓને ત્યાંથી પવિત્ર પ્રભુમય જીવનની પ્રેરણા મળે છે.

કન્યાકુમારીમાં મહાત્મા ગાંધીજીનું અસ્થિવિસર્જન કરેલું હોવાથી ત્યાં એમનું પણ સ્મારક છે. એના દર્શનનો લાભ લઈને અમે સમુદ્રની અંદર તૈયાર કરવામાં આવેલા સ્વામી વિવેકાનંદના સ્મૃતિસ્થાન વિવેકાનંદ મૅમોરિયલને જોવા ગયાં.

વિવેકાનંદ મેમોરિયલનું વિશાળ સ્થાન સમુદ્રમાં હોવાથી ત્યાં જવા માટે સ્ટીમલોંચનો આધાર લેવો પડે છે. વિદેશ જતાં પહેલાં વિવેકાનંદે સમુદ્રની જે શિલા પર બેસીને ધ્યાન કરેલું એ શિલાને સુરક્ષિત રાખવામાં આવી છે. સમુદ્રમાં સુવિશાળ મંદિર, ધ્યાનખંડ જેવાં સ્થળોની રચના થઈ છે. એ બધું સુંદર અને ચિત્તાકર્ષક છે એ સાચું, પરંતુ સનાતન હિંદુ ધર્મના પ્રસાર માટેની ત્યાં કોઈક ચોક્કસ સુવ્યવસ્થિત યોજના થવી જોઈએ એવું લાગ્યા વિના રહ્યું નહીં. કેવળ સ્મારકોથી સંતોષ વાળીને બેસી રહેવાને બદલે વધારે ધ્યાન જનસેવાની વિવિધ પ્રવૃત્તિઓ તરફ આપવાની આવશ્યકતા છે. એ અધિક ઉપયોગી અને કલ્યાણકારક થઈ પડશે.

વિવેકાનંદના સુંદક સ્મારકની ચારે તરફ સુવિશાળ સમુદ્ર હોવાથી એની સુંદરતામાં વધારો થાય છે. ત્યાંના શાંત ધ્યાનખંડમાં બેસીને અમે થોડોક સમય સુધી ધ્યાન કરીને અવર્ણનીય આનંદ અનુભવ્યો અને પછી સમુદ્રના કિનારા પર પાછા ફર્યા.

સરિતા તથા સમુદ્ર બંનેને પોતપોતાનું આગવું સૌન્દર્ય અથવા આકર્ષણ હોય છે. એમના તટપ્રદેશ પરનાં સ્થાનો વિશેષ રળિયામણાં દેખાય છે.

કન્યાકુમારીના બે રાતના શાંતિકારક પ્રેરણાપ્રદાયક નિવાસ દરમિયાન વહેલી સવારે એક ચિરસ્મરણીય અદ્દભુત અનુભવ થયો. એ અનુભવ અભૂતપૂર્વ કહી શકાય તેવો હતો.

સ્વામી વિવેકાનંદે સૂક્ષ્મ સ્વરૂપે મારી સમક્ષ આવીને મારું સ્નેહપૂર્વક સ્વાગત કર્યું અને મને જણાવ્યું કે પોતે મારી અંદર પ્રવેશીને મારી દ્વારા પોતાના ભાવોને વહેવડાવવા માગે છે.

સૌની સમક્ષ હું રોજની જેમ ધ્યાનાવસ્થામાં બેઠો હતો ત્યારે એ એમની અલૌકિક શક્તિથી મારી અંદર પ્રકટીને સૌના સાંભળતાં ભાવમય ભાષામાં બોલવા લાગ્યા. એમની અંગ્રેજી વાણીનો અનુવાદ આ પ્રમાણે છે :

‘આ પવિત્ર સ્થળમાં આપનું સ્વાગત અથવા અભિવાદન કરતાં પુષ્કળ પાર વિનાની પ્રસન્નતા થાય છે. આશરે સિત્તેર વરસ પહેલાં મેં આ પવિત્ર દેવસ્થાન કે તીર્થની મુલાકાત લીધેલી અને મંદિરના સમીપવર્તી પ્રદેશમાં કેટલોક સમય પસાર કરેલો. મેં શિલા પર બેસીને ધ્યાન પણ કરેલું. ભારતીય સંસ્કૃતિના અથવા આધ્યાત્મિકતાના પ્રસારના મારા આધ્યાત્મિક જીવનકાર્યની સિદ્ધિ માટે પરદેશનો પ્રવાસ પ્રારંભતા પહેલાં મેં પ્રખર સતત પ્રાર્થનાઓ કરેલી. એ પ્રખર પ્રાર્થનાઓના પરિણામે મારા પૂજ્ય ગુરુદેવે મારી સમક્ષ પ્રકટ થઈને મને પરદેશનો પ્રવાસ કરવાની સૂચના આપી. મેં એ સૂચનાનું પાલન કર્યું. મારા મહાન શ્રેષ્ઠ સદ્દગુરુની કૃપાને લીધે જ મને શકવર્તી સફળતા સાંપડી. ગઈકાલથી આ અતિશય એકાંત તીર્થસ્તાનમાં તમને સત્કારતાં મને પુષ્કળ પ્રસન્નતા થઈ છે. હું તમારું અત્યંત ઉત્સાહપૂર્વક, અંતરના અંતરતમમાંથી સ્વાગત કરું છું.’

તારીખ ૩૦-૧-૧૯૭૮ સોમવારે સવારે નવેક વાગ્યે વ્યક્ત કરાયલા ભાવોની અંગ્રેજી વાણી આ પ્રમાણે:

‘I am extremely happy to welcome or greet you in this pious place. I visited this place some seventy years back and spent a couple of days here in the vicinity of the temple. I meditated on the rock also. Before leaving India for my spiritual mission or dissemination

of spiritual knowledge abroad I prayed incessantly. As a consequence of my profound prayers my master appear before me and suggested for traveling abroad. I adhered accordingly. My historic success was due to my great Guru. I am profoundly pleased to receive you here in this sacred solitary place since yesterday and greet you whole heartedly very enthusiastically.'

એ અનુભવ સમુપસ્થિત સૌ કોઈને માટે અતિશય આશ્ચર્યકારક અને આનંદદાયક થઈ પડ્યો. સૌ પોતાને એ શબ્દો સાંભળવા મળ્યા એટલે સદ્દભાગી સમજવા લાગ્યાં. સૌ કોઈને એ યાત્રા ધન્ય તથા સફળ થયેલી લાગી. સૌને પ્રતીતિ થઈ કે સૂક્ષ્મ જગતમાં સૂક્ષ્મ રૂપે રહેતા અલૌકિક આત્માઓ અસાધારણ અને આશ્ચર્યકારક કલ્યાણકાર્યો કરતા હોય છે. એમને કોઈ જુએ કે ના જુએ તો પણ એ સદા સક્રિય હોય છે.

સાંજે અમે કન્યાકુમારીના સુવિશાળ સમુદ્રતટ પર પહોંચ્યાં. સૂર્યાસ્તનો સમય સમીપ હોવાથી આજુબાજુનું વાતાવરણ હૃદયંગમ લાગ્યું.

અમે ભારતની છેક દક્ષિણની સીમારેખા પર ઊભેલા.

સમુદ્રમાં એ વખતે ઓટ હતી એથી પાણી વધારે ને વધારે પાછળ જઈ રહેલું. અમે એ દૃશ્યને ઉલ્લાસપૂર્વક જોઈ રહ્યાં.

અમારી મંડળીમાંના કેટલાકને સમુદ્રનું આચમન કરવાની અને સમુદ્રની પાસે પહોંચીને એને અંજલિ આપવાની ઈચ્છા થવાથી એ સમુદ્રનાં તરંગો પાસે પહોંચી ગયા. તરંગો કૃતજ્ઞતાપૂર્વક એમના પગને ઘેરી વળ્યાં.

મને થયું કે મારે સમુદ્રની પાસે શા માટે પહોંચવું જોઈએ ? મને સમુદ્ર પ્રત્યે પુષ્કળ પ્રેમ અને આદરભાવ છે એટલે તો હું એની પાસે આવ્યો છું. તો સમુદ્ર પણ મારા પ્રેમને લક્ષમાં લઈને મારી પાસે નહિ આવે ? પ્રેમ અને આદરભાવ કાંઈ એકતરફી જ હોય એવું થોડું છે ?

દૂર રેતી પર ઊભા રહીને મેં સંકલ્પ કર્યો કે હું તો દૂર રહીને જ અર્ણવને મારા આદરભાવની અંજલિ આપીશ.

પાંચેક મિનિટ થઈ ત્યાં તો સમુદ્રને મારા સંકલ્પની અસર થઈ હોય એમ એક ચમત્કાર બન્યો.

હા. એને પ્રચલિત પરિભાષામાં ચમત્કાર જ કહી શકાય.

સમુદ્રમાં એક ઉત્તુંગ તરંગ પેદા થયું. એ તરંગ અતિઉલ્લાસિત હૃદયે અત્યંત વેગપૂર્વક આગળ વધીને છેક મારી પાસે પહોંચ્યું અને મારા ચરણની આજુબાજુ ફરી વળીને પોતાના કાર્યના સંતોષ સાથે સત્વર પાછું ફર્યું.

મારું અંતર અને અણુઅણુ આનંદથી આપ્લાવિત બની ગયાં.

મારા મુખમાંથી શબ્દો સરી પડ્યા : ધન્યવાદ !

સૌ કોઈ એ દૃશ્યને આશ્ચર્યચકિત નેત્રે નિહાળી રહ્યાં.

મેં કહ્યું : કુદરતનો ક્રમ, એની શક્તિ, અજબ છે. વિશ્વનો પ્રત્યેક પરમાણુ દિવ્યતાથી ભરેલો છે. એ આપણા ભાવોને ઓળખે છે અને એમનો પ્રત્યુત્તર પૂરો પાડે છે. અથવા એમ કહો કે એના પર જે પરમ પરમાત્માની પરમશક્તિનું શાસન ચાલે છે એ એને પોતાની ઈચ્છા, યોજના તથા પસંદગી પ્રમાણે પ્રેરિત કરે છે.

સમુદ્રના ઉત્તુંગ તાલબદ્ધ તરંગનું એ દિવ્ય દૃશ્ય આજે પણ નથી ભુલાયું. કદી પણ નહીં ભુલાય. સદા માટે સ્મૃતિપટ પર સુરક્ષિત રહેશે.

સમુદ્રના સુવિશાળ તટપ્રદેશ પર આગળ વધીને અમે એક શાંત એકાંત સ્થળે બેસી ગયાં.

થોડાક સમયમાં સૂર્યાસ્ત થયો. સૂર્યાસ્તનું એ દૃશ્ય ચિત્તાકર્ષક હતું.

ત્યાં પણ સ્વામી વિવેકાનંદે સૂક્ષ્મ જગતમાંથી સૂક્ષ્મ રીતે પ્રકટીને સૌને સારુ સંદેશો પૂરો પાડ્યો. એ સંદેશ એ દિવસનો બીજો સંદેશ હતો. એને લિપિબદ્ધ બનાવવામાં આવ્યો એટલે એ અમર બની ગયો.

કન્યાકુમારીની યાત્રા એવી રીતે અવનવી અને આનંદદાયક બની ગઈ.

☼ ☼ ☼ ☼ ☼

## ૯. કાલડી

કન્યાકુમારીથી ત્રિવેન્દ્રમ, કોચીન થઈને કાલડી.

એ આખોય માર્ગ ઘણો લાંબો હોવા છતાં અમે એનો અત્યંત ઉમંગપૂર્વક પ્રવાસ કર્યો. એનું એકમાત્ર અગત્યનું કારણ એ કે કાલડીની સાથે સુપ્રસિદ્ધ શંકરાવતાર ભારતીય સંસ્કૃતિના મહાન ને સર્વોત્તમ જ્યોતિર્ધર શ્રી આદ્ય શંકરાચાર્યનું નામ સંકળાયેલું હતું. ભારતીય સંસ્કૃતિના એ પરમ પ્રકાશમય રત્નનો પ્રાદુર્ભાવ કાલડી ગામની પવિત્ર ને ધન્ય ધરતી પર થયેલો. જે ધરતી પર એવો પરમાત્મામય પ્રાણવાન પુરુષરત્ન પાકે એ ધરતી પણ ધન્ય, પરમધન્ય બની જાય ને તીર્થમયી થાય. કાલડીનું મહત્વ અમારે માટે એ દૃષ્ટિએ ઘણું મોટું હતું; અમારી યાત્રાને અર્થપૂર્ણ અને સંપૂર્ણ બનાવવા માટે અત્યંત આવશ્યક હતું. અમારી કાલડીની યાત્રા પાછળ એ ભૂમિકા હતી.

કોચીનથી કાલડીનો લગભગ સિત્તેર કિલોમીટરનો પ્રવાસ પૂરો થયો ત્યારે સાંજ પડી ગઈ.

સૌથી પ્રથમ અમે આદ્ય શંકરાચાર્યના જન્મસ્થાને પહોંચી ગયા. એ સ્થાન ખૂબ જ શાંત, સ્વચ્છ ને સુંદર લાગ્યું. એમાં જગદંબાનું મંદિર, શંકરાચાર્યનું મંદિર, શંકરાચાર્યની માતાનું સમાધિમંદિર, એવાં દર્શનીય દિવ્ય સ્થાનો હતાં. એમાં શંકરાચાર્યની માતાના સમાધિસ્થાનનો ઈતિહાસ રોચક હતો. નાની ઉંમરે શંકરાચાર્યે ઘરનો ત્યાગ કરવાની તૈયારી કરી ત્યારે એમની માતાએ પોતાનો મૃત્યુસમય સમીપ આવે ત્યારે તે સમયે એમને પોતાની પાસે આવી પહોંચવાની આજ્ઞા કરી. એ આજ્ઞાને શંકરાચાર્યે માથે ચઢાવીને ઘરનો ત્યાગ કર્યો. વરસો પછી એમને માતાના મૃત્યુસમયની માહિતી મળવાથી એ એમના જન્મસ્થાનમાં આવીને માતાને મળ્યા એટલે માતાએ પરમસંતોષ માનીને દેહત્યાગ કર્યો.

એ વખતે શંકરાચાર્યના જીવનમાં એક સમસ્યા ઊભી થઈ. ગામલોકો અને કુંટુંબીજનો શંકરાચાર્યને એમની માતાની મરણોત્તર ક્રિયા માટે મદદ કરવાનો ઈન્કાર કરવા લાગ્યા. એમણે કહ્યું કે સંન્યાસીને વળી ઘર, ગામ, મા અને બાપ શું ! એણે માતાની પાસે શા માટે આવવું જોઈએ ? એનું એ કર્મ શાસ્ત્રવિરુદ્ધ કહેવાય.

શંકરાચાર્યે જોયું કે પોતાની માતાના મૃત શરીરને સ્મશાનમાં લઈ જવા માટે કોઈ મદદ કરવા માટે તૈયાર નથી. એમની આગળ કોઈ બીજો વિકલ્પ ના રહ્યો એટલે શિષ્યોની સહાયતાથી માતાના શબને ઘરની સામે જ ચિતા પર ગોઠવીને એમણે અગ્નિસંસ્કાર કરી દીધો અને જણાવ્યું કે તમે કોઈએ મને સહકાર નથી આપ્યો તો તમારે ત્યાં જેમના પણ મૃત્યુ થશે તે સૌનાં શબ ભવિષ્યમાં ઘરનાં આંગણાંમાં અથવા ઘરની સામે જ બળશે.

એમના શબ્દો સાચા ઠર્યા.

ત્યારથી એ ગામના નામ્બુદ્રી બ્રાહ્મણ કુટુંબોનાં મૃત શરીરો ઘરની સામે જ બળવા માંડ્યાં.

અમે તપાસ કરી તો જણાયું કે સમસ્ત ગામમાં એ જ પ્રથા કે પરંપરા પ્રવર્તમાન હતી. નામ્બુદ્રી બ્રાહ્મણોના ઘરનું આંગણું જ સ્મશાન બનેલું.

એ અનુભવ પરથી મહાપુરુષોની વાણીની વાસ્તવિકતાનો અથવા અમોઘતાનો ખ્યાલ આવ્યો.

એ સુંદર સ્મારકની પાછળ વહેનારી સરસ સરિતાના અવલોકનથી અમને આનંદ થયો. એના તપઃપૂત પવિત્ર તટપ્રદેશ પર બેસીને અમે એ મહાન જ્યોતિર્ધરના જીવનના વિવિધ પ્રસંગોનો વિચાર કર્યો. મનની અલૌકિક આંખથી અમે એમને માતાની અનુમતિ મેળવીને ગૃહત્યાગ કરતા નિહાળ્યા. નર્મદાના પવિત્ર તટ પર ગુરુશ્રી ગોવિંદાચાર્યની સુખદ સંનિધિમાં વસતા જોયા. મંડનમિશ્ર તથા ભારતી સાથે શાસ્ત્રાર્થ કરતા દેખ્યા અને આખરે બત્રીસ વરસની નાની ઉંમરે કેદારનાથના દિવ્યધામમાં સ્વેચ્છાપૂર્વક સમાધિસ્થ થતા તેમજ પાર્થિવ તનુને પરિત્યાગતા પેખ્યા. કેવું દિવ્ય જ્યોતિર્મય જીવન અને એનો અનુભવ પણ કેવો અલૌકિક !

થોડેક દૂર રામકૃષ્ણ મિશનનું સ્થળ હતું. એના અવલોકનથી આનંદ થાય એ સ્વાભાવિક હતું.

ઉતારાની સગવડ જોઈએ તેવી સંતોષકારક ન હતી. એવાં ઐતિહાસિક, સુપ્રસિદ્ધ, સાંસ્કૃતિક રીતે મહત્વ ધરાવતાં વિશિષ્ટ સ્થાનોમાં ઉતારાની આવશ્યકતાને સંતોષે એવાં વ્યવસ્થિત મકાનો જોઈએ. સ્થાનોના સંચાલકોનું ને સેવકોનું ધ્યાન એ તરફ કેન્દ્રિત કરવામાં આવે એ ઈચ્છાવાયોગ્ય છે. આદ્ય શંકરાચાર્યના પ્રાદુર્ભાવસ્થાનનું મહત્વ કાંઈ ઓછું ના મનાય. એ સ્થાન ભારતની બહારના માનવોને માટે પણ મહત્વનું ને દર્શનીય કહેવાય. એના વ્યવસ્થાપકો એવા સ્થાનવિશેષને આધુનિક અતિથિગૃહથી અલંકૃત કરે એ અત્યંત આવશ્યક ગણાય.

એ તીર્થસ્થાનમાં પ્રવેશતાં ને વિહરતાવેંત જ જે અલૌકિક અનુભવ થયો એનો ઉલ્લેખ પણ કરી લઉં. એ શાશ્વત સમયને માટે અમર રહેવા સરજાયેલા સ્થાનવિશેષમાં પગ મૂક્યો કે તરત જ આજુબાજુના વાતાવરણમાંથી સ્વર્ગીય સુધાસભર સ્વરો સંભળાયા :

'આપણે આ સ્થળમાં પણ હતા.

આપણે હતા શંકરાચાર્ય, આપણે હતા શંકર.

આપણે આ સ્થળમાં પણ હતા.'

આશ્ચર્યની વાત તો એ હતી કે એ સુંદર તીર્થસ્થળમાં જ્યાં સુધી રહેવાનું થયું ત્યાં સુધી એ સુંદર સ્વરો સતત રીતે સંભળાતા જ રહ્યા. એ સ્વરો એટલા બધા અમૃતમય હતા કે વાત નહિ. એમને વહેતા કરનારને નિહાળી શકાતું નહોતું તો પણ એમની સંવાદિતા તથા સંગીતમયતા સ્પષ્ટ રીતે અનુભવી શકાતી.

એ સ્વરો એ જ વખતે એકાએક કેમ વહેતા થયા ? એમનો મર્મ શો હતો ? એ અચિંત્ય અને અદ્દભુત હોવા છતાં અસાધારણ ઉલ્લાસપ્રેરક સાબિત થયો. એ સ્વરોને મારી માહિતી માટે સર્વેશ્વરી સર્વશક્તિમાન પરમકૃપાળુ મા જગદંબાએ જ વહેતા કરેલા. એ ક્યારે ક્યાં કેવી રીતે કેવો અનુભવ આપવા માગે છે તે એ જ જાણે છે.

એ અલૌકિક અનુભવને લીધે એ તીર્થસ્થાનનો મહિમા મારે માટે વધી ગયો. એની યાત્રા અવિસ્મરણીય બની ગઈ. એ પ્રકારનો સ્વાનુભવ મારા જીવનમાં એ પહેલો જ હતો. એના સ્મરણથી એ સુંદર શાંત તીર્થસ્થળની વિદાય લેતી વખતે મારું હૃદય ભાવવિભોર બની ગયું.

એ પ્રાતઃસ્મરણીય સુંદર તીર્થસ્થળમાંથી વરસો પહેલાં પ્રકટીને બહાર પડેલી પરમજાજ્વલ્યમાન જ્યોતિએ સંસારમાં ઐતિહાસિક ચમત્કારનું સર્જન કર્યું. અનેકનાં અંધકારાવૃત્ત અંતરોને અજવાળ્યાં. અસંખ્ય

પ્રવાસીઓને પ્રેરણાનાં પીયૂષપાન પાઈને પથપ્રદર્શન પૂરું પાડ્યું. આજે પણ એ અનેકના જીવનપથને અજવાળી રહી છે. એનો પ્રકાશ એવો જ અચળ, અલૌકિક, અવિનાશી છે. એ શાશ્વત સમયને માટે પ્રકાશ પહોંચાડવા સરજાયેલી છે.

એ પરમજ્યોતિને પ્રણામ હો, વારંવાર પ્રણામ હો !

સંસ્કૃતિ, ધર્મ કે તત્વજ્ઞાનના સંરક્ષણ અને સંવર્ધનમાં આદ્ય શંકરાચાર્યનો ફાળો મહત્વનો છે, શકવર્તી છે. એને માટે એમણે એમના જાજવલ્યમાન જીવનકાળ દરમિયાન કરેલી સ્થૂળ જનહિતપ્રવૃત્તિને બાજુ પર રાખીએ તો પણ, એ હેતુની પૂર્તિ માટે એમની દ્વારા થયેલ બધું પ્રાણવાન, સત્વશીલ, ઉપયોગી, સર્વશ્રેયસ્કર અને આશીર્વાદરૂપ છે કે એની ભૂલેચૂકે પણ અવજ્ઞા કરી શકાય નહીં. એની દ્વારા એ આજે પણ ધર્મ, તત્વજ્ઞાન તથા સંસ્કૃતિના સંરક્ષણ-સંવર્ધનમાં એમનો અત્યંત અગત્યનો ફાળો આપી રહ્યા છે.

સંસ્કૃતિના એ શાશ્વત ને સર્વશ્રેષ્ઠ સંરક્ષક, સંવર્ધક, સંદેશાવાહકનો જેટલો પણ આભાર માનીએ એટલો ઓછો છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૦. ઉટી, મૈસુર, શ્રીરંગપટ્ટનમ્

કાલડી આદ્ય શંકરાચાર્યના સમયમાં સાધારણ ગામડું હશે પરંતુ વખતના વીતવાની સાથે એનો વિસ્તાર વધી ગયો છે. આજે તો એ આધુનિક સાધનસામગ્રીથી સંપન્ન સરસ શહેર બની ગયું છે. તો પણ આદ્ય શંકરાચાર્યના પ્રાદુર્ભાવસ્થાન તરીકે એની વિશિષ્ટતા એવી જ અખંડ છે. એના પરમાણુઓ પવિત્ર, પ્રાણવાન, પ્રેરક અને અલૌકિક છે. એ પરમાણુઓનો અનુભવ એની અંદર પ્રવેશનાર, વિચરનાર તથા વસનારને પોતપોતાની યોગ્યતા પ્રમાણે થયા વિના નથી રહેતો.

કાલડીનું દર્શન ખૂબ જ પ્રેરક અને આનંદદાયક રહ્યું. ભારતમાં અનેક પ્રજાજનો એવાં પણ મળે છે જેમને એ અદ્દભુત ઐતિહાસિક સ્થાનની માહિતી પણ નથી; જે તીર્થયાત્રાએ નીકળે છે તો પણ પોતાની યાત્રામાં એક અગત્યના તીર્થ તરીકે એની ગણના પણ કરતા નથી. એ એક અત્યંત અગત્યના સ્થાનવિશેષના દર્શનથી વંચિત રહી જાય છે.

કાલડીથી અમે ઉટી તરફ પ્રયાણ કર્યું.

દક્ષિણ ભારતનો સમસ્ત પ્રદેશ ધનધાન્યથી સુંદર સરિતાઓ, જળાશયો અને પર્વતમાળાઓ, વિશાળ વૃક્ષરાજિથી ભરેલાં મેદાનો તેમ જ ઘટાદાર વૃક્ષોથી વીંટળાયેલા સરસ માર્ગોથી મંડિત હોવાથી ખૂબ જ ચિત્તાકર્ષક, હૃદયંગમ, રસમય લાગે છે. એ પ્રદેશના પ્રવાસથી મન કંટાળતું નથી. પદે પદે અવનવાં આનંદદાયક દૃશ્યો આવ્યાં જ કરે છે.

ભારતના બીજા ભાગો કરતા ત્યાં જમવાનું આજે પણ પ્રમાણમાં સસ્તું છે.

જુદાં જુદાં દૃશ્યોને નિહાળતાં અમે વિશાળ પર્વતમાળા પાસે પહોંચી ગયાં. ઉટી પર્વત પર હોવાથી હવે અમારી મોટરો મેદાની પ્રદેશને મૂકીને પર્વત પર ચઢવાની હતી.

પર્વતનું અને એમાંય આકાશને અડવાની હરીફાઈ કરનારા ઉત્તુંગ પર્વતનું દર્શન સદાય આનંદજનક લાગે છે. દક્ષિણના પર્વતોમાં હિમાલયના હિમાચ્છાદિત પ્રચંડ પર્વતો જેવી છટા તથા કથા નથી. એવી અનેકવિધતા અથવા અનેકરૂપતા પણ નથી દેખાતી. તો પણ એમની પોતાની આકર્ષકતા, હૃદયંગમતા, કથા અને આગવી વિશેષતા છે, એનો ઈન્કાર નથી કરી શકાય તેમ. દક્ષિણની પર્વતમાળાઓમાંથી પસાર થતી વખતે કેટલીકવાર તો આપણને હિમાલયના પાવન, કુદરતી સૌન્દર્યથી સભર પ્રદેશમાંથી પસાર થતાં હોઈએ એવું જ લાગે છે. એ પર્વતમાળાઓ પણ છે તો અનોખી. એમનું સૌન્દર્ય અનુપમ છે.

મોટરો વિશાળ ગીચ યુકેલિપ્ટસ વૃક્ષો વચ્ચેથી નીલગિરીની પર્વતમાળાની દિશામાં આગળ વધી. પર્વતમાળા સામે જ દેખાવા માંડી. વચ્ચે થોડોક વરસાદ પડ્યો. મેઘરાજાએ જાણે કે અમારું સ્નેહપૂર્ણ સ્વાગત કર્યું.

ઉટીના માર્ગમાં વચ્ચે કુનૂર આવ્યું. પર્વતની ગોદમાં વસેલું તથા વિસ્તરેલું કુનૂર માતાના ખોળામાં બેઠેલા બાળક જેવું શાંત અને આકર્ષક લાગે છે. ત્યાંથી આગળ વધતી વખતે અમારી મોટર બગડવાથી અમારે કુનૂર નગરમાં દૂર સુધી પ્રવેશ કરવો પડ્યો. એ પ્રવેશ આકસ્મિક અને અંધકારની વચ્ચે પ્રકાશતી

લાઈટની હારમાળા સાથે થયો હોવા છતાં અવનવા અનુભવવાળો અને આહ્લાદક હતો. નગરની સુંદરતા દિવસ કરતાં રાતે ઓછી અનોખી નથી હોતી.

ઉટીનો મોટરમાર્ગ ખૂબ જ રળિયામણો લાગે છે. એ માર્ગે વિશાળ વૃક્ષો તથા લીલીછમ ગગનચુંબી ગિરિમાળાઓ આવે છે. ક્યાંક વળાંક લેતી તો ક્યાંક સીધી ચાલતી મોટરો પર્વતીય પ્રદેશની પરિક્રમા કરતી આગળ વધે છે. ઉટી સમુદ્રસપાટીથી આશરે સાત હજાર ફીટની ઉંચાઈ પર આવેલું છે. પર્વતની નીચેથી પ્રવાસનો પ્રારંભ કરતી મોટરોને એટલે ઉપર ચઢવું પડે છે. એ અનુભવ અનેરો હોય છે.

ઉટીમાં અમે નટરાજ હોટલમાં ઊતર્યા. એ હોટલ શહેરની એક તરફ ઊંચાઈ પર હોવાથી શાંત અને સુંદર હતી. આજુબાજુ સુંદર પર્વતમાળા દેખાતી. શિયાળો હોવાથી પ્રવાસીઓની ભીડ જરા પણ નહોતી દેખાતી. ઠંડી સારા પ્રમાણમાં હતી.

યાત્રા દરમિયાન દરરોજ વહેલી સવારે અને રાતે સમૂહપ્રાર્થના, ધ્યાન તેમજ સત્સંગનો કાર્યક્રમ ચાલતો. એને લીધે સૌને સાધનાત્મક માર્ગમાં મદદ મળતી. સૌને સમજાતું અને યાદ રહેતું કે બહારની સ્થૂલ યાત્રાની જેમ જીવનની પણ એક અગત્યની સૂક્ષ્મ મહાયાત્રા છે. એ યાત્રાની શ્રેયસ્કરતાને સતત રીતે યાદ રાખીને એની સફળતા તથા સંપૂર્ણતાને માટે નિરંતર કાર્ય કરવાનું છે. એ યાત્રાને કોઈ કારણે દોષ ના લાગે અથવા એ યાત્રા અધવચ્ચે અટકી ના પડે કે અટવાઈ ના જાય, એને કોઈ પ્રકારનું અનાવશ્યક લાંછન ના લાગે, એનું ધ્યાન રાખવાનું છે. પરમાત્માના પરમપદ, પૂર્ણતા કે મુક્તિના મહાન ગંતવ્યસ્થાન તરફ ગતિ કરનારી એ યાત્રા સમ્યક્ રીતે સુચારુરૂપે પ્રગતિ કરીને સફળ મનોરથ કરે એને માટે સંપૂર્ણપણે સાવધાન બનવાનું છે.

ઉટીની ઠંડીમાં પણ વહેલી સવારનો ધ્યાનનો કાર્યક્રમ અબાધિત રીતે ચાલુ રહ્યો. એ કાર્યક્રમ સાધકને આત્મોન્નતિમાં સર્વ રીતે શ્રેયસ્કર હોવાથી ઠંડી તથા ગરમીમાં, સુખમાં તથા દુઃખમાં, સંપત્તિમાં ને વિપત્તિમાં તાપમાં તથા છાયામાં, લાભમાં અને હાનિમાં, અને પતન તેમ જ અભ્યુત્થાનમાં અખંડ રીતે એકધારો ચાલુ રહેવો જોઈએ.

ધ્યાનના અને સાધનાના ઈતર કાર્યક્રમમાંથી નિવૃત્ત થઈને અમે ઉટીના અવલોકન માટે બહાર નીકળ્યાં.

ઉટીમાં એની સુંદરતામાં અને સરસતામાં વધારે કરતું એક સુવિશાળ સરોવર છે. એને લીધે એની આકર્ષકતા અને આહ્લાદકતા અનેકગણી વધી જાય છે. સરોવરમાં સુંદર નાનકડી નૌકાઓ ફરે છે. એમની મદદથી પ્રવાસીઓ સરોવરના વિશુદ્ધ વારિમાં વિહાર કરે છે. સરોવરનું અને એની અંદરના અદ્દભુત નૌકાવિહારનું એ આખુંય દૃશ્ય અવિસ્મરણીય છે.

ઉટીનું ઊંચામાં ઊંચું શિખર ૮૬૪૦ ફીટની ઊંચાઈએ આવેલું છે. ત્યાંથી આજુબાજુની અનેકવિધ પર્વતમાળાઓને પેખી શકાય છે, એ આ સ્થળની ઊડીને આંખે વળગે એવી વિશેષતા છે. એ શિખર પરથી ક્ષિતિજમાંથી પ્રકટતા સૂર્યનું અને દૂર-સુદૂર પર્વતપંક્તિઓની પાછળ સરકી પડતા સૂર્યનું અવલોકન અવર્ણનીય આનંદ આપે છે. એ અવલોકનથી પવનની લહરીઓ પણ આનંદમાં આવી જાય છે અને

પર્વતપ્રદેશના મોકળા મેદાન પર ડોલવા લાગે છે. એ તો ડોલે છે પરંતુ સાથે સાથે દર્શકોના મનને પણ ડોલતાં કરી દે છે.

ઉટીમાં મૈસુર માર્ગ પર જયપુરનરેશનો સુંદર મનહર મહેલ આવેલો છે. પ્રવાસીઓ એના અવલોકન માટે પણ જતા હોય છે. એના અમુક ભાગને ઉતારા માટે પણ આપવામાં આવે છે. અમે એની મુલાકાત લીધી. એ પછી નાનકડા પર્વતીય બજારને પણ જોઈ લીધું.

એ પર્વતીય સ્થળ અમને એકંદરે સારું, આનંદદાયક અને અનુકૂળ લાગ્યું. એની છાપ અમારા પર ઘણી સારી પડી.

એ સમય શિયાળાનો હોવા છતાં ત્યાંની ઠંડીનું પ્રમાણ અસહ્ય કહી શકાય એવું ન હતું. વહેલી સવારે સૂર્યનાં તાજાં ઉષ્માભરેલા કિરણોનો લાભ લેવાની ઈચ્છા થઈ આવતી અને મધ્યાહ્ન સુધી સૂર્યનાં કિરણો મીઠાં લાગતાં એ સાચું, પરંતુ સૂર્યકિરણો વિના પણ સારી રીતે ચાલી શકતું ને ગમતું.

**મૈસુર**

ઉટીથી મૈસુરનો મોટા ભાગનો માર્ગ પર્વતીય હોવાથી ઘટાદાર વૃક્ષોથી વીંટળાયેલો છે. એ માર્ગ ધાર્યા કરતાં વધારે લાંબો લાગે છે. એનું કુદરતી સૌન્દર્ય જોવા જેવું છે. એનો આસ્વાદ લેતાં અને એ માર્ગને જેમતેમ કરીને પૂરો કરતાં અમે રાતના અંધકારમાં મૈસુર પહોંચી ગયાં.

મૈસુર શહેર સુંદર અને ઐતિહાસિક છે. શહેરમાં મહિષાસુરની મોટી મૂર્તિ છે અને એની આગળ જતાં મહિષાસુરમર્દિની મા ભગવતીનું સુંદર વિશાળ મંદિર આવેલું છે. મહિષાસુરની મૂર્તિ શાંત રીતે સૂચવે છે કે પરમાત્માની પરમશક્તિની અવજ્ઞા કરનારા કુમાર્ગગામી માનવ, માનવ મટીને દાનવ બને છે ત્યારે પોતાનો અને પોતાની સાથે સંકળાયેલાં સૌ કોઈનો નાશ નોતરે છે. માનવની દૃષ્ટિ વરસોથી એ પ્રતિમા પર પડે છે ખરી, પરંતુ માનવે એ પદાર્થપાઠને પોતાના વ્યક્તિગત તથા સમષ્ટિગત જીવનમાં કેટલા અંશે ઉતાર્યો છે એ પ્રશ્ન છે. મહિષાસુર આજે પણ પોતાનો સંદેશો આપતો ઊભો રહ્યો છે.

મા ભગવતીનું મંદિર વિશાળતા તથા શિલ્પકળાની દૃષ્ટિએ નોંધપાત્ર છે. દક્ષિણનાં કેટલાય મંદિરોમાં એવી પ્રથા પ્રવર્તમાન છે કે એમાં પ્રવેશનારા દર્શનાર્થીએ કેવળ લુંગી કે ધોતિયું પહેરીને પ્રવેશવું પડે છે. સ્ત્રીઓને એ નિયમમાંથી સર્વત્ર મુક્તિ મળી છે. પહેરવેશનો નિયમ કેવળ પુરુષોને જ લાગુ પડે છે.

મા ભગવતીના મંદિરમાંથી બહાર નીકળીને મોટરમાં બેસવાની તૈયારી કરી ત્યારે મોટર પાસે એક સરસ ગાય આવી. એ એની માર્દવભરેલી મધુરી આંખે મારી તરફ જોઈ રહી. એ મા જગદંબાના પ્રતીક જેવી લાગી. એક મા મંદિરમાં મૂર્તિરૂપે વિરાજમાન હતી અને બીજા સ્વરૂપે એ જ જગદંબા જાણે કે આ ગાયના રૂપે હાજર રહેલી. બંનેમાં કશો જ ભેદ ન હતો. અથવા વેદની ભાષામાં કહેવું હોય તો કહી શકાય કે માનું મંદિરની અંદરનું સ્વરૂપ સ્થાવર અને મંદિરની બહારનું સ્વરૂપ જંગમ હતું.

ગાય મારા તરફ કરુણ સ્થિર નેત્રે નિહાળી રહેલી. એ સહેજ પણ હઠતી નહોતી.

આખરે મારા મનમાં એક અવનવો ભાવ કે વિચાર પેદા થયો. એને અનુસરીને મેં એ ગાયના શરીર પર હાથ ફેરવ્યો. એથી પરિતૃપ્તિ પામી હોય એમ એ ગાય પોતાના મુખને ફેરવીને મોટરથી પાછી હઠીને ધીમા પગલે ચાલવા માંડી. દર્શનાર્થી પ્રસન્ન સંતુષ્ટ સ્વરે બોલી ઊઠ્યાં :

જગદંબે માત કી જે ! મા ભગવતી કી જય !

મોટરો થોડેક આગળ વધી. થોડે દૂર ગયા પછી એક વિરાટકાય નંદીની મૂર્તિ આવી. એ મૂર્તિ શ્યામ શિલાખંડમાંથી બનાવવામાં આવેલી. એની શોભા અજબ જેવી હતી.

દક્ષિણ ભારતને વિશાળ, અત્યંત વિશાળ, અતિશય આકર્ષક અથવા સુંદર શિલ્પકળાથી સુશોભિત મંદિરો તથા જળાશયો, સઘન વૃક્ષો, સરસ ખેતરોથી ભરપૂર ભૂમિખંડોનો પ્રશાંત પ્રદેશ કહી શકાય. ત્યાંની સંસ્કૃતિ બાહ્ય આક્રમણથી અલિપ્ત રહી છે એવું નથી કહી શકાતું. ખ્રિસ્તી ધર્મની અસર એ પ્રદેશના કેટલાય વિભાગોમાં દેખાઈ આવે છે. એ અસર સ્વૈચ્છિક અને સમજપૂર્વકની ના હોવાથી એનો ઈલાજ કરવો આવશ્યક છે. ભારતીય સંસ્કૃતિના પ્રેમી, સંરક્ષકો તથા સંદેશવાહકોએ એની ઉપર ગંભીરતાથી વિચાર કરવો રહ્યો.

## વૃંદાવન ગાર્ડન, શ્રીરંગપટ્ટનમ્

મૈસુરના અમારા નિવાસ દરમિયાન અમે એક દિવસ સાંજે વૃંદાવન ગાર્ડનની મુલાકાત લીધી.

વૃંદાવન ગાર્ડનનું સ્થાન સુપ્રસિદ્ધ છે. એની પ્રથમ મુલાકાતને વરસો વીતી ગયાં હોવાથી એની સ્મૃતિ ઝાંખી થઈ ગયેલી. એ સ્મૃતિ અભિનવ બની.

વૃંદાવન ગાર્ડન રાતે કરવામાં આવતી રંગબેરંગી લાઈટો તથા ફુવારાઓને માટે પ્રખ્યાત છે. એમનો આસ્વાદ લેવા ત્યાં લોકો ઘણી મોટી સંખ્યામાં ઊમટી પડે છે. ફુવારાઓ તથા લાઈટોની વચ્ચેના પાકા પથ પરથી પસાર થતાં છેવટે રાધાકૃષ્ણની સુંદર મનોહરમંગલ મૂર્તિ પાસે પહોંચાય છે. ત્યાંનું દૃશ્ય ખૂબ જ આહ્લાદક અને અદ્દભુત લાગે છે. એને અવલોકતાં મન ધરાતું નથી.

વૃંદાવન ગાર્ડનના વિશાળ સરોવરમાં નૌકાવિહાર કરી શકાય છે, અને પગરસ્તે ફરવાનો આનંદ લેવો હોય તો તે પણ લઈ શકાય છે. સરોવરની બીજી બાજુએ રંગબેરંગી લાઈટોનું ને ફુવારાઓનું એક જુદું જ જગત જોઈ શકાય છે.

એની અસાધારણ આહ્લાદકતાનો આસ્વાદ લઈને અમે એની બહાર નીકળીને હળવો નાસ્તો કર્યો. અંધકારના ઓળા આજુબાજુ બધે જ ઊતરી ચૂક્યા હોવાથી એક તરફ એકાંત શાંત વાતાવરણ જોઈને અમે અમારા નિત્યનિયમને અનુસરીને પ્રાર્થના, ધ્યાન, સંકીર્તન, સત્સંગ કરવા બેઠાં. એવી રીતે કુદરતના ખોળે દોઢેક કલાક આત્મનિજ્જન કરીને આખરે ઉતારા પર પાછા ફર્યા.

મૈસુરથી બેંગ્લોર જતાં શ્રીરંગમ્ પટ્ટનમ્ શહેરમાં ટીપુ સુલતાનનો મહેલ આવે છે. તે પણ દર્શનીય છે. એ મહેલ પુરાતન હોવા છતાં એની કમનીય કલાત્મકતાને લીધે પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર બને છે. કાવેરી નદીના શાંત તટપ્રદેશ પરના એ મહેલને નિહાળીને અમને આનંદ થયો. એના ભૂતકાલીન ઈતિહાસની એકમાત્ર સાક્ષીસરખી નદી અને એની આસપાસની ધરતી ખાટાંમીઠાં કેટલાંય સંસ્મરણોને પોતાના અંતરના અંતરતમમાં ભરીને તથા સુરક્ષિત અથવા અક્ષય રાખીને ઊભી રહી છે. એ બોલતી હોય તો એણે જોયેલી કેટલીય ઘટનાઓને કહી બતાવત.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૧. યોગિની યોગદત્ત

ભારતની પુણ્યભૂમિમાં પ્રાચીનકાળમાં ગાર્ગી, મૈત્રેયી જેવી અનેક અધ્યાત્મપ્રેમી વિદુષીઓ થઈ છે. વર્તમાન કાળમાં પણ એવી વિદુષીઓનો અભાવ નથી. દેશનો પ્રવાસ કરનારને એનો અનુભવ થાય છે.

દેશના જ્ઞાત-અજ્ઞાત ખૂણેખાંચરે કોઈક ધન્ય ક્ષણે પાવન પળે કોઈવાર કોઈ એવી દિવ્ય અસાધારણ વિભૂતિનું દર્શન થાય છે જેને જોઈને આંખ ઠરે છે, અંતર આનંદે છે, આત્મા અવર્ણનીય અદ્દભુત આદરભાવથી ઊભરાઈ જાય છે. દેશ હજુ આવા વિષમ વખતમાં પણ વિભૂતિઓથી-પરમ જાજ્વલ્યમાન આધ્યાત્મિક આત્માઓથી વંચિત નથી એની પ્રતીતિ થાય છે.

એવા આત્માઓ પુરુષ પણ હોઈ શકે અને સ્ત્રી પણ. એમના સંબંધમાં સ્ત્રીપુરુષોના ભેદો કશો મહત્વનો ભાગ નથી ભજવતા. એ જ્યાં અને જે રૂપમાં પણ હોય છે ત્યાં તે રૂપમાં પરમાદરણીય, પ્રશસ્ય, પૂજ્ય હોય છે. જે પ્રદેશમાં એ વસે છે અને વિચરે છે તે પ્રદેશ એમને લીધે પરમપવિત્ર બને છે અને અવનવી શોભા ધારણ કરે છે. એમના મહિમાનું જયગાન મોટામોટા મુનિઓ તથા કવિજનો પણ નથી કરી શકતા.

એ સંસારમાં શ્વાસ લે છે તો પણ સંસારથી સદા માટે અલિપ્ત રહે છે. જ્યાં હોય છે ત્યાં પરમપ્રેરક અથવા અમોઘ આશીર્વાદરૂપ બને છે, દિવ્ય દીવાદાંડીની ગરજ સારે છે, સંસારના સાગરમાં સપડાયેલી કે સફર કરનારી કેટલીય જીવનનૌકાઓને સહીસલામત રીતે સફળતા સહિત કિનારે ઉતારે છે. માનવના આધ્યાત્મિક જીવનઘડતરમાં એમનું યોગદાન ઘણું મોટું ને મહત્વનું હોય છે.

સત્કર્મોના સુફળરૂપે સાંપડનારો એમનો સમાગમ ક્ષણનો હોય, સ્વલ્પ સમયનો હોય તો પણ શ્રેયસ્કર ઠરે છે ને ચિરસ્મરણીય બને છે. જીવનનું આમૂલ પરિવર્તન કરે છે. નવજીવન ધરે છે.

અમારી દક્ષિણ ભારતની યાત્રાની સફળ સુખદ પરિસમાપ્તિ સમયે અમને એવા જ એક અસાધારણ અલૌકિક આત્માના દેવદુર્લભ દર્શનનો લાભ મળ્યો.

યાત્રાની પૂર્ણાહુતિ થવાનો સમય સમીપ હતો ત્યારે અમારે તારીખ ૧૨-૨-૧૯૭૮ રવિવારે જ્ઞાનેશ્વર મહારાજના સુપ્રસિદ્ધ લીલાસ્થાન આલંદીમાં આવવાનું થયું. એ દિવસે વસંતપંચમી હતી.

આલંદીમાં પ્રવેશતાં પહેલાં રાત પડી ગઈ. અંધકારના ઓળા આજુબાજુ બધે જ ઉમટી પડ્યા. અમે નિર્ણય કર્યો કે સૌથી પહેલાં સંતશિરોમણિ જ્ઞાનેશ્વર મહારાજના સમાધિસ્થાનના દર્શને જઈએ.

જ્ઞાનેશ્વર મહારાજની સમાધિનું વાતાવરણ ખૂબ જ વિશુદ્ધ, સ્વચ્છ અને શાંત હતું. સમાધિમંદિરમાં પ્રવેશીને અમે સમસ્ત મહીમંડળના એ સર્વકાળના સર્વશ્રેષ્ઠ મહાપુરુષને પ્રણામ કર્યા.

સમાધિમંદિરમાં મને વિચાર આવ્યો કે આલંદી આવવાનું થાય છે ત્યારે લગભગ પ્રત્યેક વખતે જ્ઞાનેશ્વર મહારાજ એક અથવા બીજા રૂપમાં દર્શન આપીને એમના અનુગ્રહનો વરસાદ વરસાવે છે, તો આ વખતે પણ કોઈક ચમત્કારિક અસાધારણ અનુભવ આપે તો કેટલું સારું ! એ જ વખતે જ્ઞાનેશ્વર મહારાજની અપાર્થિવ પરમશક્તિએ મને સૂચવ્યું કે હું સમાધિમંદિરમાં હાજર જ છું.

ક્યાં ?

તમારી પાછળ.

મારી પાછળ ?

હા. તમે પાછા ફરશો એટલે હું તમને દેખાઈશ.

કેવા સ્વરૂપમાં ?

કુમારિકાના દિવ્ય સુંદર સ્વરૂપમાં હું તમારી પાસે આવીશ. કોઈ બીજું મને ના ઓળખી શકે એટલે હું એવા રૂપમાં રહીશ; પરંતુ તમે મને ઓળખી લેજો.

એ સૂચનાથી મને સ્વાભાવિક રીતે જ ઘણો આનંદ થયો.

સમાધિમંદિરમાં પાછા ફરતી વખતે મેં જ્ઞાનેશ્વર મહારાજની સમાધિનાં પુષ્પોની પ્રસાદી વારાફરતી મારી સાથેનાં દર્શનાર્થીઓને આપવા માંડી ત્યારે મારી પાસે એકાએક એક કાષાયવસ્ત્રધારી કુમારિકા આવી અને પુષ્પની પ્રસાદી માટે હાથને ફેલાવીને ઊભી રહી.

મને તરત જ જ્ઞાનેશ્વર મહારાજની સૂચનાનું સ્મરણ થયું.

મેં એ કાષાયવસ્ત્રધારી કન્યાને પુષ્પ આપ્યું.

પુષ્પને લઈને એ સ્મિત કરતી મારી પાછળ થોડેક દૂર જઈને ઊભી રહી.

હું એની પાસે પહોંચ્યો અને મારી સાથેનાં દર્શનાર્થીઓ ઉપરાંત કેટલાંક બીજાં મુલાકાતીઓ પણ અમારી આજુબાજુ એકઠાં થઈ ગયાં. એટલે એણે ખૂબ જ ભાવવિભોર સ્વરે શાંતિથી કહ્યું :

'તમે બધાં યાત્રા કરવા નીકળ્યાં છો પરંતુ ખરી યાત્રા અહીં જ છે. સંતના શરણમાં ને ચરણમાં. જ્ઞાનેશ્વર મહારાજ અત્યારે અંદર સમાધિસ્થાનમાં નથી પરંતુ અહીં સમાધિસ્થાનમાંથી ઊઠીને સામે જ ઊભા છે. યોગેશ્વર છે તે જ્ઞાનેશ્વર છે અને જ્ઞાનેશ્વર યોગેશ્વર છે. જ્ઞાનેશ્વર, યોગેશ્વર અને યોગદત્ત.'

એણે પોતાની ઓળખાણ યોગદત્ત તરીકે આપી એથી કેટલાકને આશ્ચર્ય થયું. સાચું નામ શું હોવું જોઈએ, યોગદત્ત કે યોગદત્તા ? એમનો એવો પ્રશ્ન થયો. પુરુષ હોય તો યોગદત્ત નામ હોય ને સ્ત્રી હોય તો યોગદત્તા. આ તો સ્ત્રી છે, કુમારી છે; તો એણે ભૂલમાં જ યોગદત્ત કહ્યું.

'તમારું નામ યોગદત્તા કે યોગદત્ત ?' કોઈકે પૂછયું.

'યોગદત્ત.' કુમારીએ કહ્યું.

'યોગદત્ત ?'

'હા.'

થોડીકવાર શાંત રહીને એ બોલી : 'પુરુષ તથા સ્ત્રીના ભેદ આત્માના નથી, શરીરના છે. જ્ઞાની સદા શરીરભાવથી પર હોય છે.'

એકાદ ક્ષણ અટકીને એણે આગળ જણાવ્યું : 'યોગેશ્વર છે એ જ જ્ઞાનેશ્વર છે. એ મારી માતા છે. વાછરડી જેવી રીતે ગાયની પાસે ઊભી રહે છે તેવી રીતે હું એમની પાસે ઊભી રહી છું. એ મને પોતાનું કૃપારૂપી દૂધ પાય છે. એમની છત્રછાયામાં હું સલામત છું. જે એમનું શરણ લે છે એ એમના અનુગ્રહરૂપી અમૃતને મેળવી લે છે. પૂનામાં મારું ગીતાપારાયણ ચાલી રહેલું ત્યાં જ્ઞાનેશ્વર મહારાજે મને અચાનક આલંદી

આવવાની પ્રેરણા કરી એટલે આજે હું આલંદી આવી. હવે મને સમજાયું કે જ્ઞાનેશ્વર મહારાજે મને એવી પ્રેરણા શા માટે કરી.'

યોગદત્તની મુખાકૃતિ અતિશય આકર્ષક, પ્રભાવશાળી, ભવ્ય હતી. એની ઉપર સાત્વિક પ્રકાશ પથરાયેલો. એને અવલોકતાંવેંત જ અનોખો આદરભાવ પેદા થતો.

યોગદત્તે જ્ઞાનેશ્વરી ગીતાની મહત્વની કંડિકાઓ સંભળાવવા માંડી. એની સ્મરણશક્તિ, મેધા તથા સમજાવવાની શક્તિ અસાધારણ હતી. એનો પરિચય પામીને શ્રોતાઓ આશ્ચર્યચકિત, મંત્રમુગ્ધ અને સ્તબ્ધ બની ગયાં. સમાધિમંદિરનું વાતાવરણ સજીવ બન્યું. જ્ઞાનેશ્વર મહારાજ પોતે જ પોતાની વાણીની વ્યાખ્યા કરી રહ્યા છે એવું લાગ્યા વિના રહ્યું નહીં.

એ શ્રવણમધુર મંગલ વ્યાખ્યા પૂરી થઈ એટલે મને વિચાર આવ્યો કે સમાધિમંદિરમાં આવવાનું થાય ત્યારે પ્રત્યેક વખતે જ્ઞાનેશ્વર મહારાજ પુજારીને પ્રેરણા કરીને પોતાની પ્રસાદીરૂપે પુષ્પમાળા પહેરાવે છે પરંતુ આ વખતે માળા નથી પહેરાવી. માળા પહેરાવાય કે ના પહેરાવાય એનું મહત્વ નથી, પરંતુ જ્ઞાનેશ્વર મહારાજની સુમધુર સ્મૃતિનું મહત્વ છે.

મને એવો વિચાર આવ્યો કે તરત જ યોગદત્તમાં રહીને પોતાનો અલૌકિક અનુભવ કરનારા સંતશિરોમણિ જ્ઞાનેશ્વર મહારાજે એને ઓળખી લઈને એનો સમ્યક્ સંતોષકારક પ્રત્યુત્તર પૂરો પાડ્યો.

યોગદત્તે સમાધિમંદિરના ગર્ભદ્વાર તરફ ઉતાવળા પગલે દોડતી હોય તેમ ચાલવા માંડ્યું.

જોતજોતામાં એ સમાધિ પરની પવિત્ર પુષ્પમાળાને લઈને બહાર આવી અને એ પુષ્પમાળા મને પહેરાવીને મારી પાસે પહેલાંની પેઠે જ કોઈ પણ પ્રકારના સંકોચ સિવાય ઊભી રહી.

એના કેશમાં પુષ્પમાળા પરોવાયેલી.

મહારાષ્ટ્રમાં સ્ત્રીઓ પહેરે છે તેવો એણે પાછળ કાછડાવાળો સાલ્લો પહેરેલો.

એની આંખ ઓજસ્વી દેખાતી.

મેં એને પૂછયું : ' તમે માળા લેવા માટે સમાધિમંદિરમાં શા માટે ગયા ?'

'જ્ઞાનેશ્વર મહારાજની પ્રેરણાથી. એમણે જ મને અંદર જઈને માળા લાવવા માટે આદેશ આપ્યો.'

પુષ્પમાળા જ્ઞાનેશ્વર મહારાજના અસાધારણ અમોઘ અનુગ્રહના પવિત્ર પ્રતીકરૂપ હતી. એને મેળવીને મને સંતોષ અને આનંદાનુભવ થયો. જ્ઞાનેશ્વર મહારાજની શક્તિ કેવી ચમત્કારિક રીતે કાર્ય કરે છે એનો ખ્યાલ આવ્યો.

સમય ઘણો વધારે થઈ ગયો હોવાથી અમે સમાધિમંદિરની બહાર જવાની તૈયારી કરી તો યોગદત્તે જણાવ્યું : 'હજુ એક કામ બાકી રહ્યું છે, તમને સારો સાનુકૂળ ઉતારો આપવાનું. તે કામ થઈ જશે એટલે હું તમારી રજા લઈશ.'

'અમે ઉતારાને શોધી લઈશું.'

'ના. હું સાથે આવીને તમને સારો ઉતારો અપાવીશ. મારું એ પવિત્ર કર્તવ્ય છે.'

અમારી સાથે એ બહાર નીકળી.

દરવાજામાંથી બહાર નીકળતી વખતે કોઈક કર્મચારી જેવા દેખાતા પુરુષે મારી પાછળ આવીને મને કહ્યું : 'આ બાઈ ખૂબ જ વિચિત્ર છે. ભારે નટખટ છે. એનાથી ચેતતા રહેજો. વધારે પડતા પ્રભાવિત ના થતા.'

એ વણમાગ્યા સાવધાનીસૂચક અભિપ્રાયથી મને આશ્ચર્ય થયું. મેં એને એટલી ગંભીરતાથી ના લીધો. નાનામોટા પ્રત્યેક સ્થાનમાં એવાં વિષમય, તેજોદ્વેષથી ભરેલાં, વિરોધી તત્વો તો મળવાનાં જ. એમનાથી પૂરતા અનુભવ વિના દોરવાઈ જવાનું હિતાવહ નથી હોતું.

અમારી સાથેના બે-ત્રણ યાત્રીઓ ભક્ત જલારામના સ્થાનને જોવા ગયા પરંતુ ત્યાં જગ્યાનો અભાવ હતો.

યોગદત્તે જણાવ્યું : 'હું તમને જ્યાં લઈ જઉં ત્યાં જ ચાલો. ત્યાં સર્વ પ્રકારની સાનુકૂળ સગવડ થઈ રહેશે.'

એ અમને માહેશ્વરી ભવનમાં લઈ ગઈ. એના મૅનેજરને ઉઠાડીને મારી ઓળખાણ આપી. મૅનેજરે અતિશય આદરપૂર્વક અમારો સત્કાર કર્યો અને અમને મકાન બતાવ્યું. અમને એ મકાન પસંદ પડવાથી અમે એમાં આવશ્યકતા પ્રમાણેની જગ્યા રાખી લીધી.

યોગદત્તને સંતોષ થયો. એણે પ્રણામ કરીને કહ્યું : 'હવે હું જઉં છું. કાલે ફરીવાર આવીશ. તમે જ્યાં સુધી રહેશો ત્યાં સુધી રોજ આવીશ.'

'રોજ ?'

'હા. રોજ. રોજ આવીશ. તમારું દર્શન કાંઈ જેને તેને ને જ્યારે ત્યારે મળી શકે છે ? એ તો અતિશય વિરલ છે.'

અને એ ઝડપી પગલે ચાલીને આજુબાજુના અંધકારમાં અદૃશ્ય થઈ ગઈ.

સિદ્ધલોકમાંથી પૃથ્વી પર પ્રકટેલી કોઈક સિદ્ધ યોગિનીની સ્મૃતિ કરાવતી એની આકૃતિ આંખો આગળ રમવા લાગી. એ કદી પણ કાયમને માટે અદૃશ્ય થઈ શકે તેમ ન હતી.

બીજે દિવસે સવારે અમે સિદ્ધબેટના સુપ્રસિદ્ધ સ્થાનને જોવા માટે ગયાં. સરિતાના સ્વચ્છ પવિત્ર તટપ્રદેશ પર આવેલું એ સ્થાન અત્યંત દૂર અને એકાંતમાં હોવાથી એને સહેલાઈથી શોધી શકાયું નહિ. વચ્ચે માર્ગમાં અમે એક વૃક્ષની છાયામાં બેસી ગયાં. ત્યાં થોડા વખત પછી અચાનક યોગદત્ત આવી પહોંચી અને બોલી : 'સિદ્ધબેટ અહીંથી જ છેક જ પાસે છે. વધારે નથી. ચાલો તમને બતાવું.'

'તમને કેવી રીતે ખબર પડી કે અમે અહીં આવ્યાં છીએ ?' કોઈક ભાઈએ પૂછયું.

'દિવ્ય દૃષ્ટિ. એનું નામ દિવ્ય દૃષ્ટિ. મને જ્ઞાનેશ્વર મહારાજે પ્રેરણા કરીને જણાવ્યું કે તમે બધાં અહીં છો એટલે હું અહીં આવી પહોંચી.'

અમે એની સાથે સિદ્ધબેટના કાચા પંગદંડી જેવા માર્ગે આગળ વધ્યાં.

થોડા વખતમાં એ ઐતિહાસિક સ્થાન આવી પહોંચ્યું.

એ છેક જ સાદા છતાં શાંત સુંદર સ્થાનમાં અમે વૃક્ષની નીચે બેસી ગયાં.

એનું ઐતિહાસિક મહત્વ એટલા પૂરતું હતું કે એનો જ્ઞાનેશ્વર મહારાજના જીવન સાથે સંબંધ બંધાયેલો. જ્ઞાનેશ્વર મહારાજના પિતા વિઠ્ઠલ પંત ગુરુની આજ્ઞાથી સંન્યાસી મટીને ફરીવાર ગૃહસ્થી થયા ત્યારે ગામલોકોએ એમને નાતબહાર મૂક્યા. એમને ચાર જીવનમુક્ત સંતાનો થયા. માતાપિતાના સ્વર્ગવાસ પછી એ ચારે પરમજ્ઞાની પરમાત્મદર્શી લોકોત્તર આત્માઓએ કેટલાક કાળપર્યંત સિદ્ધબેટના પ્રશાંત સ્થળમાં વાસ કર્યો. એ સ્થળમાં કોઈકોઈવાર સિદ્ધપુરુષો પણ એકઠા થતા.

યોગદત્તે ત્યાં જ્ઞાનેશ્વરી ગીતા પર પોતાના રસિક હૃદયંગમ વિચારોને રજૂ કર્યા. એ વિચારોને સાંભળીને સૌને આનંદ થયો.

એણે ઉપસંહારમાં કહ્યું : 'તમારી સૌની દક્ષિણ ભારતની યાત્રા અહીં પૂરી થઈ છે. પૂજ્ય શ્રી યોગેશ્વર મહારાજ જ્ઞાનેશ્વર સ્વરૂપ છે. એમની ઉપસ્થતિમાં જ્ઞાનેશ્વર મહારાજના સુંદર લીલાસ્થાનમાં તમે સૌ પુણ્યના ભાગી બન્યા છો. પવિત્ર ઈન્દ્રાયણીમાં સ્નાન કરી, દેવદુર્લભ સંતના આશીર્વાદે તમારા જીવનને જ્ઞાનેશ્વરીના સ્વર્ગીય જ્ઞાનથી સુમનસમું સુવાસિત બનાવો. તેથી જીવન ધન્ય બનશે. જ્ઞાનેશ્વરી નિર્મળ જ્ઞાનનો ભંડાર છે. એની સુવાસ સઘળે પ્રસરી રહો. મોહમાયા, કામક્રોધલોભ અથવા વિષયાસક્તિના વિષથી જીવન મુક્ત બનો. એ વિષને દૂર કરવા માટે જ જ્ઞાનેશ્વરી ગીતા બહાર આવી છે.'

સિદ્ધબેટના પવિત્ર સ્થાનમાં સમાધિસ્થાન અને ચરણપાદુકા દેખાય છે. પીપળા અને આમ્રવૃક્ષની સુંદર આકર્ષક ઘટાથી આચ્છાદિત એ સ્થાન રમણીય, પવિત્ર, આનંદદાયક છે. સિદ્ધબેટ પાસે સો જેટલા વિદ્યાર્થીઓ માધુકરી કરીને ચાર વરસ માટે જ્ઞાનેશ્વરીનો અભ્યાસ કરે છે. સરિતાના શાંત પવિત્ર તટપ્રદેશ પર રહેતા એ સ્વાશ્રયી પરિશ્રમપ્રેમી વિદ્યાર્થીઓને નિહાળીને ખૂબ જ સંતોષ થયો.

સિદ્ધબેટથી પાછી ફરતી વખતે અમે યોગદત્તની સાથે માર્ગમાં એક બંધ મકાનના ઓટલા પર વિશ્રામ કરવા બેઠાં. ત્યાં એક દુઃખી ભાઈએ આવીને યોગદત્તને પોતાના દુઃખની કથની કહીને પ્રેમપૂર્વક પ્રણામ કર્યા.

યોગદત્તનું એ વખતનું સ્વરૂપ અત્યંત આકર્ષક અને અદ્દભુત હતું. ગુલાબી જેવા રંગના ભરાવદાર સુડોલ શરીર, તેજસ્વી શ્રદ્ધાભક્તિભરપૂર મંગલ મુખાકૃતિ, કેશ પર રંગબેરંગી પુષ્પોની માળા. જાણે સિદ્ધલોકમાંથી ઊતરી આવેલી કોઈક સિદ્ધકન્યા.

યોગદત્તે એ દુઃખી ભાઈને આશ્વાસન આપતાં જણાવ્યું : 'દુઃખથી ડરી કે ડગી જવાને બદલે બને તેટલી ધીરજ અને હિંમત રાખીને તમે જ્ઞાનેશ્વર મહારાજનું શરણ લો. એ સર્વશક્તિમાન છે. તમારી ઉપર કૃપાનો વરસાદ વરસાવીને તમને કૃતાર્થ કરશે. તમારાં બધાં જ દુઃખ-દર્દને દૂર કરી દેશે. એમનું સાચા દિલથી સ્મરણ કરો. એ આપણી માવડી છે. પોતાનાં બાળકોની એ સર્વકાળે સર્વપ્રકારે રક્ષા કરશે. એમને શરણે જનારાં સદાને માટે ધન્ય બન્યાં છે.'

આલંદીથી નીકળવાનો સમય સમીપ આવ્યો ત્યારે યોગદત્તની આંખમાં આંસુ આવ્યાં. એનું હૃદય રડી ઊઠ્યું. મને સંત તુલસીદાસના પેલા અમર શબ્દોનું સ્મરણ થયું :

મિલત એક દારુન દુઃખ દેહી,
વિછુડત એક પ્રાન હરી લેહી.

દુર્જનો મળે છે ત્યારે ભયંકર વ્યથા પહોંચાડે છે અને સજ્જનો છૂટા પડે છે ત્યારે પ્રાણ હરી લે એવી અસહ્ય વેદના પેદા કરે છે.

મેં યોગદત્તને કહ્યું : 'સંસારનું સ્વરૂપ જ એવું વિચિત્ર છે. જે જન્મે છે તે જાય છે. મળે છે તે છૂટા પડે છે. પરંતુ શરીર છૂટાં પડે છે તો પણ સ્મૃતિઓ નથી છૂટી શકતી. એ સનાતન રહે છે.'

મોટર ઊપાડતાં પહેલાં કોઈએ પૂછવા ખાતર પૂછયું : 'તમારું લગ્ન થયું છે ?'

'હા.' યોગદત્તે જણાવ્યું.

'કોની સાથે ?'

'જેની સાથે થવું જોઈએ એમની સાથે. ઈશ્વરની સાથે. એમની સાથેનું લગ્ન જ પરમ સુખદાયક બને છે અને અખંડ સૌભાગ્ય અર્પે છે.'

મને ભક્તિમતી મીરાંબાઈના ઉદ્દગારો યાદ આવ્યા :

પરણું તો પ્રીતમ પ્યારો,<br>
અખંડસૌભાગ્ય મારો;<br>
રાંડવાનો ના'વે વારો રે, મોહન પ્યારા !<br>
મુખડાની માયા લાગી રે, મોહન પ્યારા !

મોટર ઊપડી.

હું યોગદત્તને મને પરમપૂજ્યભાવે પ્રેમપૂર્વક પ્રણામ કરતી જોઈ રહ્યો.

મને એ વાતનો સંતોષ થયો કે આવા વિષમ વિપરીત વખતમાં પણ ભારતની ભૂમિ પર આવા પુણ્યાત્માઓ પ્રકટે છે અને પોતાનું પરમાત્માપ્રદત્ત કલ્યાણકાર્ય કરે છે. ભારતની ભૂમિ એમને લીધે ઊજળી છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૨. ગોવા

દક્ષિણ ભારતની યાત્રા દરમિયાન જોવા મળેલાં દર્શનીય સુંદર સ્થળોમાં ગોવાનો સમાવેશ કોઈ પણ પ્રકારના સંકોચ સિવાય સહેલાઈથી કરી શકાય. ગોવાના પાટનગર પંજીમને પેખતાવેંત એવું લાગ્યા વિના રહેતું નથી કે કુદરતે ત્યાં પોતાના કુદરતી ખજાનાને મુક્ત રીતે ખુલ્લા હાથે વેર્યો છે. નગરમાં પ્રવેશતાંવેંત જ સુંદર સુવિશાળ સમુદ્રનું દર્શન થાય છે. એનાં ઉત્તુંગ તરંગો આપણું સ્વાગત કરે છે. વિશાળ વારિધિની એક તરફ લાંબા અંતર સુધી ફેલાયેલો રસ્તો છે. એની ઉપરથી મોટરો દોડે છે. દૂર-સુદૂર સુધી વિસ્તરેલી ભૂમિ લીલાંછમ ઘટાદાર વૃક્ષોથી અને વનરાજીથી સુશોભિત લાગે છે. એને અવલોકીને અંતર આહ્લાદિત બની જાય છે.

ગોવાની ભૂમિ કુદરતી સૌન્દર્યથી ભરેલી છે તો એની પ્રજા પુરુષાર્થી, પ્રમાદરહિત અને સ્ફુર્તિવાળી લાગે છે. લોકો કર્મઠ વધારે દેખાય છે. એમના પર કદાચ ત્યાંના ચેતનવંતા વાતાવરણનો પ્રભાવ પડતો હશે.

ગોવા સહેલાણીઓના સ્વર્ગસમું હોવાથી પ્રવાસીઓથી ભરચક રહે છે. ત્યાંની હોટલો મોટે ભાગે ભરેલી દેખાય છે. એમાં પણ સમુદ્રતટની સમીપે આવેલી હોટલો વધારે મોંઘી પડે છે. અમને એકાદ કલાકની શોધખોળ પછી એક નાનીસરખી છતાં પ્રમાણમાં સારી કહેવાય એવી હોટલમાં જગ્યા મળી ગઈ.

બીજે દિવસે સવારે અમે શહેરના સુંદર સમુદ્રતટને જોવા ગયાં. એ સમુદ્રતટ જગન્નાથપુરી અથવા સોમનાથના સમુદ્રતટની સ્મૃતિ કરાવતો. સૂર્યના તાજા સોનેરી પ્રકાશથી પ્રસન્ન બનેલાં તરંગો મન મૂકીને ઉછાળા મારી રહેલાં. કેટલાંક સહેલાણીઓ સમુદ્રના સૌન્દર્યને નિહાળવા અથવા એને અંજલિ આપવા એકઠાં થયેલાં તો કોઈક એમાં સ્નાન કરી રહેલાં. સમુદ્રકિનારાનાં દૃશ્યો એવાં અનોખા હતાં. પ્રવાસીઓ નિસર્ગની મીઠી ગોદમાં નિર્ભય અને નિશ્ચિંત બનીને વિહાર કરી રહેલાં.

પંજીમથી થોડેક દૂર આવેલાં અને પંજીમનાં કેટલાંક બીજાં દર્શનીય સ્થળોને પણ અમે જોઈ લીધાં. એ સ્થળો એટલાં બધાં આકર્ષક ના લાગ્યાં, તો પણ એમની આજુબાજુની ભૂમિ હરિયાળીથી ભરેલી ને સુંદર હતી. એ ભૂમિનું અવલોકન એકંદરે આહ્લાદક હતું. પંજીમની સમસ્ત ભૂમિ એવી રીતે આહ્લાદક લાગતી. ક્યાંય નીરસતા નહોતી દેખાતી.

પંજીમથી થોડેક દૂર એક પ્રાચીન વિશાળ ગિરજાઘર હતું. એ ગિરજાઘર દર્શનીય લાગ્યું. એમાં સુવર્ણમય મૂર્તિઓ એટલી બધી વિશાળ તથા અલૌકિક અને ભવ્ય હતી કે વાત નહીં. એમનું અવલોકન અતિશય આનંદકારક તથા પ્રેરક થઈ પડ્યું. એવી ભવ્ય વિશાળ મનોહર મૂર્તિઓ જીવનમાં પ્રથમવાર જ જોવા મળી. ઈશુ ખ્રિસ્તની અને એમના જીવન સાથે સંકળાયેલી એ મૂર્તિઓના નિર્માણ પાછળ પ્રખર પ્રેમ અને સમર્પણભાવ દેખાયો. મંદિરનો અને એની આજુબાજુની જમીનનો વિસ્તાર પણ એટલો બધો વધારે હતો કે જેની સામાન્ય રીતે કલ્પના પણ ના કરી શકાય. ખ્રિસ્તી ધર્મના અનુયાયીઓએ અને પ્રચારકોએ મંદિરોના નિર્માણની પાછળ ઓછાં નાણાં નથી ખરચ્યાં. અને એકલા ખ્રિસ્તી ધર્મની જ વાત શા માટે કરવી ? દુનિયાના લગભગ બધા જ મોટા ધર્મોને એ વાત લાગુ પડે છે. એમના પ્રશંસકો, પ્રેમીઓ, પ્રચારકો અને

અનુયાયીઓએ એમને અમર બનાવવા અને એમની સ્મૃતિને સાચવી રાખવા ઠેકઠેકાણે મંદિરો, મસ્જિદો, વિહારો, ગિરજાઘરો તથા અગિયારીઓ અને ગુરુદ્વારાઓની રચનાઓ કરેલી છે. એમના સંરક્ષણ તથા પુનર્નિર્માણ પાછળ મોટો ખરચ કરવામાં આવે છે, અને બીજી નવી રચનાઓ થતી જાય છે. જેની મદદથી ધર્મ ટકે છે, વધે છે અને સુરક્ષિત બને છે, તે માનવજીવનનાં જીવંત મંગલ મંદિરોના મહિમાને સાચવવા કે વધારવા ઓછામાં ઓછો પ્રયત્ન કરવામાં આવે છે. એને લીધે જેણે ઉત્તરોત્તર આગળ વધવાનું છે તે માનવ પાછળ રહી જાય છે. અનેક ઠેકાણે ઉપેક્ષિત થાય છે. એની કથા વધારે ને વધારે કરુણ થતી જાય છે. એના નવનિર્માણ કે જીર્ણોદ્ધાર તરફ જોઈતું ધ્યાન નથી અપાતું. એની સમસ્યા એવી ને એવી જ અણઉકલી રહી જાય છે.

આપણે મંદિરોના નિર્માણનો વિરોધ નથી કરતા. એવો વિરોધ અસ્થાને છે. એથી કોઈ હેતુ સરે તેમ નથી. આપણે એમનું સ્વાગત કરીએ છીએ. પરંતુ સાથેસાથે એમના સદ્ઉપયોગનું સ્મરણ કરવાનો સંદેશ આપીએ છીએ. મંદિરો શાને માટે છે, શાને માટે હોવાં જોઈએ, એ યાદ રાખીને એના અમલ માટેનો આગ્રહ રાખવાની ભલામણ કરીએ છીએ. વળી, મંદિરોના નિર્માણની સાથેસાથે યાદ રાખવાનું કહીએ છીએ કે સંસારમાં સર્વોત્તમ મંદિર માનવમંદિર છે. એની અંદર દેવોના દેવ વિરાજમાન છે. એની માવજત કરવાની, એને બેઠું કરવાની, એનું પૂરેપૂરું ધ્યાન રાખવાની આવશ્યકતા છે. એ મંગલ મંદિરનો મહિમા મટે કે મરે નહીં પરંતુ વધતો રહે એને માટે બનતું બધું જ કરી છૂટવાનું છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૩. મહાબળેશ્વર

મહાબળેશ્વરનું નામ સરસ હીલસ્ટેશન તરીકે કેટલાય વખતથી સાંભળેલું હોવા છતાં એના અવલોકનનો અવસર દક્ષિણ ભારતની યાત્રા દરમિયાન પ્રથમ વખત જ આવી શક્યો. મહાબળેશ્વરનો પ્રવેશ પ્રથમવારનો હોવા છતાં પણ ખૂબ જ પ્રસન્નતાપ્રદાયક અને ચિરસ્મરણીય બની રહ્યો.

અમે ત્યાંની સુપ્રસિદ્ધ રાજેશ હોટલમાં ઊતર્યા. એ હોટલ બીજી હોટલોની સરખામણીમાં ઘણી સારી લાગી. એની આસપાસનું કુદરતી સૌન્દર્ય હૃદયંગમ હતું. આજુબાજુ સુંદર લીલીછમ પર્વતમાળા દેખાતી, અને સામે થોડુંક મેદાન હતું. મહાબળેશ્વરનું મુખ્ય બજાર પણ એનાથી વધારે દૂર ન હતું.

કોઈ પણ હોટલ ગમે તેટલી સગવડતાવાળી ને સારી હોય પરંતુ એના સંચાલકનો સ્વભાવ સેવાભાવી ને સારો ન હોય તો એ હોટલ બધી રીતે આદર્શ નથી બની શકતી. એમાં એક મોટી ક્ષતિ રહી જાય છે. એ હોટલ પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર બની શકતી નથી. રાજેશ હોટલ એ મોટી ક્ષતિથી મુક્ત હતી કારણ કે એના માલિક તથા સંચાલક ખૂબ જ માયાળુ ને સેવાભાવી હતા. એમનો સ્વભાવ પણ ઘણો સારો હતો.

અમારું એમણે એક સ્વજન અથવા સજ્જનને શોભે તેવી રીતે ખૂબ જ સ્નેહસહિત સ્વાગત કર્યું. એ ધાર્મિક પ્રકૃતિના હોવાથી એમનો પ્રેમ એટલો બધો વધી પડ્યો કે રાતે પૂનામાં રહેતી પોતાની પત્નીને ટેલિફોન કરીને એમણે બીજે દિવસે સવારે ત્યાં સત્સંગ અથવા શંકાસમાધાન માટે બોલાવી લીધી. એમની પત્ની એમની પાસે પહોંચી ગઈ એટલે એમણે એને જણાવ્યું કે આવો અવસર ફરીફરી નહીં આવે. આ તો પૂર્વના કોઈક પુણ્યનો ઉદય થયો છે કે મહાત્માપુરુષ સામે ચાલીને આપણે ત્યાં પધાર્યા છે. જે કાંઈ પૂછવું હોય તે પૂછી લે. મને એમના સમાગમથી શાંતિ મળી છે તેમ તને પણ મળી રહેશે.

મહાબળેશ્વરમાં સૂર્યાસ્ત પોઈન્ટ જોવા જેવું છે. ત્યાંથી દૂર ક્ષિતિજમાં દેખાતા સૂર્યાસ્તનો આસ્વાદ લેવા પ્રવાસીઓ મોટી સંખ્યામાં એકઠાં થાય છે. ત્યાંના સૂર્યાસ્તનું દૃશ્ય અમને ગમ્યું. પર્વતીય પ્રદેશના, સરિતા કે સુવિશાળ સમુદ્રતટના સૂર્યાસ્ત સદા આકર્ષક, આહ્લાદક, અનુપમ હોય છે. એમને અવલોકવા એ પણ જીવનનો એક લહાવો ગણાય છે.

પરંતુ ધર્મપ્રેમી માનવોનું મુખ્ય આકર્ષણસ્થાન તો બીજું છે અને એ સ્થાન છે મહાબળેશ્વર મહાદેવનું એકાંત શાંત વનમાં આવેલું મંદિર. એ મંદિર ખાસ દર્શનીય છે. એને નિહાળીને એમ થાય છે કે અહીં સમય કાઢીને થોડાક દિવસ રહી જઈએ તો સારું. મંદિરમાં ભગવાન શંકરની પાસે પરમ પૂજ્યભાવે ઊભા રહીને અમે પ્રાર્થના કરી. એ સ્થાન ખૂબ જ પ્રેરણાત્મક લાગ્યું. મંદિર વસતિથી દૂર હોવાથી કોલાહલરહિત લાગ્યું. ત્યાં પહોંચવા માટે ટેક્ષીઓ મળી શકતી. મંદિર એ હવા ખાવાના સ્થળની મુખ્ય શોભા જેવું હતું.

પંચગિની મહાબળેશ્વરથી વધારે દૂર ના હોવાથી અમે ત્યાં પણ ગયાં. પંચગિની પોતાના હવાપાણી માટે પ્રસિદ્ધ છે, પરંતુ કુદરતી સૌન્દર્યની દૃષ્ટિએ મહાબળેશ્વર કરતાં વધારે સારું ના લાગવાથી અમે ત્યાં વિશેષ નહિ રોકાવાનો નિર્ણય કર્યો. બપોરે ભોજનાદિથી નિવૃત્ત થઈને થોડોક વિશ્રામ કરીને અમે આગળ વધ્યાં.

## ૧૪. ગણેશપુરી

ભારતમાં છેલ્લાં થોડાંક વરસોમાં જે પ્રાતઃસ્મરણીય ખ્યાતનામ શ્રેષ્ઠ લોકહિતૈષી મહાપુરુષોની પ્રાણવાન પરંપરા પેદા થઈ તેમાં જેમનું નામ ને કામ અભિન્ન રીતે જોડાયેલું છે અને જેમને લીધે એ પરંપરા વિશેષ પ્રાણવાન બની છે તે મહાપુરુષ ગણેશપુરીના સ્વામી નિત્યાનંદ.

ભારતના તાજેતરના ભવ્ય ભૂતકાળમાં થઈ ગયેલા અસાધારણ અવસ્થાપ્રાપ્ત લોકોત્તર સંતપુરુષોમાં એમના નામનો સમાવેશ અનિવાર્ય રીતે અચૂકપણે કરવો જ પડે. એમનું સ્થાન એવું શકવર્તી અને જીવન અનોખું, અનુપમ, અલૌકિક, ઐતિહાસિક છે.

નાનાસરખા ગણેશપુરી ગામને અને એના આધ્યાત્મિક ચેતનાથી ચમકતા સ્થાનને કોણ નથી ઓળખતું ? એના નામની આજથી ચાલીસ વરસ પહેલાં દૂરના દેશવાસીઓને ખબર પણ ન હતી. એ નાનાસરખા સ્થળમાં એવો તે કયો ચમત્કાર બન્યો કે એનું નામ સમસ્ત દેશની અધ્યાત્મપ્રેમી જનતામાં જાણીતું થઈ ગયું ? એ ચમત્કારનું એકમાત્ર કારણ મહાત્મા નિત્યાનંદે એને પોતાના સાધનાસ્થાન તથા નિવાસસ્થાન તરીકે પસંદ કર્યું તે હતું. મહાપુરુષો જ્યાં વસે છે, તપે છે, ને જ્યાંથી કાર્ય કરે છે તે સ્થાન તીર્થસ્થાન બની જાય છે અથવા અલૌકિક મહિમા ધારણ કરે છે. એ સ્થાનને મહાપુરુષોના પરમપ્રેરક પરમાણુઓની પ્રાપ્તિ થવાથી એની સહેલાઈથી કાયમી કાયાપલટ થઈ જાય છે. મહાપુરુષોનો મહિમા જ એવો અનેરો હોય છે.

સ્વામી નિત્યાનંદ જન્મ્યા દક્ષિણ ભારતના દૂરદૂરના નાનાસરખા ગામમાં, પરંતુ વસ્યા ને તપ્યા ગણેશપુરીની પરમપવિત્ર ભૂમિમાં. એ ભૂમિ એમને લીધે વધારે પવિત્ર, મહિમામયી અને યશસ્વિની થઈ. એના અને એના પ્રત્યક્ષ તીર્થદેવતાના દર્શનને માટે લોકોનાં ટોળેટોળાં ઊમટવા માંડ્યાં. એ ક્રમ દિવસો કે મહિના સુધી નહિ પરંતુ વરસો સુધી ચાલુ રહ્યો. આજે એ લોકોત્તર દિવ્ય મહાપુરુષને સમાધિસ્થ થયે વરસો વીત્યાં છે તો પણ એ ક્રમ ચાલુ જ રહ્યો છે. એમની સ્વર્ગીય સમુપસ્થિતિનો સુખદ શાંતિસંચારક સ્વાનુભવ એમને થતો રહે છે. કોઈ ત્યાંના વિશદ વાયુમંડળમાં બેસીને જપ કરે છે, ધ્યાન ધરે છે, તો કોઈ પ્રાર્થના તથા સ્વાધ્યાયનો આશ્રય લે છે.

અમે એ મહામહિમામય મહાપુરુષ પ્રત્યેના અસાધારણ આદરભાવથી પ્રેરાઈને એના દર્શન-અવલોકન માટે દક્ષિણ ભારતના પુણ્યપ્રવાસની પવિત્ર પૂર્ણાહુતિ પહેલાં જઈ પહોંચ્યાં.

એ દિવસ તારીખ ૧૫-૨-૧૯૭૮નો હતો.

ગણેશપુરીના પ્રવેશ પહેલાં જ રાત થઈ ગયેલી અને અંધકારના ઓળા આજુબાજુ બધે જ ઊતરી ચૂકેલા. સૌથી પ્રથમ કામ ઉતારાની અનુકૂળ જગ્યા મેળવવાનું હતું, અને એ કામ થોડીક શોધખોળ પછી સિદ્ધ થઈ શક્યું. સ્વામી નિત્યાનંદના સ્થાનની બાજુમાં જ કુટ્ટુ સ્વામીનું મકાન હતું. એ મકાનના ઉપર-નીચેના ખંડોમાં અમારે સૌને માટે રહેવાની વ્યવસ્થા શઈ શકી.

સવારે ઊઠીને નિત્યક્રમમાંથી નિવૃત થઈને અમે સ્વામી નિત્યાનંદના સ્મૃતિસ્થળોની મુલાકાત લીધી.

સામે જ પવિત્ર સ્થળ હતું જ્યાં રહીને એ દર્શનાર્થીઓને દર્શન આપતાં. વરસો પહેલાં લીધેલી એ શાંત સ્વર્ગીય સ્થળની મધુર મુલાકાતનું મને સ્મરણ થયું. એ વખતે નિત્યાનંદજી સ્થૂળ શરીરે વિરાજતાં. એમના એ દિવ્ય દર્શનની છાપ એવી ને એવી તાજી હતી. એમનો બાહ્ય દેખાવ એટલો બધો અલૌકિક અથવા પ્રભાવોત્પાદક ન હતો પરંતુ એમનો અંતરાત્મા અત્યંત ઉદાત્ત અને ઉચ્ચ હતો. એને લીધે એમના સંસર્ગમાં આવનારા એમની અસાધારણ અસરથી અલિપ્ત રહી શકતા નહિ અને એમને કદાપિ ભૂલી શકતા પણ નહિ. એમના ચમત્કારિક લોહચુંબકીય વિશદ વ્યક્તિત્વનો પ્રભાવ એમની ઉપર પડતો જ.

સામે જ સ્વામી નિત્યાનંદની સુંદર ચિત્તાકર્ષક પ્રતિમા હતી. ભાવિકો એનું ભાવપૂર્વક દર્શન કરતા અને એની આગળ ઊભા રહીને કે બેસીને એને અનુરાગની અંજલિ ધરતા.

એ સ્થળમાં એમની જુદીજુદી સ્મૃતિઓને સાચવી રાખવામાં આવેલી. એ સ્મૃતિઓને જોતાંજોતાં અમે આગળ વધ્યાં.

એ મકાનની સમીપમાં જ એમનું સમાધિમંદિર હતું. એની નીચે ઉતારા માટેના ઓરડાઓ બંધાયેલા. સમાધિમંદિરમાં દર્શનાર્થીઓની ભીડ ઓછી હોવાથી સ્વાભાવિક રીતે જ શાંતિ છવાયલી.

કુટ્ટુ સ્વામીના સ્થાનની છેક પાસે જ ગરમ પાણીના કુંડ છે. એ કુંડની બાજુમાં સ્વામી નિત્યાનંદનું ભવ્ય મંદિર બંધાયું છે. એનું અવલોકન આનંદપ્રદ છે.

ત્યાંથી આગળ વધતાં સુંદર સુવ્યવસ્થિત સૅનેટોરિયમ દેખાય છે, નાનીસરખી સરિતા શરૂ થાય છે, અને એને પાર કરીને પેલી પાર પહોંચતાં મહાદેવનું તથા હનુમાનજીનું મંદિર આવે છે. એ દેવસ્થાનો શાંત એકાંત ગ્રામવિસ્તારમાં અથવા વનપ્રદેશમાં આવેલાં છે.

ગણેશપુરીમાં એક ગુજરાતી સત્સંગી ભાઈનું ભોજનાલય છે. એમાં ભોજન માટે પ્રવેશતી વખતે મારી પાસે પહોંચીને એક વયોવૃદ્ધ સાધુપુરુષે ભોજનની માગણી કરી. એ સાધુપુરુષની નિર્દોષ મુખાકૃતિએ મને અસર કરી. મેં એમને ભોજન માટે આમંત્રણ આપ્યું. એમણે એટલા બધા આત્મસંતોષથી ભોજન કર્યું કે વાત નહીં. ભોજન સદાય શાંતિ આપે છે ને ભોજનનો કદી દુરુપયોગ થતો નથી, માટે જ અન્નદાન અથવા ભોજનનો મહિમા આટલો બધો મોટો માનવામાં આવે છે. એ માન્યતા સહેતુક અને સાચી છે. ભોજનાલયવાળા ભાઈ એટલા બધા સંતપ્રેમી અને સેવાભાવી હતા કે એમણે મારી સાથેના સૌના ભોજનની રકમ લેવાની ના પાડી અને વધારામાં મને ફૂલમાળા પહેરાવીને શ્રદ્ધાપૂર્વક ભેટ ધરી. અમે એમને આગ્રહપૂર્વક સમજાવીને ભેટની રકમ પાછી આપીને ભોજનની રકમ ચૂકવી દીધી. એ સેવા કરવા તૈયાર હતા તો પણ એવા સુંદર તીર્થસ્થાનમાં એમની સેવાને સ્વીકારવા કોઈ તૈયાર નહોતું. એમને માટે એ સારું હતું તો અમારે માટે આ પણ એટલું જ સારું હતું.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૫. પરગજુ પુરુષ

ભાવનગરમાં માતા જ્યોતિર્મયીએ પોતાના પાર્થિવ તનુનો પરિત્યાગ કર્યો તે પછી સોળેક દિવસ સુધી અમે ત્યાં જ રહ્યાં. રોજ સાંજે ગીતાના સમૂહપાઠનો, ભજનનો, માતાજીને અપાતી શ્રદ્ધાંજલિનો ને પ્રાર્થનાનો કાર્યક્રમ ચાલતો. એ કાર્યક્રમમાં અનેક ભાઈબહેનો ઉપસ્થિત રહેતાં. સૌને ઊંડો આત્મસંતોષ સાંપડતો.

માતાજીના સ્વર્ગવાસ પછી એમના સ્થૂળ શરીરના અવશેષોનો ભરેલો એક કુંભ સુરક્ષિત રાખવામાં આવેલો. મા સર્વેશ્વરીએ એને તૈયાર કરેલો. એ ઉપરાંત એક દિવસે બજારમાં જઈને માતાજી પ્રત્યેના પ્રખર પ્રેમ ને પૂજ્યભાવથી પ્રેરાઈને એ પાંચ નાનાં તામ્રપત્રોને પણ લઈ આવેલાં. માતાજીના ભસ્માવશેષોને એમણે એમાં પણ સાચવી રાખેલાં.

ભાવનગર છોડતાં પહેલાં માતાજીના દેહત્યાગ પછીના લગભગ તેરમા દિવસે અમે એમના અવશેષોના કુંભનું ઘોઘાના સુવિશેષ સમુદ્રમાં વિસર્જન કરવાનું વિચાર્યું. એને અનુસરીને અમે ઘોઘા બંદરે પહોંચ્યા પણ ખરાં. એ વખતે સાંજ પડી ચૂકેલી. થોડીવાર પછી અંધારુ થવાની સંભાવના હતી. ચંદ્રોદયને ઘણી વાર હતી. સમુદ્રમાં ભરતી આવે એવું નજીકના ભવિષ્યમાં નહોતું લાગતું. સમુદ્રનું પાણી ખૂબ જ દૂર હોવાથી ત્યાં સુધી જવાનું બુદ્ધિસંગત, યુક્તિસંગત કે વ્યવહારું નહોતું લાગતું. સમુદ્રમાં ભરતી આવે એની રાહ જોઈને કલાકો બેસી રહેવાનો જ વિકલ્પ શેષ રહ્યો.

સમુદ્રતટ પરની સીધી લાંબી પાળ પરથી પસાર થતાં અમે વચ્ચેના વખતને નિર્ગમન કરવા માટે હાથમાં અસ્થિકુંભ સાથે આગળ વધ્યાં. પાળ પરથી દૂર સુધી જઈને ત્યાં પણ પાણીને દૂર જોઈને કાંઈક અંશે નિરાશ થઈને અમે પાછાં ફરવા માંડ્યાં. તે જ વખતે દેવના દૂત જેવો એક પુરુષ અમારી પાસે આવી પહોંચ્યો. તે ખલાસી જેવો લાગતો'તો. તેણે અમારી વાતને રસપૂર્વક શાંતિથી સાંભળી.

'સમુદ્રમાં ભરતી ક્યારે આવશે ?' અમે પૂછયું.

'ઓછામાં ઓછા ત્રણથી ચાર કલાક લાગશે.' એણે ઉત્તર આપ્યો, 'કેમ?'

'અમારે આ કુંભનું વિસર્જન કરવું છે.'

એ સમજી ગયો.

એની પરગજુ વૃત્તિ જાગી ગઈ. બળવાન બની.

'તો પછી વધારે વખત સુધી રાહ જોવી ના હોય તો મારી પાછળ ચાલો. તમને સહેલાઈથી ઠેઠ સમુદ્રના મોજાં સુધી લઈ જઉં. બોલો આવવું છે ?'

એના પ્રસ્તાવને સ્વીકાર્યા સિવાય છૂટકો ન હતો.

અમે એની પાછળ ચાલ્યાં. પાળ પરથી નીચે ઊતરીને આગળ વધ્યાં. રસ્તો કઠિન ને ખૂબ જ લાંબો હતો.

છેવટે સમુદ્રના મોજાં સુધી પહોંચી ગયાં. કુંભનું વિસર્જન કર્યું.

એ પરગજુ પુરુષ અમને અંધારું થતાં પહેલાં એ જ રસ્તેથી પાછાં લાવ્યો. અમે એનો આભાર માન્યો; એને પુરસ્કાર આપવા માંડ્યો. એણે એનો સહર્ષ સહજ અસ્વીકાર કર્યો.

કહ્યું : ‘કોઈને કામ આવવું, ઉપયોગી થવું, એ મારી ફરજ છે. એના પાલનથી મને સંતોષ મળે છે. તેના બદલામાં કશું લેવાનું ના હોય.’

કેવી ઉદાર ભાવના ! એક સાધારણ દેખાતા માનવીની કેવી ઉચ્ચ માનવતા ! કેવી અદ્દભુત પરહિતપરતા !

એ પરગજુ પુરુષની સ્મૃતિ કાયમ રહેશે. એને જાણે ઈશ્વરે જ મોકલેલો અમને મદદ કરવા માટે.

રણમાં વનસ્થલી જેવા, અંધકારમાં જ્યોતિ જેવા, સંતપ્ત સૂકી સડક પરની પરબસરખા, એવા સત્પુરુષો ભલે ઓછી સંખ્યામાં કિન્તુ આજે પણ છે. એમનું અવલોકન આનંદદાયક, પ્રેરણાજનક બને છે. માનવજાતિના-દેશના ઉજ્જવળ ભાવિની આશા જન્માવે છે. એમને આપણાં અભિનંદન. અભિવાદન.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૯. સેવામૂર્તિ શાંતિભાઈ

રાજકોટના યુવાન, સત્સંગી, સેવાભાવી, ધર્મપ્રેમી ઉદ્યોગપતિ શ્રી. શાંતિભાઈ કનેરિયા. રામકૃષ્ણદેવના એકનિષ્ઠ અનન્ય ભાવભરપૂર ભક્ત.

ઈ.સ. ૧૯૭૮માં એમની મોટરમાં અમે દક્ષિણ ભારતની લાંબી યાત્રા કરેલી.

માતાજીના સ્વર્ગવાસ પછી મને એમના સ્થૂળ શરીરના અવશેષોને ઉત્તર ભારતનાં તીર્થસ્થાનોમાં પધરાવવાની ઈચ્છા થઈ ત્યારે મારું ધ્યાન સ્વાભાવિક રીતે જ એમના તરફ આકર્ષાયું.

મા જગદંબાની સુસ્પષ્ટ સુચના મળી કે શાંતિભાઈ ઉત્તર ભારતની સૂચિત યાત્રામાં સામેલ થશે. એ આખીય યાત્રા એમની મોટરમાં કરીશું અને સર્વપ્રકારે સુખદ તથા સફળ રહેશે.

કિન્તુ જગદંબાની એ પૂર્વસૂચના કે પ્રેરણા વિશે શાંતિભાઈને જણાવવાની અને એમના મનને કોઈ પણ પ્રકારે પૂર્વગ્રહમુક્ત કરવાની આવશ્યકતા નહોતી. મેં એમને કોઈ પણ પ્રકારના પૂર્વનિર્દેશ સિવાય રાજકોટથી ભાવનગર બોલાવીને ઉત્તરની યાત્રામાં એમનાથી આવી શકાશે કે કેમ એ પૂછી જોયું.

‘તમે આજ્ઞા આપો એટલે હું તૈયાર જ છું.’ એમણે તરત જ કહ્યું : ‘તમારી આજ્ઞામાં સદા મંગલ જ હોય છે.’

‘ના. એવું નહીં. એમાં આજ્ઞાની વાત નથી. અનુકૂળતાની વાત છે. તમને આવવાની અનુકૂળતા હોય તો જ આવવાનું. નહિ તો કોઈક બીજો વિકલ્પ વિચારીશું. તમે વિચારી જુઓ.’

‘મારે બીજું કશું વિચારવાનું છે જ નહીં. તમે કહો એટલે હું તૈયાર જ છું. મોટર તમારી જ છે. મને તમારી સેવાનું સદ્દભાગ્ય સાંપડે એથી અધિક કલ્યાણકારક આનંદદાયક બીજું શું હોઈ શકે ?’

એમની સેવાવૃત્તિ, શ્રદ્ધા, સમર્પણભાવના અનોખી હતી.

દિવાળીના પર્વદિવસો તદ્દન પાસે હતી. ધંધાની ઉપાધિઓ વળગેલી. આણંદમાં અભ્યાસ કરતો એમનો એકનો એક પુત્ર વિજય દિવાળીની રજામાં કુટુંબ સાથે રહેવા ને ફરવા ઘેર આવવાનો હતો. પિતાશ્રીની સાથે ઘરની મોટરમાં ફરવાની એને સ્વાભાવિક રીતે જ ઈચ્છા હોય. તો પણ એ બધી હકીકતને ગૌણ ગણીને એ ઘરની મોટરમાં અમારી સાથે આવવા તૈયાર થયા.

એમનો સ્વભાવ અસામાન્ય હતો.

સત્પુરુષોની સેવાની વાતો કરનારા કેટલાક મળી શકે, પરંતુ એ વાતોને વ્યવહારમાં ઉતારવાનો અવસર આવે ત્યારે પોતાની અનુકૂળતા કે પ્રતિકૂળતાનો, હોળી કે દિવાળીનો, લાભ કે હાનિનો વિચાર કર્યા વિના વળગી રહેનારા વીરપુરુષો-શ્રદ્ધાભક્તિસંપન્ન સાચા પુરુષો તો કોઈક વિરલ જ મળે. શાંતિભાઈ એવા વિરલ, અતિવિરલ પુરુષવિશેષોમાંના એક અગ્રગણ્ય, અસાધારણ ગુણવત્તા ધરાવનારા પુરુષવિશેષ હતા.

એક મહિના સુધી જાતે જ મોટર ચલાવીને એ અમારી સાથે વિચર્યા.

એમને મન એ યાત્રા સ્થૂળ યાત્રા જ નહીં, સૂક્ષ્મ જીવનયાત્રા થઈ પડી.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૭. દિવ્યતાનું દર્શન

ભાવનગર-અમદાવાદ મોટર રોડ. એ રોડ પર ભાવનગરથી થોડેક દૂર આવતાં એક આડો રસ્તો ફંટાય. એ રસ્તે થોડાક અંદર જઈએ એટલે એકાંતમાં અતિશય આકર્ષક, આહ્લાદક, શાંત, અને સુંદર, સુવિશાળ, ખોડિયાર માતાનું મંદિર આવે. સમીપવર્તી વિશાળ વૃક્ષરાજિ, લીલીછમ ચિત્તાકર્ષક હૃદયંગમ ટેકરીઓ અને નિર્મળ જળાશયને લીધે એ આખુંય સ્થાન આનંદ આપે, શાંતિ બક્ષે.

ભાવિકો અથવા ભગવદભક્તોનાં ટોળેટોળાં ત્યાં દર્શન માટે ઊમટે. દરરોજ લગભગ મેળા જેવું રહે. એમાંય નવરાત્રિમાં દેવીપૂજાના દિવસો દરમિયાન તો મોટો મેળો જામે. વિરાટ માનવમેળો.

દેવીનું નાનકડું મુખ્ય મંગલમય મંદિર આબાલવૃદ્ધ ભક્તોના ભાવપૂર્ણ પ્રાર્થનાપોકારોથી મુખરિત થઈ ઊઠે. સમીપવર્તી ધર્મશાળામાં કેટલાંક ઊતરે પણ ખરાં. સ્તોત્રપાઠ, ધૂન તથા ઘંટારવથી સમસ્ત વાયુમંડળ ગૂંજી રહે.

માતાજી પણ ભાવનગરથી નીકળતી વખતે અનુકૂળતાનુસાર એ માતૃમંદિરની મંગલ મુલાકાત લે. મને એને માટે વિશેષ આગ્રહ કરે એટલે, અને મને પોતાને પણ એ શાંત સુંદર દેવસ્થાન પસંદ પડે એટલે, હું એમને અચૂક ત્યાં લઈ જઉં.

૧૯૮૦ના ઑકટોબરમાં મારે ભાવનગરથી નીકળવાનું થયું ત્યારે માતાજીનું શરીર શાંત થયેલું હોવા છતાં પણ એમની રુચિને અનુલક્ષીને મેં મા સર્વેશ્વરી ને અન્ય પ્રેમીજનો સાથે એ મનહર મંદિરની મુલાકાત લીધી. મંદિરમાં દર્શનાર્થીઓની ભીડ હોવાથી અમે સંભાળીને આગળ વધ્યાં. મંદિરમાં પ્રવેશીને વિધિપૂર્વક દર્શન કર્યાં.

મંદિરમાં પ્રવેશતાં જ એક વિચિત્ર દેખાતા સાધુપુરુષનું દર્શન થયું. માથે જટા, શરીરે કાળી કફની, હાથે કડાં, શ્યામ મુખાકૃતિ, નાની નશાવાળી દેખાતી તેજસ્વી આંખો. એ ત્યાંના મુખ્ય પુજારી કે મહંત જેવા લાગ્યા.

મને જોઈને એમણે પ્રેમપૂર્વક પ્રણામ કર્યાં. મારી સાથેનાં પ્રેમીજનોને એમણે મારો પરિચય પૂછ્યો ને મને જણાવ્યું : તમે અગાઉ પણ આવી ગયા છો. તમારી સાથે માતાજી પણ હતાં.

મેં કહ્યું : હા, હવે માતાજીનો સ્વર્ગવાસ થયો છે.

દર્શનાર્થીઓની ભીડ પુષ્કળ હોવાથી એ દર્શનાર્થીઓને નિયંત્રણમાં રાખતા દેખાયા. એમની સાથે વધારે વાતચીત કરવાનો અવકાશ ન હતો. એ પણ વાતચીત કરવાના ભાવમાં નહોતા. એમની દૃષ્ટિ તથા વૃત્તિ વર્તમાન વાયુમંડળથી પરના કોઈક બીજા જ પ્રદેશમાં વિહરતી દેખાતી.

બહાર નીકળતી વખતે એમણે પાસે પહોંચીને મને પુનઃ પ્રણામ કર્યાં ને મારી સાથેનાં પ્રેમીજનોને જણાવ્યું : ‘એમના સ્વરૂપમાં જગદંબા પોતે જ ફરી, રમી કે લીલા કરી રહ્યાં છે. એ સાક્ષાત્ જગદંબા જ છે.’

કેવા અવનવા ઉદાત્ત ઉદગારો ! એ ઉદગારો એમની અસામાન્ય માતૃભક્તિ તથા અલૌકિક આત્મશક્તિના પરિચાયક હતા. એ પોતે કેવી ઉચ્ચ આધ્યાત્મિક અવસ્થા પર પ્રતિષ્ઠિત છે એનો પ્રતિઘોષ પાડતા.

એમના એ છેક જ સહજ રીતે બોલાયેલા શબ્દોએ શ્રોતાજનોના મનમાં આશ્ચર્ય પેદા કર્યું. મારી સાથેનાં પ્રેમીજનોને પણ આશ્ચર્ય થયું. સૌને એટલી પ્રતીતિ તો અવશ્ય થઈ કે એમની ઉપર જગદંબાનો અસીમ અનુગ્રહ છે, એમનું મન મા જગદંબામાં જ જોડાયેલું છે; એ સિવાય એમના મુખમાંથી એવા અલૌકિક અશ્રુતપૂર્વ ઉદ્ગારો ના નીકળી શક્યા હોત.

જેની આંખમાં દિવ્યતા છે તેને માટે દિવ્યતાનું દર્શન દૂર નથી રહેતું. તેને સર્વત્ર, સર્વાવસ્થામાં દિવ્યતા જ દેખાય છે. એ કેટલીકવાર શું બોલે છે એની અન્યને તો શું પરંતુ એને પોતાને પણ કલ્પના નથી હોતી.

☼ ☼ ☼ ☼ ☼

# ૧૮. દેવપુરુષ

આપણાં ધર્મશાસ્ત્રો અને એ ધર્મશાસ્ત્રોનો સ્વાધ્યાય કરનારા તેમજ સદુપદેશ પ્રદાન કરનારા સ્વાનુભવસંપન્ન સત્પુરુષો અવારનવાર એક સનાતન સત્યનું પ્રતિપાદન કરે છે કે માનવ દેવતા છે. એની અંદર દિવ્યતા રહેલી છે. ક્યાંક એ દિવ્યતા દબાયેલી છે તો ક્યાંક વ્યક્તાવસ્થામાં, પ્રત્યક્ષ કે પ્રગટ. વ્યક્તાવસ્થામાં પ્રત્યક્ષ કે પ્રગટ દિવ્યતા પણ જુદાજુદા સ્વરૂપમાં જોવા મળે છે. પોતાની અંદરની દાનવતાને દફનાવી કે દૂર કરીને દબાયેલી અથવા આંશિક રૂપે રહેલી દિવ્યતાને બહાર કાઢવાની અને પરિપૂર્ણપણે પ્રગટાવવાની શ્રેયસ્કર સાધના જીવનમાં થઈ શકે છે. એ સાધનામાં સફળતા પામેલા પુરુષો દેવ જેવા દેખાય છે ને પરમ દર્શનીય લાગે છે. એમના વિચારો, ભાવો, વ્યવહારો બધું જ ઉદાત્ત અને અલૌકિક હોય છે. શાસ્ત્રો તથા સ્વાનુભૂતિપ્રાપ્ત સત્પુરુષો તો આગળ વધીને એવું પણ કહે છે ને પ્રતિપાદન કરે છે કે માનવ દેવોનો દેવ છે, પરમાત્માનો પ્રતિનિધિ છે, પરમાત્મા છે. એ વાતની ચર્ચાવિચારણાને બાજુએ રાખીએ તો પણ એટલું તો નિઃશંકપણે પુરવાર થાય છે કે માનવ દિવ્યતાથી સંપન્ન છે, અને જેની અંદર એ દિવ્યતા દૃષ્ટિગોચર થતી હોય છે અથવા વિશેષ પ્રમાણમાં પ્રગટેલી અથવા પ્રતિબિંબિત બનેલી દેખાય છે તે માનવરૂપે દેવ જેવા જ લાગે છે. એમનું જીવન નિર્મળ, સેવાભાવનાથી ભરપૂર અને પ્રભુમય હોય છે.

મૂળ ભાદરણના પરંતુ વરસોથી વડોદરામાં વસતા શ્રી જશભાઈ એવા જ એક અસાધારણ દેવપુરુષ છે એમાં શંકા નથી.

વ્યવસાયે વકીલ કિન્તુ સ્વભાવે સેવાભાવી ને સાત્વિક આચારવિચારવાળા માનવરત્ન અથવા ઋષિ.

હવે એ એમના નામ પ્રમાણે વ્યવસાયમાં અને જીવનની ઈતર સેવાપ્રવૃત્તિમાં મોટા ભાગે યશસ્વી બનીને અધિકતર લૌકિક રીતે નિવૃત્ત પ્રભુપરાયણ જીવન જીવી રહ્યા છે.

મારો અને એમનો પ્રત્યક્ષ પરિચય છેલ્લાં થોડાંક વરસોનો ને પ્રવચનને લીધે થયેલો.

છેલ્લાં ત્રણચાર વરસોથી તો એમની મોટર લઈને એ એમના સુપુત્ર સાથે મારા નિવાસસ્થાને આવી પહોંચે ને પ્રવચનસ્થળે પહોંચાડવાનું ને ત્યાંથી મોટરમાં પાછા લાવવાનું સેવાકાર્ય કરે.

એ સેવાકાર્યથી એમને સહજ રીતે પ્રસન્નતા થાય.

એ વાતચીત નીકળતાં વારંવાર નમ્રતાપૂર્વક કહે, મોટર અમારી નથી પરંતુ તમારી જ છે. જ્યારે પણ જરૂર જેવું લાગે ત્યારે મંગાવી લેજો. તમારી સેવા થાય, તમારા કામમાં આવે, એનાથી એનો વધારે સારો બીજો ઉપયોગ કયો હોઈ શકે ?

એમના પુત્ર પણ સુપુત્ર કે પુત્રરત્ન કહેવાય તેવા. પિતૃભક્ત. પિતાને પ્રત્યક્ષ દેવ માનીને એમની સેવામાં, એમના એકનિષ્ઠ આજ્ઞાપાલનમાં, અહર્નિશ તત્પર રહે.

એ અધિકતર જાતે જ મોટર ચલાવે.

બંનેની વચ્ચે વિચારોની અને ભાવોની એકવાક્યતા. એમનાં મન લગભગ એક જેવાં.

ભાવનગરમાં તારીખ ૪-૧૦-૧૯૮૦ના દિવસે માતાજીએ પોતાના પાર્થિવ તનુનો પરિત્યાગ કર્યા પછી વીસેક દિવસ બાદ અમે એમના સ્થૂળ અવશેષોના વિસર્જનની ઈચ્છાથી પ્રેરાઈને ઉત્તર તથા પૂર્વ ભારતની એક મહિનાની યાત્રા આરંભી. એ યાદગાર યાત્રા વડોદરાથી શરૂ થઈ. દક્ષિણ ભારતના પુણ્યપ્રવાસ વખતે અમે જેમની મોટરમાં નીકળેલાં તે રાજકોટવાળા સેવાભાવી ભાઈ શાંતિભાઈ આ વખતે પણ પોતાની મોટરને લઈને સ્વેચ્છાથી યાત્રામાં આવવા તૈયાર થયા એટલે એક મોટરનો પ્રશ્ન તો ઊકલી ગયો, પરંતુ બીજી મોટરનો સવાલ ઊભો રહ્યો. મને થયું કે વડોદરા પહોંચીને બીજી મોટર માટે તપાસ કરીશું, ને ઈશ્વર જે કરશે તે યોગ્ય જ કરશે.

ભાવનગરથી અમે અમદાવાદ થઈને વડોદરા આવ્યા ત્યારે અલકાપુરીના જીતુભાઈના મકાનમાં પ્રવેશતાં જ જોયું તો જશભાઈ એમના સુપુત્ર સાથે અમારી પ્રતીક્ષા કરતા બેઠકના ખંડમાં બેઠેલા. એમને અમારા આગમનની માહિતી એક અથવા બીજી રીતે મળી ગયેલી એટલે એ દર્શનાર્થે આવેલા.

માતાજીના લીલાસંવરણની ઔપચારિક વાતચીત પછી એમની સાથે સ્વાભાવિક રીતે જ માતાજીના અવશેષવિસર્જનની વાત નીકળી, તો એમણે પૂછયું, ‘કેવી રીતે ને ક્યારે જવા માગો છો ?’

મેં જણાવ્યું : ‘ઘરની મોટરમાં કે ટેક્ષીમાં. બે દિવસ પછી એટલે કે અઠ્ઠાવીસમી તારીખે નીકળવાનો વિચાર છે.’

‘પ્રવાસ લગભગ કેટલા દિવસનો રહેશે ?’

‘એક મહિનો તો થશે જ.’

ઈશ્વરે જાણે કે એમને મોટરની મદદ કરવા માટે જ મોકલ્યા હોય એમ એ તરત જ બોલ્યા : ‘ બીજી મોટરની તપાસ કરવાની જરૂર નથી. મારી મોટર તમારી જ છે. તે તમારી સેવા માટે વપરાશે એથી અધિક સારું ને કલ્યાણકારક બીજું શું હોઈ શકે ? એ મોટર લઈ જજો. ફક્ત એને માટે કોઈક ધાર્મિક પ્રકૃતિનો, સારો, ડ્રાયવર શોધવો પડશે. તે પણ મળી રહેશે. અમારો ડ્રાયવર કારણવશાત્ આવી શકે તેમ નથી. મોટર બધી રીતે સારી છે. વચ્ચે બે દિવસ છે તે દરમિયાન એને ગૅરેજમાં મૂકીને અપ-ટુ-ડેટ કરાવી દઈશું.’

‘પરંતુ અમારે લીધે તમને કેટલી મુશ્કેલી પડે ?’

‘મુશ્કેલી કશી જ નથી. હું રોજ સવારે મંગળાના દર્શને જઉં છું તે વખતે રીક્ષામાં જઈશ. મહિનો તો ક્યાંય નીકળી જશે. રીક્ષાઓ ઘણી મળે છે. તમે અમારી ચિંતા ના કરશો. મોટર જરૂર લઈ જાવ. હવે બીજી કોઈ મોટરની તપાસ ના કરતા.’

મેં એમની સદ્દભાવનાને જોઈને એમને અભિનંદન આપ્યાં.

આવા કપરા કાળમાં આટલા લાંબા વખતને માટે મોટર કોણ આપે ?

એમણે બે દિવસમાં તો ડ્રાયવર પણ મેળવી લીધો.

અઠ્ઠાવીસમીએ અમે યાત્રા માટે રાજકોટની મોટર સાથે પ્રસ્થાન કર્યું ત્યારે એમણે વિદાય આપતાં જણાવ્યું : ‘પેટ્રોલ ભરી દીધું છે. ડ્રાયવરને પગાર અમે આપીશું. તમે ના આપતા.’

‘પગાર તો અમે જ આપીશું’

એ વાત એમને સ્વીકાર્ય નહોતી.

છેલ્લે છેલ્લે ભાવભીની આંખે બોલ્યા : ‘મહિનાથી વધારે થાય તો પણ ચિંતા નથી. નિરાંતે ફરજો.’

એમના સુપુત્રે પણ એમાં સૂર પુરાવ્યો.

અમે એ દેવપુરુષને નિહાળી રહ્યાં. દેવને શોધવા માટે ક્યાં જવાનું છે ? એ આપણી આજુબાજુ જ હોય છે. ફક્ત એમને ઓળખવાની દૃષ્ટિ જોઈએ.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૯. જશભાઈની અલિપ્તતા

માતાજીના અસાધારણ અલૌકિક અવશેષોના સરિતાવિસર્જનનો કલ્યાણકાર્યક્રમ પરિસમાપ્તિ પર પહોંચ્યો.

એ કલ્યાણકાર્યક્રમ સર્વપ્રકારે સુખમય, શ્રેયસ્કર, પ્રેરમાત્મક રહ્યો.

એને માટે પસાર કરેલો એક મહિનો ક્યાં વીતી ગયો એની ખબર પણ ના પડી.

વડોદરાવાળા સેવાભાવી સત્પુરુષ જશભાઈની મોટર યાત્રા દરમિયાન સાતેક હજાર કિલોમીટર ફરી. એ સંભારણું અતિશય આનંદજનક હોવા છતાં, એની જે દુર્દશા થયેલી તે ખૂબ જ દુઃખદ હતી.

એ દુર્દશામાં દેવપ્રયાગથી પાછા ફરતી વખતના મોટર-અકસ્માતે અને એ પછીના ડ્રાયવરના બેજવાબદાર ને આવડત વગરના ડ્રાયવિંગે મહત્વનો નોંધપાત્ર ભાગ ભજવેલો.

એને તો એ માટે લેશમાત્ર અફસોસ ન હતો; પણ મોટરની દશા દેખીતી રીતે જ ખૂબ જ કરુણ કે કફોડી થઈ ગયેલી.

એક નવયૌવનથી તરવરતા નવયુવકને જાણે કે એકાએક વૃદ્ધાવસ્થા વળગેલી અથવા નીરોગી માનવને ભયંકર અસાધ્ય રોગોની પરંપરા ઘેરી વળેલી.

મા સર્વેશ્વરીને એ દેખીને સ્વાભાવિક રીતે જ અસાધારણ દુઃખ થતું. એમણે અવારનવાર કહ્યું પણ ખરું કે વડોદરા પહોંચીને આવી ખરાબ મોટર જશભાઈને કેવી રીતે પાછી આપીશું ? એમને કેવું લાગશે ? મને તો થાય છે કે આપણે સઘળાં યાત્રીઓ મોટરને સંપૂર્ણપણે સારી કરાવીને પછી જ એમને સુપ્રત કરીએ. આપણે સામાન્ય માનવ તરીકે પણ આપણા કર્તવ્યનો ખ્યાલ કરીને એટલું કરવું જોઈએ.

એમની વાતને સૌએ વધાવી લીધી. સૌએ સહર્ષ સર્વાનુમતિથી નક્કી કર્યું કે મોટરને સારી કરાવીને જ પાછી સોંપવી.

વડોદરા પહોંચ્યા પછી ડ્રાયવર ક્યાં ગયો તેની ખબર ના પડી. મોટર અમે અલકાપુરી મૂકીને જશભાઈને ખબર આપી.

સાંજે જશભાઈ એમના સુપુત્ર સાથે આવી પહોંચ્યા. એમને સઘળી પરિસ્થિતિથી સુપરિચિત કરીને મોટરને યાત્રીઓ તરફથી ગૅરેજમાં આપવાનો નિર્ણય જણાવ્યો તો તેમણે તરત જ કહ્યું : 'મેં મોટરને જોઈ છે. એ બગડી છે તો કાંઈ નહી. સારી થઈ જશે. તમે એમાં બેઠાં અને એ આટલી સરસ શકવર્તી યાત્રા કરી આવી એ કાંઈ ઓછું છે ? એ એનું સદ્દભાગ્ય. ડ્રાયવરને અમે ઓળખતા નહોતા. એને છેલ્લી ઘડીએ કોઈની ભલામણ પરથી લીધેલો. પરંતુ હરકત નહીં. તમે સુખરૂપ યાત્રા કરી આવ્યાં એટલે થયું. એ મોટરને તમારે ગૅરેજમાં આપવાની ના હોય. અમે જ આજે આપીશું. તમારે દેવપ્રયાગથી પાછાં આવતાં ઍક્સિડન્ટના આઠસો રૂપિયા આપવા પડ્યા તે પણ હું આપી દઉં.'

એમણે ઘણો જ આગ્રહ કર્યો પણ અમે તે રકમ ના લીધી.

મોટરના રીપેરિંગ પેટે એમણે અમારી પાસેથી કશું જ ના લીધું. મોટરને પિતાપુત્ર ગૅરેજમાં લઈ ગયાં.

એ બંનેના મુખમંડળ પર મોટરની દુર્દશાને દેખીને જરા પણ ઉદ્વેગ ના થયો. મને પેલું ગીતાવચન યાદ આવ્યું : 'દુઃખમાં જેમનું મન ઉદ્વેગ રહિત હોય છે.'

**दुःखेष्वनुद्विग्नमनाः**

'જે સર્વત્ર આસક્તિરહિત હોવાથી શુભની પ્રાપ્તિથી હરખઘેલો નથી બનતો અને અશુભની પ્રાપ્તિથી ખેદ, દ્વેષ કે શોક નથી કરતો તેની પ્રજ્ઞા સ્થિર કે પરમાત્મામાં પ્રતિષ્ઠિત છે એમ સમજવું.'

**यः सर्वत्रानभिस्नेह तत्तत्प्राप्य शुभाशुभम्**
**नाभिनंदति न द्वेष्टि, तस्य प्रज्ञा प्रतिष्ठिता.**

પિતા તથા પુત્ર બંને એવી ઉચ્ચ યોગ્યતાથી સંપન્ન લાગ્યા.

બીજે દિવસે મને મળવા આવ્યા ત્યારે પણ એ બંને એવા જ સ્વસ્થ, શાંત, પ્રસન્ન દેખાયા. જતી વખતે જશભાઈ પાછા બોલ્યા : 'મોટર તમારી જ છે. જ્યારે પણ જરૂર પડે ત્યારે મંગાવી લેજો. સહેજ પણ સંકોચ ના રાખશો.'

ધન્ય એ જશભાઈ, ધન્ય એમના સુપુત્ર.

મારા અંતરમાંથી ઉદ્દગારો નીકળી પડ્યા.

સંસારમાં રહીને માનવ પ્રતિકૂળ પરિસ્થિતિની વચ્ચે પણ આવી અલિપ્તતા રાખી કે દર્શાવી શકે એ વાસ્તવિકતા - વિકાસની એવી ભૂમિકા કાંઈ ઓછી અગત્યની ના ગણાય. એ ભૂમિકાને સ્થિતપ્રજ્ઞની ભૂમિકા કહો, જ્ઞાનની ભૂમિકા કહો, પરમાત્મપરાયણ ભગવદ્દભક્તની ભૂમિકા કહો, કે 'પદ્મપત્રમિવાંભસા' એટલે કે પાણીની વચ્ચે અલિપ્ત રીતે રહેનારા શ્રીમદ્દભગવદ્દગીતામાં વર્ણવાયેલા કમળદળની દશાની ભૂમિકા કહો; ગમે તે કહો પરંતુ છે પરમપ્રેરક, આદરપાત્ર, અભિનંદનીય, આશ્ચર્યકારક છતાં પણ અનુકરણીય, એમાં શંકા નથી.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૦. રોટલી ભાવી

સાચા અર્થમાં, જરાક ઊંડા ઊતરીને જોઈએ, વિચારીએ તો માનવ શું કરે છે, શું કરી શકે છે ? એ જે કરી શકે છે કે કરતો દેખાય છે તેનું મુખ્ય કારણ પરમાત્માની પરાત્પર પરમશક્તિ જ છે. એના સિવાય એનાથી કાંઈ જ નથી થતું. ભક્ત કવિ નરસિંહ મેહતાએ કહ્યું છે તેમ, સૃષ્ટિની સમસ્ત પ્રવૃત્તિઓનું પ્રધાન પ્રેરક પરિબળ એ જ છે :

'સૃષ્ટિ-મંડાણ છે સર્વ એણી પેરે,
જોગી જોગેશ્વર કોઈક જાણે.'

બરાબર છે. એની અકળ કળાને, અનહદ અનુકંપાને, અચિંત્ય લોકોત્તર શક્તિને કોઈક સ્વાનુભૂતિસંપન્ન વિરલ યોગીપુરુષ જ જાણે છે અને કોઈક સાધનાપરાયણ માનવ માને છે.

એ જે ધારે છે તે કરે છે.

માનવનું માનેલું ને મનાવેલું, ધારેલું ને ધારવા માગેલું, બાજુ પર રહી જાય છે.

એને માટે કશું જ અશક્ય નથી હોતું.

માતા જ્યોતિર્મયીના અસ્થિવિસર્જનના કાર્યક્રમ નિમિત્તે અમે ૨૮મી ઑકટોબરે સવારે વડોદરાથી નીકળ્યાં ત્યારે મારું સ્વાસ્થ્ય સંતોષકારક હોવા છતાં ખોરાકની સમસ્યા આશરે એકાદ વરસથી એવી જ અસંતોષકારક હતી. છેલ્લા નવેમ્બરના અતિભયંકર હાર્ટ-ઍટેકમાંથી ઊગર્યા પછી અમુક વાનગીઓ ગમતી અને અમુક બિલકુલ નહોતી ગમતી. દાખલા તરીકે, રોટલી તથા દાળની રુચિ જ નહોતી થતી. એ ભાવતી નહીં અને એમના તરફ મન જતું જ નહીં. કેટલાંક લાગણીવાળાં પ્રેમીજનોને એની ચિંતા હતી. એમને થતું કે યાત્રા દરમિયાન બહાર બધે દાળ ને રોટલી મળતી હોય તે નહીં ભાવે તો થશે શું ? ખાવાનું શું રહેશે ?

એમણે સુખડી, મગજ જેવી તૈયાર વાનગીઓ ને રસ્તામાં રસોઈ બનાવવા માટે સીધાસામાન તથા જરૂરી વાસણોને સાથે લેવાનો પ્રસ્તાવ મૂક્યો. પરંતુ મેં એનો એટલા માટે પણ અસ્વીકાર કર્યો કે સાથેનાં સઘળાં યાત્રીઓની રસોઈ નહીં બનાવી શકાય, અને રોજરોજ બધા બહાર જમે ને મારે માટે રસોઈ બને તે ઠીક નહીં.

મને પરમાત્માની પરમશક્તિમાં શ્રદ્ધા હોવાથી મેં જણાવ્યું કે યાત્રામાં તમે ધારો છો ને માનો છો એવી કશી જ તકલીફ નહીં પડે. પરમશક્તિએ સઘળું આયોજન કરી રાખ્યું જ હશે. એને મારી વિશેષ ચિંતા છે.

તો પણ યાત્રાના સહયાત્રીઓને સંપૂર્ણ સંતોષ ના થયો.

કેવી રીતે થાય ?

એમની બુદ્ધિ એમની રીતે વિચારી રહેલી.

પ્રથમ દિવસે વડોદરાથી નીકળીને અગિયાર વાગ્યાની આસપાસ અમે સુપ્રસિદ્ધ તીર્થસ્થળ શામળાજી પહોંચ્યાં.

મંદિરમાં જઈને દર્શનનો લાભ લીધો.

ભગવાનને શામળા કે શ્યામ કહેવામાં આવે છે. એટલે એમનું શામળાજી નામ સહેલાઈથી સમજી શકાય તેમ હતું. મંદિર પુરાતન ને સુંદર હતું. વિશાળ પણ એટલું જ.

દર્શન પછી ભોજનવિધિની તૈયારી કરવાની હતી.

થોડીક શોધખોળ પછી એક નાનુંસરખું છતાં સ્વચ્છ ભોજનાલય દેખાયું.

આવશ્યક તૈયારી કરાવીને એમાં ભોજન માટે પ્રવેશ્યાં.

ભોજન પીરસાવા માંડ્યું. દાળ, ભાત, શાક, રોટલી.

બધાંને થયું શું થશે, ખવાશે કે નહિ ખવાય. પરંતુ એમના આશ્ચર્ય અને આનંદ વચ્ચે ભોજન આવ્યું. રોટલી તથા દાળ ગમી.

એકાદ વરસ પછી પહેલી જ વાર રોટલી ભાવી. સારી રીતે ભાવી.

પરમાત્માની પરમશક્તિએ અસાધારણ મધુતા મૂકી.

સુદામાના તાંદુલ, વિદૂરની ભાજી, શબરીના બોરને જેણે મીઠાં અમૃતમય કરેલાં તે શું ના કરી શકે ?

સૌની ચિંતા ટળી.

જમીને પર્વતોથી વીંટળાયેલા એ પ્રદેશમાં સરિતાના પ્રશાંત તટ પાસે, વૃક્ષોની શીતળ છાયામાં થોડોક વિશ્રામ કર્યો.  કુદરતના ખોળામાં.

મધ્યાહ્ન પછી યાત્રાનો પુનઃ પ્રારંભ કર્યો.

એ પછીની એક મહિનાની એ યાત્રા દરમિયાન બેચાર દિવસને બાદ કરતાં રોજ રોટલી, દાળ મળતી રહી.

પરમાત્માની પરમકૃપાથી એ ભાવી. કદી પણ કંટાળો ના આવ્યો.

પરમાત્માની પરમશક્તિથી શું ના થાય ? પોતાના શરણાગતનું એ સદાય સંપૂર્ણપણે ધ્યાન રાખે છે.

એનો એક અધિક અવનવો અવિસ્મરણીય અનુભવ મળ્યો.

એ ખૂબ જ ઉપકારક ઠર્યો.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૧. કાંકરોલીના પંડિત

શામળાજીથી અમારી મોટરો આગળ ચાલી.

ગુજરાતના ગૌરવવંતા પુણ્યપ્રદેશને છોડીને રણશૂરા વીરપુરુષોથી પંકાતા રાજસ્થાનમાં

ઉદેપુર, એકલિંગજી, હલદીઘાટી, નાથદ્વારા, કાંકરોલી.

હલદીઘાટીએ મધ્યયુગના વીતેલા ઈતિહાસપ્રસંગની સ્મૃતિ કરાવીને રાષ્ટ્રભક્તિને તાજી બનાવી. નવપલ્લવિત કરી. અભિનવ પ્રેરણા ધરી.

એ ઐતિહાસિક અમર સ્થળમાં ધર્મ, સંસ્કૃતિ, સિદ્ધાંત અને આદર્શને માટે વખણાતા ટેકીલા રાજા મહારાણા પ્રતાપનો મોગલો સાથે મુકાબલો થયેલો. મહારાણા પ્રતાપના પરમ વફાદાર ઘોડા ચેતકનું નદીને ઓળંગતાં મરણ થયેલું. એની અસાધારણ સ્વામીભક્તિ તથા વફાદારીપૂર્વકના સમર્પણના બદલામાં ત્યાં નાનકડું છતાં સુંદર સ્મારક કરવામાં આવ્યું છે. એ સ્મારક પ્રેરણાત્મક છે.

કાંકરોલી નાથદ્વારાની જેમ વૈષ્ણવોનું પુણ્ય પ્રવાસધામ કહેવાય છે. ત્યાંનું મંદિર તો ખાસ મોટું નથી પરંતુ તળાવ ખૂબ જ વિશાળ તથા સુંદર છે.

એ તીર્થસ્થળમાં પ્રવેશીને નગરના મુખ્ય રસ્તા પરથી પસાર થઈને અમારી મોટર મંદિરની પાછળના બજારમાં ઊભી રહી ત્યારે અમારી પાસે કોઈક પંડિત આવી પહોંચ્યાં. એમને જોતાવેંત જ એમના વ્યક્તિત્વની વિશેષતાનો ખ્યાલ આવ્યો. મસ્તક પર ભરાવદાર વાળ તથા જટા, વિશાળ તેજસ્વી કપાલ, તેજસ્વી થોડીક અશાંત દેખાતી આંખ અને મુખમુદ્રા. ગૌર જેવા શરીર પરનાં સામાન્ય વસ્ત્રો પર ઓઢેલી ભગવન્નામની છાપવાળી ચાદર. હાથમાં કશુંક પોથી જેવું. ઉઘાડા પગની ઉપરની ભાગમાં થોડુંક મેલું કહી શકાય એવું ધોતિયું.

મોટર પાસે આવીને પહેલાં તો એમણે મારી તરફ જોયા કર્યું ને મારું ધ્યાન એમના તરફ બરાબર ખેંચાયું એટલે કહ્યું : 'તમને જેટલો જોઈએ, મળવો જોઈએ તેટલો યશ નથી મળતો. રાતે જરા વધારે જાગતા રહો ને સાધના કરો. તમે ખૂબ જ ભાગ્યશાળી છો.'

એ બધું કહેવાનું એમનું તાત્પર્ય મારી પાસેથી પૈસા મેળવવાનું હતું. એમણે પૈસાની માગણી પણ કરી. મેં એમને થોડીક રકમ આપી. એ એમને ઓછી પડી. મેં એમને શાંતિભાઈ પાસે મોકલ્યા.

એમની પાસે પહોંચીને એમણે વગર પૂછ્યે જ એમની ભૂતભાવિને કહેવાની લાક્ષણિક ઢબે બોલવા માંડયું : 'ભાગ્ય સારું છે. લક્ષ્મીનો સુયોગ સારો છે. પરંતુ કોઈ ને કોઈ વિઘ્ન આવ્યા કરે છે. વિરોધી પેદા થાય છે. હજુ ઘણું સારું કમાશો. સુખી થશો. આળસ છોડીને રાતે જાગીને ભજન કરો. સંગ સારો રાખો.'

એમણે સારી એવી રકમ મેળવવાની ઈચ્છાથી હાથ લંબાવ્યો પણ શાંતિભાઈએ આપેલી રકમ એમને ઓછી લાગી. વારંવાર ના કહેવા છતાં અને સમજાવવા છતાં એમણે એમની માગણી ચાલુ રાખી. એને સંપૂર્ણપણે સંતોષી શકાય તેમ ના હોવાથી અમે ત્યાંથી મંદિરના માર્ગે આગળ વધ્યાં.

પંડિતજી છેવટ સુધી માગતા જ રહ્યા.

એમની પાસે વિદ્યા હતી પરંતુ તે વિદ્યા ભુક્તિને માટે હતી, મુક્તિને માટે નહોતી વપરાતી. વિદ્યાવાન જ્યારે યાચક બને છે ત્યારે હાથે કરીને પોતાના મહિમામાંથી ચ્યુત થઈને દીન બને છે. વિદ્યાની સાથે દીનતા અથવા યાચના ના હોય તો તે વિદ્યા માનવની મહામૂલી મૂડી બનીને તેને અને અન્યને તારે છે.

પંડિતને મેં છૂટા પડતાં પહેલાં એ વાત કહી સંભળાવી. એમને એ સમજાઈ પણ ખરી. તો પણ એમની આદત આગળ એ લાચાર લાગ્યાં.

જે સમજ્યા સિવાય કરે છે એનાં કરતાં જે સમજીને દોષ કરે છે એ અધિક અપરાધી અથવા દોષિત છે એમાં શંકા નથી.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૨. દેવપ્રયાગ અને અકસ્માત

દેવપ્રયાગનો ચિરપરિચિત પાવન પુણ્યપ્રદેશ.

આજુબાજુ બધે જ આકાશને અડવાની અભિપ્સાવાળા અવનીના અનુરાગની અભિવ્યક્તિ જેવા પ્રચંડકાય પર્વતો, એમની ગોદમાં નાનુંસરખું છતાં સુંદર, અવલોકતાંવેંત જ આંખમાં વસી જાય એવું ગામ, વચ્ચે રઘુનાથજીનું સુંદર સુપ્રસિદ્ધ પ્રાચીન મંદિર, એની ઉપર - થોડેક ઉપર કીર્તિનગર કે બદરીનાથનો મોટર રોડ, અને છેક જ નીચે બદરીનાથની પુણ્યભૂમિમાંથી આવતી અલકનંદાનો અને ગંગોત્રીની ગૌરવભૂમિમાંથી આવી પહોંચતી ભગવતી ભાગીરથીનો સુંદર ચિત્તાકર્ષક હૃદયંગમ સંગમ. અલંકનંદા અને ભાગીરથી બંને નદી પર બે જુદીજુદી દિશાના દેવપ્રયાગમાં પ્રવેશવાના પુલ. આખુંય દૃશ્ય કેટલું બધું અવર્ણનીય અને આનંદદાયક હતું ? એને જોઈને અંતર ઊછળવા લાગ્યું. એની પૂર્વસ્મૃતિજન્ય કલ્પના જ કેટલી બધી રસપ્રદ હતી ? એ અસાધારણ સૌન્દર્યસભર દૃશ્યને એ પહેલાં અનેકવાર જોયેલું તો પણ સુંદરતા કે રમણીયતા ક્ષણેક્ષણે નવીન જ લાગે - 'ક્ષણે ક્ષણે યન્નવતામુપૈતિ તદેવ રૂપં રમણીયતાઃ' ની પેઠે એ એટલું જ સુંદર, આકર્ષક, અદ્દભૂત લાગ્યું.

અંગ્રેજ કવિ કીટ્સે કહ્યું છે કે સૌન્દર્યસભર વસ્તુ સદાને માટે શાશ્વત આનંદ આપે છે. એ આનંદરૂપ જ હોય છે - A thing of beauty is a joy forever. દેવપ્રયાગના પુણ્યપ્રદેશના સંબંધમાં પણ એવું જ બન્યું. એના અવલોકને અપાર્થિવ આનંદ પૂરો પાડ્યો.

માતાજી જ્યોતિર્મયીના લીલાસંવરણના શકવર્તી પ્રસંગ પછી પ્રારંભાયેલા એમના અસ્થિવિસર્જન નિમિત્તના પુણ્યપ્રવાસમાં દેવપ્રયાગનો પણ સમાવેશ સ્વાભાવિક રીતે જ કરવામાં આવેલો. એ સ્થાનમાં માતાજી મારી સાથે છેલ્લાં બે વરસ સુધી રહ્યા હોવાથી એનો મહિમા અમારા જીવનમાં વિશેષ હતો.

દેવપ્રયાગની પુણ્યભૂમિમાં રાતે પહોંચ્યા પછી અમે પી.ડબલ્યુ.ડી. ના ગઢી પરના ગેસ્ટ હાઉસમાં રહેવાનું પસંદ કરેલું. એ ગેસ્ટહાઉસ સર્વપ્રકારે સાનુકૂળ હતું. ત્યાંથી મંદિર, સંગમ, કીર્તિનગર મોટર રોડ, સઘળું સામે જ દેખાતું. સવારે સૂર્યોદય વખતે એ સૌનું અવલોકન અદ્દભુત લાગ્યું.

સવારે સ્નાનાદિથી પરવારીને સૌથી પ્રથમ કામ ગઢીમાં ગેસ્ટહાઉસની પાસેના મકાનમાં રહેતા ભગતરામ વૈદરાજને બોલાવવાનું કર્યું. ભગતરામ વૈદરાજ મારા દેવપ્રયાગના નિવાસકાળથી જ પરિચિત હતા. સમાચાર સાંભળીને એ એમના સુપુત્ર ભૈરવદત્ત સાથે આવી પહોંચ્યા અને અતિશય આગ્રહપૂર્વક પોતાને ઘેર લઈ ગયા. મારા ઈ.સ. ૧૯૪૭ના નવરાત્રીના પાણી પરના કઠોર ઉપવાસ દરમિયાન એમની ધર્મપત્નીએ ઉપવાસની વાત જાણીને ઉપવાસની પૂર્વસંધ્યાએ જ મને પેંડા મોકલેલા. એમનો ઉપયોગ મેં ઉપવાસના નિયમપાલનને લીધે નહીં કરેલો. એ ભાવિક શ્રદ્ધાભક્તિસંપન્ન સન્નારીની સ્મૃતિ હજુ તાજી હતી. પરંતુ એની ત્યાં ઉપસ્થિતિ ન હતી. એનું શરીર શાંત થયેલું. કાળ કાળનું કાર્ય કર્યા કરે છે. કાળ સર્વનો લોપ કરે છે પરંતુ સ્મૃતિનો નાશ નથી કરી શકતો.

એ સરળ હૃદયની સેવાભાવી શ્રદ્ધાળુ સન્નારીને શ્રદ્ધાંજલિ આપી. જૂના જાય છે ને નવાં એમનું સ્થાન લેવા તથા પોતાનો પાઠ ભજવવા તૈયાર થાય છે, એ ન્યાયે વૈદરાજનું ઘર ખાલી નહોતું પડ્યું. એ

સ્વર્ગવાસિની સન્નારીના રિક્ત સ્થાનની પૂર્તિ તો થઈ શકે તેમ હતી જ નહીં, તો પણ એના પુત્રોના પરિવારને લીધે ઘર સૂનું નહોતું લાગતું.

ગઢીથી પાછળના ભાગમાં અમે વરસો પહેલાં રહેતા તે ભારતીબાબાના બગીચાના નામથી ઓળખાતા સ્થાનવિશેષમાં બંધાયેલી કુટિયા દેખાતી. સૌએ એના દર્શનનો દૂરથી લાભ લીધો. ત્યાં પહોંચવાની ને કુટિયાને છેક જ સમીપથી જોવાની સૌ સહયાત્રીઓની ઈચ્છા હોવાથી ત્યાં જવાનો નિર્ણય કર્યો. કુટિયા પાસે પહોંચવાના મુખ્ય રસ્તા બે હતા. એક રસ્તો ઋષિકેશ મોટર રોડ પરથી ઉપર ચઢવાનો અને બીજો રસ્તો ગઢીના ઊંચા સ્થળથી નીચે ઉતરવાનો. બંને રસ્તા નાની નાજુક પર્વતીય પગદંડીના જ હતા. ચઢાઈના કષ્ટસાધ્ય રસ્તાને ટાળીને અમે ગઢીથી ઊતરવાનો પગદંડીનો પ્રમાણમાં ઓછા પરિશ્રમવાળો રસ્તો પસંદ કર્યો. એ પર્વતીય પગદંડીના પથ પરથી પસાર થવાનું પણ સૌને સહેલું ના લાગ્યું. તો પણ પગદંડીની બંને બાજુના છોડ તથા પથ્થરની મદદ લઈને સૌ ઉત્સાહ તથા હિંમતપૂર્વક કુટિયા પાસે પહોંચી ગયા.

મારી પર્વતની વરસો પહેલાંની ને વરસો સુધીની એ તપશ્ચર્યાભૂમિને મેં મનોમન પ્રણામ કર્યા. એણે મને ઊગતી યુવાનીમાં આશ્રય આપીને, એકાંતિક સાધના-આરાધનાનો અમુલખ અવિસ્મરણીય અવસર પૂરો પાડીને, મારી પરમકલ્યાણકારક કાયાપલટ કરેલી. એને ભૂલેચૂકે પણ કેવી રીતે ભુલાય ? મારે મન એ ભૂમિ મહાન મંગલ તીર્થભૂમિ હતી. સૌ એને અવલોકીને પ્રસન્ન બન્યાં.

માતાજીની અસંખ્ય સ્મૃતિઓ ત્યાં તાજી થઈ.

ગુજરાતના એક દૂર-સુદૂરના નાનાસરખા ગામમાંથી સર્વ સુખને સ્વૈચ્છિક તિલાંજલિ આપીને એકાંત અરણ્યમાં મારી પાસે રહેવા માટે આવેલાં માતાજી ત્યાંના અભાવગ્રસ્ત, ભલભલા મહાત્માના મનની કસોટી કરે તેવા, મહાભયંકર વાતાવરણમાં કેવી રીતે રહેતાં હતાં, એ વખતનું જીવન કેટલું બધું કષ્ટપ્રદ અને કસોટીકારક હતું તેનો સૌને ખ્યાલ આપ્યો. એ એકાંત શાંત સ્થળમાં કશા જ સવિશેષ સાધન સિવાય કેવળ ઈશ્વરની કૃપાથી જ રહી શકાયું. હિંમત એણે જ આપી. ધગશ, લગન, સમજ, શક્તિ, ભક્તિ તથા નિષ્ઠા એણે જ પૂરી પાડી. જે વખતે જે જરૂરી હતું તે પડદા પાછળ રહીને છતાંય સક્રિય રીતે કરાવ્યું.

એ કુટિયાને તૈયાર કરાવનારા સત્પુરુષ ચક્રધર જોશી પણ તાજેતરમાં જ સ્વર્ગવાસ પામેલા. કુટિયાની સાથે એમની સ્મૃતિ પણ સજીવ હતી.

પગદંડીના વિકટ પથ પરથી ધીમેધીમે ઊતરીને અમે નીચે આવ્યાં. એ પથ પરથી અમે વરસો પહેલાં કેટલીયવાર પસાર થયેલાં. માતાજી પ્રત્યેક એકાદશીએ સવારે સંગમસ્નાન માટે જતાં. તેમને સૌથી પ્રથમ કેવી ને કેટલી તકલીફ પડી હશે ! એ એકાંત વિકટ સ્થાનમાં રહેવું એ પણ તપ હતું.

મોટર-સ્ટેન્ડથી આગળ વધીને અમે સંગમસ્થળ પર પહોંચ્યાં. માતાજીના અવશેષોના એક પાત્રનું ત્યાં પણ વિસર્જન કરવાનું હતું. સંગમનું દૃશ્ય કેટલું બધું અદ્દભુત હતું !

એક બાજુથી અલકનંદા અને બીજી બાજુથી ભગવતી ભાગીરથી બંને એકમેકને અવર્ણનીય અનુરાગથી ઊભરાઈને આલિંગતી હોય એવું લાગતું હતું. સૂર્યપ્રકાશમાં એ આખુંય દૃશ્ય અનેરો આનંદ આપતું.

મા સર્વેશ્વરીની સહાયતાથી એ અતિશય પ્રબળ ગતિએ વહેતા સંગમપ્રવાહમાં માતાજીના સ્થૂળ અવશેષોના એક બીજા પાત્રને પ્રવાહિત કરવામાં આવ્યું.

એ પછી સ્નાનાદિથી પરવારીને સંગમસ્થાનની પાસેની નાનકડી ગુફાની બહાર બેસીને ધ્યાન કરીને રઘુનાથ મંદિરના દર્શને ગયાં.

દેવપ્રયાગના નિવાસકાળ દરમિયાન અમારી જુદીજુદી રીતે સ્નેહપૂર્વક સેવા કરનારા ભાઈ મગનલાલને કેવી રીતે ભુલાય ? ટાઈફોઈડની અતિભયંકર લાંબી બીમારી વખતે પોતાને ઘેર લઈ જઈને એ સેવાભાવી સત્પુરુષે મારી મહામૂલ્યવાન સેવા કરેલી. એ તો અત્યારે હયાત નહોતા પરંતુ એમનો પરિવાર હતો. મા સર્વેશ્વરીની અમે જે રૂમમાં રહેલાં તે રૂમને જોવાની ખાસ ઈચ્છા હોવાથી અમે એમના મકાનની મુલાકાત લીધી.

મગનલાલની પત્ની તથા એમના સુપુત્ર તુલસીરામે અમારું ખૂબ જ સ્નેહ સાથે ભાવવિભોર બનીને સ્વાગત કર્યું. માતાજીનું ને ભૂતકાળની અનેક ઘટનાઓનું સ્મરણ કરીને સૌ ગદ્દગદ બન્યાં.

મગનલાલની ધર્મપત્નીના પ્રેમભાવને પેખીને સૌને રામાયણકાળની શબરીની સ્મૃતિ થઈ આવી.

વૈદરાજ એ સમગ્ર સમય દરમિયાન અમારી સાથે જ રહ્યા. એમનો સ્નેહ અને સેવાભાવ અજબ હતો. એમને અમે અવારનવાર પાછા ફરવા માટે જણાવી જોયું. પરંતુ એ એવું કહીને સાથે જ રહ્યા કે આવો અવસર ફરીવાર ક્યારે મળવાનો છે ?

o

## મોટર અકસ્માત

દેવપ્રયાગથી બીજે દિવસે મધ્યાહ્ન પછી થોડોક વિશ્રામ કરીને અમે ઋષિકેશ જવા નીકળ્યાં. વળાંક પર વળાંક લેતી વખતે અને ક્યાંક ચઢતીઊતરતી તો ક્યાંક સીધા રસ્તા પરથી પસાર થતી અમારી બંને મોટરો આગળ વધી. પર્વતીય માર્ગ પર મોટરને ચલાવનારો ડ્રાયવર ખૂબ જ સાવધાન જોઈએ. અમારી સાથેની બીજી મોટરનો ડ્રાયવર બરાબર હોંશિયાર તથા સાવધાન નહી હોવાથી માર્ગમાં એક ઊંચાઈ પરના પર્વતીય વળાંક આગળ ઋષિકેશથી આવતી ટેક્ષી સાથે ટકરાઈને અસાધારણ અકસ્માત કરી બેઠો. સારું થયું કે મોટરની ટક્કરથી મોટર ઊછળીને સમીપવર્તી ખીણમાં અથવા નીચે વહેનારી ગંગામાં ના પડી, નહિ તો એમાં બેઠેલી કોઈ પણ વ્યક્તિ બચી ના શકત. ડ્રાયવર પણ ના બચત. પરંતુ ઈશ્વરની કૃપાથી અકસ્માત થવા છતાં પણ મોટર સિવાય કોઈને ઈજા ના થઈ. બંને મોટરોને થયેલી ઈજા ખૂબ જ ભારે હતી; અને અકસ્માતનો મુખ્ય દોષ અમારા ડ્રાયવરનો હતો, કારણ કે તેણે મોટરને ડાબી બાજુને બદલે જમણી બાજુએ ચલાવેલી. ટેક્ષીવાળા માણસો એથી દેખીતી રીતે જ રોષે ભરાઈને જેમ ફાવે તેમ બોલીને પોલીસ-રિપોર્ટની ને કેસની વાતો કરવા લાગ્યા. પરિસ્થિતિ એકાએક પલટાઈને અતિશય નાજુક બની ગઈ. રંગમાં ભંગ પડ્યો. શાંતિમાં અશાંતિ, નિશ્ચિતતામાં અનિશ્ચિતતા ઉદભવી. સાંજ પડવાને વધારે વાર ના હોવાથી પરિસ્થિતિ વધારે કટોકટીભરી અથવા કફોડી બની.

ટેક્ષીમાં બેઠેલા મહાનુભાવ શાંતિથી સમજે તેવા સીધા ના લાગ્યા. એમના ઉગ્ર, અસમાધાનકારક, અમાનવીય વલણે પરિસ્થિતિને વધારે વણસાવી. આખીય સમસ્યા વધારે ગૂંચવાઈ.

પરંતુ ઈશ્વરની અહેતુકી કૃપા તો જુઓ. એ એકાંત વસતી વગરના પર્વતીય પ્રદેશમાં, દરદની સાથે જ દવા તૈયાર હોય તેમ, ઈશ્વરની મંગલમયી મદદ મળી. મોટરના અકસ્માત પછી તરત જ ઋષિકેશ તરફથી દેવપ્રયાગની દિશામાં જતી એક મિલિટરી જીપ આવી પહોંચી. એ અકસ્માતના સ્થળે અટકી ગઈ. એમાંથી મિલિટરીના એક ઑફિસર નીકળ્યા. એમણે સમગ્ર પરિસ્થિતિનો ક્યાસ કાઢીને ટેક્ષીવાળાને સમાધાન કરવા કહ્યું. ટેક્ષીવાળા મહાનુભાવ સમાધાન માટે મોટી રકમની માગણી કરતા હતા. તે પોતાની માગણીને વળગી રહ્યા. મેં મિલિટરીના ઑફિસરને લવાદ તરીકે નીમીને એમના નિર્ણય મુજબ વર્તવાની તૈયારી બતાવી. ઑફિસર ખૂબ જ સમજદાર, શાંત પ્રકૃતિના ને સહાનુભૂતિસંપન્ન હતા. એમણે કેટલીય યુક્તિપ્રયુક્તિ તથા મહેનત પછી ટેક્ષીવાળા મહાનુભાવને આઠસો રૂપિયા લેવા અને સમગ્ર પ્રસંગ પર પડદો પાડવા તૈયાર કર્યા. સમાધાન સંપૂર્ણ કરાવીને જરૂરી લખાણ લખાવી, તેમાં સાક્ષી તરીકે સહી કરીને એ વિદાય થયા. ધન્ય એ ઑફિસરને. દેશમાં દાનવ જેવાં પરિબળો વધતાં જાય છે એવી ફરિયાદ ચારે તરફથી સંભળાય છે, એમાં તથ્ય હશે તો પણ આવા ઉદાત્તતાવાળા મહામાનવો પણ વસે છે એ હકીકત છે. એમની સંખ્યા વધારવાની આવશ્યકતા છે.

એમને જોશીમઠ પહોંચવાનું હોવાથી ઑફિસર ઉતાવળમાં હતા. જોશીમઠ ખૂબ જ દૂર હતું.

મોટરને મહાપરિશ્રમે ટેક્ષીમાં બેઠેલા એક બીજા સેવાભાવી ભાઈની મદદથી ટેક્ષીથી છૂટી પાડી, કામચલાઉ રીતે ઠીક કરીને અમે આગળ વધ્યાં ત્યારે અંધારું થઈ ગયું. ટેક્ષીને ઠીક થતાં વિશેષ વખત લાગે તેમ હોવાથી તે રસ્તામાં ઊભી રહેલી.

ઈશ્વરની કૃપાથી અમને અણીને વખતે પેલા દેવ જેવા ઑફિસરનો મેળાપ ન થાત તો પરિસ્થિતિ કેટલી બધી કફોડી બની જાત તેનો વિચાર કરતાં અમે આગળ વધ્યાં. ઈશ્વરની શરણાગતિ સદાય સહાયતા પહોંચાડે છે એ સાચું છે. અમને એનો અધિક અનુભવ થવાનો હતો. અકસ્માત પછી મોટર પોતાની મેળે વધારે આગળ ચાલી શકે તેમ ના હોવાથી ઉતરાણનો થોડોક રસ્તો કાપીને ઘોર અંધકારમાં જ ઊભી રહી. ચારે તરફ ઊંચીઊંચી પર્વતમાળા, ઘોર જંગલ, નીચે ખીણમાં વહેતી ગંગાનો અવાજ. આગળ વધવાનું એકદમ અશક્ય બની ગયું. એ ઘોર પર્વતીય જંગલપ્રદેશમાં આખી રાત રહેવાનું ફાવે તેવું ના હોવા છતાં રહેવું પડે એવી પરિસ્થિતિ પેદા થઈ. મોટર પોતાની મેળે આગળ વધી શકે તેમ ના હોવાથી, કોઈ બીજા વાહન સાથે બાંધીને લઈ જવી પડે તેવું હતું. સદ્દભાગ્યે માર્ગ પરથી એક જીપ પસાર થતી દેખાઈ. એને હાથનો સંકેત કરવાથી ઊભી રહી. એમાં બેઠેલા સરકારી અધિકારીએ સહાયતા માટે તૈયારી પણ બતાવી પરંતુ તેમની પાસે અમારી મોટરને બાંધવાનું દોરડું ન હોવાથી એમની મદદ મેળવી ના શકાઈ.

થોડીવાર પછી ત્યાંથી એક મેટાડોર પસાર થતી જોઈને તેને ઊભી રાખી. મેટાડોર વડોદરાની હતી અને એ પ્રદેશના પ્રવાસે નીકળેલી. કોઈને અમારા બિસ્તરની જાડી દોરીનું સ્મરણ થવાથી મોટરને તેની મદદથી મેટાડોર સાથે બાંધી દીધી. પણ એ પ્રયોગ પણ સંપૂર્ણપણે સફળ ના જ થયો. મોટરે થોડુંક અંતર કાપ્યું ત્યાં જ દોરી તૂટી ગઈ.

હવે બીજો કોઈ વિકલ્પ ના હોવાથી અમે અમારી બીજી સારી મોટરમાં આગળ કોઈ ગામ મળે તો ત્યાંથી દોરડું મેળવવા માટે આગળ વધ્યાં. થોડેક દૂર જતાં ગામ મળી પણ ગયું. રસ્તા પરના એ નાનકડા

ગામના એ વૃદ્ધ પુરુષે કોઈ પણ પ્રકારના પુરસ્કાર કે બદલાની અપેક્ષા વિના વૃક્ષની છાલનું દોરડું આપ્યું. એ દોરડાની મદદથી ત્યાંથી ત્રણેક કિલોમીટર દૂર શિવપૂરી નામના સ્થળમાં પહોંચી શક્યા. એટલા સેવાકાર્ય પછી એ દોરડું પણ તૂટી ગયું.

પરંતુ શિવપૂરીમાં એક દેવપુરુષ મળ્યાં. એ દેવપુરુષે અમારી મોટર પાસે બેસીને સઘળી પરિસ્થિતિને જાણી લીધી. વરસો સુધી દૂરના પર્વત પ્રદેશમાં નોકરી કર્યા પછી તેમને હવે તેમના વતન પાસે શિવપૂરીમાં જ નોકરી મળેલી. લાઈટ વગરના એ પર્વતીય સ્થળમાં ફાનસની મદદથી એ એક લોખંડનો તાર લઈ આવ્યાં. એ તાર તૂટી ગયો તો વૃક્ષની આસપાસ વીંટળાયેલો ચાર તારનો હોય તેવો જાડો તાર આપ્યો. અમે એમને પૈસાની ભેટ આપવા માંડી તો એમણે સાભાર ના પાડીને જણાવ્યું કે હું તમારા સૌની સેવા માટે જ બેઠો છું. બીજાની બને તેટલી સેવા કરવાની મારી ફરજ છે. એમાં બદલાની અપેક્ષા ના હોય, ના હોવી જોઈએ.

હવે અમારી મોટરો સહીસલામત રીતે આગળ વધી. રાતે પોણા અગિયારે અમે ઉતારા પર પહોંચ્યાં. ઋષિકેશના કૈલાસ આશ્રમ પાસેના ટુરિસ્ટ બંગલામાં.

☼ ☼ ☼ ☼ ☼



## ૨૩. દહેરાદૂન અને મસૂરી

ઋષિકેશમાં રહેતાં ત્યારે માતાજી સાથે રોજ સવારે છ વાગ્યાની આસપાસ ગંગાસ્નાન માટે જતાં તે વાતને કેવી રીતે ભૂલી શકાય ? એટલી ઉંમરે પણ માતાજી લેશ પણ કંટાળ્યા સિવાય પરમપ્રસન્નતાપૂર્વક ગંગાસ્નાન કરતાં. એમની સુખદ સંસ્મૃતિને શ્રદ્ધાંજલિ અર્પતાં અમે કાળીચૌદશને ત્રિવેણીઘાટ પર ગંગાસ્નાન માટે ગયાં. તારીખ ૫-૧૧-૧૯૮૦, ગુરુવાર.

સ્નાન બાદ ત્યાં જ ગંગાના પવિત્ર તટપ્રદેશ પર બેસીને ધ્યાન કર્યું. સૂર્યની સામે બેસીને બંધ આંખે કરાતું ધ્યાન અતિશય એકાગ્રતાપ્રદાયક અને આહ્લાદક હોય છે. એની સમાપ્તિ પછી અને સૌની ઈચ્છાથી દેવકીબાઈની ધર્મશાળાની ને ભરત મંદિરની મુલાકાત લીધી. દેવકીબાઈની ગુજરાતી ધર્મશાળામાં મેં વરસો પહેલાં સાધનાત્મક જીવન દરમિયાન એક વરસ સુધી નિવાસ કરેલો. એ વખતનાં સંસ્મરણો સ્વાભાવિક રીતે જ યાદ આવ્યાં. ભરત મંદિરની ધર્મશાળામાંથી પરમાત્માદેવી બહાર આવ્યાં. પરમાત્મદેવી સાત્વિક સ્વભાવનાં, પવિત્ર ને પ્રભુમય જીવન જીવનારાં તપસ્વિની હતાં. એ ભરત મંદિરમાં જ રહેતાં. એમનું જીવન નિયમિત રીતે નામજપ, પ્રાર્થના તથા રામાયણ, ભાગવત, મહાભારતાદિ ધર્મગ્રંથોના અભ્યાસમાં વ્યતીત થતું. એ એકલાં જ રહેતાં. વરસો પહેલાં એમના પિતાજી એમને ઘેર મૂકી, સંન્યાસી થઈને ઋષિકેશમાં રહેવા માટે આવેલા. એમણે ભારતીબાબા નામ ધારણ કરેલું. થોડાંક વરસો પછી પરમાત્મદેવી પણ એમની સાથે જ રહેતાં ને પ્રભુમય જીવન જીવતાં. ભારતીબાબા ઉચ્ચ અવસ્થા પર પહોંચેલા મહાપુરુષ હતા. એમની સાથે રહીને પરમાત્મદેવીએ આત્મવિકાસના મંગલમય માર્ગે ઉત્તરોત્તર આગળ વધવા માંડ્યું. પરંતુ વિધિએ જુદું જ ઘટનાચક્ર નિર્માણ કરેલું. તે પ્રમાણે એક દિવસે ભારતીબાબાનું શરીર શાંત થવાથી પરમાત્મદેવી પાછાં એકલાં પડી ગયાં. ધીરે ધીરે એમનામાં ધીરજ ને હિંમત આવવા લાગી. પછી તો એ બધી ઘટનાઓ ભૂતકાળની બની ગયેલી. પરમાત્મદેવી પોતાના મનને સ્વસ્થ તથા પ્રભુપરાયણ કરી શકેલાં.

ભરતમંદિરથી આગળ વધીને અમે માયાકુંડ પરના સ્વામી આત્માનંદના સ્થાનમાં પહોંચ્યાં. સ્વામી આત્માનંદ એક રાગદ્વેષરહિત પરમવિદ્વાન સંતપુરુષ હતા. વરસો પહેલાં એ સાગર મહારાજનાં શિષ્યા ઓમકારેશ્વરી સાથે ઋષિકેશમાં આવેલા અને માયાકુંડમાં રહી ગયેલા. એમણે સ્વામી શિવાનંદ પાસે સંન્યાસ લીધેલો. તાજેતરમાં જ એમનો સ્વર્ગવાસ થયો હોવાથી એમના એકમાત્ર શિષ્ય કૃષ્ણચૈતન્યનો જ મેળાપ થઈ શક્યો. એ મેળાપ ખૂબ જ રસમય અને આનંદપ્રદ રહ્યો.

ઋષિકેશની કાલીકમલીવાલા ક્ષેત્રની સંસ્થાને નિહાળીને અમે આગળ વધ્યાં. ઋષિકેશથી દહેરાદૂન. દહેરાદૂનમાં દિવાળીના દિવસે પ્રવેશ કર્યો. દિવાળીના પર્વદિવસની ખાસ પ્રસન્નતા ક્યાંય દેખાતી ન હતી. જનતા રાબેતા મુજબનું જીવન જીવી રહેલી. મીઠાઈની દુકાનોમાં વધારે પડતી ભીડ અવશ્ય દેખાતી. દહેરાદૂનમાં પ્રેમી ભાઈ લલિતાપ્રસાદને ના મળીએ તો તે કેમ ચાલે ? એમને અમારા આકસ્મિક આગમનની ખબર અગાઉથી નહોતી આપી શકાઈ તો પણ એમના સ્નેહ-સંબંધને અનુલક્ષીને એમને જણાવવાનું આવશ્યક હોવાથી અમે એમની દુકાનની બહાર મોટરોને ઊભી રાખી.

દુકાનમાં અસાધારણ ભીડ હોવા છતાં, અતિશય પ્રવૃત્તિરત હોવા છતાં, એ મારા શુભાગમનના સમાચાર સાંભળીને થોડા વખતમાં જ બહાર આવ્યા. માતાજીના સ્વર્ગવાસની માહિતી એમને મળી ચૂકેલી, પરંતુ અમારી એ પછીની યાત્રાપ્રવૃત્તિથી એ એકદમ અજ્ઞાત હતા. મેં એમને વિસ્તારથી વાત કરી. એ ખૂબ જ પ્રસન્ન થયા. પોતાને ઘેર લઈ જઈને ભોજન કરાવવાનો એમણે અતિશય આગ્રહ કર્યો. મેં એમના અત્યાગ્રહને માટે અંતઃકરણપૂર્વક આભાર માન્યો અને બાજુની મદ્રાસી હોટલમાં નાસ્તો કરવાની ઈચ્છા દર્શાવી. એમણે ખૂબ જ પ્રસન્ન થઈને એમની દુકાનમાંથી ગાયનું દૂધ અને મીઠાઈ લાવીને બીજી વસ્તુઓની સાથે અમને સૌને નાસ્તો કરાવ્યો.

એ પ્રેમી પુરુષના પ્રેમપૂર્ણ સત્કારથી સંતુષ્ટ થઈને એમની પ્રશસ્તિ કરતાં અમે મસૂરી માટે વિદાય લીધી.

0

મસૂરીના પ્રેમી ભાઈ રતનલાલને દહેરાદૂનથી ફોન દ્વારા જણાવેલું ત્યારે જ એમને અમારા મસૂરીના પુણ્યપ્રવાસની માહિતી મળી શકેલી. મસૂરીમાં એ અમને મળ્યા ત્યારે એમના આશ્ચર્યનો અને આનંદનો પાર રહ્યો નહીં. બીજા પ્રેમીજનોએ પણ પોતાની પ્રસન્નતા પ્રકટ કરી. ગાંધીનિવાસ સોસાયટીના મારા નિવાસસ્થાનનો ઉપયોગ અનુમતિથી સ્કૂલના વર્ગોને માટે કરાતો હોવાથી અને અમારી એ મુલાકાત આકસ્મિક હોવાથી અમારો ઉતારો રતનલાલની નંદવીલા હોટલમાં રાખવામાં આવ્યો. ત્યાંનું વાતાવરણ સર્વપ્રકારે અનુકૂળ હોવાથી કોઈ પ્રકારની તકલીફ ના પડી.

તારીખ ૮-૧૧-૧૯૮૦, શનિવાર. કારતક સુદ એકમ સંવત ૨૦૩૭. નૂતન વરસનો એ પર્વદિવસ મસૂરીની ભૂમિ પર પ્રકટ્યો.

વહેલી સવારે રતનલાલે સૌને નાસ્તો કરાવ્યો. અમે કેવળ દૂધ લીધું. એ પછી કૅમલ બેક રોડ, ગાંધી ચોક, લક્ષ્મીનારાયણ મંદિર જેવાં સ્થળોને નિહાળીને અમે બપોરે દહેરાદૂન જવા માટે વિદાય લીધી. રતનલાલની સજ્જનતા ને સેવાભાવના એટલી બધી અસાધારણ હતી કે એમણે અમારા અવારનવારના આગ્રહ છતાં પણ અમારી કોઈની પાસેથી હોટલનું ભાડું ના લીધું. એમને મસૂરીના રતન કહેવામાં આવે છે એ યથાર્થ જ છે.

દહેરાદૂન પહોંચીને અમે પ્રથમથી નક્કી કર્યા પ્રમાણે લલિતાપ્રસાદને ત્યાં ભોજન કરીને હરિદ્વાર તરફ આગળ વધ્યાં.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૪. ચિત્રકૂટની ભૂમિમાં

ચિત્રકૂટ.

ભારતનાં સૌથી સુંદર, કુદરતી સૌન્દર્યસંપન્ન, શાંત કોલાહલરહિત તીર્થસ્થાનોમાંનું એક.

એની સાથે સંકળાયેલી સંતશિરોમણિ તુલસીદાસ મહારાજના જીવનપ્રસંગનો પરોક્ષ પરિચય પ્રદાન કરનારી પેલી ઐતિહાસિક પરંપરાગત કાવ્યપંક્તિ આ રહી :

ચિત્રકૂટકે ઘાટપે ભઈ સંતનકી ભીર,

તુલસીદાસ ચંદન ઘસે, તિલક કરે રઘુવીર.

મંદાકિનીના પ્રશાંત સરિતાપ્રવાહથી પવિત્ર અને કામતગિરિને લીધે ચિત્તાકર્ષક એ સ્થળ અતિશય આહ્લાદક લાગે છે.

એમ થાય છે કે આ સુંદર પવિત્ર સ્થળમાં થોડા દિવસોને માટે રહી જઈએ.

અમારી સાથેનાં સૌને એ સ્થળને નિહાળીને આનંદ થયો. ચિત્રકૂટની એ મારી બીજી યાત્રા. પ્રથમ યાત્રા સરીલાનરેશને ત્યાં એમના આમંત્રણથી અઢાર દિવસનાં ગીતાપ્રવચનોની સુખદ પૂર્ણાહુતિ પછી માતાજી સાથે થયેલી. બીજી વર્તમાન યાત્રા માતાજીના તાજેતરના લીલાસંવરણ પછી એમના અસ્થિવિસર્જન નિમિત્તે ઉદ્દભવેલી. બંને વખતની પરિસ્થિતિ જુદીજુદી હતી. કાળ કાળનું કામ કરે છે. આટલાં વરસોમાં ચિત્રકૂટમાં જ કેટલું બધું પરિવર્તન આવ્યું ? નગરમાં પ્રવેશતાં જ હવે અહીં યાત્રીઓને ઊતરવા માટે ટુરિસ્ટ બંગલો બનેલો અને એની બાજુમાં જ વિશાળ ભોજનાલયના પ્રબંધવાળું જયપુરીયા સ્મૃતિભવન થયેલું. નગરનું નાનકડું બજાર છેક જ સાંકડું હોવાથી એમાં અને મંદાકિનીના મુખ્ય ઘાટ પરનાં મકાનોમાં કોઈ ખાસ ફેરફાર નહોતો દેખાતો.

અત્રિ મુનિના આશ્રમ તરફ જતાં માર્ગમાં આવતા રણછોડદાસજી મહારાજના સ્થાનમાં વિશેષ પરિવર્તન દેખાયું. ત્યાં આજુબાજુની જનતાના લાભાર્થે નેત્રયજ્ઞ ચાલી રહેલો.

અત્રિ મુનિના એકાંત આશ્રમસ્થાનમાં પણ નોંધપાત્ર સુધારાવધારા જોવા મળ્યા. એ સ્થાનમાં પરમહંસ આશ્રમ લખેલું અને એની બાજુમાં ભવ્ય મંદિર થયેલું. સામેની મંદાકિની નદી તથા વનપર્વતો એવાં જ અપરિવર્તનશીલ દેખાયાં. થોડેક દૂર અત્રિઅનસૂયાનું પ્રાચીન સ્થાન હતું. ત્યાંથી કોઈ કાર્યકર્તા કે વ્યવસ્થાપક, બીજા નવા સ્થાનનો એટલે કે પરમહંસ આશ્રમનો આડકતરો છતાં સહેલાઈથી સમજી શકાય એવો ઉલ્લેખ કરીને, માઈક પરથી પ્રવાસીઓની માહિતી માટે જોરશોરથી વારંવાર બોલી રહેલા કે, 'અત્રિઅનસૂયાનું સાચું મૂળ પ્રાચીન તીર્થસ્થાન એ નથી પરંતુ આ છે. ત્યાં નથી પરંતુ અહીં છે. એ સ્થાન તો બનાવટી છે. ત્યાં બેઠેલા લોકો પ્રપંચ કરીને લોકોની આંખમાં ધૂળ નાખી રહ્યા છે. ઊંધું સમજાવી રહ્યા છે. દુકાનદારી કરે છે. કલિયુગમાં એવા લોભાગુ લોકો ઘણા છે એમનાથી ચેતતા ને દૂર રહેજો. ત્યાં ના જશો. અહીં જ આવજો. સાચું તીર્થસ્થાન અહીં જ છે.'

એ શબ્દો કટુ, કઠોર, વિદ્વેષપૂર્ણ, પ્રહારાત્મક, ઉત્તેજક હતા. પોતે સાચા તીર્થસ્થાનમાં હોવાનો દાવો કરનારા હોવા છતાં તીર્થની અનુકૂળ અસર નીચે નહોતા આવી શક્યા એની પ્રતીતિ કરાવતા. તેઓ

રાગદ્વેષથી મુક્ત નહોતા થઈ શક્યા એ વાસ્તવિકતા ઓછી કરુણ નહોતી લાગતી. અત્રિઅનસૂયાને થયે હજારો વરસો વીતી ગયા. એમનાં આશ્રમના સ્થાનવિશેષની આટલાં બધાં વરસો પછી કોઈ ચોક્કસ માહિતી ના હોઈ શકે. એટલે આદર અને અનુમાનના આધાર પર એકાદ-બે સ્મૃતિસ્થળોનું સર્જન થાય એ સમજી શકાય. એવા એકાદ સ્થળ પ્રત્યે વિરોધી વિદ્વેષપૂર્ણ પ્રચાર કરવો ઉચિત કે માનવતાપૂર્ણ ના ગણાય.

એ પ્રચાર સામે પરમહંસ આશ્રમના, અત્રિઅનસૂયાના પ્રથમ તીર્થસ્થાનના સંચાલકો કે કાર્યકર્તાઓ તદ્દન મૂક, અવિચળ, શાંત હતા, એ એમની ગુણવત્તામાં વધારો કરનારું અને એમની મહત્તાને દર્શાવનારું હતું. એમના તરફથી કશો જ પ્રત્યુત્તર આપવામાં નહોતો આવતો, એ હકીકત એમને માટે આદરભાવને ઉપજાવનારી હતી.

વિપરીતતા, વિષમતા, વિદ્વેષની વચ્ચે પણ મનને સ્વસ્થ રાખવાનું, વાણીનો સંયમ કરવાનું કામ કષ્ટસાધ્ય છે. સહેલું નથી જ. એ કામને જે વિદ્વેષરહિત બનીને સમજપૂર્વક કરી શકે તે ધન્યવાદને પાત્ર છે. જે બીજાની સંપત્તિ, સુખશાંતિ, પ્રગતિને જોઈને કે સાંભળીને, વાંચીવિચારીને અકારણ અથવા સકારણ જલે, નિંદક બને તે દયાને પાત્ર.

એવા એવા વિચારો કરતાં અમે પવિત્ર મંદાકિનીમાં સ્નાન કરવાની તૈયારી કરી.

*

## ચંચળ સાધુપુરુષ

મંદાકિનીના પવિત્ર પાણીમાં સ્નાન કરવાનો આનંદ અનેરો હતો. પાછળ પરમહંસ આશ્રમ અને આગળ પ્રશાંત પવિત્ર મંદાકિની તથા ગીચ જંગલવાળી સુંદર પર્વતમાળા. એની ઉપરથી પ્રકાશતા મધ્યાહ્ન સમયની સમીપે પહોંચેલા પરમપ્રતાપી સૂર્યનાં સર્વત્ર પ્રસરતાં ને ક્રીડા કરતાં કિરણ. સમસ્ત વાતાવરણ પ્રસન્ન, પુલકિત, પ્રેરણાત્મક લાગતું.

મંદાકિનીના પવિત્રપ્રસન્ન સરિતાપ્રવાહને પેખીને અને આજુબાજુના નૈસર્ગિક સૌન્દર્યથી પ્રભાવિત થઈને મા સર્વેશ્વરીએ પણ સ્નાન કરવાની ઈચ્છા પ્રગટ કરી. પાસેના ઘાટ પર જેવું જોઈએ એવું એકાંત ન હતું. આસપાસનાં સ્થાનોમાં રહેનારા કેટલાક પુરુષો ત્યાં સ્નાન કરી રહેલાં. એકબે પુરુષો કપડાં પણ ધોતા હતા. એમને એ બધાં કાર્યોમાંથી નિવૃત થવાની ઉતાવળ નહોતી લાગતી. એટલે સ્નાનાદિથી નિવૃત્ત થવા માટે અમે સહેજ આગળ વધીને એકાંત સ્થાનની શોધ કરવા માંડી.

એ શોધ સત્વર સફળ થવાથી અમે મંદાકિનીના બીજા ઘાટ પર જઈ પહોંચ્યાં. ત્યાં એક સરસ દિવાલોના ઓથા જેવું હતું અને એની અંદર સ્નાન માટે જળધારાની સરસ સાનુકૂળ વ્યવસ્થા. એક ભાઈ ત્યાં કપડાં ધોઈ રહેલા પરંતુ એમને સહેજ વિનતિ કરતાં એ તરત જ મંદાકિનીના પવિત્ર પ્રવાહ પાસે ઘાટની બીજી તરફ પહોંચી ગયા. મા સર્વેશ્વરીને સ્નાન કરવાની સર્વ પ્રકારની અનુકૂળતા થઈ ગઈ.

દિવાલોના ઓથાની બહાર હું ઊભો રહેલો ત્યાં સામે જ ઘાટના પગથિયા પર એક પ્રૌઢાવસ્થાપ્રાપ્ત કાષાયવસ્ત્રધારી સાધુપુરુષ બેઠેલા. એમની આંખ ઉઘાડી હતી અને ચંચળ બનીને ચારે તરફ ફરતી રહેતી. માથે જટા, કપાળે તિલક, કંઠમાં રુદ્રાક્ષની ઊડીને આંખે વળગે એવી મોટા મણકાની માળા. મુખમુદ્રા અશાંત, ઉત્તેજિત જેવી. એ ગોમુખીમાં રાખેલી માળા ફેરવતા અને એટલી બધી ઝડપથી ફેરવતા કે વાત નહીં.

એમની ચિત્તવૃત્તિ ખૂબ જ ચંચળ લાગતી. એમનું ધ્યાન માળામાં નહોતું લાગતું. માળાના મણકા તો એ કોઈક નિશ્ચિત નિયમના પાલનને માટે જ ફેરવી રહેલા. એ મા સર્વેશ્વરી તરફ અવારનવાર દૃષ્ટિપાત કરતા પરંતુ દિવાલની આડ હોવાથી એમનું દર્શન દુર્લભ જ નહિ, સુદુર્લભ હતું. મારા તરફ એ અતિવિચિત્ર રીતે જોયા કરતા.

એમના એવા અભિનયે મને વિચાર કરતો કરી મૂક્યો. આ કયા પ્રકારનું સાધનભજન છે ? માનવ બહારથી બધું ત્યાગે છે, વેશપલટો કરે છે, પરંતુ અંદરનો ત્યાગ, મનનો પલટો ભાગ્યે જ કરે છે. પરિણામે એનો ત્યાગ અધૂરો રહે છે અને એ ધારેલી સાધનસિદ્ધિ કે શાંતિ નથી મેળવતો. એનો ત્યાગ કુત્રિમ ઉપરછલો અભિનય થાય છે. જીવનના પવિત્ર પરિબળનું અનોખું અંગ નથી બનતો. તીર્થસ્થાનોના પવિત્ર પરમાણુઓનો પ્રભાવ પણ એની ઉપર નથી પડતો. એ બહારની કાયાપલટનું જેટલું ધ્યાન રાખે છે એનાથી સોમા ભાગનું પણ ધ્યાન એની અંદરની કાયાપલટનું રાખે તો ? એને કેટલો બધો ફાયદો થાય ? એ કાયાપલટ એને માટે અમોઘ આશીર્વાદરૂપ બની જાય.

મા સર્વેશ્વરી સ્નાનાદિથી પરવારીને બહાર નીકળ્યાં. અમે ચાલવા લાગ્યાં એટલે એ સાધુપુરુષે પણ જપની ક્રિયા પૂરી કરી, આસનને બગલમાં રાખીને આજુબાજુના વાતાવરણનું અવલોકન કરતાં ચાલવા માંડ્યું.

*

## પરમહંસ મહારાજ

ભગવાન રામ તથા સીતાની મહામુનિ અત્રિ અને અનસૂયાની સુપવિત્ર સ્મૃતિ સાથે સંકળાયેલું એ સ્થળ કેટલું બધું પ્રેરક તથા પ્રશાંતિપ્રદાયક છે ! એ પુણ્યાત્માઓએ આ જ ભૂમિ પર વિહાર કરેલો. એ જ ભૂમિ પર અમે વિહરી રહેલાં એ અનુભવ કેટલો બધો આનંદપ્રદાયક હતો !

પરમહંસ આશ્રમના સ્થાનાધ્યક્ષ સંતપુરુષના દર્શનની ઈચ્છાથી પ્રેરાઈને અમે ઉપર એમની પાસે ગયાં. એમનું વ્યક્તિત્વ આકર્ષક હતું. એમની વાણી નમ્ર, સરળ, છળરહિત, મધુર હતી. કાષાયવસ્ત્રધારી એ સત્પુરુષ સઘળાં દર્શનાર્થીઓને છાશ અને જામફળનો પ્રસાદ આપતા. ભોજન માટે પણ આગ્રહ કરતા. એવા અરણ્યની અંદરના એકાંત આશ્રમમાં ભોજનનો પ્રબંધ કરવામાં આવે એ આતિથ્યભાવના કાંઈ જેવીતેવી ના કહેવાય. આકાશવૃત્તિ પર રહેનારા કે મર્યાદિત નિશ્ચિત આવક પર નભનારા એવા આશ્રમોની એવી સેવાભાવના ખરેખર અસાધારણ અને અભિનંદનીય ગણાય.

કાષાયવસ્ત્રધારી, દંડ તથા ત્રિશૂળવાળા એ સ્થાનાધ્યક્ષ સત્પુરુષે અમારી સાથે ખૂબ જ પ્રેમપૂર્વક વાતચીત કરી. એમના સદ્દગુરુનું નામ પરમહંસ હોવાથી આશ્રમને પરમહંસ આશ્રમ તરીકે ઓળખવામાં આવતો. પરમહંસ પરમપ્રતાપી સિદ્ધપુરુષ હતા. એમનું શરીર થોડાંક વરસો પહેલાં જ છૂટી ગયેલું.

સ્થાનાધ્યક્ષ સત્પુરુષને એમને માટે સ્વાભાવિક રીતે જ પુષ્કળ પ્રેમ ને પૂજ્યભાવ હતો. એનાથી પ્રેરાઈને એમણે એમના વિશે થોડીક વાતો કરી. એ વાતો ખૂબ જ રસપ્રદ હતી. એમનો નિષ્કર્ષ આ રહ્યો :

'મારા ગુરુદેવ પરમહંસજી એક મહાન સિદ્ધપુરુષ હતા. એટલે જ આવા વિકટ, અતિવિકટ સ્થાનમાં વરસો સુધી રહી શક્યા. અહીં રહેવાનું કામ સહેલું નથી. આજુબાજુ ઘોર જંગલ. એમાં જુદાંજુદાં મહાભયંકર હિંસક જંગલી જાનવર રહે છે. કોઈવાર આ એકાંત આશ્રમમાં પણ આવી જાય.

'મહારાજની પાસે રોજ એક વાઘ આવતો. રાતભર શાંતિથી કોઈ પણ પ્રકારનો ઉપદ્રવ મચાવ્યા સિવાય બેસી રહેતો ને સવારે વિદાય થતો. આજથી વીસ વરસ પહેલાંથી એ આવ્યા કરતો.

'એકવાર વાઘનો શિકાર કરવા શિકારી આવ્યા. શસ્ત્રસજ્જ સાહેબ લોકો. વાઘને આવવાનો સમય થયો. એ ગર્જના સાંભળીને પેલા શિકાર કરવાની ઈચ્છાવાળા મહાનુભાવો ભયભીત બનીને ઓરડામાં પેસી ગયા.

'વાઘ આવી ગયો એટલે પરમહંસ મહારાજે જણાવ્યું કે તમારાથી થાય તો શિકાર કરી લો.

'પરંતુ એમનામાં બહાર નીકળવાની હિંમત નહોતી.

'બીજે દિવસે સૂર્યોદય થયા પછી બારણાં ખખડાવીને તેમને બહાર નીકળવાનું કહ્યું ત્યારે વાઘ નથી, જંગલમાં જતો રહ્યો છે એવી ખાતરી થતાં એ બહાર આવ્યા.

'પેલા શ્રીમંત શિકારીઓએ મહારાજને ગામમાં જઈને અનાજની ગુણ મોકલી. ગુરુદેવે એ અનાજનો અસ્વીકાર કર્યો. એ અનાજમાંથી દુર્ગંધ આવવા લાગી. ગુરુદેવે કહ્યું કે આ અપવિત્ર અનાજ મારે નથી જોઈતું. લઈ જાવ. ગરીબોને વહેંચી દેજો.

'અનાજને પાછું લઈ જઈને ગામમાં વહેંચવા માટે તૈયારી કરવામાં આવી તો અનાજ દુર્ગંધ વગરનું સારું થઈ ગયું.

'એકવાર પરમહંસ મહારાજ એકાદ અઠવાડિયા માટે બહારગામ ગયેલા. એ સમય દરમિયાન વાઘ સાંજના છ વાગ્યાથી સવારના છ વાગ્યા સુધી આશ્રમની રક્ષા માટે સામેના વૃક્ષ નીચે બેસી રહેતો. અઠવાડિયા પછી મહારાજ રાતે એક વાગ્યે પાછા આવ્યા ત્યારે વાઘ વિદાય થયો. વાઘની અંદર કોઈક ભક્ત કે સિદ્ધયોગીનો આત્મા હતો.'

☼ ☼ ☼ ☼ ☼

## 24. નાવિકની સેવા

ચિત્રકૂટના નિવાસ દરમિયાન બપોર પછી અમે હનુમાનધારા જવા માટે નીકળ્યાં.

હનુમાનધારાનું સુંદર સ્થાન મંદાકિનીના પેલી પારના પ્રદેશમાં દોઢેક માઈલ ચાલ્યા પછી, ત્રણસો સાઠ પગથિયાં ચઢ્યા પછી, ઉપર પર્વતના પ્રશાંત શિખર પર આવે છે. માતાજી સાથે સૌથી પ્રથમ ચિત્રકૂટના સુપ્રસિદ્ધ તીર્થસ્થાનમાં આવવાનું થયું ત્યારે અમે ત્રણસો સાઠ પગથિયાં ચઢીને એ પર્વતશિખર પર પહોંચી ગયેલાં. એ વખતે પણ એ ચઢાણ વિકટ છે એવું લાગેલું. તાજેતરમાં, ગયા નવેમ્બરમાં મને જે ભયંકર હાર્ટએટેક આવેલો તે પછી એટલાં પગથિયાં ચઢવાની કલ્પના કરી શકાય તેમ ન હતી. તો પણ જ્યાં સુધી જવાય ત્યાં સુધી, કોઈ પણ પ્રકારના આગ્રહ-દુરાગ્રહ સિવાય, જઈશું એવી માનસિક સમાધાનવૃત્તિ સાથે અમે ત્યાં જવાનો નિર્ણય કર્યો. સૌને એમ હતું કે ફરીફરી આ સ્થાનમાં કોણ જાણે ક્યારે આવી શકાશે, માટે એનો જેટલો પણ લેવાય તેટલો અધિક દર્શનલાભ લઈ લેવો.

મંદાકિનીનો પવિત્ર પ્રશાંત પ્રદેશ. ત્યાંથી મળતી નાવમાં બેસીને અમે સામા કિનારે પહોંચી ગયાં. રસ્તામાં નાવવાળા સાથે સહજ રીતે જ વાત થઈ :

'તમારું નામ શું?'

'રામખિલૌના.'

'બહુ વિચિત્ર નામ છે. પણ છે સરસ. આ નાવ તમારી છે ?'

'હા. મારી છે. રૂપિયા વ્યાજે લઈને ખરીદી છે.'

'કેટલામાં ?'

'ત્રણેક હજારમાં.'

'વ્યાજ કેટલું આપવું પડે છે ?'

'ઘણું વધારે. થોડીઘણી કમાણી થાય છે તે વ્યાજ ભરવામાં ચાલી જાય છે. મેળા વખતે વધારે આવક થતી હોય છે, બાકી તો સાધારણ રકમ મળ્યા કરે છે. પણ બીજું કરીએ પણ શું ? બેસી થોડા રહેવાય ? છોકરાને પણ એવી રીતે વ્યાજથી બીજી નાવ લઈ આપી છે. તે પણ નદીમાં ફેરવે છે.'

'હજુ કેટલી રકમ બાકી રહી ?'

'વ્યાજ ઉપરાંત અડધાથી થોડી વધારે રકમ ભરી દીધી છે. બીજી પણ ભગવાનની કૃપાથી ભરાઈ જશે.'

'પછી તો કોઈ ચિંતા નહીં રહે ને ?'

'ના. પછી તો બનતો પુરુષાર્થ કરવાનો. ભાગ્ય પ્રમાણે કમાવાનું, ને ઈશ્વરનું નામ લઈને આનંદ કરવાનો.'

'ઘણી સારી વાત કરી.'

વાતવાતમાં નાવ મંદાકિનીના બીજા કિનારે પહોંચી ગઈ. પહેલાં તો નાવિક પાસેથી હનુમાનધારાના માર્ગની માહિતી મેળવી લીધી, પરંતુ પછીથી એણે અમારી સાથે આવીને રસ્તો બતાવવાની તૈયારી બતાવી, એટલે અમારું કામ સરળ થયું.

હનુમાનધારાનો શરૂઆતનો માર્ગ નાનીસરખી પગદંડીનો હતો અને લીલાંછમ ખેતરો પાસેથી પસાર થતો. આજુબાજુ સુંદર લીલાછમ પર્વતમાળા દેખાતી હોવાથી સુંદરતા અને આહ્લાદકતામાં અભિવૃદ્ધિ થતી. આખુંય દૃશ્ય અદ્દભુત લાગતું. માર્ગમાં એક ઠેકાણે ચૌદ વરસ માટે અખંડ નામસંકીર્તન થઈ રહેલું. ચૌદ વરસના લક્ષ્યાંક સાથે શરૂ થયેલા એ અખંડ નામસંકીર્તનને છ વરસ થઈ ગયેલાં. નાવિકે એ સ્થાન બતાવ્યું.

આગળનો માર્ગ સીધો હોવાથી ચાલવાનું પ્રમાણમાં સહેલું હતું. મેં નાવિકને પૂછયું કે થાક લાગ્યો કે શું ?

નાવિકે ઉત્તર આપ્યો કે ના. નથી લાગ્યો. હું તો આટલા સમયમાં હનુમાનધારા પહોંચી ગયો હોત.

મેં કહ્યું તો પછી ચાલો, આપણે ઝડપથી ચાલીએ. આ બધાં તો સાહેબલોક છે. દેશી છે. એટલે વધારે નહિ ચાલી શકે.

અમે બંને પહેલાં કરતાં વધારે ઝડપથી ચાલવા લાગ્યા. બીજાં સૌએ પણ ઉત્સાહિત બનીને અમારું અનુસરણ કર્યું.

એકાદ કિલોમીટર જેટલો રસ્તો જોતજોતામાં કપાઈ ગયો. અમે પંચમુખી મહાદેવ પાસે પહોંચી ગયાં. ત્યાંથી હનુમાનધારા જવા માટે પર્વત પરનાં પગથિયાં શરૂ થયાં. ત્રણસો સાઠ કપરાં પગથિયાં. થોડેક ઉપર ચઢયાં એટલે કોઈક વૃદ્ધાએ નાવિકને સૂચના આપી કે સૌને સાચવીને લઈ જજે. તાજેતરમાં જ બનારસની એક સ્ત્રી એકાએક ચક્કર આવતાં નીચે ખીણમાં પડી ગયેલી.

નાવિક ખૂબ જ ભાવિક હતો. એણે મને પોતાના ખભા પર બેસાડી દેવાની તૈયારી બતાવી, પરંતુ મેં સાભાર ના પાડીને ધીમેધીમે ચાલવાનું જ પસંદ કર્યું. મને છેલ્લેછેલ્લે જે જીવલેણ હાર્ટ-ઍટેક આવેલો તે પછી પર્વત પરનું ચઢાણ એ પહેલું જ હતું. તો પણ ઈશ્વરની કૃપાથી એ ચઢાણ કોઈ પણ પ્રકારના પરિશ્રમ કે કષ્ટ વિના નિર્વિઘ્ને પૂરું થયું. ઈશ્વરે જ શક્તિ આપી. એ જોઈને મા સર્વેશ્વરી તથા સૌ સહયાત્રીઓને નવાઈ લાગી. પરંતુ ઈશ્વરની દિવ્ય અસાધારણ અનુકંપા શું ના કરે ?

પર્વત પર સરસ જલધારા અને હનુમાનમંદિર. સામેનું ચિત્રકૂટનું ને બીજું દૂરદૂરનું ચિત્તાકર્ષક આહ્લાદક દૃશ્ય. એનો આનંદ લઈને અમે અંધારું થતાં પહેલાં જ ત્રણસો સાઠ પગથિયાં ઊતરીને પાછા નીચે આવ્યા.

પાછો એ જ રસ્તો. એ જ પગદંડી, પર્વતમાળા, સંકીર્તનસ્થળ, લીલાછમ વસ્ત્રોને વીટીંને વિસ્તરેલા ખેતરો, અને પાછી પેલી નાવ. નાવમાં બેસતાં પહેલાં જ અંધકાર છવાઈ ગયો.

ભજનસંકીર્તન સાથે નાવમાં આગળ વધ્યાં. ચંદ્રોદયને લીધે વાતાવરણ સવિશેષ સુંદર દેખાવા લાગ્યું. મંદાકિનીના કિનારા પર પહોંચતાં પહેલાં નાવિકે ધૂનના સંકીર્તનસ્વરોમાં મગ્ન બનીને નાવને રાસ રમાડતો હોય તેમ પાણીમાં ચારથી પાંચવાર હલેસાં મારીને ગોળ ગોળ ફેરવી. એ આનંદાનુભવ અદ્દભૂત, અવિસ્મરણીય હતો.

નાવમાંથી નીચે રામઘાટ પર ઊતર્યા પછી મેં નાવિકને મારી પાસે બોલાવ્યો. કરાર પેટે એને જવા-આવવાના ભાડા પેટે નવ રૂપીયા નવ યાત્રીઓના આપવાના હતા તેને બદલે યાત્રીઓ વતી દસ રૂપીયા અપાવ્યા, અને એની ગુણવત્તા તથા આવશ્યકતાને અનુલક્ષીને મારા વતી સો રૂપીયાની મદદ કરી. રસ્તામાં મા સર્વેશ્વરીને એને મદદ કરવાનો વિચાર આવેલો. એ વિચાર એમણે મારી આગળ રજૂ પણ કરેલો. એ એવી રીતે સાર્થક થયો. ઉછીની લીધેલી પોતાની નાવની રકમને માટે છત્રીસ ટકા વ્યાજ ભરનારા એ સામાન્ય સ્થિતિવાળા નાવિકને એવી મોટી રકમની કલ્પના પણ ના હોય. એ ગળગળો બની ગયો. પછી તો શાંતિભાઈ ને બીજા ભાઈઓએ પણ એને વધારાની મદદ કરી.

એ દિવસ એને માટે યાદગાર બન્યો. છૂટા પડતી વખતે મેં એને જણાવ્યું: આ રકમ વ્યાજ પેટે આપવા માટે વાપરજે. જોજે વેડફી ના નાખતો. દારૂ ના પીતો.

નાવિક વ્યસની નહોતો એટલું સારું હતું. એને જોઈને મને રામાયણનો રામલક્ષ્મણને નદી પાર કરાવનારો કેવટ યાદ આવ્યો. એવો જ પ્રેમ, સેવાભાવ, ભક્તિભાવ, એવી જ નિષ્કપટતા. નિર્દોષતા. ધન્ય છે એ નાવિકને.

☼ ☼ ☼ ☼ ☼



## ૨૫. કાશીમાં

દેશની સુપ્રસિધ્ધ નગરી કાશી. વારાણસી.

કાશીવિશ્વનાથ મંદિર અને ગંગાના સુંદર ઘાટ એનાં બે અગત્યનાં અસામાન્ય આકર્ષણો. એ પ્રાચીનતમ આકર્ષણોથી આકર્ષાઈને અતીતકાળથી આરંભીને અદ્યતન કાળપર્યંત અસંખ્ય પ્રવાસીઓએ એની મુલાકાત લીધી છે. અમે પણ લીધી.

સૌથી પ્રથમ સર્કીટ હાઉસમાં તપાસ કરી પરંતુ ત્યાં કોઈક કોન્ફરન્સની તૈયારીના ઉપલક્ષમાં બધા જ રૂમ સુરક્ષીત રાખવામાં આવ્યા હોવાથી જગ્યા ના મળી શકી. જયપુરીયા સ્મૃતિભવન પણ ભરેલું હોવાથી છેવટે અમે એની બાજુની એક હોટલમાં ઉતારો કર્યો.

એ દિવસે વધારે પડતું મોડું થઈ ગયેલું હોવાથી રાતે વિશ્રામ કરીને બીજે દિવસે સવારે અમે સુપ્રસિધ્ધ કાશીવિશ્વનાથ મંદિરના દર્શને ગયાં.

મંદિર તરફ જવાના સાંકડા ગલીના રસ્તા પર પ્રવેશતાં જ એક નવયુવાન તીર્થગોર અથવા પંડાભાઈ અમારી સાથે થઈ ગયાં. તીર્થસ્થળોમાં એવી ઘટના ઓછાવત્તા અંશે સ્વાભાવિક હોય છે. એનું કારણ મુખ્યત્વે તીર્થગોરો કે પંડાઓની  અર્થલાભની ઈચ્છા હોય છે. એ આપણા માર્ગદર્શકનું કામ કરે છે ને તીર્થસ્થળો વિશે આવશ્યક અજ્ઞાત ઉપયોગી માહિતી પૂરી પાડે છે. તીર્થોના અગત્યના દર્શનીય સ્થળોને બતાવે છે પણ ખરા. અમારે એવા કોઈ તીર્થગોરની આવશ્યકતા ના હોવાથી અમે પેલા નવયુવાન તીર્થગોરને સાથે આવવાની ના પાડી, અને કોઈક અન્ય આવશ્યકતાવાળા યાત્રીની મદદે જવા જણાવ્યું, પરંતુ એણે માન્યું નહીં ને સાથે આવવાનું ચાલુ જ રાખ્યું. માર્ગની બહાર એક તરફ એણે અમને મોટરોમાંથી ઊતરતા જોઈ અમે ખૂબ જ શ્રીમંત છીએ એવું અનુમાન કરી દીધેલું. એ અનુમાન એને માટે ઉત્સાહવર્ધક તથા પ્રેરક બનેલું. અમારી પાસેથી સારી સંતોષકારક રકમને મેળવવાની એને આકાંક્ષા જાગેલી. એ આકાંક્ષા અથવા આશાને એ હાથે કરીને કોઈ પણ પ્રકારના દેખીતા અનિવાર્ય કારણ વિના પાણી ફેરવવા નહોતા માગતો. એથી અવારનવાર ઈન્કાર છતાં પણ એણે અમારી સાથે આવવાનું ચાલું જ રાખ્યું.

કાશીવિશ્વનાથના નાનકડા મંદિરમાં અમે પ્રવેશ કર્યો.

મંદિર પ્રમાણમાં ખૂબ જ નાનું ને સાંકડું છે. અંદરથી એટલું બધું ગંદુ ને ભીનું રહે છે કે સંભાળીને પગ ના મૂકીએ તો લપસી જવાય. દર્શનાર્થીઓની ભીડ પણ એટલી બધી અસાધારણ હોય છે કે વાત નહીં. ભારતના કેટલાંક સુપ્રસિધ્ધ મંદિરોની પેઠે એ મંદિરને પણ મોગલોના શાસન સમયે સોસવું પડેલું. મંદિરને અડીને બંધાયેલી મસ્જિદ એની સાક્ષી પૂરે છે. મંદિરની અંદર પ્રવેશવાનો અંગ્રેજો પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. એ પ્રતિબંધ અનુચિત અથવા અસ્થાને લાગે છે.

પેલા યુવાન પંડાએ મંદિરના મહિમાને વર્ણવવાનું અને અમારી સાથે આવવાનું ચાલુ રાખ્યું. એને મોટી રકમ મળવાની આશા નથી એવી ખાતરી થઈ ત્યારે એણે રોષે ભરાઈને ફાવે તેમ બોલવાનું શરૂ કર્યું:

‘તનના ઊજળા પણ મનના મેલા.

‘શ્રધ્ધાભક્તિ વગરના.

'ઘોર કલિકાળના શિકાર બનેલા.

'આટલે દૂર મોટરમાં આવ્યા છે પણ તીર્થમાં ખર્ચ કરવાની ઈચ્છા નથી. અહીં આવવાથી શો લાભ?

'ચારેકોર નાસ્તિકતા છવાઈ ગઈ છે. ધર્મમાં જે શ્રધ્ધાભક્તિ હતી તે તો રહી જ નથી.

'આવા અધર્મીઓને તો જોવાથી પણ પાપ લાગે.'

એની બુધ્ધિ કે સમજશક્તિ પ્રમાણે એણે એવાએવા ઊભરા ઠાલવવા માંડ્યા.

અમે શાંત જ રહ્યાં.

મંદિરની બહાર નીકળીને રસ્તા પર આવવાનું થયું ત્યારે એણે એક બીજા પંડાને મોકલ્યો. એ એની ભલામણ કરવા લાગ્યો.

એણે પૈસા માટે ખૂબ જ આગ્રહ કર્યો ત્યારે મેં શાંતિપૂર્વક જણાવ્યું : 'કોઈની અકારણ ટીકા કે નિંદા સાંભળવી અને એને ઉપરથી પૈસા આપવા એવી પરિસ્થિતિને કોઈ પુરુષ ભાગ્યે જ પસંદ કરે. એ યુવાને પોતાના સ્વભાવને સુધારવાની ને વાણીને મધુમયી બનાવવાની આવશ્યકતા છે. તે પછી જ એ યાત્રીઓની સાચી ને સારી સેવા કરી શકશે.'

બંને પંડા પાછા વળ્યા.

ગંગાના ઘાટ પરથી હોડીમાં બેસીને સામે કિનારે જતી વખતે અમે વચ્ચે જ અસ્થિવિસર્જન કર્યું. નાવિક મધુભાષી, ભાવિક તથા ભલો હતો. એણે સામે કિનારે લઈ જવાના પ્રવાસી દીઠ આઠ આના લીધા. પાછા ફર્યા પછી અમે એની ભદ્રતાને લક્ષમાં લઈને એને પુરસ્કાર પ્રદાન કર્યો.

અલ્હાબાદમાં સંગમ સુધી જવા માટે નાવિકે વ્યક્તિ દીઠ અઢાર રૂપિયા (જવા-આવવાના) લીધેલા. એની સરખામણીમાં કાશીની નાવ સસ્તી હતી.

આખો દિવસ જાતમહેનત કરીને જીવનનિર્વાહ કરનારા નાવિકમાં અને જેમતેમ કરીને બીજા પર આધાર રાખીને જીવવા માગનારા પેલા યુવાન પંડામાં આભજમીનનો તફાવત હતો. આપણા પંડાઓ વધારે સંયમી, સાત્વિક, સેવાભાવી બને તો સરવાળે તેમને જ લાભ થાય. તીર્થોનું વાતાવરણ પણ વિશેષ વિશદ બની જાય.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૬. પ્રાર્થનાનો ઉત્તર

જીવનમાં એવા અવસરો અનેક આવે છે જ્યારે રાબેતા મુજબનો રોજનો ક્રમ ખોરવાઈ જાય છે. અવનવા આકસ્મિક અકલ્પનીય સંજોગોનું નિર્માણ થવાથી પ્રગતિનો પંથ અટકી પડે છે. મન મૂંઝાય છે. કિંકર્તવ્યમૂઢ બને છે. એવે વખતે પણ માનસિક સ્થિરતાને છોડવાની હોતી નથી. માનસિક સંતુલનને સાચવી રાખીને પ્રગતિના પંથને પકડવાનો હોય છે. પ્રતિકૂળતામાંથી અનુકૂળતાને શોધવાની હોય છે. એવી ક્ષણો જીવનની કસોટીક્ષણો હોય છે. એવી કસોટીક્ષણોમાંથી સફળતાપૂર્વક પાર ઊતરવા માટે પ્રાર્થનાનો આધાર પણ લેવાતો હોય છે. એ આધાર અકસીર અને અમોઘ ઠરે છે.

અમારી આ વખતની યાત્રામાં એ સત્યની પ્રતીતિ કરાવતા અનુભવપ્રસંગો બનતા રહ્યા. એવા જ એક વિશેષ પાવન પ્રસંગનું સ્મરણ કરીએ.

સુપ્રસિદ્ધ કાશી નગરીના નિરીક્ષણ પછી અને ભગવતી ભાગીરથીના પવિત્ર પ્રવાહમાં માતા જ્યોતિર્મયીના સ્થૂળ શરીરના અવશેષોના વિસર્જન પછી અમારી બંને મોટરો સાંજે પાંચ વાગ્યાની આસપાસ આગળ વધી. અમારું લક્ષ્યસ્થાન હવે ગયા, બોધિગયા અને છેવટે કલકત્તા હતું.

કાશીથી પંદર કિલોમીટર મુગલીસરા અને ત્યાંથી નૌબતપુર પહોંચતા સાંજના સાડા છ થઈ ગયા. ત્યાંથી આગળ જવા માટે પ્રયાણ કરતાં જ આખો રસ્તો બંધ થઈ ગયો. રસ્તાની બંને બાજુએ ને વચ્ચે કોઈ પણ પ્રકારના વાહનવ્યવહારના નિયમપાલન વિના અસંખ્ય ખટારાઓ ઊભા રહેલા. આગળની ટ્રકો એવી સ્વચ્છંદી રીતે બેજવાબદારીપૂર્વક ઊભી રહેલી કે એ પોતે તો આગળ વધી શકતી નહોતી પરંતુ બીજી પાછળની ટ્રકો ને મોટરોના રસ્તાને રોકી રહેલી. પાછળ ફરવાનો રસ્તો પણ પાછળથી આવતી ટ્રકોની હારમાળાને લીધે પુરાઈ ગયો હોવાથી આગળ વધવાની પ્રતીક્ષા કરીને શાંતિથી ઊભા રહેવા સિવાય બીજો કોઈ વિકલ્પ ના રહ્યો.

એવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં શાંતિથી ઊભા રહેવાનું કામ કપરું હતું. જોતજોતામાં ચારે તરફ અંધારું છવાઈ ગયું. અમારી મોટરમાંથી નીચે ઉતરીને શાંતિભાઈ દૂરદૂર સુધી જઈ આવ્યા. એમને આગળ વધવાની શક્યતા ના લાગી. એ ખૂબ જ નિરાશ થઈને કહેવા લાગ્યા કે હવે સવાર સુધી આમ જ પડી રહેવું પડશે. ચારપાંચ કલાક પહેલાં તો એક પણ ટ્રક રસ્તો કરી આપે એવી શક્યતા નથી દેખાતી.

અમારી સાથેની બીજી મોટર રસ્તો કુત્રિમ રીતે બંધ થયો તેના થોડાક વખત પહેલાં જ એક તરફથી આગળ નીકળી ગયેલી અને યેન કેન પ્રકારેણ સંકટમાંથી ઊગરેલી. આપત્તિ કેવળ અમારી મોટરને જ માટે ઊભી થયેલી. એને માટે આગળ કે પાછળ જવાનો કોઈ અવકાશ જ નહોતો રહ્યો. અડધા કલાકે માર્ગ સહેજ મોકળો થતાં મોટર એકાદ સેકન્ડ આગળ વધે અને પાછી અટકી પડે.

રસ્તાની વચ્ચે રોકાઈ રહેવા પાછળ પોણા બે કલાક જેટલો બહુમૂલ્ય સમય ચાલ્યો ગયો. એટલા સમયમાં તો ઉતારા પર પહોંચીને નિત્યકર્મમાંથી નિવૃત્ત થઈ શક્યાં હોત.

પરંતુ બીજું થાય પણ શું ? બીજો કોઈ રસ્તો જ ક્યાં રહેલો ?

મેં શાંતિભાઈને રામકૃષ્ણદેવની સ્તુતિ કરવાની સૂચના આપી. એ સૂચના એવે વખતે સ્વાભાવિક રીતે જ કડવી લાગી. શાંતિભાઈનું મન એ મુસીબતમાંથી માર્ગ કરવા આતુર હતું. મેં એમને સ્તુતિ કરવાની સૂચના એટલા માટે જ આપેલી કે એથી કાંઈક મદદ મળે. પરંતુ એમનું મન અતિશય અસ્વસ્થ હોવાથી સ્તુતિ કે પ્રાર્થનામાં પરોવાઈ શકે તેવું ન હતું.

એવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં મારું મન જુદી જ રીતે વિચારવા લાગ્યું. મેં મા જગદંબાને કહેવા માંડયું કે મા, તમને પૂછી ને તમે અનુમતિ આપી એટલે તો અમે કાશીથી કલકત્તા જવા માટે પ્રયાણ કર્યું છે. તમારી સુસ્પષ્ટ સંમતિથી જ અમે દક્ષિણેશ્વરના તમારા દિવ્ય સ્થાનમાં આવવાનો નિર્ણય કર્યો છે. એ નિર્ણય અને એની પછીના પ્રયાણ પછી તમે આ પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવું કઠોર કાર્ય કેમ કર્યું ? તમે તમારી જ ઈચ્છાથી અમને લઈ જાઓ છો તો પછી આવી મુસીબતમાં કેમ મૂકો છો ? રસ્તાની વચ્ચે ઘોર અંધકારમાં અમે કેટલા બધા વખતથી રાહ જોઈએ છીએ ? આ યાત્રા તમારી જ ઈચ્છા, પ્રેરણા, યોજના પ્રમાણે કરી રહ્યાં છીએ, છતાં તમારે માટે કશું જ અશક્ય નથી. અમારી યાત્રાનાં પ્રેરક જો તમે જ હો તો વિનાવિલંબ રસ્તો કરો.

મારું અંતર સંવેદનશીલ, ભાવવિભોર બની ગયું.

એ સંજોગોમાં પ્રાર્થના કરવા સિવાય બીજો કોઈ રસ્તો જ ના દેખાયો. મોટરમાં બેઠાંબેઠાં મૂંગે મોઢે છતાં અનુરાગપૂર્ણ અંતરે પ્રાર્થના કરવા માંડી.

પ્રાર્થનાની શક્તિ અનંત છે. એની અંદરનો મારો વિશ્વાસ અખૂટ અથવા અતૂટ. એ વિશ્વાસ બૌદ્ધિક નથી, આત્મિક છે. એની પાછળ અનુભૂતિનું અંતરંગ અમોલ પીઠબળ રહેલું છે. એણે મને ડગલે ને પગલે મોટી મદદ કરી છે. એનો આશ્રય સદાને સારું લાભકારક થયો છે તેમ તે વખતે પણ થયો. ચારે તરફ નિરાશાનાં ઘોર વાદળાં છવાયા હોય તેમાંથી આપોઆપ આશાકિરણ ફૂટી નીકળે ને પ્રકાશ તથા તાજગી પહોંચાડે તેમ એક અસાધારણ ચમત્કૃતિજનક બનાવ બની ગયો. એવા ઘોર અંધકારમાં ખટારાઓના સ્થિતિસ્થાપક કે કોઈકવાર એકાદ નિમિષને માટે ગોકળગાયની ગતિથી આગળ વધનારા એ કાફલાની ડાબી બાજુના કાચા રસ્તા પરથી દેવના દૂત જેવો, વીર્ય ને ઉત્સાહથી થનગનતો એક પુરુષ અમારી મોટર પાસે છેક અંદર આવી પહોંચ્યો. એનું કદ મધ્યમ, વાન ઘઉંવર્ણું ને શરીર સુદૃઢ દેખાયું. સફેદ સાધારણ વસ્ત્રોથી સજ્જ એ પુરુષને પેખીને અમને આશ્ચર્ય થયું. પરંતુ અમારા આશ્ચર્યને ગૌણ ગણીને એણે અમારી મોટરને કાચા સાંકડા રસ્તા પર લઈ આવવા અને આગળ વધારવા અનુરોધ કર્યો. અનુરોધ અથવા પ્રસ્તાવ જોખમકારક હોવા છતાં પણ બીજો કોઈ વિકલ્પ ના હોવાથી અમે મોટરને ખટારાઓની હારમાંથી માંડમાંડ બચાવીને એના તરફ વાળી દીધી. પછી તો એ પરગજુ પુરુષ આગળ નશાબાજની જેમ, કોઈક ભૂવો ધૂણતો હોય તેમ, નાચતો જાય, કૂદતો જાય, અમને એની દિશામાં આગળ વધવા માટે બે હાથને હલાવીને રાષ્ટ્રપતિને રસ્તો કરી આપતો હોય એમ અભિનય કરતો જાય, અને અમારી મોટર મંદગતિએ એની દિશામાં આગળ વધતી જાય.

રસ્તામાં કોઈ દુકાનની બહાર બે પલંગો પાથરેલા. આગળ વધતાં ડીઝલનું પીપ રખાયેલું. એથી આગળ કોઈની ખાલી ઘોડા વગરની ઘોડાગાડી પડેલી. મોટરને માટે એ બધું અસાધારણ અવરોધરૂપ હતું. પરંતુ પેલા પરમપ્રતાપી પુરુષે અંધકારભરેલા રસ્તે અમારી મોટરના પ્રકાશમાં દોડતાંદોડતાં પ્રચંડ પરાક્રમી

પહેલવાનની પેઠે એ બધા જ અવરોધોને રમતમાત્રમાં દૂર કરી દીધા. સામેથી કાળની જેમ મોટી સાઈડ પરથી આવતી એક ટ્રકને પણ અટકાવી દીધી. એનું એ વખતનું સ્વરૂપ તથા ઝનૂન જોવા જેવું હતું. બસો જેટલી પ્રચંડકાય ટ્રકોની હારમાળાની વચ્ચેથી એવી રીતે એ દેવદૂત જેવા પુરુષે અમારી મોટરને સુરક્ષિત રીતે મુખ્ય મોટરમાર્ગ પર મૂકી દીધી. સામેથી વાહનોની એક જ હારમાળા શરૂ થઈ ત્યારે અમે રાહત અનુભવીને પેલા પુરુષને પારિતોષિકરૂપે થોડીક રકમ આપવા માંડી તો તેણે ખૂબ જ નમ્રતાથી કેવળ ના ના કહીને એનો અસ્વીકાર કર્યો.

રાતે સાડા આઠ વાગ્યે જગદંબાએ અમને એવી અલૌકિક સહાયતા પહોંચાડી. અમારી આગળપાછળના અઢીસો જેટલા ખટારાઓ પાછળ જ રોકાઈ રહેલા.

અમારી બીજી મોટર આગળ માર્ગમાં જ મળી ગઈ. અમને મળેલી અસાધારણ સહાયતાની સાચી કથાને સાંભળીને સૌ આશ્ચર્યચકિત અને ગદ્દગદ બની ગયા. ઈશ્વરની કૃપાની એ કથની ખરેખર રોમાંચક હતી. અંધકારના ગાઢ આવરણને ભેદીને એટલાં બધાં વાહનોની વચ્ચેથી એ પુરુષ અમારી મોટર પાસે જ પહોંચી ગયા અને પોતાનું કલ્યાણકાર્ય પૂરું કરીને વિદાય થઈ ગયા એ જાણીને અથવા અનુભવીને સૌની શ્રદ્ધાભક્તિ બળવાન બની ને વધી પડી.

પ્રાર્થનાનો એ પ્રત્યુત્તર, પરમાત્માનો એ અસામાન્ય અનુગ્રહ, આજે પણ એવો જ યાદ છે. ચિરકાળ સુધી યાદ રહેશે. પ્રેરણા દેશે.

એ દિવસ પંદરમી નવેમ્બરનો હતો. એક વરસ પહેલાંની પંદરમી નવેમ્બરે મને બીજીવારનો જીવલેણ હાર્ટ-એટેક આવેલો. ઈશ્વરે જ મને કૃપા કરીને ઉગારેલો.

રાતે સાડા નવ વાગ્યે અમે મોહનીય પહોંચીને રેસ્ટ હાઉસમાં વિશ્રામ કર્યો ત્યારે પણ પેલું દૃશ્ય દૃષ્ટિ આગળ તરવરવા લાગ્યું.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૭. પરમશક્તિની પ્રેરણા

જીવનની મંગલમયી મહાયાત્રામાં કેટલીકવાર એવા અવસરો આવે છે જ્યારે યાત્રાના નિશ્ચિત ભાવિ માર્ગનો નિર્ણય કરવો પડે છે. કેટલીકવાર એવાં સીમાચિહ્નો અને એવા વળાંકો, એવા માર્ગો અને પેટામાર્ગો આવે છે જે એના મૂળ માર્ગને બદલી નાખે છે અને એના ગંતવ્યસ્થાનથી દૂર લઈ જાય છે કે એના લક્ષ્યને ભુલાવી દે છે. એવે વખતે ખૂબ જ સજાગ અથવા સાવધાન રહેવું પડે છે. સ્થૂળ પ્રકારની લૌકિક યાત્રાનું પણ એવું જ સમજવાનું છે. એમાં પણ કેટલીકવાર એકથી વધારે રસ્તા ફંટાતા હોય છે ત્યારે ક્યા માર્ગે આગળ વધવું છે એનો નિર્ણય કરવો પડે છે. એ નિર્ણય પર યાત્રાની સરળતાનો કે કઠિનતાનો, અનુકૂળતા કે પ્રતિકૂળતાનો, સુખમયતા કે દુઃખમયતાનો અથવા ભાવિ ગતિવિધિનો આધાર હોય છે.

કલકત્તા તરફની યાત્રા દરમિયાન એવો જ એક અવસર આવી પહોંચ્યો. અમે એક નાજુક તબક્કા પર પહોંચી ગયા. યાત્રાના આગળના રસ્તા સંબંધી અમારે ત્વરિત નિર્ણય લેવો પડે એવી ઘડી આવી પહોંચી. અમારા નિર્ણય પર આગળના પુણ્યપ્રવાસનો આધાર હતો.

સાંજનો સમય સમીપ હતો. કલકત્તાની દિશામાં પૂરઝડપે દોડનારી અમારી મોટરો મારી ને મા સર્વેશ્વરીની સૂચનાથી માર્ગની એક તરફ આવીને એકાએક ઊભી રહી. મેં સૌને આગળનો નક્શો સમજાવતાં જણાવ્યું કે આગળ બરદ્વાન આવશે. ત્યાંથી કલકત્તા જવાના બે માર્ગ છે. એક માર્ગે કામારપુકુર પહોંચીને તે પછી કલકત્તા પહોંચાય છે અને બીજા માર્ગે પહેલાં કલકત્તા જઈને ત્યાંથી પાછા ફરતાં રામકૃષ્ણદેવના જન્મસ્થાન કામારપુકુર થઈને મુંબાઈ જવાના મુખ્ય રાજમાર્ગ પર અવાય છે. તો પ્રથમ કામારપુકુર જવું છે કે કલકત્તા તેનો નિર્ણય કરી લો. મારો વિચાર તો પ્રથમ કામારપુકુર જવાનો થાય છે.

સૌ મારી તરફ જોઈ રહ્યા ને નિર્ણય ના કરી શક્યા એટલે ઉચિત લાગે તે નિર્ણય કરવાનું કામ મારા પર છોડી દીધું.

તમે જે ફરમાવો તે નિર્ણય.

તો પછી આપણે પરમશક્તિને જ પૂછી જોઈએ.

એના આદેશને કોઈપણ પ્રકારના ગમા અણગમા વગર અનુસરીશું.

સૌ મારા પ્રસ્તાવ સાથે સંમત થયા.

મેં પરમાત્માને પ્રાર્થના કરી. મા સર્વેશ્વરી પાસે ડાયરી માગી. પરમશક્તિનું મંગલ માર્ગદર્શન માંગ્યું. મા જગદંબાએ, પરમકૃપાળુ પરમ શક્તિએ, વિપળનાય વિલંબ વિના ડાયરીમાં લખી જણાવ્યું :

'હવે નકશો જોયા પછી પ્રથમ જવાય છે તો શી હરકત છે છતાં પ્રથમ કલકત્તા જવું સારું છે. માટે પ્રથમ ત્યાં જ ચાલો. લીલાસ્થળનું જન્મસ્થળ કરતાં વધારે મહત્વ એટલે મારી ઈચ્છા તમને પ્રથમ કામારપુકુર નહીં પણ કલકત્તા થઈને પછી પાછાં વળતા તમારી ઈચ્છા હશે તો કામારપુકુર લઈ જવાની છે. આજે સીધા હાઈ-વે પર ચાલો, ચાલીએ એ જ સારું છે.'

હવે વાદવિવાદ દલીલો કે નાહક પ્રતીક્ષા કરવાનો કશો અર્થ ન હતો. પરમશક્તિએ સુસ્પષ્ટ પથપ્રદર્શન પૂરું પાડેલું. એ પ્રમાણે વ્યક્તિતગત રુચિ-અરુચિને ગૌણ ગણીને એની ઈચ્છાને અનુસરવાનું જ

પરમ શ્રેયસ્કર હતું. મારું સમસ્ત જીવન એવી રીતે ચાલ્યા કરતું. એ ઈશ્વરની ઈચ્છાનું અનુવાદ બનેલું. હજુ આજે જ મધ્યાહ્ન સમયે રાણીગંજમાં ભોજન કર્યા પછી ત્યાંથી શાંતિનિકેતનના સુપ્રસિદ્ધ સ્થાનમાં જવાની ઈચ્છા થઈ, પરંતુ પરમશક્તિને પૂછવામાં આવતાં તેણે ત્યાં જવાની ના પાડીને હાઈ-વે પર આગળ વધવાનો આદેશ આપ્યો, એટલે તે આદેશનું અનુસરણ કર્યું. શાંતિનિકેત જવાની ઈચ્છાને પડતી મૂકી.

પરમાત્માને કે પરમશક્તિ બધું આપણી આકાંક્ષા અનુસાર જ કહેશે એવું માનવું વ્યર્થ છે. એ આપણા બંધનમાં નથી તો પણ કૃપા કરીને આપણા જીવનનું સારથિ પદ સંભાળે છે. આપણા શ્રેયની વાતને સૂચવે છે. એનું અનુસરણ કરવું પડે છે માટે નહીં કિન્તુ એની ઈચ્છા, યોજના, મંગલમયતાને સમજીને સહર્ષ શાંતિપૂર્વક સ્વસ્થચિત્તે કરવાનું હોય છે. એ સનાતની શક્તિનો સાક્ષાત્કાર સહેલો નથી. એ પછીનો એનો સંપર્ક અને સતત સંપર્ક પણ સહેલો નથી; અને ક્ષણેક્ષણના સંસર્ગ પછી એની ઈચ્છા કે યોજનાને અગાઉથી જાણવાનું પણ અઘરું-અતિશય અઘરું ખૂબ જ વિરલ હોય છે. એને અનુસરવાનું તો એથીયે વિરલ. સંસારના આધ્યાત્મિક સાધનાત્મક ઈતિહાસમાં એવી ભૂમિકા એકદમ અસાધારણ, અશક્ય જેવી હોય છે.

પરમશક્તિની પ્રેરણા અથવા ઈચ્છાને શિરોધાર્ય કરીને અમે પ્રથમ કામારપુકુર જવાને બદલે દક્ષિણેશ્વર જવાનું નક્કી કરીને અમારી મોટરોને કલકત્તાની દિશામાં દોડાવવાનું શરૂ કર્યું.

થોડીવારમાં સર્વત્ર અંધકાર છવાઈ ગયો.

રસ્તામાં આવેલા પાંડચે નામના સ્થાનમાં રેસ્ટહાઉસમાં રાત્રે વિશ્રામ કર્યો.

પાંડચે અથવા પાંડુઆ તદ્દન પાસે હતું. જો અમે અમારા પૂર્વ વિચારને અનુસરીને કામારપુકુર માટે પ્રયાણ કર્યું હોત તો અંધકારમાં એ માર્ગે આગળ વધવાનું મુશ્કેલ થાત. એ માર્ગે એકદમ નાના છૂટાછવાયા ગામડાં આવતાં હોવાથી રાતે ઉતરવાની સાનુકૂળ સગવડ ન મળત અને કામારપુકુરનું અંતર અધિક હોવાથી એ અજાણ્યા નાના માર્ગે થઈને ત્યાં પહોંચવાનું નિરાપદ ના બનત. એટલે પરમશક્તિએ આપેલી સૂચના અમારા મંગલ માટે થઈ પડી.

એ સૂચના કે પ્રેરણાની મંગલમયતાની વિશેષ પ્રતીતિ બીજે દિવસે સવારે થઈ. પાંડુઆ કે પાંડચેથી નીકળીને અમારી મોટરો કલકત્તાની દિશામાં આગળ વધીને બારેક કિલોમીટર દૂરના મોગરા નામના નગરમાં પ્રવેશી કે તરત જ બીજી મોટરની પેટ્રોલની ટાંકી એક ઊંચી જમીન સાથે ઘસાઈને લીક થઈ. જોતજોતાંમાં તો બધું જ પેટ્રોલ બહાર નીકળી ગયું. પેટ્રોલની ટાંકીમાં પહેલેથી જ ક્ષતિ હશે. તેને મોટું રૂપ ધારણ કર્યું. બહાર નીકળતા પેટ્રોલના થોડાક પ્રવાહને ડોલમાં ભરી લેવામાં આવ્યો. એ મોટરને માટે અને એટલે જ સાથેની અમારી બીજી મોટરને માટે આગળ વધવાનું અશક્ય બની ગયું. બગડેલી મોટરને વેલ્ડીંગ કરાવાની આવશ્યતા હતી. સૌના સદભાગ્યે ઈશ્વરની કૃપાથી દરદની સાથે જ દવા મળી. રસ્તા પર મોટર અટકેલી ત્યાં સામે જ વેલ્ડીંગવાળાની દુકાન હતી. વેલ્ડીંગવાળો દોડી આવ્યો. પેટ્રોલને ભરવાના સાધનો લાવ્યો. એની મહેનતની મોટર એકાદ કલાક પછી સારી થઈ.

અમારી બીજી મોટર પણ ક્ષતિપૂર્ણ દેખાઈ. એ મોટરનું રેડિયેટર બગડેલું અને લીક થતું લાગ્યું. વેલ્ડીંગવાળાની મદદથી એને પણ ઠીક કરાવી લીધું. હવે બંને મોટરો મુસાફરી માટે તૈયાર થઈ. માર્ગમાં ટ્રકોની લાંબી અવ્યવસ્થિત સ્વછંદી વિવેક વગરની લાઈનો લાગેલી. તે લાઈનો ત્યાં સુધીમાં દૂર થઈ એટલે

અમારો પ્રવાસ પૂર્વવત્ પ્રારંભાયો. અમને સૌને થયું, કામારપુકુર જતાં રાતનાં સમયે રેડિયેટર બગડત કે પેટ્રોલની ટાંકી તૂટત તો શું કરત. પેટ્રોલની ટાંકીની વાત વિચારાધીન રાખીએ તો પણ રેડિયેટર તો ત્રુટિપૂર્ણ હતું જ. કામારપુકુરના છૂટાછવાયા ગામોમાંથી પસાર થતાં સાધારણ મોટરમાર્ગ પર રેડિયેટરના રીપેરીંગની વ્યવસ્થા ના થાત અને એવી રીતે મુશ્કેલી ખૂબ જ વધી જાત. સમસ્યા કાબૂની બહાર ચાલી જાત. પરમશક્તિની પ્રેરણા કે સૂચના કેટલી બધી સહેતુક હતી તેનો સંપૂર્ણ ખ્યાલ આવ્યો અને અંતર એના માટેના અનુરાગ અને આદરભાવે ઊભરાઈ રહ્યું.

પરમાત્મામાં, પરમશક્તિમાં, વિશ્વાસ હોય તો એ પળેપળે, પદેપદે મદદ કર્યા જ કરે છે. ડગલે ને પગલે પ્રભુકૃપાનું દર્શન થાય છે.

સવારે સાડા-નવ વાગે અમે સુપ્રસિદ્ધ બેલૂરમઠમાં પહોંચી ગયાં. ત્યાંથી રામકૃષ્ણ પરમહંસદેવનું લીલાસ્થળ દક્ષિણેશ્વર છેક જ પાસે હતું.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૮. દક્ષિણેશ્વરનો અદ્દભુત અનુભવ

દક્ષિણેશ્વરની એ મારી પ્રથમ યાત્રા ન હતી. માતાજી સિવાય અને પાછળથી માતાજી સાથે મેં એ દિવ્યસ્થળમાં પ્રવેશ કરેલો તો પણ પ્રત્યેક વખતે એનો આસ્વાદ અવનવો લાગેલો. આ વખતે માતાજીના સ્થૂળ શરીરના પરિત્યાગને લીધે યાત્રામાં એ નહોતાં પરંતુ મા સર્વેશ્વરી તથા રામકૃષ્ણ પરમહંસદેવના કેટલાક ભક્તો અથવા પ્રશંસકો જોડાયેલાં એટલે પરિસ્થિતિ જુદી હતી. તો પણ એ અલૌકિક શાંત સુંદર સ્થળમાં પ્રવેશવાનો, વસવાનો ને વિહરવાનો અભૂતપૂર્વ અવર્ણનીય આનંદ તો હતો જ.

એ સ્થળ પોતાની અસંખ્ય સ્મૃતિઓથી સજીવ લાગ્યું. સમીપવર્તી ગંગાના સુવિશાળ પવિત્ર પ્રવાહને લીધે એની શોભામાં અસાધારણ અભિવૃદ્ધિ થયેલી દેખાઈ. ભગવતી ભાગીરથીના પરમપવિત્ર પ્રવાહને પેખીને પ્રાણે પ્રસન્નતા અનુભવી. ત્યાંથી આગળ વધીને અમે શારદામાતાનો સ્મૃતિખંડ જોયો, રાણી રાસમણિના સ્મારકને નિહાળી, પ્રખ્યાત પંચવટીનું નિરીક્ષણ કર્યું, એની પાસેના તોતાપૂરીએ જેમાં રામકૃષ્ણદેવને બેસાડીને સમાધિ કરાવેલી તે નાના સરખા શિવાલયને જોયું, માના પવિત્ર મંદિરના દર્શનનો લાભ લીધો, અને રામકૃષ્ણદેવના નિવાસખંડમાં પ્રવેશ કર્યો. એમનો એ નાનો સરખો છતાં પણ મહામહિમાવંતો નિવાસખંડ ઉચ્ચતમ આધ્યાત્મિક પરમાણુઓથી પરિપ્લાવિત લાગે છે, એમાં પ્રવેશતાંવેંત અવનવી શાંતિ આપે છે. આત્માને અનુપ્રાણિત અથવા આલોકિત કરે છે. ભક્તો એમાં બેસીને ઈચ્છાનુસાર ધ્યાન ધરે છે તથા પ્રાર્થનાદિનો આધાર લઈને પોતાના પ્રાણને એ પરમાત્માસદૃશ મહાપુરુષ તરફ પ્રવાહિત કરતાં દેખાય છે. અમારા મનમાં પેલી સ્તુતિના સુમધુર સંવેદનશીલ સ્વરો ગૂંજી રહ્યા :

અધર્મ જ્યારે પ્રસરે ધરામાં,
અંધાર વ્યાપે જડતા હવામાં
ત્યારે તમે જ્યોતિ બની પ્રકાશો,
ને ચેતના નિત્ય નવી પ્રસારો,
સદ્દધર્મને નૂતન પ્રાણ આપો;
શ્રીરામકૃષ્ણ પ્રભુ હે ! પ્રસન્ન હો.

યુગે યુગે ચિન્મય દેહ ધારી,
લીલા કરી પ્રેરક દિવ્ય ન્યારી,
અનુગ્રહે ભક્ત અસંખ્ય તારી,
સંમોહ સંતાપ વિષાદ મારી,
પ્રકાશનો પંથ સદા બતાવો;
શ્રીરામકૃષ્ણ પ્રભુ હે ! પ્રસન્ન હો.

મા શારદાના પ્રભુ પ્રાણપ્યારા
ભક્તોતણા પૂરણ મિત્ર ન્યારા,

હે પ્રેમના સાગર ! હે પવિત્ર !
પ્રપન્નના પૂરણ સત્ય મિત્ર !
કૃપા કરો તો ભય ના રહે કશો;
શ્રીરામકૃષ્ણ પ્રભુ હે ! પ્રસન્ન હો.

કૃપા કરી દો વરદાન આપો,
આસક્તિ ને બંધ મમત્વ કાપો,
રક્ષો સદા સર્વસ્થલે અમોને,
પ્રશાંતિ પૂર્ણત્વ વિમુક્તિ સ્થાપો;
અનાથના નાથ થયા સદા છો;
શ્રીરામકૃષ્ણ પ્રભુ હે ! પ્રસન્ન હો.

બધાનાં અંતર ભાવવિભોર બની ગયાં.

મા સર્વેશ્વરીની આંખમાંથી અશ્રુધારા વહેવા લાગી.

રામકૃષ્ણદેવના એ નિવાસખંડમાં બેઠા પછી દરેક વખતે પ્રાર્થનાના સહજ સુપરિણામે એમની આત્મલીન અવસ્થા હતી.

વખત ક્યાં અને કેટલો વીતે છે તેનો ખ્યાલ રહેતો નહી.

સિદ્ધસ્થળોનો પ્રભાવ એવો અજબ, અમોઘ, પ્રબળ હોય છે.

એ ક્યારે કોના આત્માને કેવી રીતે ઝંકૃત કરે છે તે નથી કહી શકાતું.

મા સર્વેશ્વરી તો સાક્ષાત જગતજનની જગદંબા હતા. મંદિરમાંથી બહાર નીકળીને એ પોતાના સ્થૂળ, સહેલાઈથી ન ઓળખાય એવા શ્રીવિગ્રહને ધારીને એમના જ ક્ષેત્રમાં વિહરી રહેલાં. સાધકોના શ્રેયને માટે આવશ્યકતાનુસાર સાધક સહજ લોકકલ્યાણની લીલા કરી રહેલાં.

બીજે દિવસે પણ એ નિવાસખંડમાં એમની અવસ્થા એવી જ અદ્દભુત રહી. અન્ય સાધકો પણ પોતપોતાની રીતે ભાવાનુભવ કરવા લાગ્યા.

રામકૃષ્ણદેવના એ અલૌકિક આવાસખંડમાં બીજે દિવસે સવારે અમારે બેસવાનું થયું ત્યારે મને પણ કોઈક અસાધારણ અનુભવની ઈચ્છા થઈ. મારું મન માની પ્રાર્થના અને રામકૃષ્ણદેવની સંસ્મૃતિ કરતાં ભાવવિભોર બની ગયું. થોડા વખત સુધી એવી ભાવવિભોર અવસ્થા ચાલુ રહી. એ પછી જાગૃતિદશામાં જ મને એક અલૌકિક અકલ્પ્ય અનુભવ થયો. મારા શરીરના રોમરોમમાંથી રામકૃષ્ણદેવના સુખાસનાસીન સ્વરૂપો નીકળવા લાગ્યાં. એક પછી એક એમ અનંત સ્વરૂપોનું હું આશ્ચર્યચકિત બનીને મુગ્ધભાવે અવલોકન કરવા માંડ્યો. એ વખતે જગદંબાએ મને જણાવ્યું કે હું આવા હજારો રામકૃષ્ણો સર્જી શકું છું. તે પણ મારું જ રૂપ હતું. હું જ રામકૃષ્ણ થયેલી.

એ અલૌકિક અકલ્પ્ય અનુભવની અસર લાંબા વખત સુધી રહી. મારા લોચન ભાવવિભોર ને ભીનાં થયાં. છેવટે એ અદ્દભુત આનંદદાયક અનુભવ પૂરો થયો. હવે એ ખંડમાંથી ધીમાં પગલે ભાવભરપૂર હૃદયે બહાર નીકળ્યાં.

આજનો દિવસ અનેક રીતે અમર બનવા સર્જાયેલો, ચિરસ્મરણીય ધન્ય દિવસ હતો. તારીખ ૧૯-૧૧-૧૯૮૦, કારતક સુદ બારસને બુધવાર.

રામકૃષ્ણદેવના આવાસખંડમાંથી બહાર નીકળીને અમે મંદિરના ચોકમાં આંટા મારવા માંડ્યા. સૌ પ્રેમીજન મા સર્વેશ્વરી સાથે કાલીમાતાના મંદિરે દર્શન માટે ગયાં. એ સૌ પાછાં આવ્યાં એટલે મેં એમને કહ્યું કે દર્શન ના કર્યાં હોય તો કરી લો. જે ત્યાં મંદિરમાં છે તે જ અહીં છે. એ બોલતાં નથી, આ બોલે છે. મા સર્વેશ્વરી તરફ અંગૂલિનિર્દેશ કરીને મેં ફરીવાર જણાવ્યુ કે દર્શન ના કર્યાં હોય તો કરી લો.

મા સર્વેશ્વરી મારે મન જગદંબાનું પ્રત્યક્ષ સ્વરૂપ છે. મા જ એમની રૂપમાં લીલા કરે છે. પરંતુ તે રહસ્યને કોઈક બડભાગી જ સમજશે અને અનુભવશે. જે અનુભવશે તે ધન્ય બનશે.

☼ ☼ ☼ ☼ ☼

## 28. કાશીપુરના બગીચામાં ને સ્મશાનમાં

એ જ દિવસે વહેલી સવારે અમે કલકત્તામાં આવેલા કાશીપુરના બગીચાના સ્થાનમાં ગયેલાં. એ સ્થળ અમારી દૃષ્ટિએ ઓછું ઐતિહાસિક નહોતું. એનું મહત્વ સવિશેષ હતું, કારણ કે રામકૃષ્ણ પરમહંસદેવ પોતાના જીવનના અંતિમ દિવસોમાં વ્યાધિગ્રસ્ત દશા દરમિયાન ત્યાં રહેલા અને જીવનનું લીલાસંવરણ કરીને સમાધિસ્થ પણ ત્યાં જ થયેલા.

એ શાંત એકાંત સુંદર સ્થાનને રામકૃષ્ણ મિશન સંસ્થા સંભાળતી હોવાથી એની અવસ્થા ખૂબ જ સંતોષકારક છે. મકાનની નીચેના બહારના ખંડમાં રામકૃષ્ણદેવની સેવા કરનારા ભક્તો રહેતા. અંદરના ખંડમાં શારદામાતા રહેતાં ને રામકૃષ્ણદેવને માટે રસોઈ બનાવતાં. ઉપર પહેલે માળે સામેના મોટા ખંડમાં રામકૃષ્ણદેવ રહેતા. ત્યાં એમનો પલંગ પથારી સાથે જોવા મળે છે. એ જ ખંડમાં એમણે પોતાના પાર્થિવ તનુને પરિત્યાગેલું. એ સ્થાન આજે પણ સજીવ લાગે છે. એના પરમાણુઓ પ્રાણને સ્પર્શે છે, પાવન કરે છે, પ્રેરણાથી ભરે છે.

ઉપર એક તરફના નાનાસરખા ખંડમાં એક સંતપુરુષ ઊભેલા. મેં એમને પરમ સૌભાગ્યશાળી સમજીને પૂછયું : ‘અહીં રહો છો ?’

‘હા.’

‘શું કામ કરો છો ?’

‘આ પવિત્ર સ્થાનની સેવા કરવાનું. ઈશ્વરની કૃપાથી આ સુંદર શાંતશુચિ સ્થાનમાં રહેવાનું મળ્યું છે. પૂર્વના કોઈક સારાં કર્મોનું પરિણામ છે. ઠાકુરની કૃપા છે.’

સંતપુરુષે સ્થાનનો પરિચય કરાવ્યો. મારી જીજ્ઞાસાના જવાબમાં એમણે સ્વામી પ્રેમરૂપાનંદ જયરામવાટીમાં છે એવી માહિતી પણ પૂરી પાડી. એ શાંત, સરળ, નમ્ર, મિલનસાર લાગ્યા.

એ અમને ત્યાંના સ્થાનાધ્યક્ષ સ્વામીજી પાસે લઈ જવા માટે તૈયાર થયા.

અમે નીચે આવીને આગળ વધ્યાં ત્યાં રામકૃષ્ણદેવના જીવનના એ અંતિમ દિવસોના લીલાપ્રસંગ પર પ્રકાશ પાડતું, ભક્તો તથા શરણાગતો પરના એમના અલૌકિક અનોખા અનુગ્રહનું દિગ્દર્શન કરાવતું, એમના અસાધારણ લોકોત્તર વ્યક્તિત્વની સાક્ષી પૂરતું, નીચેનું સુંદર લખાણ વાંચવા મળ્યું :

‘૧-૧-૧૮૮૩ બપોરે ૩. રામકૃષ્ણદેવે બહાર ફરવા જવા ઈચ્છા કરી. તેમણે લાલ કિનારનું ધોતિયું ને પગમાં સાદા દેશી બનાવટનાં ચંપલ પહેરેલાં. તે દાદર ઊતરી નીચે આવ્યા ત્યારે તેમણે શિષ્યોને જોયા. શિષ્યોએ પણ તેમને જોયા ને પ્રણામ કર્યા. તેમણે ગિરીશ ઘોષને બોલાવીને પૂછ્યું કે 'તું મારો ભગવાન ભગવાન કહીને શા માટે પ્રચાર કરે છે ?' ત્યારે ગિરીશ ઘોષે જણાવ્યું કે ‘તમારો મહિમા વ્યાસમુનિ પણ વર્ણવી શકતા નથી તો હું તો શી રીતે વર્ણવી શકું ?' એટલા વાર્તાલાપ પછી તે ભાવવિભોર બનીને ભાવસમાધિમાં ઊતરી પડ્યા. એમની ભાવસમાધિને ઉતારવા માટે સર્વે ભક્તો 'જય રામકૃષ્ણ જય રામકૃષ્ણ' બોલવા લાગ્યા.

'રામકૃષ્ણદેવે ભાવસમાધિમાંથી જાગીને જ્યાં શિષ્યો બેઠેલા ત્યાં કલ્પવૃક્ષ નીચે જઈને સર્વે શિષ્યોને વારાફતી હૃદયસ્પર્શ કર્યો. 'સૌ પ્રકાશ પામો' એવું બોલીને દરેકને સ્પર્શ કર્યો. એને લીધે સૌને વિવિધ અનુભવો થવા લાગ્યા. સૌએ એ અનુભવો વર્ણવવા માંડ્યા. કોઈને પ્રથમવાર જ પ્રકાશદર્શન, કોઈને પ્રથમવાર જ ઈષ્ટદર્શન થયું, કોઈને ધ્યાનમાં પ્રથમવાર જ એકાગ્રતા અનુભવવા મળી.

એ પછી રામકૃષ્ણદેવ ઉપર ગયા.

જે પવિત્ર વૃક્ષની નીચે એ અલૌકિક અનુભવોની પ્રાપ્તિ થઈ એ પવિત્ર વૃક્ષને કલ્પવૃક્ષ કહેવામાં આવ્યું. ભક્તો અથવા સાધકોને માટે એણે કલ્પવૃક્ષ કામ કર્યું. અત્યારે એ વૃક્ષનું દર્શન નથી થતું. એને કાપી નાખવામાં આવ્યું છે. તો પણ એની સ્મૃતિ સૌને સારું સુખદ થઈ પડી.

*

એ દિવસ એક બીજી ચિરસ્મરણીય સ્મૃતિને લીધે યાદગાર બની ગયો.

કાશીપુરના બગીચાના સ્થાનમાંથી માહિતી મેળવીને અમે કાશીપુરના ગંગાતટવર્તી નાનકડા સ્મશાન તરફ ગયાં.

એ સ્મશાનને રામકૃષ્ણદેવના સ્થૂળ શરીરના અગ્નિદાહના સાક્ષી બનવાનું સદ્દભાગ્ય સાંપડેલું. રામકૃષ્ણદેવે કાશીપુરના બગીચામાં સુદીર્ઘ સમયની શારિરીક અસ્વસ્થતા પછી સ્વૈચ્છિક મહાસમાધિ લીધી. તે પછી એમના સ્થૂળ શરીરની છેવટની સ્મશાનક્રિયા ત્યાં જ કરવામાં આવેલી. એ દૃષ્ટિએ એ સ્થાનનું મહત્વ ઘણું હતું. રામકૃષ્ણદેવનાં ભક્તો તથા પ્રશંસકોને માટે એ સ્થાન સાચેસાચ પરમ દર્શનીય લેખાય.

સ્મશાનના એ શાંત સુંદર નાનાસરખા સ્થાનમાં રામકૃષ્ણદેવના, એમના જીવનચિત્રકાર માસ્ટર મહાશયના, રામકૃષ્ણદેવના સ્વનામધન્ય પરમપ્રતાપી શિષ્ય સ્વામી અભેદાનંદના અને એમની પરમભક્ત ગૌરીમાતાનાં શરીરનો અગ્નિસંસ્કાર કરાયેલો; અને શિલાલેખો સાથેનાં સ્મારકો પણ રચાયેલાં. ભૂતકાળની ઘટનાસ્મૃતિ કરાવતાં એ સ્મારકોએ અંતરને સંવેદનશીલ કર્યું. અતીતકાળની મૂક સાક્ષી જેવી ભગવતી ભાગીરથી શાંતિપૂર્વક વહી રહેલી. અગ્નિદાહની પ્રતીક્ષા કરતું એક શબ સામે જ પડી રહેલું. બીજાં બે શબ અગ્નિદાહની અંતિમ પ્રક્રિયામાંથી પસાર થઈ રહેલાં. અન્ય શબ સ્મશાનમાં છેવટની વિધિ માટે પ્રવેશી રહેલાં. સ્નેહીઓ કે સંબંધીઓ એમને ઢોલક તથા મંજીરા સાથે સંકીર્તન કરીને ભારે હૈયે વિદાય આપી રહેલાં. સૌનું છેવટનું પરિણામ તો એ જ છે ને ? પછી કોઈના સ્મારક રચાય ને કોઈના ના રચાય. કોઈની સ્મશાન યાત્રા કઢાય અને કોઈક એકાકી અજાણ અનિકેતનની ના કઢાય.

ભીની આંખે સંવેદનશીલ હૃદયે અમે પાછા વળ્યાં. માતાજીના અંતસમયની, એમના સ્થૂળ શરીરના અગ્નિદાહની સ્મૃતિ તાજી થઈ. અમે એમના પવિત્ર અવશેષોના વિસર્જન નિમિત્તે યાત્રાએ નીકળ્યા છે એ યાદ આવ્યું.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૯. એકાંતિક ભક્ત

દક્ષિણેશ્વરની પેઠે બેલૂર મઠનું દર્શન પણ પ્રેરણાત્મક છે. દર્શનાર્થી બંને ઠેકાણે જવાનો આગ્રહ રાખે છે. દક્ષિણેશ્વર રામકૃષ્ણ પરમહંસદેવની તપોભૂમિ તથા લીલાભૂમિ, તે બેલૂરમઠ સ્વામી વિવેકાનંદની સુવ્યવસ્થિત સેવા ભૂમિ. ઉભયનું પોતપોતાની રીતે મહત્વ.

બેલુરમઠની છેક જ સમીપે ગંગા છે. એના પ્રસન્નપાવન તટપ્રદેશ પર સ્વામી બ્રહ્માનંદ, શારદામાતા અને સ્વામી વિવેકાનંદના સ્વચ્છ, સુંદર સમાધિસ્થાનો છે. થોડેક દૂર જઈએ એટલે સ્વામી વિવેકાનંદ તથા બ્રહ્માનંદના નિવાસખંડો જોવા મળે છે. બેલુર મઠનું મુખ્ય આકર્ષણ સૌની આગળ આવેલું રામકૃષ્ણદેવનું મંગલ મનહર મંદિર છે.

સવારના શાંત સમયે અમે એ દેવમંદિરના દર્શને ગયા ત્યારે મંદિરમાં લેશ પણ ભીડ ના દેખાઈ. ચાર-પાંચ ભાવિક ભક્તો રામકૃષ્ણદેવની પ્રેરણાત્મક પાવન પ્રતિમા સામે ભાવમગ્ન બનીને ધ્યાનમાં બેઠેલા. એ દૃશ્ય ખૂબ  સુંદર હતું.

પરંતુ એનાથી પણ વધારે સુંદર વિચારપ્રેરક આહ્લાદક દૃશ્ય તો મેં મંદિરની પાછળના ભાગમાં જોયું. મંદિરના પરિકમ્મામાર્ગેથી આગળ વધતાં ઉઘાડા બારણાની બહાર, રામકૃષ્ણદેવની મનહર મંગલ મૂર્તિને જોઈ શકાય પરંતુ પોતાને કોઈ દર્શનાર્થી સહેલાઈથી પ્રથમ નજરે ના નિહાળી શકે એવી અજ્ઞાત રીતે એક ભાવિક ભક્ત બેઠેલો. એની આંખ બંધ હતી. એ ભાવવિભોર બનીને પ્રાર્થના, જપ કે ધ્યાનમાં ડૂબેલો. એની મુખાકૃતિ સાત્વિક અને શાંત દેખાતી. એના શરીર પરના છેક જ સામાન્ય મેલા જેવા વસ્ત્ર પરથી એ કોઈ શ્રમજીવી સામાન્ય માનવ હશે એવી પ્રતીતિ થતી.

એણે એની આરાધના માટે કેવી નિતાંત એકાંત જગ્યા પસંદ કરેલી ? એ ક્યાંથી આવ્યો હશે ? ક્યાં કેવી રીતે રહેતો ને શું કરતો હશે ? આ સ્થળમાં દરરોજ આવતો હશે ? અહીં જ બેસતો હશે ? એવાં પ્રશ્ન પેદા થાય એ તદ્દન સ્વાભાવિક હતું. એમના ઉત્તરો એના વિના બીજું કોણ આપી શકે ?

મંદિરના મુખ્ય હૉલમાં જઈને મેં મારી સાથેનાં બીજા યાત્રીઓને કહ્યું :

'એકાંતિક આરાધના, અનન્ય ભક્તિ કે નિષ્ઠા કેવી હોય તે જોવું હોય તો મંદિરની પાછળના ભાગમાં જઈને જોઈ આવો. ત્યાં એક ભાવભરપુર ભક્ત બેઠો છે. એને અવલોકવાથી ખૂબ જ આનંદ આવશે ને જાણવાનું મળશે.'

એ ભક્તપુરુષને દેખીને સૌને સાચેસાચ આનંદ થયો. સૌ એને અસાધારણ આદરભાવે અવલોકી રહ્યા. એણે કપાળે નહોતું તિલક કર્યું કે નહોતી કંઠી પહેરી. છતાં પણ એનું વ્યક્તિત્વ નિરાળું હતું. પરમાત્માનું અદ્દભુત અનુસંધાન સાધનારા અથવા સાધવા માંગનારા અસાધારણ સંસ્કારસંપન્ન સાધક આત્માઓની સાધના, આત્મિક આરાધના એવી એકાંતિક હોય છે. એ ભક્તિ કરે છે અને એમાંથી પ્રેરણા પામીને આગળ વધે છે. જીવનવ્યવહારમાં અસંગ રહે છે. અન્યને માટે આદર્શ બને છે.

એની ઉપર રામકૃષ્ણદેવની અથવા કહો કે એના આરાધ્યદેવની અનુગ્રહવર્ષા વિશેષ પ્રમાણમાં ચોક્કસ રીતે વરસતી હશે એમાં શંકા નહીં.

## ૩૦. લોહીના સંસ્કાર

કલક્તાથી પાછા ફરતાં તારકેશ્વરના સુપ્રસિદ્ધ મંદિરનું દર્શન કરીને રાતે કામારપુકુર પહોંચ્યાં. તારકેશ્વરના મંદિરનો મહિમા એ પ્રદેશમાં ઘણો મોટો મનાતો હોવાથી એના દર્શન માટે આબાલવૃદ્ધ ઊમટતા દેખાય છે. કલકત્તાથી કામારપુકુર જતાં એનો રસ્તો બીજી દિશામાં ફંટાય છે. તો પણ અમે એના દર્શનનો લાભ લીધો એ સારું જ થયું.

કામારપુકુરમાં પ્રવેશતાં પહેલાં જ અંધારું થઈ ગયું હોવાથી અમે ડાકબંગલામાં વહેલી તકે ગોઠવાઈ ગયાં. ડાકબંગલો ગામમાં પ્રવેશતાં જ મુખ્ય માર્ગની એક બાજુએ આવેલો. એનું મકાન પ્રમાણમાં ખૂબ જ નાનું હોવા છતાં પૂરતી સગવડવાળું ને શાંત હતું.

રાતે રોજના નિયમ મુજબ સૂતાં પહેલાં સત્સંગ થયો, ધ્યાન થયું ને સમૂહપ્રાર્થના થઈ. સંતપુરુષો જ્યાં જ્યાં વસે કે વિચરે ત્યાં ત્યાં તીર્થ થાય છે. એ ભૂમિ પાવન તથા વિશેષ મહિમાવાળી ગણાય છે. કામારપુકુરના સંબંધમાં પણ એવું જ સમજવાનું છે. રામકૃષ્ણ પરમહંસદેવના પ્રાગટ્યને લીધે તેની ભૂમિ તીર્થભૂમિ થઈ છે તથા વિશ્વવિખ્યાત બની છે. એ ભૂમિ કેટલાંય પથિકોની પરમપવિત્ર પ્રેરણાભૂમિ થઈ છે.

એ પરમપવિત્ર પ્રેરણાભૂમિમાં અમને તારીખ ૧૯-૧૧-૧૯૮૦ અને ૨૦-૧૧-૧૯૮૦ એમ બે દિવસ માટે શ્વાસ લેવાનું સૌભાગ્ય સાંપડ્યું. એ દરમિયાન અમારા અંતરમાં અવનવા ભાવો પ્રાદુર્ભાવ પામ્યાં. એ ભાવો કાંઈક અંશે આવા હતાં :

શ્રી રામકૃષ્ણ ! વંદુ તમોને,
શ્રદ્ધાભક્તિ દો દર્શન અમોને.
અરજી કરેલી જૂની અમારી,
કૃપાની વર્ષા વરસો નિરાળી.
પરમાણુ પ્રાણના પ્રેમે ભરી દો,
ચંચળતા ચિત્તની સઘળી હરી લો.
મમતાને મારો, કરુણાથી તારો,
પંથ બતાવો પ્રગતિનો ન્યારો.
વૈરાગ્યનું દો દાન, દયાળુ !
તિમિર હૃદયનું હરજો અમારું.
કરુણા કરીને તાર્યા હજારો
વારો હવે છે આવ્યો અમારો.
શ્રીરામકૃષ્ણ ! વંદુ તમોને,
શ્રદ્ધાભક્તિ દો દર્શન અમોને.

*

સવારે સૂર્યોદય પછી રામકૃષ્ણદેવના જન્મસ્થળે ગયાં. એ સ્થળમાં સુંદર સ્વચ્છ મંદિરની રચના થઈ છે. ત્યાં પણ રામકૃષ્ણ મિશનનો વહીવટ ચાલે છે. મંદિરની પાછળ રામકૃષ્ણદેવનું મૂળ મકાન છે. બાજુમાં એમના મોટા ભાઈનું મકાન છે. એ મકાનોને એવા સુરક્ષિત રખાયાં છે. મંદિરની બીજી તરફ રઘુવીરનું પૂજાસ્થાન જોવા મળે છે. એ પૂજાસ્થાન કે મંદિરની પૂજા રામકૃષ્ણદેવના કુટુંબીજનોના હસ્તક રાખવામાં આવી છે. મુખ્ય મંદિરની એક તરફ વિશાળ આમ્રવૃક્ષ દેખાય છે. એ સ્થાનની પાછળના ભાગમાં પ્રવાસીઓને માટે ઊતરવાના સુંદર આધુનિક સગવડવાળા મકાનોની વ્યવસ્થા છે.

રામકૃષ્ણદેવના જન્મસ્થળનું દર્શન એની સવિસ્તર સમજણ સાથે એમના એક યુવાન કુટુંબીજન મારફત થઈ શક્યું. એને રામકૃષ્ણદેવના કુટુંબી હોવાનું ગૌરવ હતું. રઘુવીરની પૂજાનું કાર્ય પણ એ જ સંભાળતો. અમે એને અભિનંદન આપ્યાં. પરંતુ એવા અભિનંદનના અધિકારી થવાનું એને માટે બાકી હતું. એ એના વ્યવહાર પરથી જણાઈ આવ્યું. મંદિરની બહાર નીકળીને રામકૃષ્ણદેવના જ્યોતિર્મય જીવન સાથે સંકળાયેલા બીજા કેટલાંક સ્થળોને જોવા માટે મેં એક છોકરાને તૈયાર કર્યો. એ છોકરો ભોમિયા તરીકે અમારી સાથે આવવા માટે ખૂબ જ ઉમંગથી તૈયાર થયો. પરંતુ રામકૃષ્ણદેવના પેલા કુટુંબીજને એ વાતને જાણીને પાછળથી પથપ્રદર્શક તરીકે આવવાનો આગ્રહ રાખીને પેલા છોકરાને રોષે ભરાઈને કઠોર શબ્દો કહીને પાછો વાળ્યો. એને થયું કે બીજા ભોમિયાને લીધે ભોમિયા તરીકે પોતાને મળનારો લાભ ઓછો થશે. ગમે તેમ પણ એનો દુર્વ્યવહાર દેખીને મને લાગ્યું કે એ રામકૃષ્ણદેવનો કુટુંબીજન હોવા છતાં એનામાં રામકૃષ્ણદેવના લોહીના સંસ્કારોનો અભાવ છે. રામકૃષ્ણદેવના વખતમાં પણ એમના સઘળા કુટુંબીજનો એમના સરખા શ્રેષ્ઠ સંસ્કારથી સંપન્ન ક્યાં હતાં ? એવી અપેક્ષા રાખવાનું પણ અસ્થાને છે. પ્રત્યેક મહાપુરુષ અને એમના કુટુંબીજનો કે વારસો સંબંધી એવું જ સમજવાનું છે. લોહીના પૂર્વજન્મના પરંપરાગત સંસ્કારો ક્યાંક જ દેખાય છે. માનવ મોટે ભાગે પોતાના જ લોહીના પૂર્વસંસ્કારો સાથે જન્મે છે અને એમાંથી મુક્તિ મેળવવાનું કે એમને બદલવાનું કામ કઠિન હોય છે.

પેલો છોકરો વીલે મોઢે પાછો વળ્યો. મેં એને સાથે આવવા માટે કહી જોયું પણ એની હિંમત ના ચાલી. પાણીમાં રહેવું ને મગર સાથે વેર કરવું એને કદાચ પોસાય તેવું નહોતું.

*

ત્યાંના બીજાં દર્શનીય સ્થળોમાં રામકૃષ્ણદેવની છાપરા-ઓરડા વગરની ખુલ્લી સ્કુલ, નાટકની જગ્યા, તળાવ, ધની લુહારનું સ્થાન ને મંદિર છે.

એ ઐતિહાસિક જન્મસ્થાનને જોઈને અમને અવર્ણનીય આનંદ તો થયો જ પરંતુ સાથેસાથે અસાધારણ લાભ પણ પહોંચ્યો. એ શાંત સુંદર સ્થાનવિશેષની સ્મૃતિ શાશ્વત સમયને માટે સજીવ રહેવા સરજાયેલી. એ સ્થાનના મહિમાને લક્ષમાં રાખીને કેટલાય આધ્યાત્મિક અભિરુચિવાળા આત્માઓ એનો લાભ લેવા દૂરદૂરથી આવી પહોંચતાં. એવા કેટલાંક અસાધારણ સંસ્કારસંપન્ન બડભાગી આત્માઓને અમે ત્યાંના વિશુદ્ધ વાયુમંડળમાં જોયા પણ ખરાં. કેટલાક ભારતની બહારના દેશોમાંથી પણ આવેલાં.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૧. સ્વામી પ્રેમરૂપાનંદનું પુનર્મિલન

જયરામવાટી

શારદામાતાનું જન્મસ્થાન.

રામકૃષ્ણ પરમહંસદેવના જીવનકાર્યમાં સક્રિય રીતે સહાયતા પહોંચાડવા માટે જગજ્જનની જગદંબા પોતે જ પાર્થિવ સ્વરૂપે લીલાતનુ ધારીને શારદાદેવીનું નામ ધારીને જયરામવાટીમાં પ્રાદુર્ભાવ પામેલાં.

રામકૃષ્ણ પરમહંસદેવનું પ્રાકટ્યસ્થાન કામારપુકુર. ત્યાંથી જયરામવાટી છેક જ પાસે. સાતથી આઠ કિલોમીટર જેટલું. એટલે કામારપુકુર પહોચ્યાં પછી એના દર્શનનો સુયોગ સહેલાઈથી સાંપડે છે. અમને પણ એ પુણ્યભૂમિના દર્શનની ઈચ્છા હોવાથી એ સુયોગ સહેલાઈથી સાંપડ્યો.

કલકત્તામાં કાશીપુરના બગીચામાં તપાસ કરતાં માહિતી મળેલી કે રામકૃષ્ણ મિશનના સુપ્રસિદ્ધ, પ્રેમમૂર્તિ તથા સૌજન્યમૂર્તિ સંતપુરુષ સ્વામી પ્રેમરૂપાનંદ હાલ જયરામવાટીમાં રામકૃષ્ણ મિશનના અધ્યક્ષ તરીકે કાર્ય કરે છે. એ માહિતીથી મને અધિક આનંદ એટલા માટે પણ થયેલો કે જયરામવાટીનો પુણ્યપ્રવાસ એ મહાપુરુષના સુદીર્ઘ સમયના મધુર મેળાપથી સવિશેષ સુખદ તથા સ્મરણીય ઠરશે.

પરમાત્માના પરમકૃપાપાત્ર સ્વાનુભવ સંપન્ન સત્પુરુષોનો સમાગમ સદાને સારું સુખદ, શાંતિપ્રદાયક, શ્રેયસ્કર હોય છે ને સત્કર્મોના પરિપાકરૂપે, પરમાત્માની પરમકૃપાથી સદ્દભાગ્યે, કોઈક કોઈક વિરલ ક્ષણે, સ્થળે સાંપડી શકે છે.

એવા સ્વનામધન્ય સત્પુરુષો તીર્થને તીર્થ બનાવે છે. તીર્થના પ્રત્યક્ષ દેવતા, જીવંત તીર્થ બનીને એને મહિમા ધરે છે.

કામારપુકુરથી તારીખ ૨૦-૧૧-૧૯૮૦ ગુરુવારે વહેલી સવારે નીકળીને અમે જયરામવાટી પહોંચ્યા.

અમારી સાથે બીજી મોટર માર્ગમાં બગડવાથી એમાં બેઠેલા પ્રવાસીઓને થોડીક મુશ્કેલી પડી. પરંતુ છેવટે મોટર ચાલી.

બંને મોટરો જયરામવાટીના નાનકડા ગામમાં શારદામાતાના મંદિરની બહાર આવીને ઊભી રહી.

મંદિર દેખીતી રીતે જ નાનકડું છતાં પણ સ્વચ્છ અને સુંદર હતું. સામે જ તળાવ દેખાયું.

અમને થયું, પોતાના જ્યોતિર્મય જીવનકાળ દરમ્યાન શારદામાતાએ શૈશવાવસ્થાથી માંડીને ઉત્તરાવસ્થા સુધીના કેટકેટલાં વરસો આ તળાવમાં સ્નાન કર્યું હશે !

શારદામાતાની આ જ મંગલમયી વિહારભૂમિ, મનોરથભૂમિ.

આ ભૂમિ એમની પવિત્ર પદરજથી પાવન બનેલી.

કહે છે કે રામકૃષ્ણદેવના માતાપિતા એમને માટે કોઈક સુયોગ્ય કન્યાની શોધમાં હતા અને સતત શોધ કરવા છતાં પણ કોઈ સુયોગ્ય કન્યા મળી નહીં ત્યારે રામકૃષ્ણદેવે જ જયરામવાટીમાં જન્મેલી શારદાદેવીની માહિતી આપીને જણાવેલું કે 'એ કન્યા મારે માટે જ જન્મેલી છે. ત્યાં તપાસ કરો.' રામકૃષ્ણદેવની એ સૂચના વખતના વીતવાની સાથે સાચી પડેલી.

જગદંબા પોતે જ એમના જીવનકાર્યમાં મદદરૂપ થવા માટે એ સ્વરૂપમાં જાણે કે પ્રાદુર્ભાવ પામેલા.

એમના એ પછીના ખાસખાસ જીવનપ્રસંગો જાણીતા છે.

જન્મ જયરામવાટીમાં, લગ્ન કામારપુકુરમાં, લીલાસંવરણ કલકત્તામાં, સમાધિસ્થાન કલકત્તામાં ગંગાતટવર્તી બેલુરમઠમાં.

જીવનનો પ્રસંગપ્રવાહ એવો જ અવનવો, વૈવિધ્યવાળો છે ને !

શારદામાતાના મંદિરના દર્શનનો લાભ લઈને અમે એની આજુબાજુના પ્રશાંત પ્રદેશનું નિરીક્ષણ કર્યું.

એ સમસ્ત સ્થાન રામકૃષ્ણમિશનના વહીવટ નીચે હોવાથી એનું ધ્યાન સારી રીતે રખાતું હોવાની પ્રથમ દૃષ્ટિએ જ છાપ પડ્યા વિના નથી રહેતી. રામકૃષ્ણ મિશને આવા ચિરસ્મરણીય સુંદર પ્રેરણાસ્થાનોના સંરક્ષણ કાર્યમાં જે સક્રિય રસ લીધો છે તે ખરેખર આવકારદાયક અને સ્તુત્ય છે. એને માટે એને અભિનંદન ઘટે છે.

સ્વામી પ્રેમરૂપાનંદ એ સ્થાનના અધ્યક્ષ હોવાથી એમને મળવાનું મન થાય એ સ્વાભાવિક હતું.

એમની સાથેનો પરિચય પુરાણો હતો.

એ પોતે પ્રાતઃકર્મમાંથી નિવૃત ન થયા હોવાથી મોડા મળી શકે તેમ હોવાથી અમે થોડીક પ્રતીક્ષા કરવાનું પસંદ કર્યું.

પ્રતીક્ષામાં થોડોક વધારે વખત વીતી જવાથી અને અમારે પાછા ફરવાનું વિલંબમાં પડવાથી, મારી ઓળખાણ આપવાની સ્પષ્ટ ના હોવા છતાં, અમારી સાથેના બાબુભાઈએ એમના આવાસસ્થાનમાં પહોંચીને મારી માહિતી આપી. એ માહિતી મેળવીને સ્વામી પ્રેમરૂપાનંદ પ્રસન્ન થયા ને બોલ્યા, 'યોગેશ્વરજી આવ્યા છે ? એમને આવવામાં કશી હરકત ના હોય તો અહીં અંદર જ લઈ આવો. નહીં તો પછી હું પોતે જ બહાર આવીને ઑફિસમાં મળું છું.'

એમની નમ્રતા તથા નિખાલસતા અદ્દભુત હતી. એમની વ્યક્તિત્વમાં એ ભળી ગયેલી.

અમારી પાસે સમય પ્રમાણમાં ઓછો હતો. વળી, એ સંતપુરુષની સૂચનાને માન આપીને એમની પાસે જવાનું વધારે ઉચિત હોવાથી અમે એમની પાસે જ પહોંચવાનું નક્કી કર્યું.

મને દૂરથી આવતો જોઈને સ્વામી પ્રેમરૂપાનંદ બહાર આવ્યા. એમનું દર્શન આનંદદાયક હતું.

મેં એમને જણાવ્યું : 'આપણે ઘણાં લાંબા વખતે મળ્યા. કાનપુરમાં મળ્યા પછી માહિતી મળેલી કે તમે ગૌહાટીમાં છો. બે દિવસ પહેલાં દક્ષિણેશ્વર જવાનું થયું ત્યારે અમે કાશીપુરના બગીચાની મુલાકાત લીધી. એ સ્થાનમાં તમારા વિશે પૂછતાં ખબર પડી કે તમે અહીં છો. અમારે અહીં આવવાનું જ હતું એટલે તમારા સમીપવર્તી સમાગમની અને સત્સંગની શક્યતાથી ખૂબ જ આનંદ થયો.'

સ્વામીજીએ મારો એમના સ્વભાવ પ્રમાણે ખૂબ જ સ્નેહપૂર્વક ઉમળકા સાથે સત્કાર કર્યો. મારે માટે ખુરશી મંગાવી. ખબરઅંતર પૂછ્યા.

મેં એમને માતાજીના સ્વર્ગવાસની અને એ પહેલાંની અને પછીની થોડીક ઘટનાઓનો સંક્ષેપમાં ખ્યાલ આપ્યો. એમણે માતાજીના સ્વર્ગવાસના સમાચાર સાંભળીને ખેદ દર્શાવ્યો.

એમની અનુમતિથી મેં સઘળા સહયાત્રીઓને એમના દર્શન, સત્સંગ માટે બોલાવ્યા. સૌ એમની આગળ બેસી ગયાં.

સ્વામીજીની આકૃતિ આકર્ષક હતી. આહ્લાદક હતી.

ભગવા વસ્ત્રો, માથે ભગવી ટોપી, ચશ્મા, મુખમંડળ પર પ્રસન્નતા, સાત્વિકતા, અને ઉદાત્તતા.

એમણે સૌને પ્રેમ તથા શાંતિપૂર્વક અંતરના ઉમળકા સાથે કહેવા માંડ્યું : ‘અમારે ને યોગેશ્વરજીને પુષ્કળ પ્રેમ અને પરિચય છે. કાનપુરમાં અમે મળેલાં. સુરતમાં પણ અમે મળેલા.’

મેં સૌને જણાવ્યું કે સ્વામી પ્રેમરૂપાનંદ નામનો મેં મારા પુસ્તક 'સંતસૌરભ'માં લખેલો લેખ આ જ સ્વામીજી વિશે લખેલો છે. તે લેખ ના વાંચ્યો હોય તો વાંચવા જેવો છે. એમની કૃપા છે કે આપણને દર્શન આપવા માટે એમના મહામૂલ્યવાન પ્રવૃત્તિપરાયણ સમયનો ભોગ આપીને એ ખાસ બહાર પધાર્યા છે.

અમારી સાથેના મોહનલાલે એમને શુદ્ધ જિજ્ઞાસાપૂર્વક પૂછ્યું : ‘આપ રામકૃષ્ણ મિશનમાં કેટલા વખતથી જોડાયા છો ?’

‘હું આ સંસ્થામાં બેતાલીસ વરસથી કામ કરું છું.’

‘તમે કોની પાસે સંન્યાસ લીધેલો ?’ મા સર્વેશ્વરીએ પ્રેમપૂર્વક પૂછ્યું.

‘સ્વામી શિવાનંદ પાસેથી. એ રામકૃષ્ણદેવના પ્રમુખ શિષ્યોમાંના એક હતા. એ મહાપુરુષ વિશેષ માનવાચક નામે પણ ઓળખાતા.’

‘આ ક્ષેત્રમાં આપને ઘણો જ લાંબો વખત થઈ ગયો. એ દરમિયાન થયેલા આધ્યાત્મિક અનુભવો આપ કૃપા કરીને જણાવી શકશો ?’

પ્રેમરૂપાનંદ સહેજ ગંભીર બની ગયા. એવો પ્રશ્ન પુછાવાની એમને કલ્પના પણ નહીં હોય. તો પણ વિપળવાર વિચારીને એ છેક જ સહજ અને સરળ રીતે પ્રસન્નતાપૂર્વક કહેવા લાગ્યા : ‘અનુભવો તો ઘણાં થયાં છે. એમનો ઉલ્લેખ નહીં કરું. ફક્ત એક જ મુદ્દાની વાત કહી દઉં. હું ભારતમાં ઘણાં ઘણાં પવિત્ર સ્થળોમાં ફર્યો. મારા મનમાં વરસો સુધી શાંતિ નહોતી. બધે ઉદ્વેગનો જ અનુભવ થયા કરતો. પરંતુ જ્યારથી હું જયરામવાટીમાં આવ્યો ત્યારથી કોણ જાણે કેમ પરંતુ બધો જ ઉદ્વેગ મટી ગયો. મને ઊંડી શાંતિ મળી. હવે આ સ્થળમાં મા ના શરણમાં આવ્યા પછી મને ઉદ્વેગનો અનુભવ નથી થતો. અસાધારણ શાંતિ ઘેરી વળી છે. અશાંતિ જેવું કશું લાગતું જ નથી.’

એમણે સહેજ રોકાઈને ગદ્દગદ્ કંઠે ભાવવિભોર સ્વરે કહ્યું : ‘પવિત્ર શારદામાતા વારંવાર કહેતાં કે જ્યારે તમે મુશ્કેલીમાં હો ત્યારે યાદ કરજો કે હું તમારી સાથે જ છું. એમનું એ કથન સાચું હોય એવા એમની સતત હાજરીના અને અનુકંપાના અનુભવો મને થયા કરે છે. જ્યારે જ્યારે અમે કોઈ નવા કામનો આરંભ કરીએ ત્યારે સ્વાભાવિક રીતે જ આર્થિક મુશ્કેલી ઊભી થાય. અમે નિર્ધારિત કામ કેવી રીતે પૂરું થશે તે વિચારવા લાગીએ, બુદ્ધિ કામ ના કરે. પરંતુ થોડા વખતમાં કોઈ ને કોઈ રીતે માર્ગ મોકળો થાય અને અમને ધારેલી મદદ મળી રહે. મા અમારી સાથે જ છે એટલું જ નહીં પરંતુ અમારું ધ્યાન રાખીને અમારી ઉપર કરુણાની વર્ષા વરસાવે છે એની અમને ખાતરી થાય.

માની હાજરીનો અને માની મદદનો અનુભવ અહર્નિશ મળ્યાં જ કરે છે. અમને એમાં દૃઢ અચળ વિશ્વાસ છે. આટલી મોટી સંસ્થાને ચલાવવામાં એમની પ્રેરણા, સહાયતા તથા એમનું મંગલ માર્ગદર્શન મળ્યાં કરે છે. એટલે તો આવી વિશાળ સંસ્થા વ્યવસ્થિત રીતે ચાલી રહી છે.

‘આ શાંત સુપવિત્ર સ્થાનમાં બે-ત્રણ દિવસ રહેનારને માની ઉપસ્થિતિનો અનુભવ થાય જ.

‘પ્રત્યેક પળે ને પ્રસંગે એમનું જ ધ્યાન રહે છે. એ પાસે ને સાથે છે એવું અનુભવાય છે. નિર્ભય ને નિશ્ચિંત બનાય છે. અહંકારનો અંત આણીને એમને સમર્પિત થવાય છે. એ જ અનુભવ. એનાથી વળી બીજો કયો મોટો અનુભવ ? એ જ અનુભવ સર્વશ્રેષ્ઠ છે. એમની શક્તિ જરૂર કાર્ય કરે છે.’

પ્રેમરૂપાનંદના શબ્દોને સાંભળવાનો આનંદ અજબ હતો. એવું થતું કે એ બોલ્યા કરે અને આપણે સાંભળ્યા જ કરીએ. અંતરના અંતરતમમાંથી આવિર્ભાવ પામતા એમના ઉદ્‌ગારો અત્યંત અસરકારક હતા. એ છેક જ સ્વાભાવિક લાગતા.

‘શારદામાતા સાથે રહેનાર કોઈ વ્યક્તિ હાલમાં છે ખરી ?’ અમે વિષયને બદલ્યો.

‘છે.’ એમણે જણાવ્યું : ‘અહીં એક ૮૩ વરસના સંત છે. પણ કોઈક આવશ્યક કાર્યને લીધે એ આજે જ કલકત્તા ગયા છે.’

યાત્રીઓએ વચ્ચે અમારા ફોટાઓ લીધા.

સ્વામી પ્રેમરૂપાનંદે સૌને પ્રસાદ આપવાની સૂચના આપી.

મને તો એમણે પ્રથમથી જ પ્રસાદનો પડિયો મોકલેલો.

ત્યાંના કાર્યકર્તાઓને એમણે મારી ઓળખાણ આપી.

મેં એમના વિશે મારા 'સંતસૌરભ' પુસ્તકમાં લખેલા લેખની વાત કરી. એ આનંદ પામ્યા. એ પુસ્તક એમાંના લેખના હિંદી અનુવાદ સાથે એમને મોકલી આપવાનો નિર્ણય મેં એમને કહી સંભળાવ્યો.

એમણે પૂરું સરનામું આપ્યું.

એમનો પૂરતો સમય લીધો હોવાથી અમે એમની વિદાય લીધી. વિદાયનું એ દૃશ્ય અદ્‌ભુત, અલૌકિક હતું. એ પ્રેમપૂર્વક ઊભા થયા, મને આલિંગન આપ્યું, ને નીચા નમીને બે હાથને પકડીને ખૂબખૂબ ભાવભર્યા પ્રણામ કર્યા. એમની નમ્રતા અનુપમ હતી.

અમે સૌ આગળ વધ્યાં ત્યાં તો એ પાછા આવ્યા ને બોલ્યા :

‘હવે ફરીવાર આવવાનું થાય તો મને જણાવજો. હું અહીં જ રહેવાની સગવડ કરીશ. એક રૂમ તો જરૂર ફાળવીશ.’

અમે એમનો આભાર માન્યો.

એ અમને શારદામાતાના જૂના તથા નવા ઘરના દર્શને લઈ ગયા.

છૂટા પડતી વખતે અમે એ મહાપુરુષને પ્રેમપૂર્વક પ્રણામ કર્યા. એમણે મારા નમસ્કારવાળી મુદ્રાવાળા હાથને ખૂબ જ ભાવપૂર્વક પકડીને વિદાય આપી.

મેં કહ્યું : ફરી મળીશું.

મોટર આગળ વધી પરંતુ મનની આગળ તો સ્વામી પ્રેમરૂપાનંદની પ્રેમમયી પ્રસન્નતાયુક્ત આકૃતિ જ રમવા લાગી. પ્રેમરૂપાનંદનું મિલન મંગલ, ઐતિહાસિક હતું. એ રામકૃષ્ણ મિશન સંસ્થાના જ નહીં, સમસ્ત સંતસમાજના શ્રેષ્ઠ ભૂષણરૂપ હતા.

એવા સરળ, નમ્ર, નિખાલસ, શ્રદ્ધાભક્તિસંપન્ન સંતપુરુષ ઈશ્વરની કૃપા હોય તો ક્યાંક ક્યારેક જવલ્લે જ જડે છે. મળે છે ત્યારે એમનો સંસર્ગ શકવર્તી ઠરે છે.

માતાજીના અવશેષોના વિસર્જન નિમિત્તે યોજાયેલી યાત્રાનો કલ્યાણકારક કાર્યક્રમ પૂરો થયો તે પછી અમે સ્વામી પ્રેમરૂપાનંદ પરના લેખવાળું મારું 'સંતસૌરભ' પુસ્તક એમને મોકલી આપ્યું. એની સાથે એ લેખનો હિંદી અનુવાદ પણ મોકલ્યો. એ અનુવાદ વલસાડની કૉલેજના હિંદીના પ્રોફેસર શ્રી શશીકાંત કોન્ટ્રાકટરે કરેલો.

સ્વામી પ્રેમરૂપાનંદે પુસ્તકની પ્રાપ્તિ પછી એમના વિશેનો લેખ વાંચીને જે પત્ર લખ્યો તે પત્ર એમની સ્વભાવગત સરળતા, નમ્રતા અને ઉદાત્તતાનો પરિચાયક હતો. એના પરથી એમની આત્મજાગૃતિની પ્રતીતિ થતી.

એ પત્રનો સારભાગ આ રહ્યો :



શ્રી શ્રી માતૃમંદિર<br>
પો. જયરામવાટી<br>
જિલ્લા બાંકુડા<br>
તા. ૧૭-૧૧-૯૮૧

પ્રિય યોગેશ્વરજી,

સમય પોતાની સાથે સુમધુર ભૂતસ્મૃતિઓને લઈને પૂર્ણગતિથી વીતી રહેલો ત્યારે તમારો પત્ર પ્રાચીન સ્મૃતિઓને એકઠી કરીને મારી પાસે લઈ આવ્યો. તમારી મૂલ્યવાન સાહિત્યકૃતિ 'સંતસૌરભ'ને માટે તમને આ પત્રના માધ્યમથી હાર્દિક અભિવાદન કરું છું.

તમારા પત્ર તથા પુસ્તકથી અમને આનંદ તો મળ્યો જ છે પરંતુ સાથે સાથે અસાધારણ આશ્ચર્યમાં નાખી દીધા છે. તમારા પુસ્તકમાં તમે જે પુષ્પોને ચૂંટીચૂંટીને એકઠાં કર્યા છે તેમાં મારા જેવા સુવાસહીન, રંગ વગરના પુષ્પને શા માટે, શું સમજીને સ્થાન આપ્યું છે તે તો કેવળ તમે જ જાણો છો. તમે મારામાં શું જોયું કે શું મેળવ્યું તે સમજવામાં હું તો છેક જ અસમર્થ છું મારો વ્યક્તિગત વિચાર છે ત્યાં સુધી તો એ ફૂલ કરતાં અધિક અગત્ય હું એ મધુકરને આપું છું જેણે કરુણાથી પ્રેરાઈને એ ફૂલને પોતાના પ્રયોગને માટે પસંદ કર્યું છે. મારા કરતાં પણ કેટલાંય ગણી વિશેષ મહત્તા તો તમારી જ છે, કેમ કે અન્ય અનેક સાધુસંતોની વચ્ચેથી પસંદ કરીને તમે મને તમારી 'સંતસૌરભ' કૃતિમાં સ્થાન આપ્યું છે.

એ તો આપણી ઉભયની એકમેકના પ્રત્યેની દૃષ્ટિની વાત થઈ.

હું આશા રાખી શકું કે તમે શારિરીક, માનસિક, આધ્યાત્મિક રીતે કુશળ છો ? મને લાગેવળગે છે ત્યાં સુધી, શ્રી શ્રી માની કૃપાથી હું મારા દિવસોને કુશળતાપૂર્વક પસાર કરી રહ્યો છું. મારા અત્યાર સુધીના

સમસ્ત જીવનને વિવિધ પ્રકારના કાર્યોમાં વ્યસ્ત રાખ્યાં પછી, જીવનના અંતિમ ચરણ તરફ આગળ વધી રહ્યો છું ત્યારે માના સાનિધ્યમાં અહીં રહીને કદાચ કોઈ પણ ભૂલ નહીં કરું.

તમારા સૌ શુભચિંતકોને માટે ઠાકુરજીની મંગલ પ્રાર્થના કરીને અહીં જ ઉપસંહાર કરું છું.

તમારો એકાંત મંગલાકાંક્ષી

- પ્રેમરૂપાનંદ

☼ ☼ ☼ ☼ ☼

# ૩૨. ઓમકારેશ્વરની સુખદ સ્મૃતિ

ઉજ્જૈનની પાસેના ઈન્દોરની સમીપનું ઓમકારેશ્વર. ભારતવર્ષના સુપ્રસિદ્ધ દ્વાદશ જ્યોતિર્લિંગોમાનું એક સુંદર દર્શનીય જ્યોતિર્લિંગ.

ઉજ્જૈનના મહાકાલેશ્વરની પેઠે જ ઓમકારેશ્વરની પણ પ્રસિદ્ધિ. દેશના પુણ્યતીર્થોના પ્રવાસીને ત્યાં જવાની ઈચ્છા થાય જ. જ્યોતિર્લિંગોના યાત્રીની યાત્રા, એના દર્શન, વંદન, અવલોકન અને આરાધન સિવાય અધૂરી રહે.

એના અવલોકન-આરાધનનો અવસર અમને પણ મળી ગયો.

ઉજ્જૈનથી ઈન્દોર અને ઈન્દોરથી ઓમકારેશ્વર.

નાનું ગામ, નાનું બજાર, પ્રમાણમાં થોડા ચિત્તાકર્ષક ચારુ મકાનો.

નાની સરખી લીલીછમ પર્વતમાળા. વચ્ચે નિર્મળ નદી નર્મદા. નર્મદાને સામે કિનારે ઓમકારેશ્વરનું નાનુ સરખું સુપ્રસિદ્ધ, સુંદર મનહર મંદિર.

નર્મદાને નાવમાં બેસીને પાર કરીને અમે સામે કિનારે ઘાટ પર પહોંચીને આવશ્યકતાનુસાર સ્નાન કર્યું.

પગથિયાં ચઢીને મંદિરમાં પ્રવેશ કર્યો.

ઓમકારેશ્વરનો મહિમા મંગલ મંદિરને લીધે અને એની શોભા નિર્મળ વિશાળ નર્મદાને લીધે જ છે.

મંદિરને નર્મદા અધિક આકર્ષક અથવા આહ્લાદક બનાવે છે, તો નર્મદાને મંદિર નવી સુંદરતા તથા સાર્થકતા ધરે છે.

મધ્યાહ્ન સમયે અમે ઓમકારેશ્વરના મંગલ મંદિરમાં પ્રવેશ્યા ત્યારે મને વિચાર થયો કે માતાજીની સ્મૃતિમાં રુદ્રાભિષેક અથવા શિવમહિમ્નસ્તોત્રનો પાઠ કરાવીએ તો સારૂં.

આમેય હવે યાત્રાની પરિસમાપ્તિ થવાની તૈયારી હોવાથી એક વિશેષ સત્કર્માનુષ્ઠાન કોઈ અસ્થાને નથી.

મંદિરના પ્રાગણમાં જ થોડાક પ્રૌઢો તથા યુવાનો અમને વીંટી વળ્યા ને કહેવા લાગ્યા : ‘મંદિરમા પાઠ, અભિષેક, જે કરવું હોય તે કરાવો.’

‘કોણ કરશે ?’ મેં પૂછ્યું.

‘તમે કહેશો તો હું કરીશ.’ એક યુવાને ઉત્તર આપ્યો.

‘સંસ્કૃત સારી પેઠે આવડે છે ?’

‘આવડે છે.’

મને એની પરીક્ષા કરવાની ઈચ્છા થઈ. એના સંસ્કૃત ઉચ્ચારો કેવા છે તે તો જાણવું જ જોઈએ.

મારી સૂચનાનુસાર એ યુવાને શિવમહિમ્નસ્તોત્રનો પાઠ કરવા માંડ્યો. એના ઉચ્ચારો શુદ્ધ અને સારા હતા. બેત્રણ શ્લોકોને સાંભળ્યા પછી મને સંપૂર્ણ સંતોષ થયો એટલે મેં એને શિવમહિમ્નસ્તોત્રનો પાઠ કરવાનું કાર્ય સોંપ્યું.

એને એથી અસાધારણ આનંદ થયો.

મેં એ યુવાનની ભાષાશુદ્ધિની કદર કરીને એને પુરસ્કાર પેઠે વધારે રકમ આપી.

તીર્થોમાં અને અન્યત્ર સંસ્કૃતનો અભ્યાસ ઓછો થતો જાય છે અને ભાષાશુદ્ધિ પણ ઓછી દેખાય છે ત્યારે સુયોગ્ય સંસ્કૃતપાઠી આત્માઓને બિરદાવવાનું તથા શક્ય સહાયતા પહોંચાડવાનું અતિશય આવશ્યક છે. એ દૃષ્ટિએ જ મેં એ યુવાનને સહાયતા પહોંચાડી.

એને બળ મળ્યું.

નર્મદાને પાર કરવાને બદલે સામેના પુલ પરથી પસાર થઈને અમે પાછા ફર્યા.

ઓમકારેશ્વરની એ સુખદ સ્મૃતિ ચિરસ્મરણીય ઠરી.

☼ ☼ ☼ ☼ ☼

## 33. યોગિનીબેનનો પરિચય

યોગિનીબેનનું પાત્ર એવું અનેરું અને ઉત્તમ છે, જેના મનન, ચિંતન અને આલેખનથી કોઈ લેખક, કવિ કે વિચારકનું જીવન મંગલમય અને સફળ બની ઊઠે. યોગિનીબેન આપણી દેવદુર્લભ દુનિયાનું એવું ફૂલ છે જેની શોભા ને સુવાસ કમલ કરતાંય અનેરી છે. એને શાની ઉપમા આપવી તે જ સમજી શકાતું નથી. એમનું જીવન શરદઋતુના આકાશ જેવું સ્વચ્છ, ગંગા જેવું ગૌરવવાળું ને પાવન કરનારું તથા ઈન્દ્રધનુ તથા મોરના પીંછાના રંગ જેવું આકર્ષક, સુંદર અનેકરંગી છે.

યોગિનીબેનનું સ્વરૂપ કેવું છે ? એમની મુખાકૃતિ ખૂબ જ નિર્મળ, મધુર, સુંદર છે. ઈશ્વરે તેમને સુંદરતા ને મધુરતાના મંદિર જેવી પ્રેમાળ આંખ, મીઠી વાણી ને શરીરની શોભા અર્પણ કરી છે. પણ તે તો બધું વિનાશી છે. એની અંદરનો અવિનાશી આત્મા પણ ખૂબ જ ઉચ્ચ છે. એમની ઊર્મિ ને ભાવના ઘણી મહાન ને પવિત્ર છે. બેન ઠરેલ, શાંત, સમજુ અને વિશાળ હૃદયથી સંપન્ન છે. એમને જોઈને સ્ત્રીજાતિ તરફના મારા સહજ આદરભાવમાં વધારો થયો છે. આવી બહેનોનું દર્શન કરવાથી થાય છે કે શરદબાબુએ જે મહાન સ્ત્રીપાત્રોનું ચિત્રણ કર્યું છે તેવા ને તેમને ટપી જનારા, આધ્યાત્મિક રંગે રંગાયેલા સ્ત્રીપાત્રો આપણી દુનિયામાં હજી અસ્તિત્વ ધરાવે છે અને જ્યાં સુધી આવી સ્ત્રીઓ પ્રકટ થતી રહે છે ત્યાં સુધી માનવજાતિનું ભાવિ ઊજળું છે.

યોગિનીબેન ખરે જ એક મહાન ને જન્મજાત યોગિની છે. બીજી બધી વાત તો ઠીક પણ એમના બાહ્ય લક્ષણ પરથી એ વાતની ખાતરી થઈ શકે છે. એમની મુખાકૃતિ કોઈ તપસ્વિની જેવી શાંત અને ભાવપૂર્ણ છે. આંખ જાણે સમાધિના સહજ આનંદનો આસ્વાદ લઈને હમણાં જ ઊઘડી હોય તેવી શાંત પ્રસન્ન પ્રેમમય છે. જોનારને એ પોતાની મંગલતાથી તારી દેવાની શક્તિ ધરાવે છે. માણસોને સામાન્ય રીતે ઊંઘ વિના ચાલતું નથી પણ બહેનની વાત જુદી જ છે. તે તો રાતે ફક્ત ત્રણેક કલાક ને કેટલાકવાર તેથીયે ઓછું સુએ છે, ને છતાં દિવસે ઊંઘ લેતાં જ નથી. મોટામોટા સાધક ને સંતોને પણ ઊંઘ પર વિજય કરવામાં ને ઊંઘને અવગણવામાં મુશ્કેલી પડે છે. જીતવાની વાત તો દૂર રહી, પણ ઊંઘ ઓછી કરવામાં પણ એમને સહેજે સફળતા નથી મળતી. પણ બહેન તો કોઈકવાર આખી રાત બેસી રહે છે; જપ, પ્રાર્થના, વાચન કર્યા કરે છે. છતાં બીજે દિવસે કામની એવી જ સ્ફુર્તિ. કોઈ થાક નહિ કે કંટાળો નહિ. હું એમને વારંવાર કહું છે કે ' બહેન, તમારા પર પ્રભુની કૃપા છે. તમે કોઈ મહાન જન્માંતરના યોગિની છો. નહિં તો આવી અલૌકિકતા ન જ હોય.'

બહેનનું શરીર જોતાં તો એમ લાગે કે ખૂબ ખાઈ જશે. પણ એમનો ખોરાક તદ્દન ઓછો છે. એક સાધારણ બાળકથીયે ઓછો. પાણી પીવાની ટેવ ને મળમૂત્ર પર પણ એમનો વિજય છે. કલાકો સુધી એ તે વિના સહેજે ચલાવી શકે છે તે જોઈને સામાન્ય માણસને તો નવાઈ જ લાગે. બેઠા રહેવાનો, ઊભા રહેવાનો ને ચાલવાનો પણ એમને કંટાળો નથી. ખરા બપોરનો તાપ હોય ને લૂ વાતી હોય તો પણ કોમળ શરીર છતાં એ ચાલી નીકળે છે. જન્મથી લઈને ઠેઠ આજ સુધી સંપૂર્ણ સુખસાહ્યબીમાં ઊછરેલી ને રહેલી એક સ્ત્રી માટે આ વાત ઓછી અભિનંદનીય અને આશ્ચર્યકારક ના કહેવાય. છેલ્લાં ત્રણેક વરસથી એમના કાનમાં નાદ

ચાલ્યા કરે છે. એમની કુંડલિની શક્તિ જાગ્રત થઈ છે તેનો તે પુરાવો છે. એમની અંદર સેવાભાવ પણ ઘણો છે. પ્રેમભાવ એવો પ્રબળ છે કે પ્રાર્થના કરતાં તે રડ્યા જ કરે છે. શ્રી રામકૃષ્ણદેવ ને સાંઈબાબા પર એમને પુષ્કળ પ્રેમ છે. રાતનો વધારે ભાગ એ પ્રાર્થનામાં જ પસાર કરે છે. એમને ગૃહસ્થાશ્રમની ફરજો છે પણ એમનું મન પ્રભુમાં છે. પ્રભુ વિના એમને કશું ગમતું નથી ને એમનું મન બીજે ક્યાંય લાગતું નથી. આવી છે એમની દશા. ટૂંકમાં કહીએ તો, બહેન એક યોગિની છે. સંસારના કાદવમાં ખીલેલી કોઈ કલાત્મક કમલિની. એની સુવાસ અનેરી છે. એની પ્રત્યેક પાંખડી પ્રભુમય જીવનના રૂપરંગ ને પ્રેમથી ભરેલી છે.

યોગિનીબેનનો પરિચય પહેલવહેલો ક્યારે થયો ? અમદાવાદના મારા નિવાસ દરમિયાન એ મારી પાસે એકાદ-બેવાર આવેલાં. તે વખતે મારી યાદ પ્રમાણે ઈ.સ. ૧૯૫૧નું વરસ ચાલતું હતું. કોણ જાણે કેમ પણ એમને જોઈને મને એમના તરફ કુદરતી રીતે જ ભાવ ને ખેંચાણ થયેલું. એ મને સહજ જિજ્ઞાસાવૃત્તિથી પ્રેરાઈને પ્રશ્નો પૂછતાં. એમના પ્રશ્નો સમજપૂર્વકના, ઊંડાણવાળા ને જરૂરી રહેતા. એ કોઈ તર્ક કે વિતંડાવાદ ખાતર નહિ પણ જાણવા અને અપનાવવા માટે જ પૂછતાં. તેથી મને આનંદ થતો. તે વખતે પણ બહેનની સાદાઈ ને નમ્રતાને જોઈને હું ચકિત થયેલો. બહેનનો ઉછેર અત્યંત સુખી ને શ્રીમંત કુટુંબમાં થયો છે. યુનિવર્સિટીની ઉચ્ચ કેળવણીથી એ સંપન્ન છે. લગ્નજીવનમાં પણ એમનો વાસ સમૃદ્ધ ઘરમાં છે. વળી એ પરદેશ પણ રહી ચૂક્યા છે. તે છતાં એ તદ્દન સાદાઈ ને સંયમમાં જીવન વીતાવે છે. તેમાં વળી બહેનને આત્મિક ઉન્નતિમાં રસ છે તે જાણીને મારી પ્રસન્નતાનો પાર રહ્યો નહિ.

*

યોગિનીબેનના પ્રથમ પરિચય પછી તો જાણે કે પડદો પડી ગયો. પૂરાં બે વરસ વીતી ગયાં. બહેન કોઈવાર યાદ આવતાં પણ મળાતું નહિ. છેક ત્રીજે વરસે ફરી યોગ જાગ્યો. તે વિશે બહેન જ શું કહે છે તે જુઓ : ‘આ વખતે તમારી પાસે સત્સંગ માટે આવવામાં મને ખૂબ આનંદ થતો. પણ એમના વિચારથી કેટલીકવાર હું આવતી નહિ. હું આવું ને તે ના આવે તે કાંઈ સારું લાગે ? મને તો તે ના જ ગમે. કેમ કે તેમને કોઈ ખાસ મિત્ર નથી. તે પોતાનો વખત કેમ કાઢે ? ખાસ મુશ્કેલી તો એ કે તેમને કોઈ સંતમહાત્મામાં વિશેષ રસ નહિ. મેં એકાદવાર કહી જોયું પણ તેમનું મન ના માન્યું. આખરે એકવાર તો ખૂબ જ આગ્રહ કરીને કહી જોયું કે એકવાર આવીને જુઓ તો ખરા, પછી ના આવવું હોય તો ના આવશો. છેવટે એમણે માન્યું. તે આવ્યા. બસ, પછી તો કહેવું જ શું ? પછી તો તેમને લગની જ લાગી ગઈ. તે તો નિયમિત આવવા લાગ્યા. પછી તો કેટલીકવાર મારે મોડું થાય તો તે એકલા જ ચાલી નીકળે. મને કહે, તમે કામ પતાવીને આવો, હું તો આ ચાલ્યો. કેટલો આનંદ ? તેમને તમારામાં રસ પડ્યો તેથી મને કેટલો અપાર આનંદ થયો હશે તે તમે જ સમજી લેજો.’

આ શબ્દોમાં બહેનની ઠરેલતા, ઊંડી સમજ ને પતિ તરફની ભક્તિ દેખાઈ આવે છે; ભારતીય નારીના આદર્શ આત્માની ઝાંખી થાય છે. વાહ, યોગિનીબેન ! વાહ. તમારી સમજ કેટલી બધી ઊંડી છે ? તમારા જેવી મહાન લોકોત્તર સ્ત્રી જ પોતાના પતિની ને ઘરની આટલી કાળજી ને હિતચિંતા રાખી શકે.

*

બહેનનો વિચાર બાળપણમાં સાધ્વી બનવા કે ત્યાગી જીવન જીવવાનો હતો. પણ કર્મની ગતિ ન્યારી છે. તે પ્રમાણે બહેનને લગ્નજીવનમાં પ્રવેશ કરવો પડ્યો. બહેન સંસારના વ્યવહાર કરે છે, પણ એમનું મન તેમાં નથી માનતું. એમના દિલમાં પ્રભુના પ્રેમનો પ્રબળ પ્રવાહ પેદા થયો છે તે એમને દુનિયામાં ડૂબવા નથી દેતો ને એ ડૂબે પણ કેવી રીતે ? એ તો નિત્યમુક્તા છે. સંસારનો કાદવ એમને કાંઈ જ કરી શકે તેમ નથી. એ તો તેની વચ્ચે કમનીય ને સુકુમાર કમલિની થઈને શ્વાસ લઈ રહ્યા છે, સુશોભિત થઈ રહ્યાં છે, ને પોતાની શોભા ને સુવાસથી બીજાને સુશોભિત ને સુવાસિત કરી રહ્યાં છે. એ સંસારના કાદવમાં કાયમને માટે અલિપ્ત રહેવા જ સરજાયલા છે. એમના પર પ્રભુની કૃપા છે. પ્રભુની પ્રેમમયી મીટ એમના પર સદાને માટે મંડાયેલી છે. એટલે એ તો તરી જ ચૂક્યા છે. એમનો ઉદ્ધાર થઈ જ ચૂક્યો છે. સાધ્વી થવાની વાતને હજી યાદ કર્યા કરે છે ત્યારે હું એમને શાંતિ આપતાં કહું છું : 'બહેન ! બધું કર્મના નિયમ પ્રમાણે થાય છે. પ્રભુ તો દયાળુ છે. તેની તમારા પર સંપૂર્ણ કૃપા છે. પણ સાધ્વીજીવન તમારે માટે જરૂરી ન હતું તેથી તમે તેને ના અપનાવી શક્યાં. પણ તમે એક રીતે જોઈએ તો સાધ્વી કે તપસ્વિની છો કે બીજું કાંઈ ? તમારું મન સંસારમાં નહિ પણ તેના સ્વામીમાં છે, ને સ્નેહ તથા સંયમથી તમે સંપન્ન છો. એટલે તમે મહાન સાધ્વી જ છો. સાધ્વી થવા તમારે કપડાં કે નામ ને ઠામ બદલવાની જરૂર નથી. હવે તો તમારા નિતાંત નિર્મળ મનની અંદર પ્રભુનો પ્રેમ વિશેષ પ્રમાણમાં જાગ્યો છે, ને પ્રભુએ તમારો હાથ પકડી -પાવન કરી, તમને પ્રકાશને પંથે લઈ જવાનું શરૂ કર્યું છે, એટલે તમારી દીક્ષા નહિ પણ અસાધારણ મહાન દીક્ષા. ગમે તેવા અનુકૂળ કે પ્રતિકૂળ, ઉત્તમ કે અધમ વાતાવરણમાં રહેશો તો પણ વાતાવરણ તમને કાંઈ જ નહિ કરી શકે. તમારું મન પ્રભુમય રહેશે. પ્રભની કૃપાથી તમારી નાની મોટી બધી જ ઈચ્છા પૂરી થઈ છેવટે તમને પૂર્ણ પ્રભુમય જીવનના આનંદની પ્રાપ્તિ થશે.'

*

તે દિવસોમાં એક દિવસ રાતે મને અચાનક પ્રેરણા થઈ. મધરાત બાદ પથારીમાં બેઠો હતો ત્યાં અચાનક જાણે કે જગદંબાએ હૃદયમાં રહીને કહેવા માંડ્યું કે ભગવાન શ્રી રામકૃષ્ણદેવનો એક ફોટો લઈને મારે બહેનને આપી દેવો. રાત્રે ત્રણ ચાર કલાક એ જ પ્રેરણા થયા કરી. એક કે બે દિવસ નહિ પણ ત્રણ દિવસ રાત્રે એ જ પ્રેરણા થતી રહી. મને થયું કે બહેનને હું ફોટો આપું તો તે રાખશે કેમ ? કેમ કે એમને ફોટો ગમશે કે કેમ એની મને શંકા હતી. પણ તેથી શું ? પ્રેરણાનો અમલ તો મારે કરવો જ જોઈએ. એમ કહો કે તેનો અમલ કર્યા વિના મારાથી રહેવાયું જ નહિ. થોડા દિવસ પછી મેં બહેનને પૂછ્યું : તમે મારો આપેલો પરમહંસદેવનો ફોટો રાખશો ?

બહેને તરત હા કહી, ને મારું હૈયું હરખાયું. બસ, પછી તો કહેવું જ શું ? મેં એમને પરમહંસદેવનો ફોટો મંગાવીને અર્પણ કર્યો. પણ એમની ઈચ્છા જુદી જ હતી. ફોટાની નીચે મારે કાંઈક લખી આપવું એવી એમણે સૂચના કરી. આ વાત જરા વિચિત્ર હતી. આવા મહાન પુરુષના ફોટા નીચે વળી હું શું લખું ? મારું લખાણ પણ ત્યાં શોભે પણ ખરું ? પણ બહેનના પ્રેમને વશ થઈને મારી અલ્પતાને જાણવા છતાં મેં ફોટા માટે બે-ચાર લીટી લખી આપી. તે પછી તો બહેને મારો ફોટો પણ માંગ્યો, ને મારે તે પણ આપવો પડ્યો.

જગદંબાએ મને આવી પ્રેરણા શા માટે કરી ? શ્રીરામકૃષ્ણદેવે બહેનના ઘરમાં બિરાજવાની ઈચ્છા કેમ કરી, તેની ચર્ચામાં ઉતરવું અસ્થાને છે. મને ઈચ્છા પણ નથી. છતાં કહેવા ખાતર કહું તો તેના બે કારણ હોઈ શકે છે. એક તો એ કે પરમહંસદેવ એમના પર કોઈ રીતે કૃપા કરવા માંગે છે, ને એમના ઘરમાં રહી એમની સંભાળ રાખી એમને નવા જીવનની તક આપવા માંગે છે. બીજું કારણ એ કે તે દ્વારા પરમહંસદેવ એમને કહેવા માંગે છે કે ‘તું પૂર્વજન્મમાં મારી સાથે સંકળાયેલી છે. માટે આ જન્મમાં પણ હવે મારું શરણ લે અને મને પ્રેમ કર, તો તારું શ્રેય થશે ને તને શાંતિ મળશે.’ આ વિના કોઈ ત્રીજું કારણ મારા મનમાં આવી શકતું નથી. બહેનને પણ આ જ કારણ કહી બતાવું છું.

ત્યારે શું બહેન પૂર્વજન્મમાં પરમહંસદેવ સાથે સંકળાયલાં છે ? જરૂર. એ વિશે મને લગીરે શંકા નથી. બહેનને પોતાને તેમના પર પ્રેમ ને પૂજ્યભાવ છે. છેક નાની ઉંમરથી બહેન તેમને ચાહે છે, તેમના જીવનને જાણે છે. એમણે તેમના દિવ્ય સ્થાન દક્ષિણેશ્વરનું દર્શન પણ કર્યું છે. આજે પણ એ તેમના જીવન ને ઉપદેશ વાંચે છે.

તો પછી બહેને અત્યાર સુધી તે મહાપુરુષનો ફોટો કેમ નહોતો રાખ્યો ? તેનો ઉત્તર તો સહેલો છે. જેમના પર પ્રેમ હોય તે સૌના ફોટા માણસ સદા રાખે જ છે એમ નથી. વળી, એ વિશે બહેન જે ખુલાસો કરે છે તે સાંભળો. એ કહે છે : પહેલાં મને કેટલીકવાર પરમહંસદેવનો ફોટો રાખવાની ઈચ્છા થયેલી. પરંતુ એકવાર મેં તેમનો ફોટો લેવાની તૈયારી કરી ત્યારે મને કોઈએ આકાશવાણીની જેમ સ્પષ્ટ સૂચના કરી કે 'તું તારી મેળે પરમહંસદેવનો ફોટો ના લઈશ. આગળ પર તને કોઈ આપનાર મળશે ત્યારે તેમના હાથે લેજે.' એટલે મેં ફોટો ના લીધો. હવે તમે મને તમારી મેળે જ તે આપવા તૈયાર થયા એટલે મારા તે અનુભવને સાચો માનીને મેં તેને સપ્રેમ સ્વીકારી લીધો.’

એ કહે છે કે ઈ.સ. ૧૯૪૮માં એ દક્ષિણેશ્વરના પ્રસિદ્ધ ધામમાં ગયા ત્યારે મંદિરની બહાર દુકાનોમાં એમણે પરમહંસદેવના ફોટા જોયા. એમને તેમાંથી એક ફોટો ખરીદવાની ઈચ્છા થઈ. તે વખતે એમની પાસે કોઈ વૃદ્ધા સ્ત્રી આવી પહોંચી ને કહેવા માંડી, 'તને ફોટો લેવાની ઈચ્છા છે પણ હમણાં ફોટો ના લેતી. આગળ પર તને એક મહાપુરુષ તે ફોટો આપવાની ઈચ્છા બતાવશે, તે વખતે તેમની પાસેથી તે ફોટો લઈ લેજે.' તે પછી તે વૃદ્ધા સ્ત્રી ત્યાંથી રવાના થઈ ગઈ.

બહેનને આ એકાએક બનેલા બનાવથી ખૂબ નવાઈ લાગી. તે સ્ત્રી મંદિરમાં ને સમસ્ત સંસારમાં રહેનારી જગદંબા વિના બીજું કોણ હોઈ શકે ? આજે પણ તે અનુભવને યાદ કરીને એ ગદ્દગદ બની જાય છે.

કેટલો સુંદર અનુભવ ? આજે તો બહેન રામકૃષ્ણદેવના ફોટા પાસે બેસીને રોજ રોજ લાંબા વખત લગી પ્રાર્થનાદિ કરે છે. ને એમના પર દેવની-પ્રભુની પ્રેમવર્ષા નથી વરસી એમ કોણ કહી શકે ? ફોટાની પધારામણી સાથે બહેનનું જીવન દિવસે દિવસે નવો જ આકાર લેવા માંડ્યું છે ને પ્રભુમય થયું છે. મહાનપુરુષોના પગલાં નકામા નથી જતાં.

*

બહેન કહે છે : ‘મારા જીવનનો આ ત્રીજો અંક શરૂ થયો છે. પહેલો અંક બાળપણ, બીજો લગ્નજીવન ને ત્રીજો અંક આ ચાલે છે તે તમારા પરિચયનો, આત્મિક જીવનની નવી આશાનો. હવે તો તમારા ચરણોમાં

જ તેનો અંત આવે તેમ ઈચ્છું છું. મને બીજી કોઈ ઝંખના નથી. કાં તો તમારી નિરંતર સદાની સેવા પ્રભુ આપે, કે પછી જીવનનો અંત લાવે. જીવનમાં બીજો કોઈ જ રસ રહ્યો નથી. પ્રભુને, તમારી પાસે કાયમ માટે રહેવા માટે, રોજ પ્રાર્થું છું. મેં કોઈ પુણ્યકર્મ કર્યા નથી. મારામાં બીજી લાયકાત પણ નથી. પ્રભુના દર્શનની પણ શક્તિ નથી. જગદંબાનું દર્શન ચોવીસે કલાક ઈચ્છનારની ઝાંખી, સંનિધિ ને સેવા ચોવીસે કલાક મળે એટલી જ માંગણી કરું છું. પ્રભુ તે પૂરી કરશે ? તમે તેવા આશીર્વાદ આપશો ?'

બહેન કહે છે : 'તમારે ચરણે પડવાની ને તમારી ચરણરજને લઈને મસ્તક પર મૂકવાની ઈચ્છા અવારનવાર થયા કરે છે પણ તેનો અમલ કરવાનું સાહસ થતું નથી. મારું જીવન એટલું બધું વિચિત્ર છે કે સાચે જ આપની ચરણરજને પણ મારા અંગુલિસ્પર્શે અભડાવી ના શકાય. આપ ગયા વખતે હિમાલય ગયા ત્યારે ટ્રેન ઊપડી. બારણામાં તમે ઊભા હતા. તમારા ચરણને સ્પર્શવાની નહિ પણ તેની રજને માથે ચઢાવવાની ઈચ્છા થઈ. હાથ લંબાવ્યો પણ પાછો હઠ્યો. રજની પવિત્રતાને એ હાથ ક્યાં અશુદ્ધ કરે ?'

કેટલી ઉત્તમ ભાવના ? સ્પર્શ કરવો કે ના કરવો તે વાત જુદી છે. તેથી કોઈ લાભ છે કે ગેરલાભ તે વાત પણ જુદી છે. પણ હૃદયની જે ભાવના અહીં વ્યક્ત થઈ રહી છે તેની સાથે જ આપણને તો કામ છે. બહેન પોતાને આટલી બધી હદે દીન, હીન, પતિત માને છે તે જોઈને મારું હૃદય વીંધાઈ જાય છે. એમના પવિત્ર ને મહાન મનમાંથી તે ભાવનાધ્વનિ કાયમને માટે નીકળી જાય તે માટે મારાથી બનતા બધા જ પ્રયાસ કરી રહ્યો છું.

બહેનને કહું છું પણ ખરો : 'બહેન ! તમે પામર ને પતિત છો, તો મહાન ને પુણ્યશાળી કોણ છે ? આટઆટલા વખતથી જેનામાં હું આવી પવિત્રતા, શ્રદ્ધા ને ભક્તિ જોઈ રહ્યો છું તે મારી કે કોઈનીયે દૃષ્ટિએ પતિત કે પામર કેમ હોઈ શકે ? હું તો તમને વંદનીય માનું છું. ભૂતકાળમાં કોઈ ભૂલ થઈ હોય તો તેથી શું ? ભૂલ કોની નથી થતી ? પણ જેણે ભૂલને ભૂલ તરીકે માની લીધી ને નવી ભૂલ ના કરવાની દૃઢ પ્રતિજ્ઞા લીધી, તેના પાલન સારું સતત જાગૃતિ રાખી, તે ગમે તેવો પાપી ને દુરાચારી હોય તો પણ સદાચારી ને પુણ્યાત્મા બની જાય છે. પશ્ચાતાપમાં એવી પ્રખર તાકાત છે. તેના બળે લાખો ને કરોડો અપરાધી ને પાપી પ્રભુપરાયણ થઈને પ્રભુના કૃપાપાત્ર બની ગયાં છે. એટલે હું તમને પ્રેમપૂર્વક કહું છું કે બહેન પાપના વિચારને કાયમ માટે પડતો મૂકી દો. પ્રભુએ તમારો હાથ પકડી લીધો છે ને તમારો સદાને માટે સ્વીકાર કર્યો છે માટે તમે પુણ્યાત્મા જ છો. ભૂતકાળમાંથી જીવનને ઉજ્જવળ કરનારી ઉપયોગી શિક્ષા મેળવીને અને વર્તમાનને વફાદાર રહીને હવે તો તમે પ્રભુમય જીવનના અભિનય પંથે પ્રેમપૂર્વક પ્રયાણ કરો; બાકીના જીવનમાં પ્રભુની પૂર્ણ કૃપાની પ્રાપ્તિ કરો અને જીવનનું મંગલ કરી લો. સંસારના નશ્વર પદાર્થો ને ક્ષુલ્લક વિષયોમાંથી મનને પાછું વાળી લઈને મહાન સાધિકા બનો. તેથી પણ આગળ વધીને ઉત્તમ યોગિની બનો ને વિશ્વમાં વિચરણ કરો. તમારા જીવનનો એ નવો અવતાર જોઈને મને ખરેખર આનંદ થશે. મારું હૈયું ખરેખર હરખથી ઊભરાશે. તો બહેન, હવે મારે ખાતર પણ તમે આ અધમ ને પતિતપણાની ભાવનાનો કાયમ માટે ત્યાગ કરો. મને વચન આપો કે તમે હવે તમને પતિત નહી માનો. તમારા પર પ્રભુની કૃપા છે. તમે પુણ્યશાળી છો એવો જ અનુભવ કરશો. મારે ખાતર પણ મને એવું વચન આપો.'

ને બહેન મારી માગણીનો કચવાતે મને પણ સહર્ષ સ્વીકાર કરે છે, મારું હૃદય નાચી ઊઠે છે.

*

એ કહે છે : ૧૯૨૪ની સાલમાં મને એક સ્વપ્ન આવેલું. તે વખતે હું કાશીમાં હતી. સ્વપ્નમાં મેં બેત્રણ સંતપુરુષોને જોયાં. તેમનું સ્વરૂપ બહુ સુંદર હતું. તેમણે મને કહ્યું : બહેન, તમારા જીવનમાં તને અનેક પુરુષોનો પરિચય ને મેળાપ થશે. તારા પર પ્રેમ પણા ઘણા રાખશે. પરંતુ તે સૌને તું ભાઈ તરીકે માનજે. છેવટે તારી મોટી ઉંમર થતાં યુવાનીમાં તને એક સંતપુરુષનો સમાગમ થશે. ને બહેન શાંત રહે છે.

હું પૂછું છું, ‘પછી શું ? 'સંતપુરુષ મળશે' પછી શું ? તે શું કરશે ? શાંતિ આપશે ? તેમણે બીજું શું કહ્યું હતું ?’ પણ બહેન બોલતાં નથી. એ જાણે કાંઈક વિચાર કરે છે.

વાતના અનુસંધાનમાં એ કહે છે : ‘તે સ્વપ્ન તે વખતે મારાં માસીબેને હસી કાઢેલું. પરંતુ આનંદશંકર ધ્રુવે તેનો જવાબ એટલો જ આપેલો કે મારા તને આશીર્વાદ છે, દીકરી, કે તારું સ્વપ્ન ફળે.’ એમ કહીને બહેન સહેજ શાંતિનો શ્વાસ લે છે. મને થાય છે કે એમણે હજી પોતાની વાત બરાબર પૂરી કરી નથી. પણ હું વિશેષ આગ્રહ પણ કરતો નથી. એ બોલ્યાં : ‘તે પછી મણિકર્ણિકા ઘાટ પર હું ફરવા ગઈ ત્યારે તે બે સંતપુરુષોને મેં ત્યાં બેઠેલા જોયા. સ્વપ્નના સંતો તે જ હતાં. પણ ત્યારથી હું પ્રત્યેક પુરુષને ભાઈ બરાબર માનું છું. મારું આજ સુધીનું જીવન તે રીતે જ પસાર થયું છે. ‘

બહેનની ભાવના જોઈને મને ખૂબ આનંદ થયો. મારાથી સહેજ પુછાઈ ગયું : ‘ત્યારે તમારા પતિની તરફ કયો ભાવ રાખો છો ? તમારા પતિનું શું ?’

ને એ તરત જ બોલી ઊઠ્યા : ‘તે પણ મારા ભાઈ જ છે. તેમને હું ભાઈ જ માનું છું.’

‘શાબાશ.’ મારા મુખમાંથી નીકળી પડે છે : ‘ધન્યવાદ, ફર્સ્ટ ક્લાસ ફર્સ્ટ. મેં જોયેલી સ્ત્રીઓમાં સર્વશ્રેષ્ઠ, સર્વોત્તમ. ખરેખર આ જ જવાબની અપેક્ષા હું તમારી પાસેથી રાખતો હતો. તમારી પરીક્ષા થઈ ચૂકી અને તમે પાસ થયા.’

બહેનની કથની સાંભળીને મને અપાર આનંદ થયો. એમના જેવી મહાન ને પરમપવિત્ર દેવીના શ્રીમુખમાંથી જ એવા શબ્દો નીકળી શકે. જાતીય વાસના, વિકાર ને વિલાસની ભઠ્ઠીમાં ખદબદતા સંસારમાં યોગિનીબેનની શોભા એક કમનીય કમલિની જેવી છે, જેની પ્રત્યેક પાંખડી પરિમલથી ભરેલી અને અનેરી છે.

બહેન એક નવો જ પ્રશ્ન પૂછે છે : ‘જીવનનો અંત લાવવાનો કોઈને હક્ક ખરો ?’

હું કહું છું : ‘ના.’

‘કેમ ?’

‘કેમ કે જીવન પર તેના એકલાનો અધિકાર નથી ને ! તે અનેકને કામ લાગે તેવું છે. તેથી જ તેનો અંત લાવવાનો વિચાર કરવો તે પણ અપરાધ છે.’

એ રાત્રિની શાંતિમાં વધારે શાંતિ છવાઈ જાય છે. બધા દિવસોનો આનંદ સરખો થોડો હોય છે ? કોઈ સારા તો નઠારા. કોઈ હર્ષમય તો કોઈ શોકમય, કોઈ યાદગાર તો કોઈ ભૂલવા જેવા, એમ દિવસો જુદા જુદા હોય છે. રાતનુંય તેવું જ સમજી લેવાનું છે. રાત છે તો પ્રભુની જ પણ તેમાંય ભેદ હોય છે. બીજી બધી રાત્રિ કરતાં શરદપૂનમ, વૈશાખી પૂનમ, શિવરાત્રિ ને જન્માષ્ટમીની રાત્રિને મહત્વની માનવામાં આવે છે. મારે મન

એ રાત એવી જ મહત્વની હતી. આનંદમય, આશીર્વાદરૂપ, મધુથી મઢેલી ને મધુરી. આટલા બધા દિવસોમાં પહેલી જ વાર બહેને મારી પાસે દિલ ખોલીને વાતો કરી ને પોતાના દિલના દર્દને વહેતું મૂક્યું.

બહેનની ભાવના કેટલી મહાન ને દૈવી છે ? એમના જ શબ્દોમાં જુઓ : ‘ભાઈની સેવા બહેન કરશે જ. ભાઈ અનુકૂળતા કરી આપશે ને ? મેં પ્રથમ દૃષ્ટિએ-મિલને ભાઈ માન્યા છે. હૃદયે સ્વીકાર્યા છે. પ્રેરણાએ અનુમોદન આપ્યું છે. મહત્વકાંક્ષા વરસોથી હતી કે મારો એક ભાઈ દુનિયાને-ત્રણે લોકને કેમ ના અજવાળે ? વરસોથી આંસુ સારતી પ્રાર્થનાઓ કરી છે અંતરના અનન્યભાવે. પ્રભુ પૂરી પાડશે, પાડી રહ્યો છે. મને લાગે છે કે મારે આટલા બધા પુરુષમિત્રો-ભાઈઓ થયા તે પણ તે જ કારણ હશે કે તેમાંથી હું એવો ભાઈ મેળવી શકું જે મારી મહત્વકાંક્ષાને પાર પાડે.’

વખત વીતતો જાય છે. વિદાય થવાનો વખત નજીક આવે છે તેમ બહેનનું હૃદય રડતું જાય છે. એમને થાય છે કે લાંબા વખત લગી એકલા કેમ રહેવાશે ? હું એમને કહું છું : ‘બહેન, જીવન રડવા નહિ પણ હસવા માટે છે. ઈશ્વરની કૃપાથી તમારી બધી ઈચ્છા પૂરી થશે. માટે શોક ને વેદનાના આંસુ ના સારશો.’

*

યોગિનીબેનનું શરીર હવે રહ્યું નથી. એ ફોરમવંતુ ફૂલ અકાળે જ કરમાઈ ગયું છે એ મારે સખેદ નોંધવું પડે છે. પરંતુ પ્રેમ આત્માની વસ્તુ છે ને તેનો કોઈ નાશ કરી શકતું નથી. એ નાનો હોય કે મોટો, સાધારણ હોય કે અસાધારણ, તેની પતિતપાવની પુણ્યગાથાનો નાશ થતો નથી. કદીયે થતો નથી.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૪. કળીમાંથી ફૂલ

યુવાનો કેટલીકવાર ભળતા વિચારોના ભોગ બને છે, ક્ષણજીવી આવેશ કે ભાવાવેગથી ભ્રાંત થઈને, પગલાં ના ભરવાના પંથે પગલાં ભરે છે ને ના કરવા જેવા કામને કરી બેસે છે.

વૈરાગ્ય, ત્યાગ, સંન્યાસ, ધર્મ અથવા અધ્યાત્મના આધાર વિનાના ખ્યાલોમાં અટવાઈને કેટલીકવાર ગૃહત્યાગ કરવા પ્રેરાય છે અને એ પછી સારો જીવનપોષક પ્રેરણાત્મક સંજીવનીપ્રદાયક સંગ ના સાંપડે તો પ્રમાદી અને અકર્મણ્ય બનીને નષ્ટપ્રાય થઈ જાય છે. જીવનનો સમુચિત વિકાસ નથી સાધી શકતા.

પૂર્વનો પુણ્યોદય થયો હોય કે થવાનો હોય તો એમને કોઈક જીવનોપયોગી સાનુકૂળ શ્રેયસ્કર સત્સંગ સાંપડે છે પણ ખરો.

એવા સત્સંગથી એમને નવી સાચી પ્રાણવાન પ્રેરણાની પ્રાપ્તિ થાય છે; સત્ય મંગલ માર્ગદર્શન મળે છે, અને એમનું જીવન સુરક્ષિત બને છે. દ્વિધાના દરિયામાં ડૂબવાની તૈયારી કરી ચૂકેલું એમનું મન એમાંથી બહાર નીકળીને વિકાસની નવી ક્ષિતિજોનું દર્શનું કરે છે, અવનવી આશાથી અલંકૃત બને છે, અને ઊગરી જાય છે. એમને શાંતિપ્રદાયક સુખદ કલ્યાણકારક કિનારો મળે છે.

સૂરત શહેરના નવયુવક કિશોરના સંબંધમાં પણ લગભગ એવું જ બન્યું.

ઈ.સ. ૧૯૭૪નું વરસ એને માટે આકરી અગ્નિપરીક્ષાનું વરસ નીવડ્યું.

કિશોર એ વખતે કૉલેજમાં અભ્યાસ કરતો હોવા છતાં ઍન્જીનિયરિંગ કૉલેજના અભ્યાસને અધવચ્ચે મૂકીને સંન્યાસી થવાના દિશાસ્વપ્નો સેવતો. ઘરમાં કોઈને પણ કહ્યા વગર, હિમાલયની દિશાનું ધ્યાન ધરતો, એક દિવસ પર્વતોની રાણી મનાતી મસૂરી નગરીમાં પહોંચી ગયો.

એની પાસે મારું સરનામુ તો હતું જ.

એનો ઉદ્દેશ મારી સાથે રહેવાનો ને બને તો મને ગુરુ તરીકે વરણ કરવાનો હતો.

મસૂરીમાં પહોંચ્યા પછી માહિતી મળી કે હું માતાજી સાથે ઋષિકેશ ગયો છું એટલે એણે ઋષિકેશ પ્રતિ પ્રયાણ કર્યું.

ઋષિકેશમાં અમે મળ્યા. મેં એની વાત સાંભળી. એણે કહ્યું : ‘મને વૈરાગ્ય થયો છે. ઘરમાં કોઈને પણ કહ્યા વગર, કોઈની પણ અનુમતિ લીધા વગર, મેં ગૃહત્યાગ કર્યો છે.’

‘વૈરાગ્ય તો અર્જુનને પણ થયો હતો. તો પણ એને ભગવાનની ઈચ્છા સમજીને મહાભારતના યુદ્ધમાં કર્તવ્યભાવે ભાગ લીધેલો. વૈરાગ્ય થયા પછી વ્યવહારમાં રહીને કર્તવ્યનું અનુષ્ઠાન વધારે સારી રીતે કરી શકાય છે. અહંભાવમાંથી મુક્તિ મેળવીને અલિપ્ત રહેવાય છે.’

‘પરંતુ મારે તો ઈશ્વરનો સાક્ષાત્કાર કરવો છે.’

‘એને માટે ઘરમાં રહીને ઉત્તરોત્તર સદ્‌ગુણી, સદ્‌વિચારશીલ, સત્કર્મપરાયણ બનવાનો આગ્રહ રાખી નિયમિત રીતે નામ-જપ, ધ્યાન, પ્રાર્થના જેવા સાધનનો આધાર લો. કૉલેજના અભ્યાસને ચાલુ રાખો, ડિગ્રી મેળવો ને સારી નોકરી પ્રાપ્ત કરીને આર્થિક રીતે પગભર બનો. સુરતમાં રહીને આપણા ધ્યાનકેન્દ્રની

મુલાકાત લો. મારી સલાહ અત્યારે કદાચ અરુચિકર લાગશે પણ એને અનુસરવાથી પરિણામ સારું આવશે. જીવન સારું ને ઉજ્જવળ બનશે.'

પરંતુ મારી વાત એના ગળે ના ઊતરી.

'મેં તો ત્યાગ કરવાનો અને આ દૈવી ભૂમિમાં રહેવાનો નિર્ણય કર્યો છે. તમારી પાસે રહેવાનું નહિ મળે તો બીજા કોઈક આશ્રમમમાં રહીશ.'

'તને બીજે ક્યાંય નહિ ફાવે. છતાં મારી સલાહ સુયોગ્ય ના લાગે તો આશ્રમોની અને એમાં અથવા અન્યત્ર વસતાં સંતમહાત્માઓના મુલાકાત લઈ શકે છે.'

'મારે બદરીનાથ પણ જવું છે.'

'તે તો બાહ્ય ત્યાગ સિવાય પણ જઈ શકાય છે.'

કિશોર અચળ રહ્યો. કોઈ કારણે એ ઘેર પાછા ફરવાની ઈચ્છા નહોતો રાખતો. કોઈક કારણ એવું બનેલું જે એને ઘરથી દૂર રહેવા માટે પ્રેરિત કરી રહેલું.

છતાં પણ આખરે તો જે ઈશ્વરે ધાર્યું હતું તે જ થયું.

બેત્રણ દિવસ સુધી ઋષિકેશમાં રહીને કેટલાંક આશ્રમોનું અવલોકન કર્યું અને કેટલાક સંતપુરુષોની મુલાકાત લીધી. એ બધી શુભ હેતુથી પ્રેરાઈને થયેલી પ્રવૃત્તિ પછી એને ખાતરી થઈ કે ઋષિકેશમાં ત્યાગી તરીકેના જીવનનો આધાર લઈને રહેવા કરતાં ઘરમાં રહીને આગળ અભ્યાસ કરવાનો અને આધ્યાત્મિક જીવન જીવવાનું વધારે સારું છે. એ વિચારને મારી આગળ રજૂ કર્યો ત્યારે મેં એને વધાવી લીધો. બીજાના ઉપદેશ કરતાં પોતાનો અનુભવ માનવને વધારે અસર કરે છે.

કિશોરની ઈચ્છા પ્રમાણે એના પિતાશ્રીને એની માહિતી મોકલવામાં આવી. થોડાક દિવસ પછી એણે સૂરત જવા માટે વિદાય લીધી.

મારે સૂરત જવાનું થયું ત્યારે એના પિતાશ્રીએ મને જણાવ્યું : 'તમે કિશોરનું જીવન બચાવી લીધું. તમે પાછા આવવાની સલાહ ના આપી હોત તો એનું જીવન વેડફાઈ જાત.'

કિશોરે ખંતપૂર્વક કૉલેજનો અભ્યાસ પૂરો કર્યો. એ ઍન્જિનિયર થયો. હવે એ નોકરી કરે છે.

આધ્યાત્મિક વિકાસની એની લગન એવી જ છે. એથી પ્રેરાઈને એ સત્સંગ કરે છે. ધ્યાન ધરે છે ને જીવનના પરિશોધનનો પ્રયત્ન કરે છે.

એ કળીમાંથી ફૂલ બન્યો છે.

જ્યાં છે ત્યાં એને સંતોષ છે.

આવશ્યકતાનુસાર એ બીજા યુવાનોને માર્ગદર્શન ધરે છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૫. માનવતાના માળી

માનવ જો ધારે તો જ્યાં હોય ત્યાં રહીને અન્યને ઉપયોગી થઈ શકે છે.

એની વૃત્તિ હોય, એની પાસે સમ્યક્ દૃષ્ટિ હોય, અલ્પ અથવા અધિક શક્તિ હોય, એના અંતરમાં જનતાજનાર્દનની થોડીક પણ ભક્તિ હોય, અને સહેજ પણ સાનુકૂળ પરિસ્થિતિ હોય તો એ પોતાની રીતે જીવીને બીજાને મદદરૂપ બની શકે છે. એમ કરતાં કરતાં વિરોધોનો સામનો કરવો પડે. વિઘ્નો આવે, વિપરીત વાતાવરણ પેદા થાય, નિંદાના ભોગ બનવું પડે અથવા કોઈ પ્રકારની નાનીમોટી હાનિ થાય, તો પણ એ પોતાના પસંદ કરેલા સેવામાર્ગને મૂકતો નથી. બીજાને ઉપયોગી થવા માટે સદાય તૈયાર રહે છે. બીજાને માટેના સેવાકાર્યને પૂજા, સાધના, ઉપાસના, આરાધના સમજે છે.

એ સંસારમાં કમળની પેઠે રહેતો હોય છે. સુકોમળ, સંવેદનશીલ, અહંકારરહિત, અનાસક્ત ને અલિપ્ત. સામાન્ય માનવો જેમના શિકાર બને છે તે સ્વાર્થ અને રાગદ્વેષ એમને પોતાની અસર નથી પહોંચાડતા. એ લેવા માટે આવ્યા નથી હોતા, આપવા માટે આવ્યા હોય છે; અને એમને આપવામાં ઊંડા અસીમ સુખની પ્રાપ્તિ થાય છે.

દુનિયામાં એવા માનવરત્નનું ક્યાંક ક્યાંક કોઈક ધન્ય પાવન પળે દર્શન થાય છે ત્યારે અંતર અનેરો આનંદ અનુભવે છે.

મસૂરીમાં ગાંધીનિવાસ સોસાયટીમાં ચાલતાં ગુરુ નાનક ધર્માર્થ ઔષધાલયમાં એવા એક ડૉકટર આવ્યા.

પંજાબના મૂળ વતની, પંજાબના પ્રખ્યાત શહેરમાં સિવિલ સર્જન તરીકે સેવાકાર્ય કરી ચૂકેલા એ વયોવૃદ્ધ ડૉકટર નિવૃત્તિની વયમર્યાદા પછી પણ મસૂરીના ધર્માર્થ ઔષધાલયમાં મુખ્ય ડૉકટર તરીકે જોડાયા. તેનું મુખ્ય કારણ એમનો જન્મજાત અસાધારણ સેવાભાવ જ હતો. માનવજીવન બીજાની સેવા માટે જ છે અને જ્યાં સુધી એ શેષ હોય ત્યાં સુધી એનો સદ્દપયોગ સેવા માટે જ કરાવો જોઈએ. એમાં જ એની સાર્થકતા કે સફળતા છે એ વિચાર એમના મનમાં તાણા ને વાણાની પેઠે વણાઈ ગયેલો. એ જેમાં વિશ્વાસ રાખતા અને જેનો આધાર લઈને મોટા થયેલા એ શીખધર્મના પ્રાતઃસ્મરણીય પરમાદરણીય સદ્દગુરુઓએ શીખવેલું કે નામજપ કરવા અને બીજાને પરમાત્માના પ્રતિનિધિ સમજી અન્ન, વસ્ત્ર, આશ્રય, આવશ્યક ઔષધ અને શિક્ષણ પ્રદાન કરવું. એના જેવી લોકોત્તર સેવાસાધના બીજી કોઈ જ નથી.

ડૉકટર સાહેબ એ સદુપદેશનું પાલન કરતાં. કોઈ વાર વાતચીતના અનુસંધાનમાં કહેતા કે જ્યાં સુધી શ્વાસ છે ત્યાં સુધી સુમિરન અને સેવા ચાલવા જ જોઈએ. જીવન છે જ એટલા માટે. સુમિરન અને સદ્દબુદ્ધિ સહિતની સેવાને લીધે તો માનવ પશુથી જુદો પડે છે તથા પોતાનું આગવું મહત્વ ધરાવે છે.

પ્રભાતના પ્રથમ પ્રહરમાં એ નિત્યકર્મમાંથી નિવૃત્ત થઈને નિયત સમય પર ગુરુ નાનકદેવને પ્રણામ કરીને બહાર નીકળતા ને દવાખાનામાં દાખલ થતાં. એમનો સ્વભાવ એટલો બધો સરળ, છળરહિત, માયાળુ હતો અને એમના હાથમાં એવો તો અસાધારણ યશ હતો કે એની આગળ દર્દીઓના ટોળાં ઊમટતા. સૌને એ દેવદૂત જેવા લાગતાં. કેટલીકવાર તો ભોજન અને આરામના બહુમૂલ્ય સમયનો ભોગ આપીને પણ

એ એમનું સેવાકાર્ય કર્યા કરતા હતા. સાંજે મારા પ્રવચનના સમયે પણ એમનું સેવાકાર્ય ચાલુ જ રહેતું. કોઈક વાર સમય મળતાં એ સત્સંગહૉલમાં પાછળની ખુરશી પર બેસતાં અને રૂબરૂ મળતા જણાવતાં : 'મારાથી નિયમિત રીતે ખૂબખૂબ ઈચ્છા હોવા છતાં પણ સત્સંગમાં નથી અવાતું. દવાખાનાનો સમય પણ એ જ હોય છે અને ત્યારે દર્દીઓ મોટી સંખ્યામાં ઊમટી પડે છે. કોઈકવાર વહેલો નિવૃત્ત થઈ જઉં છું તો આવી પહોંચું છું.'

હું એમને કહેતો : 'તમે તો ઘણું મોટું, મહત્વનું, પાયાનું કામ કરી રહ્યા છો. એ કલ્યાણકાર્ય સત્સંગ કરતાં જરાય ઊતરતું નથી. જ્યારે વખત મળે ત્યારે સત્સંગમાં આવી શકો છો. તમારું જીવન બીજાને માટે બોધપાઠરૂપ છે.'

'હું દવાખાનાને સત્સંગભવન અથવા મંદિર જેટલું જ પવિત્ર, કલ્યાણકારક, મંગલ માનું છું. એવી ભાવનાથી જ એમાં બેસીને કામ કરું છું.'

'બરાબર છે. એટલે જ તમે આટલા પ્રેમપૂર્વક કાર્ય કરી શકો છો.'

દવાખાનામાં પ્રવેશતી વખતે ડૉકટર સાહેબ સૌથી પ્રથમ સામેની દીવાલ પર રાખવામાં આવેલી ગુરુ નાનકદેવની તસ્વીરને પરમ પૂજ્યભાવે પ્રણામ કરતા અને પછી જ બીજા કાર્યમાં પ્રવૃત્ત થતા. દરદીને જોતી વખતે, દવા આપતી વખતે પણ ગુરુ નાનકદેવનું સ્મરણ કરતા. કોઈને વ્યાધિમાંથી મુક્તિ મળે તો તેનો યશ પણ ગુરુ નાનકદેવને જ આપતાં અને કહેતા : 'હું તો ફક્ત નિમિત્ત છું. શક્તિ તો ગુરુની જ કામ કરી રહી છે. તે પોતાની ઈચ્છા પ્રમાણે કેટલાંય નિમિત્તોને તૈયાર કરી શકે છે. એટલે નિમિત્ત બનાવીને સેવા કરવાનો સુ-અવસર પ્રદાન કરે છે એ એમની કૃપા છે. એને માટે મારી જાતને સૌભાગ્યશાળી સમજું છું અને એમનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

ડૉકટર સાહેબનો સ્વભાવ ખૂબ જ મધુર, માયાળુ, સરળ, નમ્ર હતો. જે કેસને એ હાથમાં લેતા તે સફળ થતો. એમનું નિદાન સચોટ, સાચું ઠરતું અને એમનો ઉપચાર અકસીર અથવા અમોઘ નીવડતો. ગરીબોને માટે એમનું અંતર વિશેષ લાગણી અનુભવતું. દીનદુઃખી પ્રત્યે એમને સવિશેષ સહાનુભૂતિ રહેતી. એને લીધે દવાખાનામાં દીનદુઃખી કે વ્યાધિગ્રસ્તોનાં ટોળાં ઊમટતાં. ધર્માર્થ ઔષધાલય યાત્રાધામ જેવો મહિમા ધારણ કરતું.

ડૉકટર સાહેબ સૌને ખૂબ જ શાંતિપૂર્વક રસસહિત સાંભળતાં. કેટલીકવાર તો દર્દી એટલી બધી મોટી સંખ્યામાં રહેતા કે દવાખાનાનો નિર્ધારિત સમય પૂરો થતો પણ દર્દીઓ શેષ રહેતાં. એવે વખતે એમને પૂરો ન્યાય આપવા માટે એ ભોજન માટેના સમયને ગૌણ ગણીને પોતાના કાર્યમાં મગ્ન રહેતા. કોઈકવાર દર્દીઓ એમની પાસે એમના ઉપચાર માટે રાતે પહોંચતા ત્યારે એ આરામની પરવા કર્યા સિવાય બહાર નીકળતાં. એમના પત્ની એમને આરામ કરવા કરતાં કહેતાં.

'આટલી ઉંમરે આખા દિવસની મહેનત પછી સૂઈ જવું જોઈએ એને બદલે રાતે પણ ઊઠવાનું ! મને તો આ સહેજ પણ પસંદ નથી.'

'વ્યાધિગ્રસ્તોને મદદરૂપ તો થવું જ જોઈએ ને ?'

'એને માટે આખો દિવસ છે.'

'છતાં પણ કોઈવાર કોઈક રાતે આવે તો ના કહેવાય ? જીવન શેને માટે છે ? એનાથી જેટલી સેવા થાય તેટલી સારી. આવકારદાયક. આ શરીર એક દિવસ શાંત બની જશે, એ નાશવંત છે. એ નાશ પામે એની પહેલા જેટલું પણ સત્કર્મ કરી શકાય તેટલું સારું. જે શરીરથી જપતપ ના થાય તે શરીરથી સેવાકર્મ થઈ શકે તો પણ સંતોષ છે.'

વ્યાધિગ્રસ્તો એમની પીઠ પાછળ વાતો કરતા :

'ડૉકટર સાહેબ તો દેવતા છે દેવતા. એ કોઈ સામાન્ય માનવ નથી.'

'દેવતા પણ આવા પરગજુ ના હોય.'

'એ તો ઈશ્વરના દૂત છે.'

'આવા સેવાભાવી સર્જન ડૉકટર તો મસૂરીમાં કદી પણ નથી આવ્યાં.'

પોતાની પ્રશંસા તથા સફળતાની વચ્ચે પણ ડૉકટર સાહેબ શાંત અને સ્વસ્થ રહેતા. કોઈ એમનું ગૌરવ ગીત ગાતું તો કહેતાં કે એ બધો ગુરુનો જ પ્રતાપ છે. માણસથી શું થઈ શકે એવું છે ? એની શક્તિ કે યોગ્યતા કશી જ વિસાતમાં નથી.

એમની અસાધારણ યોગ્યતાનો ખ્યાલ મેળવવા માટે એકાદ પ્રસંગ પૂરતો થઈ પડશે.

મસૂરીમાં મધ્યપ્રદેશના નિવૃત્ત ખેતીવાડી ડાયરેકટર શ્રી દુબે રહેતા. એમનો સ્વભાવ ખૂબ જ મિલનસાર તથા પરગજુ હતો. એમની તબિયત બગડવાથી એકવાર એમને હોસ્પિટલમાં દાખલ થવું પડ્યું. ત્યાં એમને પ્રોસ્ટેટ ગ્લેન્ડનું ઑપરેશન કરાવવું પડ્યું. શારિરીક સ્વસ્થતાની પ્રાપ્તિ થતાં એ ઘેર પાછા ફર્યા. પરંતુ એ પછી થોડાં જ દિવસમાં ઑપરેશનના સ્થાન પર પુનઃ પીડાનો પ્રારંભ થયો. અમેરિકન હોસ્પિટલના ડૉકટરોની સલાહ લેવાથી ખબર પડી કે ફરીવાર ઑપરેશનની પ્રક્રિયામાંથી પસાર થવું પડશે. એ માહિતી મેળવીને એમને થોડીક ચિંતા થઈ. ઑપરેશનની પીડામાં પસાર થવાની એમની માનસિક તૈયારી નહોતી. પોતાના મનોભાવોને એમણે મારી સમક્ષ પ્રગટ કર્યા ત્યારે મેં તેમને ચિંતા ના કરવાની ને ડૉકટર સાહેબની સલાહ લેવાની સૂચના આપી. એમને એ સૂચના પસંદ પડવાથી પેલા સેવાભાવી દેવદૂતસમા ડૉકટર સાહેબનો સંપર્ક સાધ્યો. ડૉકટર સાહેબે એમની પાસે પહોંચીને એમને તપાસીને નિશ્ચયાત્મક રીતે જણાવ્યું કે તમારે ઑપરેશન કરાવવાની આવશ્યકતા નથી.

'પરંતુ અમેરિકન હોસ્પિટલના ડૉકટરોએ તો ઑપરેશનને અનિવાર્ય કહ્યું છે.'

'ભલે કહ્યું. મારી દૃષ્ટિએ બીજું ઑપરેશન જરાય આવશ્યક નથી. મારામાં વિશ્વાસ હોય તો દવા લખી આપું. તે પ્રમાણે ઉપચાર શરૂ કરો તો સ્વસ્થ થઈ જશો.'

દુબેજીને માટે બીજો કોઈ વિકલ્પ નહોતો. તેમણે ઉપચારને સારુ સંમતિ આપી.

ડૉકટરસાહેબે દવા લખી આપી.

દુબેજીએ ડૉકટર સાહેબને વિઝિટ ફીની તથા સલાહની રકમ વિશે પૂછ્યું તો ડૉકટર સાહેબે કશું પણ સ્વીકારવાની સ્પષ્ટ શબ્દોમાં ના કહીને જણાવ્યું : 'મને મારી આજીવિકા પૂરતું મળી રહે છે. જીવનભર કમાતો રહ્યો છું. હવે પાછલી અવસ્થામાં જીવનના સંધ્યાકાળે ઊભો છું ત્યારે થોડીક સેવા કરી લઈશ તો હાનિને બદલે લાભ જ છે.'

દુબેજીને ઑપરેશન સિવાય જ સારું થયું.

એમણે ડૉકટર સાહેબનો સ્વાભાવિક રીતે જ આભાર માન્યો.

આજે એ દેવદૂત જેવા ડૉકટર સાહેબ અને દુબેજી નથી. બંનેનો સ્વર્ગવાસ થયો છે પરંતુ એમની સ્મૃતિ સનાતન છે.

એ સ્વનામધન્ય ડૉકટર સાહેબ હતા, ડૉકટર માલી.

એવા સેવાભાવી ડૉકટરોની વધારે ને વધારે પ્રમાણમાં ઠેરઠેર આવશ્યકતા છે, જે માનવતાના માળી બનીને માનવસમાજની માવજત કરતા હોય.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૬. મસૂરીના માનવરત્ન

જીવનમાં જે બને તે બધી જ ઘટનાઓ માનવીની ઈચ્છા, યોજના અથવા અભિરુચિ પ્રમાણે ક્યાં બને છે ? જીવનનો નક્શો અંકિત થયો હોય છે એક રીતે અને સાકાર બને છે જુદી જ રીતે. જુદીજુદી ઘટનાઓ માનવના શીલ, સંયમ, સમત્વ, સદાચારની કસોટી કરનારી થઈ પડે છે. એમાંય પ્રસંગો પ્રતિકૂળ બને છે કે પ્રતિકૂળતાની પરંપરા પેદા કરે છે ત્યારે તો માનવમનને આકરી અગ્નિપરીક્ષામાંથી પસાર થવું પડે છે. એવા વિપરીત વિષમ વખતમાં સાધારણ જ નહિ પરંતુ અસાધારણ માનવોનાં મન પણ ચિંતાતુર થાય છે ને ડગી જાય છે. એવે વખતે જે અડગ, સ્વસ્થ, શાંત રહી શકે છે તે મહાવીર મનાય છે અથવા મહામાનવ કહેવાય છે.

એવા એક અસાધારણ ગુણવત્તા ધરાવતા મહામાનવના જીવનનું વિહંગાવલોકન કરી લઈએ.

એમનું નામ રૂપકિશોર કપુર.

શિષ્યો, અનુયાયીઓ, પ્રશંસકો તથા પરિચિતોમાં એ ગુરુજીના સન્માનસૂચક પ્રિય નામથી ઓળખાતા.

એ એક લોકોત્તર સિદ્ધહસ્ત નામાંકિત ચિત્રકાર હોવાથી કલાકારનું સર્વોચ્ચ સંવેદનશીલ હૃદય ધરાવતા. મહાત્મા ગાંધીજીને ગુરુ બરાબર માનતા અને એમના આદર્શોને અનુસરવાનો પ્રયત્ન કરતા.

એ પ્રયત્નમાં સંતોષકારક રીતે સફળ પણ થયેલા.

ચિત્રકળાની અસાધારણ સિદ્ધિને લીધે એ મોટામોટા નામાંકિત દેશનેતાઓ, રાજકુટુંબો, શ્રીમંતો, અધિકારીઓ અને ધર્માચાર્યોના ઘનિષ્ઠ સંબંધમાં આવેલા, અને એમનો પ્રેમ તથા પૂજ્યભાવ પામી શકેલા.

છ મહિના જેટલા સમય સુધી એ દેહરાદૂનમાં એમના મકાનમાં રહેતા ને વરસના બીજા છ મહિના મસૂરીમાં.

મસૂરીમાં એમની સુંદર, સુપ્રસિદ્ધ, સુવિશાળ ચિત્રશાળા હતી.

દરરોજ સાંજે એની બહારની ઓસરીમાં ખુરશીઓની પંક્તિ પર મસુરીનાં સુપ્રતિષ્ઠિત સ્ત્રીપુરુષો ભેગાં થતાં ને જ્ઞાનવિજ્ઞાનની વાતો કરતાં. એ વખતે નાના જ્ઞાનદરબાર જેવું દૃશ્ય ઉપસ્થિત થતું.

ગુરુજી મસુરીના પુરુષરત્ન હતા. અસાધારણ જ્વાજ્વલ્યમાન ને મહામૂલ્યવાન રમણીય રત્ન.

એમના જીવનની આકરી અગ્નિપરીક્ષા શરૂ થઈ. પ્રતિકુળતાનો પ્રલયંકર પવન પ્રારંભાયો.

એમની સમસ્ત જીવનસાધનાની સિદ્ધિ સમી સુંદર ને સુસમૃદ્ધ ચિત્રશાળાને એક રાતે અચાનક આગ લાગી. એના પરિણામે આખી ચિત્રશાળા બળી ગઈ. જે વિરાટ મકાનના નીચેના ભાગમાં એક તરફ ચિત્રશાળા હતી તે આખુંય મકાન નામશેષ બની ગયું. ઈશ્વરકૃપાથી એમના જીવનની રક્ષા થઈ. એ પહેરેલે કપડે સહીસલામત રીતે બહાર નીકળી ગયા.

પ્રશંસકો અને પ્રેમીજનો ઊંડી સહાનુભૂતિપૂર્વક એમને આશ્વાસન આપવા આવ્યા તો એમણે જણાવ્યું કે જે થયું છે તેનું મને દુઃખ નથી. એક દિવસ તો મારે કાયમને માટે વિદાય થવાનું જ હતું. તે વખતે

ચિત્રશાળા મારી સાથે નહોતી આવવાની. ઈશ્વરે એનો આવી રીતે અંત આણ્યો તો તેની યોજનામાં મંગલ જ માનવું જોઈએ. એ જે કરે છે, કરતા હશે, તે સારા માટે.

‘તમને એવું નથી લાગતું કે મોટું નુકસાન થયું ? તમારી તો આખા જીવનની કળા ચાલી ગઈ’

‘હું જીવતો છું ત્યાં સુધી કળાનો સર્વનાશ નથી થયો. એ તો મારી સાથે છે. મારા પ્રાણમાં તાણા ને વાણાની પેઠે વણાયેલી છે સ્થૂળ રીતે નિહાળતાં નુકસાન થયું છે તો પણ એનો અફસોસ કરવાથી કશું જ નહિ વળે. જે ઈશ્વરે આવી અસાધારણ અશાંતિ સરજી છે એણે જ મને શાંતિ તથા સહનશક્તિ બક્ષી છે એ એની અનુકંપા છે. એ અનુકંપા કાંઈ ઓછી નથી.’

શ્રોતાજનો વિચારમાં પડ્યા. એમનામાંના એકાદ બે શ્રોતાજનો બોલી ઊઠ્યા: ‘આવી પ્રતિકૂળ, અતિશય પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ તમારું મન આટલું બધું સ્વસ્થ અને શાંત રહી શક્યું છે તેનું શું કારણ ? આવી સ્થિરતા તથા શાંતિ તો મોટામોટા મુનિવરોમાં પણ ના હોઈ શકે.’

ગુરુજીએ છેક જ શાંતિપૂર્વક કહ્યું: ‘એનું કારણ સત્સંગ છે.’

‘સત્સંગ ?’

‘હા. સત્સંગ. છેલ્લા કેટલાક વખતથી મને યોગેશ્વરજીના સત્સંગનો દેવદુર્લભ લાભ મળે છે તેનું એ પરિણામ છે. એમની મારા પર કૃપા છે. એમના સદ્ઉપદેશ અને સત્સંગથી હું સમજ્યો છું કે સર્વ કાંઈ અનિત્ય છે. એની મમતા તથા મોહિની દુઃખદ છે. એવી સમજથી જ મારા મનને શાંત રાખી શક્યો છું.’

‘તો તો તમને સત્સંગ ફળ્યો.’

‘તમે જેમ માનો તેમ.’

*

સત્સંગની અસર એમની ઉપર એવી અસાધારણ થયેલી. એ એમના મસૂરીમાં રહેતા કે મસૂરી બહારથી આવતા પ્રેમીજનો, પ્રશંસકો કે પરિચિતોને અવારનવાર કહેતા : ‘જીવનમાં વાસ્તવિકત સુખશાંતિ મેળવવા અને જીવનને જીવવાની સાચી દૃષ્ટિ પામવા માટે સત્સંગ આવશ્યક છે. ગાંધીનિવાસ સોસાયટીમાં ચાલતા સત્સંગનો લાભ જરૂર લો. એ સત્સંગ અદ્વિતીય છે. એનો લાભ લેવાથી તમને અસાધારણ આનંદ આવશે, ઘણુંઘણું જાણવાનું મળશે, ને જીવનપરિવર્તનની નવી દૃષ્ટિની પ્રાપ્તિ થશે. ‘

એ પોતે રોજ સાંજના ગાંધીનિવાસ સોસાયટીના સત્સંગ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેતાં.

એકવાર એ મારી પાસે એકાએક વહેલી સવારે આવી પહોંચ્યા. એમની સાથે એમનો નાનો નોકર નન્હો હતો. એને એક તરફ ઊભો રાખીને એમણે  જણાવ્યું : ‘મારી કફનીના ખિસ્સામાંથી છેલ્લા કેટલાય વખતથી પૈસા ચોરાય જાય છે, તો તારા વિના બીજું કોણ ચોરે ? યોગેશ્વરજીની આગળ ચોરીને કબૂલ કરી દે તો તને કોઈ પ્રકારની સજા નહીં કરું.’

‘પણ મેં ચોરી નથી કરી.’ નન્હાએ કહ્યું.

‘તો પછી કોણે કરી ? પૈસા જાય ક્યાં ?’

‘મને શી ખબર ?’

'તું જુઠું બોલે છે. પૈસા તેં જ લીધા છે. ગીતાને હાથમાં લઈને કબૂલ કર નહીં તો તને ઘરમાં નહીં રાખું ને પોલીસને સુપ્રત કરીશ.'

નન્હો શાંત રહ્યો.

'યોગેશ્વરજી પાસે બધું જ જાહેર કરી દે. એ મહાપુરુષ છે.'

ગુરુજીના શબ્દોની અસર સહેજ પણ ના થઈ. નન્હો નીચે બેસી ગયો.

ગુરુજીએ મારી તરફ સૂચક રીતે જોયું એટલે મેં જણાવ્યું : 'નન્હા, તું ના પાડે છે પરંતુ પૈસાની ચોરી તેં જ કરી છે. તારી મુખાકૃતિ પરથી એ વાતની સ્પષ્ટતા થાય છે. ખોટું બોલીને તો તું એક બીજો વધારાનો અપરાધ કરી રહ્યો છે. બોલ, ચોરી કરનાર તું જ છે કે બીજો કોઈ ? સાચું બોલીશ તો તને કોઈ પણ પ્રકારની સજા નહીં થાય. ક્ષમા કરી દેવામાં આવશે.'

નન્હાનું મનોમંથન હવે પરાકાષ્ઠા પર પહોંચ્યું. એ એની સઘળી હિંમતને એકઠી કરીને બોલ્યો : 'ચોરી મેં જ કરી છે.'

'વાહ ! હવે તું સાચું બોલ્યો. શાબાશ. અત્યાર સુધી તું ખોટું બોલતો હતો તો તે માટે ગુરુજીની માફી માંગી લે. હજુ તો તારી ઉંમર નાની છે. અત્યારથી જ આવી કુટેવોનો શિકાર બનીશ તો જીવનનો નાશ કરી નાખીશ. માટે હવેથી કદી પણ ચોરી ના કરવાની પ્રતિજ્ઞા લે.'

'હવેથી કદી પણ ચોરી નહિ કરું. આજે પ્રતિજ્ઞા કરું છું. '

'પ્રતિજ્ઞાને પાળજે.'

એણે ગુરુજીની માફી માગી. ગુરુજીને પરમ સંતોષ થયો કે નન્હો જીવનસુધારના મંગલ માર્ગે આગળ વધ્યો. પરંતુ એ ઘટના પછી થોડાક દિવસે નન્હો એમની પાસેથી સ્વેચ્છાથી છૂટો થયો. એમણે એની વિદાય પછી કોઈ બીજા નોકરને ના રાખ્યો. નોકરનું બધું જ સેવાકાર્ય એમણે કરવા માંડ્યું અને એ પણ ખૂબ જ શાંતિપૂર્વક, સ્મિત સાથે. પાછળથી એ કોઈકવાર વાત નીકળતાં કહેતા : 'પોતાનું કામ પોતાની રીતે પોતાની મેળે કરી લેવાનો આનંદ અનોખો છે. કામ કરતાં કરતાં ઈશ્વરનું સ્મરણ પણ કરતો રહું છું એટલે અધિક આનંદ અનુભવાય છે. કામનો ભાર નથી લાગતો ને કંટાળો પણ નથી આવતો. હવે તો જીવનપર્યંત કોઈ નોકર નથી રાખવો.'

મિત્રો તથા પ્રશંસકો કહેતા કે નોકર રાખી લો, એના પગારના પૈસા અમે આપીશું. તો પણ એમના નિર્ણયમાંથી ચલાયમાન થયા વગર પોતાનું કામ એ પોતાની મેળે જ કરી લેતા. એમનો સ્વાશ્રયી જીવન પ્રત્યેનો પ્રેમભાવ એવો અસાધારણ હતો.

*

કુદરત જેની કસોટી કરે છે તેની કસોટી કેટલીકવાર પૂરેપૂરી કરે છે. એની અગ્નિપરીક્ષા કરવામાં અથવા તપાવવામાં એ પાછું વાળીને નથી જોતી કે કશું બાકી નથી રાખતી. એની સાથેસાથે એ પણ એટલું જ સાચું છે કે ઈશ્વર અનુગ્રહ કરીને પોતાના શરણાગત અથવા ભક્તને સહન કરવાની પૂરેપૂરી શક્તિ આપે છે. અને સદ્દબુદ્ધિ બક્ષે છે. એ સદ્દબુદ્ધિની સહાયથી એ કષ્ટો, વિરોધો, વિપરિતતાઓની વચ્ચે પણ પથભ્રાંત કે મલિનબુદ્ધિ કે વિપથગામી નથી બનતો. ધીરજને નથી ખોતો, તેમજ હિંમત, આશા અને ઈશ્વરપરતાને

ટકાવી રાખે છે. વિપત્તિ ને વેદનાને પણ પરમાત્માનો પ્રસાદ સમજે છે અને એમનો અલ્પ અથવા અધિક અનુભવ કરવા છતાં પણ પોતાના મનને સ્વસ્થ રાખે છે. જેની ઉપર વિપત્તિ વરસાવે છે, જેને વિષાદના વહ્નિમાં ધકેલે છે તેને વિપત્તિ અને વિષાદમાંથી પાર પણ એ જ ઉતારે છે.

ગુરુજીના સંબંધમાં એ વાત સાચી ઠરી.

ઈશ્વરે એમની આકરી અગ્નિપરીક્ષા કરી તો તેમાંથી બહાર નીકળવાની શક્તિ પણ એણે જ પૂરી પાડી. જીવનની કપરામાં કપરી કસોટીઓની વચ્ચે પણ એ સ્વસ્થચિત્ત, સન્માર્ગગામી, શાંત જ રહ્યા. બીજો કોઈ સામાન્ય માનવ હોત તો એ કસોટીઓની વચ્ચે હતાશ અથવા ભગ્નહૃદય બની ગયો હોત. આપઘાતનો વિચાર કરીને જીવનથી હાથ પણ ધોઈ બેઠો હોત. પરંતુ એ જુદી જ માટીના બનેલા અને એમના જ કથનાનુસાર એમને સત્સંગનો અક્ષય રંગ લાગેલો.

એમની વરસોની કલાસાધનાના પ્રાણવાન પરિપાકરૂપે તૈયાર થયેલી મહામૂલ્યવાન ચિત્રશાળાના આકસ્મિક સર્વનાશ પછી લગભગ છ મહિના પછી એમના પટ્ટશિષ્યોમાંના એક- કાલીચરણનો મુંબઈથી ટ્રેનમાં એમના નિવાસ નગર- ઝાંસી આવતા માર્ગમાં ઈગતપુરી આગળ એકાએક થયેલા ટ્રેન-અકસ્માતમાં સ્વર્ગવાસ થયો. એ ઘટના ખૂબ જ દુઃખદ હોવા છતાં એમણે એના સમાચારને શોક સાથે છતાં શાંતિથી સહન કર્યા. કાલીચરણ વરસમાં ચારેક મહિના એમની સાથે મસૂરીમાં રહીને એમના મોટા ભાગના ચિત્રોને તૈયાર કરતા હોવાથી એમને માટે અસાધારણ આધારરૂપ હતા. તો પણ એમના અવસાન પછી એમને આશ્વાસન આપવા જનારને એ શાંતિથી કહેતા : ‘એનું મત્યુ શોકજનક છે, તો પણ શું થાય ? એને એવી રીતે જ વિદાય થવાનું હશે. આપણે પણ અમર તો નથી જ. એના આત્માની શાંતિ તથા સદ્દગતિને માટે પ્રાર્થના કરીએ અને એની વિધવા પત્નીનું ને એના બાળકોનું બનતું ધ્યાન રાખીએ. અસહ્ય નુકશાન તો એમને થયું છે. મારા સાંસારિક સ્વાર્થને યાદ કરીને હું આંસુ નહિ સારું.’

ગુરુજી માત્ર બોલીને બેસી રહ્યા એટલું જ નહિ પરંતુ જે કાંઈ સારું લાગે તે કરતા પણ રહેતા. એ કેવળ સિદ્ધાંતો કે આદર્શોમાં જ નહોતા માનતા પરંતુ આચારનો આગ્રહ રાખતા. કાલીચરણની વિધવા પત્નીને અને સ્કૂલમાં ભણનારી પુત્રીને બનતી બધી જ રીતે અવારનવાર મદદ કરવા-કરાવવાનું એ ધ્યાન રાખતા. પોતાની કથળી ગયેલી આર્થિક દશા દરમિયાન પણ એવી મદદને પોતાનું માનવોચિત કર્તવ્ય સમજતા.

કાલિચરણના મૃત્યુના થોડાક વખત પછી ગુરુજીના અમૃતસરમાં રહેતા બેતાલીસ વરસની વયના બીજા પુત્રનો સ્વર્ગવાસ થયો. એ ઘટના કાંઈ ઓછી કરુણ નહોતી. કુદરતના એ કારમા ઘાને એમણે આશ્ચર્યચકિત થઈને બનતી શાંતિ સહિત સહન કર્યો. એક આશ્વાસન આપવા આવેલા આપ્તજનને ઉદ્દેશીને એમણે જણાવ્યું : ‘બેતાલીસ વરસ પહેલાં એ કોણ જાણે ક્યાં હતો. મારો અને એનો સંબંધ વર્તમાન જીવનમાં બેતાલીસ વરસોનો જ હતો. એ સંબંધ સમાપ્ત થયો એટલે એ વિદાય થયો. જગતના જુદાજુદા જીવોનો સંબંધ એ જ પ્રકારનો છે. એમનો મોહ અને છૂટા પડવાનો અફસોસ નિરર્થક છે. એવો મોહ અને અફસોસ દુઃખ અને ક્લેશનું કારણ થઈ પડે છે.’

અમૃતસરમાં રહેતા પુત્રના સ્વર્ગવાસ પછી એની સાથે રહેતા ગુરુજીની વયોવૃદ્ધ ધર્મપત્ની મસૂરીમાં એમની સાથે રહેવા આવ્યાં. એમની વ્યાધિગ્રસ્ત દશાને લીધે એ મોટે ભાગે પથારીમાં જ રહેતા. ગુરુજીએ ઈશ્વરની ઈચ્છા સમજીને એમની તન-મન-ધનથી બનતી બધી સેવા કરી. છેલ્લા દિવસોમાં એ સન્નારી વ્યાધિગ્રસ્ત રહેતાં. એમના ચિત્તતંત્ર પર પણ વિપરીત અસર પડેલી. એમની દશા ખૂબ જ દયનીય હતી. એવા કરુણ સંજોગોમાં ગુરુજી એમને માટે પ્રાર્થના કરતા કે પ્રભુ મારી સ્ત્રીને સારી કરી દો અને જો એ સારી થઈ શકે તેમ ના જ હોય તો એને વહેલી તકે લઈ લો કે પાછી બોલાવી લો જેથી એના આત્માને શાંતિ મળે. છ થી આઠ મહિનાના અરસામાં એમનો પણ સ્વર્ગવાસ થયો. ગુરુજી એમની સાથેના ઋણાનુબંધને પૂરો થયેલો સમજીને એ વખતે પણ શાંત જ રહ્યા. ગુરુજી કહેતા કે ઈશ્વરે મારી પ્રાર્થના છેવટે સાંભળી ખરી. એ જે સારું હોય છે તે જ કરે છે એવી એમની શ્રદ્ધા અચળ હતી.

*

ગુરુજીએ એક દિવસ એક અનોખી આશ્ચર્યકારક વાત કહી સંભળાવી. એ બોલ્યા : 'છેલ્લા કેટલાક દિવસોથી મને એક વિચિત્ર અનુભવ થઈ રહ્યો છે. થોડાથોડા દિવસને અંતરે બપોરે કે રાતે હું સૂતો હોઉં છું ત્યારે કોઈ મારા પગ અને માથા પર હાથ ફેરવે છે. હું એ વિલક્ષણ અકલ્પનીય અનુભવથી ઘણી વાર ઝબકીને જાગી જાઉં છું. કાલે એ સ્ત્રીની ઝાંખી આકૃતિને મેં પહેલવહેલી જ જોઈ. એ સ્ત્રી કોણ હશે અને આવો વ્યવહાર શા માટે કરતી હશે તે તમે કહી શકશો ?'

મેં એમને ઈશ્વરની પ્રેરણા પ્રમાણે જણાવ્યું : 'એ સ્ત્રી પચીસ વરસની આજુબાજુની છે. એ આપઘાત કરીને મરી ગઈ છે ને દુર્ગતિ પામી છે. તમે એને ઓળખો છો. એના પ્રત્યે તમે મીઠી લાગણી રાખતા માટે એ લાગણીવશ બનીને તમારી પાસે આવે છે. એના શરીરનો રંગ ગોરો છે. મુખાકૃતિ સુંદર છે.'

ગુરુજી ભાવવિભોર થઈને બોલ્યા : 'તમારી વાત બરાબર છે. એ સ્ત્રી એવા સ્વરૂપની જ છે. એણે આપઘાત કરેલો. એની મુક્તિ માટે કાંઈ કરી શકાય ખરું ?'

'એ એને જ પૂછી જોજો. એ સૂચવે તેમ કરી શકાશે.'

'તમારી શક્તિ અત્યંત અસાધારણ કહેવાય. તમે આવું બધું કેવી રીતે જાણી શકો છો?'

'ઈશ્વરની કૃપા. એની કૃપાથી સર્વકાંઈ થઈ શકે છે.'

*

ગુરુજી અવસર ઉપસ્થિત થતાં અવારનવાર કહેતાં કે સત્સંગનો મહિમા ઘણો મોટો છે. જેને સત્સંગ સાંપડે છે એને વિભુનું વરદાન મળે છે. એમનું જીવન ધન્ય બને છે. પરમાત્માની પાસે પહોંચવા માટે સત્સંગની અનિવાર્ય આવશ્યકતા છે.

એમની બાજુમાં જે મહાનુભાવ રહેતા તે ભક્તો, સંતો, સત્સંગીઓ અને સજ્જનોની નિંદા કરતા. એમની પાસે તે અવારનવાર આવતા હોવાથી એ નિંદાત્મક વાતો એમને સાંભળવી પડતી. એથી એ વ્યથિત રહેતા. પેલા મહાનુભાવને એમની પ્રવૃત્તિને પરિત્યાગવા એ ઘટતું સમજાવતાં પણ એ ના સમજતા. તો પણ ગુરુજી એથી હતોત્સાહ થવાને બદલે એવા સંજોગોમાં પણ સ્વસ્થ રહેતા ને કહેતા કે જગતમાં બધા માનવો

કાંઈ એકસરખા થોડાં જ હોય છે ? જે નિંદા કરે છે તે પોતાનું જ બગાડે છે. આપણે એમને તિરસ્કારવાને બદલે એમને માટે પ્રાર્થના કરીએ કે એ સદ્દબુદ્ધિ પામે.

૮૬ વરસની મોટી ઉંમરે પણ એ ઘરમાં જાતે જ કચરો કાઢતા, કપડાં ધોતા, રસોઈ બનાવતા, ને નિયમિત રીતે ફરતા રહેતાં. મહાત્મા ગાંધીજીના પરમ પ્રશસંક હોવાથી એમના સંબંધી સરજાયલું સાહિત્ય ખાસ અને વરસોથી વાંચતા; પરંતુ સાથેસાથે પાછલા વરસોમાં જ્ઞાનેશ્વરી ગીતા, મહાભારત, ભાગવત તથા રામાયણના અધ્યયનની અભિરુચિ પણ એમણે કેળવેલી. પ્રાર્થનાનો પ્રેમ તો એમના જીવનમાં તાણાવાણાની પેઠે વણાય ગયેલો એવું કહીએ તો ચાલે.

**'जातस्य हि ध्रवो मृत्युः'** એ ગીતાવચન પ્રમાણે, જે જન્મે છે તેનું જવાનું નિશ્ચિત છે. ગુરુજી માટે પણ પંચમહાભૂતના સ્થૂળ શરીરને છોડીને વિદાય થવાનો વખત આવી પહોંચ્યો. એ વખતે એ પરમાત્મામાં મનને પરોવીને શાંતિથી વિદાય થયા. એ પોતે સ્થૂળ રીતે દેખાતા બંધ થયા પરંતુ જીવનની સૌરભને મુકતા ગયા. આજે પણ એ સૌ કોઈને પ્રેરણા અર્પે છે. ભવિષ્યમાં પણ અર્પતી રહેશે.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૭. આગમનાં એંધાણ

'પાંધી સાહેબ, તમે પ્રવચનોમાં નથી આવતા ?'

'ક્યાં પ્રવચનોમાં ?'

'ગાંધીનિવાસ સોસાયટીમાં ચાલે છે તે શ્રી યોગેશ્વરજીનાં ગીતા પ્રવચનોમાં. છેલ્લા કેટલાય વખતથી તેમનાં પ્રવચનો ત્યાં ચાલી રહ્યાં છે ને જનતા મોટી સંખ્યામાં અસાધારણ રસપૂર્વક એમનો લાભ લે છે. એવાં સરસ, સ્વાનુભવપૂર્ણ, વિદ્વત્તાયુક્ત પ્રવચનો મસૂરીનગરમાં બીજા કોઈનાં કદી પણ નથી થયાં. તમે સાંભળશો તો આશ્ચર્યચકિત તથા ભાવવિભોર બની જશો. તમારા જેવા સત્સંગપ્રેમીએ એ અવશ્ય સાંભળવા જેવાં છે.'

પાંધી સાહેબ સહેજ શાંત રહ્યા ને બોલ્યા : 'યોગેશ્વરજીનાં પ્રવચનોની પ્રશંસા તો મેં પણ સાંભળી છે. એમના વ્યક્તિત્વ વિશે પણ ઘણું ઘણું નોંધપાત્ર સાંભળ્યું છે. પ્રવચનોમાં આવવાનું મન તો ઘણુંય થાય છે, પરંતુ કામકાજ એટલું બધું રહે છે કે નીકળી શકાતું નથી.'

'કાળદેવતાનું તેડું આવશે ત્યારે શું કરશો ? આવી જ દલીલ કરતા રહેશો ? બીજા કોઈ દિવસે કામનો બોજો હોય તો સમજી શકાય પરંતુ રવિવારે તો ઑફિસ બંધ હોય. રવિવારે તો આવો.'

'આ રવિવારે આવવાનો પ્રયત્ન કરીશ.'

પાંધી સાહેબ પર્વતોની રાણી મનાતી મસૂરીનગરીમાં વરસોથી વસતા તથા મકાનોના એજન્ટ તરીકે કાર્ય કરતા. મસૂરીના પ્રતિષ્ઠિત પુરુષોમાં એમની ગણના થતી. એમના સન્મિત્રે એમના પ્રત્યેની મમતાથી પ્રેરાઈને એમને ગાંધીનિવાસ સોસાયટીમાં પ્રયોજેલા પ્રવચનોમાં આવવાનો આગ્રહ કરેલો.

એ પછી એક દિવસ સાંજે હું મસૂરીના મુખ્ય માર્ગ પરથી પસાર થતો હતો ત્યારે પાંધી સાહેબની ઑફિસ આગળથી આગળ વધતી વખતે એ મારી પાસે આવીને પ્રણામ કરીને કહેવા માંડ્યા : 'ઑફિસ પાસે જ છે. અંદર આવો ને બેસો. થોડોક આરામ કરો.'

'આરામ કરવાની ખાસ આવશ્યક્તા નથી.' મેં કહ્યું, 'હવે ઘેર જવું જોઈએ.'

'તો પણ......પાંચેક મિનિટ માટે તો પધારો.'

એમના જેવા સુપ્રતિષ્ઠિત પુરુષના પ્રેમાગ્રહને માન આપીને હું માતાજી સાથે એમની ઑફિસમાં ગયો.

ઑફિસમાં બેઠાં પછી એમણે શાંતિથી કહેવા માંડ્યું : 'મસૂરીમાં આજકાલ તમારી જ વાતો થઈ રહી છે. સૌ કોઈ તમારી જ પ્રશંસા કર્યા કરે છે.'

'જે ગુણદર્શી હોય તે પ્રશંસા સિવાય બીજું કરે પણ શું ? એમનાથી કોઈની નિંદા થોડી જ થવાની છે ?'

'તો પણ મસૂરીની જનતા એમ કોઈનાથી ગાંજી જાય તેવી નથી. કોઈનાં આટલી જલદી વખાણ કરે તેવી પણ નથી. તમારી અસાધારણ લોકોત્તર યોગ્યતાને લીધે લોકો તમારાથી પ્રભાવિત થયા છે. તમારી વિદ્વત્તા તથા અદ્દભુત વકતૃત્વ શક્તિ વિશે અનેક લોકો વાતો કરે છે. તો પણ તમારી પાસે પહોંચવાનું અને

તમારો લાભ લેવાનું સદ્દભાગ્ય નથી સાંપડ્યું. કામનું દબાણ એટલું બધું રહે છે કે નીકળી નથી શકાતું. બને તો આ રવિવારે આવવું જ છે.'

'તમે નિર્ણય કરશો તો અવશ્ય અવાશે.'

'મારાથી સત્સંગમાં નથી અવાતું પરંતુ હું કેટલાંક નિયમોને અનુસરું છું. કોઈનું બુરું નથી કરતો. બને તો ને બને તેટલી બીજાને મદદ કરું છું. બને ત્યાં સુધી જૂઠું નથી બોલતો. સવારે ને સાંજે બે વાર પ્રાર્થના કરું છું. રોજ ગીતાનો એક અધ્યાય વાંચું છું. મનને એ નવરું પડે છે ત્યારે ઓમકારના જપમાં જોડું છું.'

'એ તો ઘણું સારું કહેવાય. સત્સંગ કરીને પણ કરવાનું તો એ જ છે.'

'તો પણ આ રવિવારે સમય કાઢીને પ્રવચનમાં આવવું જ છે.'

રવિવારે એ પ્રવચનમાં આવી પહોંચ્યા એથી એમને લાભ થયો ને લાગ્યું કે દર રવિવારે પ્રવચનમાં પહોંચવું જ જોઈએ. રવિવારે પ્રવચનમાં પહોંચવાનો એ ક્રમ થોડા વખત સુધી ચાલુ રહ્યો એથી એમનો મારે માટેનો પ્રેમ અને આદરભાવ વધી પડ્યો. એ વધારે જાગ્રત થયા.

*

બેત્રણ વરસ પછી એમના જીવનપ્રવાહે નવો જ વળાંક લીધો.

એમનો હૃદયરોગના હુમલાના ભોગ બનવું પડ્યું.

ડૉકટરે એમને સંપૂર્ણ આરામ કરવાની સલાહ આપી. પૂરા અને ઓછામાં ઓછા ત્રણ મહિનાનો આરામ.

પરિણામે એ ઘરે જ રહેવા માંડ્યા.

જરાક સારું લાગતા રીક્ષામાં બેસીને ઑફિસે આવવા લાગ્યા; પરંતુ એ ક્રમ પણ લાંબા વખત લગી ના ચાલ્યો. એમનું સ્વાસ્થ્ય થોડા દિવસ પછી ફરી વાર બગડ્યું. એને લીધે એમને પુનઃ પથારીમાં પડવું પડ્યું.

ધીમેધીમે છતાં ચોક્કસ રીતે એમની તબિયત બગડતી જ ચાલી.

એકવાર ઈશ્વરની કૃપાથી પૂર્વના સુકૃતના પરિણામે એમને એકાએક જાણે કે આગમના એંધાણ મળી ગયાં.

હા. આગમના એંધાણ જ. એને એ જ નામથી ઓળખાવી શકાય. એ એંધાણને પારખીને એમણે પોતાની પત્નીને કહ્યું : 'હવે હું સાત દિવસથી વધારે નથી. સાત દિવસમાં મારું મૃત્યુ થશે.'

પત્નીને એમના વચનોમાં વિશ્વાસ ના આવ્યો. એણે જણાવ્યું : 'આવું શું બોલો છો ? તમે કાંઈ એટલા વહેલા થોડાં મરવાના છો ?'

'મને એવું જણાયું છે.'

'જે કાંઈ જણાય છે તે બધું સાચું જણાય છે એવું થોડું છે ?'

'મને સાચું જ જણાયું છે. મારામાં વિશ્વાસ રાખ.'

'તમે કોઈ સિદ્ધ યોગીપુરુષ થોડા છો કે તમને એવું બધું જણાય ?'

'હું સિદ્ધ યોગીપુરુષ તો શું, સામાન્ય યોગીપુરુષ પણ નથી. છતાં પણ ઈશ્વરની કૃપાથી જે કાંઈ જણાયું છે તે કહી બાતવું છું. મને તો એમાં લેશપણ શંકા નથી. તું પણ વિશ્વાસ રાખ.'

'હું એવો ખોટો વિશ્વાસ નથી રાખતી.'

'તો પછી તો તું જે થાય તે જોયા કરજે.'

પાંધી સાહેબને પોતાને મળેલા આગમનના એંધાણમાં સંપૂર્ણ વિશ્વાસ હતો. એ વિશ્વાસથી પ્રેરાઈને એમણે મસૂરીના મકાનની સંપૂર્ણ વ્યવસ્થા કરી. એમના દહેરાદૂનમાં રહેતા પુત્રને બોલાવીને હિસાબકિતાબની સમજણ પાડી, અને દૂર રહેતી પોતાની પુત્રીઓને પણ તેડાવી.

ત્રણચાર દિવસ પછી મને બોલાવવાની ઈચ્છા પ્રદર્શાવતા જણાવ્યું :

'હવે મારા જીવનની એક જ આકાંક્ષા શેષ રહી છે. શ્રી યોગેશ્વરજીના દર્શનની. મારું શરીર શાંત થશે તેની મને ચિંતા નથી. પૃથ્વી પર કોઈ અમર નથી. હું પણ એમાં અપવાદરૂપ કેવી રીતે હોઈ શકું ? પરંતુ મારું શરીર પડી જાય તે પહેલાં હું યોગેશ્વરજીને મળવા માંગું છું. ગાંધીનિવાસ સોસાયટીમાં જઈને તમે યોગેશ્વરજીને બોલાવી લાવો.'

પરંતુ કોઈએ એમની વાત ના માની.

મૃત્યુના દિવસે એમણે ફરી વાર એવી જ ઈચ્છા વ્યક્ત કરી. તો પણ ઘરના કોઈએ એને ગંભીરતાથી ના લીધી.

રાતે એમણે એમના ધર્મપત્ની તથા પુત્રોને પોતાને પથારીમાં બેસાડવા કહ્યું. એ પ્રમાણે એમને ટેકો દઈને બેસાડવામાં આવ્યા એટલે એમણે જણાવ્યું : 'ભગવદ્દગીતામાં કહેવામાં આવ્યું છે કે જે ઓમકારનું રટણ કરીને પરબ્રહ્મ પરમાત્માને સ્મરતાં શરીરને છોડે છે તે ઉત્તમ ગતિને પામે છે. એ ભગવત્-કથનને અનુસરીને અથવા શાસ્ત્રવચનને અનુલક્ષીને હું શરીરને છોડવા માંગું છું. મારો શરીર-ત્યાગનો સમય આવી ગયો છે. તમે સૌ શાંતિથી ને સંપપૂર્વક રહેજો.'

અને ઓમકારના ઉચ્ચાર સાથે એમણે તરત જ દેહત્યાગ કર્યો.

જે એમના વચનોમાં વિશ્વાસ નહોતા રાખતા તે પણ એ ઘટનાને જોઈને આશ્ચર્યચકિત બની ગયા.

બીજે દિવસે મને એમના સ્વર્ગવાસના સમાચાર મોકલવામાં આવ્યા. અમે એમના કુટુંબીજનોને મળવા અથવા આશ્વાસન આપવા જઈ પહોંચ્યા ત્યારે એમણે અગાઉથી પાંધી સાહેબની ઈચ્છાનુસાર સમાચાર ના પહોંચાડવા બદલ અફસોસ વ્યક્ત કર્યો. જે ઘટના બની તે હજુ પણ એમને માટે આશ્ચર્યકારક હતી. પરંતુ તે બની હતી તે ચોક્કસ હતું.

પાંધી સાહેબને મળેલા આગમનનાં એંધાણ પરથી એ એમના આગળના પ્રવાસની તૈયારી કરી શક્યા. એટલો લાભ અવશ્ય થયો. એ લાભ કાંઈ નાનોસૂનો કે ક્ષુલ્લક ન હતો.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૮. સદ્દુપદેશ સફળ થયો

વાત ઈ.સ. ૧૯૬૬ની આસપાસની.

હિમાલયના ઉત્તરાખંડમાં પર્વતોની મહારાણી તરીકે ઓળખાતી સુપ્રસિદ્ધ મહિમામયી મસૂરી નગરીની.

મસૂરીમાં પ્રત્યેક વરસની પેઠે એ વરસે પણ મારાં પ્રવચનો ચાલતાં.

આબાલવૃદ્ધ એ પ્રવચનોનો લાભ લેતાં.

પ્રવચનો કોઈ એક વિશિષ્ટ ધર્મ, પંથ, મત કે સંપ્રદાયને અનુલક્ષીને એના પ્રશસંકો કે અનુયાયીઓ માટે નહોતા કરવામાં આવતાં પરંતુ માનવમાત્રને માટે કરવામાં આવતાં હોવાથી સૌ કોઈ એમનો લાભ લેતાં. જેમને ધર્મમાં રસ નહોતો દેખાતો ને જીવનમાં જે ધર્મ અથવા આધ્યાત્મિકતાની આવશ્યકતા નહોતાં સમજતાં કે નહોતાં સ્વીકારતાં તે પણ એમને સાંભળીને સંતોષ અને આનંદ વ્યક્ત કરતાં એમની પ્રશંસા કરતાં.

એ પ્રવચનો દરમિયાન એકવાર કેટલાક શીખભાઈઓએ મારી પાસે પહોંચીને મને એમના ગુરુદ્વારામાં ઉત્સવ પ્રસંગે પ્રવચન માટે આગ્રહપૂર્વક આમંત્રણ આપ્યું.

મેં એ આમંત્રણનો સાભાર સહર્ષ સ્વીકાર કર્યો.

ગુરુદ્વારામાં વાર્ષિક ઉત્સવ-સમારંભ હોવાથી એ દિવસે ભારે ભીડ હતી. પ્રચંડ લોકસમૂહ એકઠો થયેલો. એ આખુંય દૃશ્ય અદૃષ્ટપૂર્વ અને અદ્દભુત હતું. ગુરુદ્વારાનો એક પરંપરાગત પ્રસ્થાપિત નિયમ હોય છે કે એમાં પ્રવેશનારે ને ખાસ કરીને પવિત્ર ગુરુ ગ્રંથસાહેબની પાસે પહોંચનારે મસ્તકને ઉઘાડું રાખવાને બદલે ઢાંકવું પડે છે. પછી તે પોતાના મસ્તક પર ટોપી પહેરે, સાફો બાંધે કે મર્યાદાસૂચક રૂમાલ લપેટે. મેં એ શિસ્તનું કોઈ પણ પ્રકારના પૂર્વગ્રહ સિવાય સંકોચરહિત થઈને પાલન કર્યું.

સમારંભમાં બહારથી આવેલા બેત્રણ વક્તાઓનાં પ્રવચનો પૂરા થયા પછી મારું પ્રવચન પૂરું થયું. પ્રવચન પ્રસંગને અનુરૂપ ગુરુ નાનકદેવના જીવન વિશે જ હતું. સૌએ એને અસાધારણ રસપૂર્વક શાંતિ સાથે સાંભળ્યું. એનો પ્રભાવ ઘણો સારો પડ્યો.

પ્રવચનની પરિસમાપ્તિ પહેલાં મેં મુખ્ય વિષયને બદલીને સૌને શાંતિપૂર્વક જણાવ્યું : ‘હવે મારે તમને એક બીજી મહત્વની ને તમારા હિતની વાત કહેવાની છે. મારા સિવાય એ વાત બીજું કોઈ જ નહીં કહી શકે. કારણ કે મારા હૃદયમાં તમારે માટે પ્રેમ છે ને તમારા હિતની ભાવના છે. હું ગુરુ નાનકદેવનો પ્રેમી તેમજ પ્રશંસક છું. મને શીખ ધર્મને માટે, એના દસ ગુરુઓને માટે અને તમારે માટે માન છે. ગુરુ નાનકદેવે પવિત્ર, સાત્વિક, સદાચારી જીવન જીવવાની ને વ્યસનરહિત બનવાની ભલામણ કરી છે. પરંતુ પંજાબી ભાઈઓમાંના કેટલાય આજે વ્યસનોના દાસ બન્યા છે. દારુ-શરાબ, માંસભક્ષણ તથા જુગારનો આશ્રય લે છે. જુગાર રમે છે ને રમાડે છે. એ સાચું છે ? શોભાસ્પદ છે ?’

‘એક બીજી વાત. મસૂરી જેવાં શહરોમાં ખ્રિસ્તી મિશનો મારફત ચાલનારી સ્કૂલો છે. તેમાં મોટે ભાગે પંજાબી યુવકો ભણતા હોય છે. માથે પાઘડીવાળા એ યુવકોને દર રવિવારે ખ્રિસ્તી મંદિરોમાં લઈ જવામાં

આવે છે. એમને રસ્તા પરથી પસાર થતાં જોઈને મને કાંઈનું કાંઈ થઈ જાય છે. એ યુવકો તથા યુવતીઓનો વિચાર તમે ગંભીરતાથી કરી જોયો છે ? એ મોટો થશે ત્યારે તમારા વિશે શું જાણતા હશે ? એમને ધર્મનું શિક્ષણ મળે તે માટે તમે કોઈ સમુચિત પ્રબંધ કર્યો છે ખરો ? દસપંદર વરસ પછી એ યુવાવર્ગ આવી રીતે કદાચ ઉત્સવો પણ નહીં કરે અને તમારી જ ભૂલનો ભોગ બનીને ખ્રિસ્તી બની જશે કે ખ્રિસ્તીપ્રેમી થશે. તમારામાં અનેક શ્રીમંતો છે, વીર છે, ધર્મપ્રેમીઓ છે. તો તમે તમારા ધર્મના સંસ્કારોને સીંચતી કોઈ સરસ સર્વોપયોગી સ્કૂલ કેમ નથી કરતા ? કેવળ સમારંભો કરીને બેસી કેમ રહો છો ? મારા શબ્દો તમને કદાચ કડવા લાગશે પરંતુ મારા હૃદયમાં તમારે માટે લાગણી હોવાથી એ શબ્દો કહેવા પડે છે. હું નહીં કહું તો બીજું કોણ કહેશે ? માટે પવિત્ર, વ્યસનરહિત, સદાચારી જીવન જીવવાનો ને એક આદર્શ સ્કૂલ કરવાનો નિર્ણય કરો. એ નિર્ણયથી મને આનંદ થશે અને મારું આગમન સફળ બનશે.'

સભાજનો સંપૂર્ણ શાંતિથી સાંભળી રહ્યા.

એ શબ્દો પાછળથી ભાવના સૌને સ્પર્શી ગઈ.

એ સદ્દભાવનાની સૌએ કદર કરી.

મને એથી સંતોષ થયો.

ગુરુદ્વારાના ગ્રંથીએ પોતાની ઊંચી બેઠક છોડીને મારી પાસે પહોંચીને મને પુષ્પમાળા પહેરાવીને જણાવ્યું: 'આ મહાપુરુષે અહીં પધારીને આપણી ઉપર અસાધારણ ઉપકાર કર્યો છે. આપણે એમના ખૂબ જ આભારી છીએ. એમણે આપણને આપણા સાચા કર્તવ્યનું ભાન કરાવ્યું છે. આપણી આંખ ઉઘાડી નાખી છે. આપણે એમના કહ્યા પ્રમાણે ચાલવું જોઈએ. મસૂરીમાં જો કોઈ સ્કૂલ થતી હોય તો એને માટેની જમીનનો જે ખર્ચ થશે તે આપવા હું તૈયાર છું.'

સભાજનોએ એમની વાતને તાળીઓના ગડગડાટથી વધાવી લીધી.

ગ્રંથી પોતાના મૂળ સ્થાને બેસી ગયા.

ચાલુ કાર્યક્રમે એ ઊમળકાથી ઊભરાઈને મને પુષ્પમાળા પહેરાવવા ઊભા થયા ને નીચે ઊતર્યા એ ઘટના ખરેખર અપવાદરૂપ અને અસાધારણ હતી. એમણે કરેલી પહેલનું પરિણામ ઘણું સારું આવ્યું. એમનું અનુસરણ કરીને બીજા આગેવાનેએ પણ માઈક પાસે પહોંચીને સ્કૂલના મકાન માટેના નાનામોટા દાનની જાહેરાત કરવા માંડી. દાનની રકમનો આંકડો જોતજોતામાં લાખો સુધી પહોંચી ગયો.

એ જોઈને સૌથી અધિક આનંદ મને થયો.

મારી ઈચ્છા ફળવાની શક્યતા વધી.

બીજા વરસે એક વિશાળ પ્રોપર્ટી ખાલી પડી. ગુરુદ્વારા તરફથી લાગતા-વળગતા કાર્યકર્તાઓએ એને વેચાતી લીધી. એ વિશાળ તૈયાર મકાનમાં ગુરુ નાનક પબ્લિક સ્કૂલની સ્થાપના થઈ. એ સ્કૂલમાં દેશપરદેશના વિદ્યાર્થીઓ રહેવા ને ભણવા લાગ્યા. વસતીથી દૂરસુદૂર આવેલી એ સ્કૂલ પ્રાચીનકાળના ગુરુકૂળનું સ્મરણ કરાવવા લાગી.

જન્માષ્ટમીના પવિત્ર પર્વદિવસે મને ત્યાં અતિથિવિશેષ તરીકે બોલાવવામાં આવ્યો. વિદ્યાર્થીઓએ કૃષ્ણ-સુદામાની ને બીજી ધર્મકથાઓનો નાટકરૂપે જાહેર અભિનય કર્યો. એને અવલોકીને મને અભૂતપૂર્વ આનંદ થયો.

મારો સદુપદેશ સફળ થયો. વખતના વીતવાની સાથે વધારે ને વધારે પ્રમાણમાં સફળ થશે, સાર્થક ઠરશે, એની ખાતરી થઈ.

એક સરસ વિદ્યાલયની સ્થાપનામાં રહ્યોસહ્યો ફાળો આપવા માટે મને આનંદ થયો. મેં એના કાર્યકર્તાઓને અભિનંદન આપ્યાં.

દૃઢ સંકલ્પ, સંપ, સહયોગ તથા સેવાભાવ શું ના કરી શકે ?

☼ ☼ ☼ ☼ ☼

## ૩૯. સહૃદયતાની મૂર્તિ : સ્વામી કૃષ્ણાનંદ

માનની ઈચ્છા સાધારણ માનવોને તો હોય છે જ પરંતુ અસામાન્ય માનવોને-મહામાનવોને પણ હોય છે એવું જોવા મળે છે. એમાં કોઈક જ અપવાદરૂપ હોય છે. ભાગવત જેવા ગ્રંથોમાં મહાપુરુષોને માટે 'અમાનીમાનદઃ' શબ્દપ્રયોગ કરવામાં આવ્યો છે. એનો ભાવાર્થ એ છે કે મહાપુરુષો, પરમાત્મપ્રેમી ભક્તો, યોગીઓ કે જ્ઞાનીપુરુષો પોતે માનના ભૂખ્યા નથી હોતા, પોતાને કોઈ માને કે સન્માને એવી ઈચ્છા નથી રાખતા, પરંતુ બીજાને સન્માનવા કે માન આપવા તૈયાર રહે છે, બીજાના ગુણોને જુએ છે ને યાદ રાખે છે. એમના હૃદય એવાં મહાન હોય છે.

એવા મહાન ઉદાત્ત હૃદયવાળા એક સંતપુરુષનો પરિચય આપું.

ઈ.સ. ૧૯૮૦માં સૂરતમાં બેસંટ હૉલમાં મારાં પ્રવચનો ચાલી રહેલાં. એ પ્રવચનો દરમિયાન એક દિવસ પ્રવચનની સમાપ્તિ પછી મારી પાસે એ સંતપુરુષ આવી પહોંચ્યા ને કહેવા માંડ્યા : ‘અહીંના સનાતન ધર્મ સેવાસંઘના હૉલમાં ચાતુર્માસ નિમિત્તે મારાં પ્રવચનો ચાલુ થયાં છે. મારી ને શ્રોતાજનોની ખાસ ઈચ્છા છે કે તમે ત્યાં આવીને આશીર્વચન અથવા સદ્ઉપદેશના બે શબ્દો સંભળાવો. હું સૌના તરફથી તમને આગ્રહપૂર્વકનું આમંત્રણ આપવા આવ્યો છું. તમે આવશો તો અમને ખૂબ જ આનંદ થશે.’

એ દિવસ ૨૫ જુલાઈ ૧૯૮૦નો હતો. બેસંટ હૉલમાં મારું વિશેષ પ્રવચન હાઈસ્કૂલની વિદ્યાર્થીનીઓ સમક્ષ યોજાયેલું. એમનું પ્રવચન સનાતન હૉલમાં સાંજે પાંચ વાગ્યે શરૂ થતું હોવાથી એ મને આમંત્રણ આપવા આવેલા. એમની નિરભિમાનિતા, નમ્રતા, સરળતા અને ગુણદર્શિતાને જોઈને મને આનંદ થયો. એમના પ્રત્યે પ્રેમ અને આદરભાવ પેદા થયો. તો પણ મેં એમને કહ્યું :

‘તમે મને આમંત્રણ આપવા આવ્યા તેને માટે તમને ખરેખર અભિનંદન ઘટે છે. પરંતુ બિમારીમાંથી ઊઠ્યા પછી એકસાથે બે પ્રવચનો કરવાનો ક્રમ મેં નથી રાખ્યો. વધારે પરિશ્રમ ના પડે અને આરામ મળે એનું હું ધ્યાન રાખું છું.’

‘તમારે જેટલું બોલવું હોય તેટલું બોલજો. વધારે નહિ ને દસ મિનિટ પણ આવીને આશીર્વાદ આપશો તો પણ સૌને આનંદ થશે.’

એમનો આગ્રહ જોઈને મને એમને નિરાશ કરવાનું ઠીક ના લાગ્યું.

કેટલા બધા પ્રેમથી પ્રેરાઈને એ આમંત્રણ આપી રહેલા !

મેં એમને જણાવ્યું કે હું આજે જ તમારું પ્રવચન શરૂ થાય તે પહેલાં આવું છું. તમે આગળથી જઈને સૌને સૂચના આપી દેજો.

એ ખૂબ જ સંતોષ પામ્યા. આનંદી ઊઠ્યા.

એમને સારું એ સ્વાભાવિક હતું.

બેસંટ હૉલના કાર્યક્રમમાંથી પરવારીને અમે સનાતન ધર્મ સેવાસંઘના હૉલ પાસે પહોંચ્યાં તો સ્વામીજીને હૉલની બહાર ઊભેલા જોયા. એ દેખીતી રીતે જ અમારી પ્રતીક્ષા કરી રહેલા.

એમણે મને સ્ટેજ પર વ્યાસપીઠની બાજુના આસન પર બેસાડીને પુષ્પમાળાદિથી સત્કારીને નમ્રતાપૂર્વક જણાવ્યું : 'યોગેશ્વરજી આપણા આમંત્રણને માન આપીને અહીં પધાર્યા તેથી ખૂબ જ આનંદ થયો છે. મેં ભગવા વસ્ત્રો નહોતાં પહેર્યા ત્યારથી એમનાં પ્રવચનો સાંભળતો આવ્યો છું. એમનાં પુસ્તકો પણ વાંચ્યું છું. મને એમની પાસેથી પ્રેરણા મળી છે. એને લીધે હું એમને મારા ગુરુ માનું છું. એમને સન્માનતાં મને અતિશય આનંદ થાય છે.'

એમની વાતને સાંભળીને મને એમને માટે પ્રેમ અને આદરભાવ પેદા થયો. મારાં પ્રવચનો ને પુસ્તકોનો લાભ ઘણાંએ લીધો હશે. તેમાંથી પોતાના સંસ્કાર પ્રમાણે જીવનોપયોગી પ્રેરણા પણ મેળવી હશે. પરંતુ એનું આવી રીતે સ્મરણ કરવાનું અને એ પણ પોતાના પ્રવચનને સાંભળવા એકઠાં થયેલાં શ્રોતાઓ સમક્ષ સ્મરણ કરવાનું કામ ધાર્યા જેટલું સહેલું નહોતું. અસાધારણ, અપવાદરૂપ અને માન માગી લે તેવું એ હતું. એ એમના અંતઃકરણની ઉદાત્તતાનું દર્શન કરાવતું હતું.

એમના આગ્રહને માન આપીને મેં દસથી પંદર મિનિટનું પ્રવચન કર્યું અને એમને કથાનો આરંભ કરવા જણાવ્યું.

અમને એમણે ભાવભીની વિદાય આપી.

ગુજરાતના સુપ્રસિદ્ધ મહાપુરુષ સ્વામી માધવતીર્થના એ શિષ્ય હતા. એમનું નામ સ્વામી કૃષ્ણાનંદ.

એમને મળીને મને ખૂબ જ આનંદ થયો. બીજાના જરી જેટલા ગુણને ને ગુણોને યાદ રાખીને એમને માનની નજરે જોનારા સંતપુરુષોની પ્રાણવાન, પવિત્ર પ્રેરક પરંપરા હજુ તૂટી નથી એની પ્રતીતિ થઈ.

સરળતા અને સહૃદયતાની મૂર્તિ જેવા સ્વામી કૃષ્ણાનંદ હજુ પણ નથી ભુલાયા. એ વિસ્મરણના વિષય જ નથી.

☼ ☼ ☼ ☼ ☼

## ૪૦. વરસો પહેલાનું ભવિષ્યકથન

વરસો પહેલાંનું ભવિષ્ય કથન.

પ્રાચીન કાળના પ્રાતઃસ્મરણીય પરમાત્મદર્શી ઋષિવરો સાત્વિક જીવન જીવતા અને પોતાના ને બીજાના અભ્યુદય અથવા આધ્યાત્મિક ઉત્કર્ષની સાધનામાં મગ્ન રહેતા. પરમાત્માની પરમકૃપાથી એમનામાંના અનેકને દૈવી દૃષ્ટિની પ્રાપ્તિ થતી. એને લીધે એમની આગળથી ભૂતભાવિના આવરણો હઠી જતાં અને એ આર્ષદ્રષ્ટા બની જતા. આજે પણ એવા સાધનારત પરમાત્મપરાયણ સત્પુરુષોનો સર્વથા અભાવ નથી થયો. એમની પરંપરા હજુ ચાલુ રહી છે. કુદરતના ખોળે રહીને શાંત સાદા જીવનને જીવનારા એવા સત્પુરુષો પવિત્ર જીવનની રીતિનીતિને વળગી રહે છે ને પરમાત્માની વધારે ને વધારે કૃપાને મેળવવાના પ્રયત્નો કરે છે.

મને મળેલા એવા એક સત્પુરુષનો પરિચય પ્રદાન કરું.

એમનું નામ પંડિત રામાશ્રય.

એમનું અસલ વતન દેવપ્રયાગ.

મારા દેવપ્રયાગના સાધનાત્મક નિવાસકાળ દરમિયાન એ મને દેવપ્રયાગમાં જ મળેલા અને અવારનવાર મળતા રહેતા. એ સહેજ નીચા કદના હતા. ઘઉંવર્ણના. સફેદ ધોતિયું તથા ખમીસ પહેરતા ને માથે કાળી ટોપી. કાનમાં વાળી પહેરતા. કાને થોડુંક ઓછું સાંભળતા. એ બદરીનાથના ગોર તરીકે કામ કરતા. એમની આજીવિકાનું એકમાત્ર સાધન એ જ હતું. પોતાના જીવનને એ મોટે ભાગે કર્મકાંડમાં અથવા પાઠપૂજામાં જ પસાર કરતા.

બહારથી છેક જ સામાન્ય દેખાતા રામાશ્રય પંડિત સર્વોત્તમ સંસ્કારોથી સંપન્ન હતા. એમનો આત્મા ઉચ્ચ હતો.

એમને આધ્યાત્મિક જીવનવિકાસ પ્રત્યે અને એમાં અભિરુચિવાળા સંત મહાત્માઓ પ્રત્યે અસાધારણ આદરભાવ અને પ્રેમ હોવાથી એ એમને અવારનવાર મળતા રહેતા.

મારા મેળાપની પાછળનું પ્રેરક પરિબળ એ જ હતું.

અમારા મેળાપ દરમિયાન એમની સાથે થયેલા એક દિવસનો વાર્તાલાપ મને અક્ષરશઃ યાદ છે. ઈ.સ. ૧૯૪૬નો એ વાર્તાલાપ આજે આટલાં વરસો પછી પણ ઉપયોગી હોવાથી અહીં રજૂ કરું છું.

‘મારા જીવનમાં મને આદર્શ સિદ્ધપુરુષો મળશે ?’ મેં પૂછયું.

‘મળશે.’ એમણે ઉત્તર આપ્યો, ‘જરૂર મળશે.’

‘એમનો સંબંધ કેવો રહેશે ?’

‘સારો રહેશે. સિદ્ધપુરુષો તમારા પ્રત્યે પુષ્કળ પ્રેમ રાખશે. તમે પણ એમને માટે પ્રેમ રાખશો. એમના સત્સંગનો લાભ લેશો. પરંતુ કોઈને વળગી રહેશો નહીં. ઈશ્વરને જ વળગી રહેશો. ઈશ્વર સિવાય ક્યાંય પણ અટક્યા સિવાય દૃઢ નિર્ધારપૂર્વક આગળ ને આગળ વધતા રહેશો. એવી રીતે એકલે હાથે આગળ વધીને સાધનાના સર્વોચ્ચ સિદ્ધિશિખરે પહોંચી જશો ને શાંતિ મેળવશો.’

થોડાક વખત પછી એ આગળ બોલ્યા : 'તમારું લખેલું એક પુસ્તક ખૂબ જ પ્રસિદ્ધ થશે ને વખણાશે.'

'ભક્તપુરુષો ને સ્ત્રીઓનો સંબંધ કેવો રહેશે ?'

'ઉત્તમ પ્રકારનો રહેશે. સૌ તમારી સેવા કરશે અને તમારે માટે અસાધારણ આદરભાવ રાખશે. સ્ત્રીભક્તોને તમે પવિત્રતાથી જોશો. દેહવાસનાથી સદા મુક્ત રહેશો. સૌમાં પરમાત્માને જ અનુભવશો. સ્ત્રીઓ આવશે ને વિદાય થશે, પરંતુ તમારી મોટી ઉંમરે તમને એક ભક્ત સ્ત્રી મળશે તે છેવટ સુધી સાથે જ રહેશે ને તમને વળગી રહેશે. તે ખૂબ જ પવિત્ર, ઈશ્વરપરાયણ અને વફાદાર હશે. તે તમારી બનતી બધી રીતે સેવા કરશે.'

'માતાજી ?'

'તમારાં માતાજી હજુ લાંબા વખત લગી રહેશે. તમે ત્રણે સાથે પણ રહેશો. માતાજી તે બહેનને જોશે ને શાંતિથી જશે. તેમનું જીવન તમારી સાથે રહેવાથી ઈશ્વરકૃપાથી ધન્ય બનશે.'

પંડિત રામાશ્રયના એ કથનને વરસો વીતી ગયાં છે. ગયા નવેમ્બરમાં -નવેમ્બર ૧૯૮૦માં માતાજીના અસ્થિવિસર્જન નિમિત્તે અમારે દેવપ્રયાગના સરિતાસંગમતટવર્તી પવિત્ર તીર્થસ્થાનમાં જવાનું થયું ત્યારે પંડિત રામાશ્રયનું અને એમના એ કથનનું સ્મરણ થયું. એમને મળવાનું તો શક્ય ના બન્યું, પરંતુ એમની સૂક્ષ્મ સંગતિ તથા સ્મૃતિ એટલા માટે પણ સતેજ બની કે એમના ભવિષ્યકથનની લગભગ સઘળી વાતો સાચી પડેલી. છેલ્લા એકાદ વરસથી મા સર્વેશ્વરી મારી સાથે રહેવા આવેલાં. માતાજીએ એમને જોયેલાં ને અમે ત્રણે એમના કહ્યા પ્રમાણે સાથે પણ રહેલાં. માતાજી સંપૂર્ણ સંતોષપૂર્વક શાંતિથી વિદાય થયેલા.

પંડિત રામાશ્રયે એ બધું વરસે પહેલાં જાણી લીધેલું. એમની એ શક્તિ કેવી અસાધારણ હશે ? એને માટે ખરેખર માન પેદા થાય છે. એવા અદ્દભુત શક્તિવાળા, આદર્શ ગૃહસ્થાશ્રમી તપસ્વી સત્પુરુષની સ્મૃતિ સદાને માટે સજીવ રહેશે. રહે એ ઈચ્છવા જેવું છે, કલ્યાણકારક છે.

☼ ☼ ☼ ☼ ☼

## About the Author



(Aug 15th 1921 - Mar 18th 1984)

Author of more than hundred books, Mahatma Shri Yogeshwarji was a self-realized saint, an accomplished yogi, an excellent orator and an above par spiritual poet and writer. In a fascinating life spanning more than six decades, Shri Yogeshwarji trod the path of spiritual attainments single handedly. He dared to dream of attaining heights of spirituality without guidance of any embodied spiritual master and thus defied popular myths prevalent among the seekers of spiritual path. He blazed an illuminating path for others to follow.

Born to a poor Brahmin farmer in a small village near Ahmedabad in Gujarat, Shri Yogeshwarji lost his father at the tender age of 9. He was taken to a Hindu orphanage in Mumbai for further studies. However, God's wish was to make him pursue a different path. He left for Himalayas early in his youth at the age of 20 and thereafter made holy Himalayas his abode for penance for nearly two decades. During his stay there, he came across a number of known and unknown saints and sages. He was blessed by divine visions of many deities and highly illumined souls like Raman Maharshi and Sai Baba of Shirdi among others.

Yogeshwarji's experiences in spirituality were vivid, unusual and amazing. He succeeded in scaling the highest peak of self-realization resulting in direct communication with the Almighty. He was also blessed with extraordinary spiritual powers (siddhis) illustrated in ancient Yogic scriptures. After achieving full grace of Mother Goddess, he started to share the nectar for the benefit of mankind. He traveled to various parts of India as well as abroad on spiritual mission where he received enthusiastic welcome.

He wrote more than 100 books on various subjects and explored all form of literature. His autobiography 'Prakash Na Panthe' - much sought after by spiritual aspirants worldwide, is translated in Hindi as well as English. A large collection of his lectures in form of audio cassettes are also available.

For more than thirty years, Yogeshwarji kept his mother (Mataji Jyotirmayi) with him. Yogeshwarji was known among saints of his time as Matrubhakta Mahatma. Shri Yogeshwarji left his physical body on March 18th 1984, while delivering a lecture at Laxminarayan Temple, Kandivali in Mumbai.

Shri Yogeshwarji left behind him a spiritual legacy in the form of Maa Sarveshwari. It has been ages since we have come across a saint of Yogeshwarji's caliber and magnitude. His manifestation will continue to provide divine inspiration for the generations to come.

*

## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

**આત્મકથા** પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ **प्रकाश पथ का यात्री** ▪ Steps towards Eternity

**અનુવાદ** રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં ▪ હિમગીરીમાં યોગી

**અનુભવો** દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ **श्रेय और साधना**

**કાવ્યો** અક્ષત ▪ અનંત સૂર ▪ બિંદુ ▪ ગાંધી ગૌરવ ▪ સાંઈ સંગીત ▪ સનાતન સંગીત ▪ તર્પણ ▪ Tunes unto the infinite

**કાવ્યાનુવાદ** ચંડીપાઠ ▪ રામચરિતમાનસ ▪ રામાયણ દર્શન ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ શિવ પાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ વિષ્ણુસહસ્ત્રનામ

**ગીતો** ફૂલવાડી ▪ હિમાલય અમારો ▪ રશ્મિ ▪ સ્મૃતિ

**ચિંતન** બ્રહ્મસૂત્ર ▪ ગીતા દર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી ▪ શ્રીમદ્ ભાગવત ▪ યોગ દર્શન

**લેખ** આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Gita ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ પ્રભુ પ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ તીર્થયાત્રા ▪ યોગમિમાંસા

**ભજનો** આલાપ ▪ આરતી ▪ અભિપ્સા ▪ દ્યુતિ ▪ પ્રસાદ ▪ સ્વર્ગીય સૂર ▪ તુલસીદલ

**જીવનચરિત્ર** ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય

**પ્રવચનો** અમર જીવન ▪ કર્મયોગ ▪ પાતંજલ યોગ દર્શન

**પ્રસંગો** ધૂપ સુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંત સમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ

**પત્રો** હિમાલયનાં પત્રો

**પ્રશ્નોત્તરી** અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન

**નવલકથા** આગ ▪ અગ્નિપરીક્ષા ▪ ગોપીપ્રેમ ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ કૃષ્ણ રુકમિણી ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ પરિક્ષિત ▪ પરિમલ ▪ પ્રીત પુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગોનુયોગ

**સુવાક્યો** પરબડી ▪ સર્વમંગલ

**વાર્તાઓ** રોશની

*